सत्यमेव जयते

31 માર્ચ 2023 ના રોજ પુરા થતા વર્ષ માટેનો ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો રાજ્યની નાણાકીય પરિસ्थિતિ પરનો ઑડિટ અહેવાલ

SUPREME AUDIT INSTITUTION OF INDIA
लोकहितार्थ सत्यनिष्ठा
Dedicated to Truth in Public Interest

ગુજરાત સરકાર

વર્ષ 2024નો અહેવાલ નં. 1

31 માર્ચ 2023 ના રોજ પુરા થતા વર્ષ માટેનો ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઑડિટ અહેવાલ

ગુજરાત સરકાર

વર્ષ 2024નો અહેવાલ નં. 1

વિષયસૂચિ

પ્રસ્તાવના		vii
કાર્યલક્ષી સમીક્ષા		ix
પ્રકરણ-I **વિહંગાવલોકન**		
1.1	રાજ્યની રૂપરેખા	1
1.2	રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલનો આધાર અને અભિગમ	4
1.3	સરકારના હિસાબોનું માળખુ અને અંદાજપત્રીય પ્રક્રિયાઓનું વિહંગાવલોકન	5
1.4	રાજકોષીય સિલકઃ ખાધ અને કુલ ઋણના લક્ષ્યાંકોની સિધ્ધિઓ	12
1.5	ભારત સરકાર દ્વારા નિયત કરવામાં આવેલી મર્યાદાઓ મુજબ ઋણના સંબંધમાં રાજ્ય સરકારની કામગીરી	17
1.6	ઑડિટમાં તપાસ પછી ખાધ	18
1.7	ઑડિટ તપાસ બાદ - જાહેર ઋણ	19
પ્રકરણ-II **રાજ્યની નાણાકીય પરિસ્થિતિ**		
2.1	2021-22ની તુલનાએ 2022-23 દરમિયાન મુખ્ય રાજકોષીય પરિબળોમાં મોટા ફેરફારો	21
2.2	ભંડોળોના સ્રોતો અને ઉપયોગ	23
2.3	રાજ્યના સંસાધનો	24
2.4	સંસાધનોનો ઉપયોગ	46
2.5	આકસ્મિક નિધિ	72
2.6	જાહેર હિસાબ	72
2.7	જાહેર જવાબદારીઓનું વ્યવસ્થાપન	79
2.8	ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ	86
2.9	ઉપસંહાર	95
2.10	ભલામણો	95

વિષયસૂચિ

પ્રકરણ-III		
અંદાજપત્રીય વ્યવસ્થાપન		
3.1	અંદાજપત્રની પ્રક્રિયા	97
3.2	વિનિયોગ હિસાબો	103
3.3	અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાની સંપૂર્ણતા	104
3.4	અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાઓની પારદર્શિતા	110
3.5	અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાની અસરકારકતા	110
3.6	પસંદ કરેલા અનુદાનોની સમીક્ષા	118
3.7	ઉપસંહાર	134
3.8	ભલામણો	134
પ્રકરણ-IV		
હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલની પદ્ધતિઓ		
4.1	વ્યાજ સહિતની થાપણો પ્રત્યેની વ્યાજની જવાબદારી અદા ન કરવી	135
4.2	રાજ્યની અમલકર્તા સંસ્થાઓને ભંડોળની સીધી તબદીલી	136
4.3	સ્થાનિક સંસ્થાઓની થાપણો	137
4.4	વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ	138
4.5	ઉચ્ચક આકસ્મિક બિલ	141
4.6	વ્યક્તિગત થાપણ ખાતા	143
4.7	ગૌણ સદર 800નો વિવેકહીન ઉપયોગ	143
4.8	ઉપલક અને ઋણ, થાપણ અને ભરણાના મુખ્ય સદરો હેઠળ બાકી સિલકો	147
4.9	વિભાગીય આંકડાઓનું મેળવણું	149
4.10	રોકડ સિલકોનું મેળવણું	150
4.11	ભારત સરકારના હિસાબી ધોરણોનું અનુપાલન	150
4.12	સ્વાયત્ત સંસ્થાઓના હિસાબોની રજૂઆત	151
4.13	લોન અથવા અનુદાનથી નોંધપાત્ર ધિરાણ મેળવનાર સંસ્થાઓ અને સત્તાધિકારીઓ દ્વારા હિસાબોની રજૂઆત	152
4.14	હિસાબોની સમયસરતા અને ગુણવત્તા	153
4.15	દુર્વિનિયોગ, નુકસાન અને ઉચાપત	153
4.16	રાજ્યના નાણાકીય ઑડિટ અહેવાલ પર અનુવર્તી કાર્યવાહી	155
4.17	ઉપસંહાર	155

4.18	ભલામણો	155
પ્રકરણ-V		
રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની નાણાકીય કામગીરી		
5.1	પ્રસ્તાવના	157
5.2	સરકારી કંપનીની વ્યાખ્યા	157
5.3	આદેશ	158
5.4	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સંખ્યા અને નાણાકીય પત્રકોની સ્થિતિ	158
5.5	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને તેમનો રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનમાં ફાળો	161
5.6	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં મૂડીરોકાણ અને અંદાજપત્રીય સહાય	163
5.7	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં રોકેલી શેરમૂડીની બજારકિંમત (માર્કેટ કેપીટાલાઇઝેશન)	166
5.8	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોનું પુનર્ગઠન, વિનિવેશ અને ખાનગીકરણ	167
5.9	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને આપવામાં આવેલી બાકી લોનનું પૃથક્કરણ	167
5.10	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી વળતર	169
5.11	ચોખ્ખા નફા/ નુકસાનનો ગુણોત્તર	174
5.12	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા ડિવિડન્ડની ચૂકવણી	175
5.13	ઋણની ચૂકવણી	177
5.14	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની નાણાકીય કામગીરી	179
5.15	ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની દેખરેખની ભૂમિકા	188
5.16	ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની દેખરેખની ભૂમિકાના પરિણામો	191
5.17	ઉપસંહાર	192
5.18	ભલામણો	193
પરિશિષ્ટો		
પરિશિષ્ટ 1.1	રાજ્યની રૂપરેખા	195
પરિશિષ્ટ 2.1	રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ પર સમયશ્રેણી-વાર વિગતો	196

વિષયસૂચિ

પરિશિષ્ટ 2.2	31 માર્ચ 2023 ના રોજ ગુજરાત સરકારના નાણાકીય હિસાબો અને રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના નાણાકીય પત્રકો વચ્ચે તફાવત દર્શાવતું પત્રક	201
પરિશિષ્ટ 2.3	રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળના બિન-મતપાત્ર ખર્ચની વિગતો	203
પરિશિષ્ટ 3.1	અંદાજપત્ર સંબંધિત મહત્વના પદોની શબ્દસૂચિ	204
પરિશિષ્ટ 3.2	બિનજરૂરી પુનર્વિનિયોગો	207
પરિશિષ્ટ 3.3	2022-23 દરમિયાન પરતસોંપણી બાદ મોટી બચતો (₹ 100 કરોડથી વધારે) દર્શાવતા અનુદાનો/ વિનિયોગોના પત્રકો	209
પરિશિષ્ટ 3.4	2020-23 દરમિયાન સતત બચત દર્શાવનાર અનુદાનો/ વિનિયોગોનું પત્રક	210
પરિશિષ્ટ 3.5	અનુદાનો/ વિનિયોગો જેમાં બચતની પરતસોંપણી કરવામાં આવી ન હતી તેનું પત્રક	211
પરિશિષ્ટ 3.6	નિયમિત કરવો જરૂરી અગાઉના વર્ષોનો અધિક ખર્ચ	212
પરિશિષ્ટ 3.7	જાહેર હિસાબ સમિતિ દ્વારા ઓક્ટોબર 1994માં નક્કી કરવામાં આવેલી મર્યાદાઓ	213
પરિશિષ્ટ 3.8	જાહેર હિસાબ સમિતિએ નિયત કરેલી મર્યાદાની બહાર પેટા-સદરોમાં વધ-ઘટ અને સ્પષ્ટીકરણની સ્થિતિ	214
પરિશિષ્ટ 3.9	પેટા-સદરો જેમાં માર્ચ 2023માં 100 ટકા ખર્ચ (₹ 10 કરોડ અને વધુ) કરવામાં આવ્યો હતો	217
પરિશિષ્ટ 3.10	માર્ચ 2023માં 25 ટકા કરતાં વધારે ખર્ચ નોંધાવનાર વિભાગોની વિગતો દર્શાવતુ પત્રક	220
પરિશિષ્ટ 4.1	2021-22 સુધી ચૂકવવામાં આવેલા સહાયક અનુદાન માટે બાકી વપરાશી પ્રમાણપત્રોનું વિભાગ-વાર વિભાજન	221
પરિશિષ્ટ 4.2	31 માર્ચ 2023ના રોજ બાકી વિગતવાર આકસ્મિક બિલોની વિભાગ-વાર વિગતો	222
પરિશિષ્ટ 4.3	31 માર્ચ 2023ના રોજ બાકી વિગતવાર આકસ્મિક બિલોની વર્ષ-વાર વિગતો	223

પરિશિષ્ટ 4.4	2022-23 દરમિયાન જ્યારે યોગ્ય ગૌણ સદર ઉપલબ્ધ હતું ત્યારે ગૌણ સદર 800ના અયોગ્ય ઉપયોગના ઉદાહરણો	224
પરિશિષ્ટ 4.5	સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા હિસાબોની રજૂઆતમાં પડતર દર્શાવતું પત્રક (કલમ 19 અને 20 કિસ્સાઓ; 31 જૂલાઇ 2023ના રોજ સ્થિતિ)	226
પરિશિષ્ટ 4.6	સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા રજૂ કરવાના બાકી હિસાબો દર્શાવતું પત્રક (કલમ 14 કિસ્સા; 31 જૂલાઇ 2023ના રોજ સ્થિતિ)	230
પરિશિષ્ટ 4.7	ચોરી, દુર્વિનિયોગ/સરકારી માલસામાનનું નુકસાન અને આગ/અકસ્માતના કારણે 31 માર્ચ 2023ના રોજ નુકસાનની વિભાગ-વાર/ શ્રેણી-વાર વિગતો	240
પરિશિષ્ટ 5.1	ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઑડિટ અધિકારક્ષેત્ર હેઠળ આવતા ગુજરાત સરકારના રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની યાદી અને 30 સપ્ટેમ્બર 2023ના રોજ તેમના વાર્ષિક નાણાકીય પત્રકોની સ્થિતિ દર્શાવતું પત્રક	241
પરિશિષ્ટ 5.2	30 સપ્ટેમ્બર 2023ના રોજ આખરીરૂપ અપાયેલા છેલ્લા નાણાકીય પત્રકો મુજબ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની નાણાકીય સ્થિતિ અને કામગીરીના પરિણામોનો સારાંશ	247
પરિશિષ્ટ 5.3	31 માર્ચ 2023 અંતિત ત્રણ વર્ષો માટે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં રોકેલી મૂડી પરના વળતરની વિગતો	256
પરિશિષ્ટ 5.4	31 માર્ચ 2023 અંતિત ત્રણ વર્ષો માટેના રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોનું શેરમૂડી પરનું વળતર	260
પરિશિષ્ટ 5.5	2004-05થી 2022-23ના સમયગાળા માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણની તુલનાએ વર્તમાન મૂલ્યની વર્ષ-વાર વિગતો દર્શાવતું પત્રક	266
પરિશિષ્ટ 5.6	છેલ્લા આખરી રૂપ આપવામાં આવેલા નાણાકીય પત્રકો મુજબ સંચિત ખોટ ધરાવતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની યાદી.	268

વિષયસૂચિ

પ્રસ્તાવના

1. આ અહેવાલ બંધારણની કલમ 151 હેઠળ ગુજરાતના રાજ્યપાલશ્રી સમક્ષ રજૂ કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.

2. આ અહેવાલના પ્રકરણ Iમાં રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના અહેવાલનો આધાર અને અભિગમ, સરકારી હિસાબોની રચના, અંદાજપત્રીય પ્રક્રિયાઓ, મહેસૂલી પુરાંત/ ખાધ, રાજકોષીય પુરાંત/ ખાધ, વગેરે જેવા ચાવીરૂપ નાણાકીય માપદંડોના વલણો સામેલ છે.

3. આ અહેવાલના પ્રકરણ II અને IIIમાં, 31 માર્ચ 2023 અંતિત વર્ષ માટે રાજ્ય સરકારના અનુક્રમે નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબોની ચકાસણીમાંથી ઉદ્ભવતી બાબતો પરત્વેના ઑડિટ અવલોકનો સામેલ છે. આવશ્યકતા અનુસાર ગુજરાત સરકાર પાસેથી માહિતી મેળવવામાં આવી છે.

4. પ્રકરણ IV, 'હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલોની પદ્ધતિઓ', ચાલુ વર્ષ દરમિયાન વિવિધ નાણાકીય નિયમો, પદ્ધતિઓ અને નિર્દેશોનું વિહંગાવલોકન અને રાજ્ય સરકાર દ્વારા અનુપાલનની સ્થિતિ દર્શાવે છે.

5. 'રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની (SPSUs) નાણાકીય કામગીરી' પરનું પ્રકરણ V, સરકારી કંપનીઓ, વૈધાનિક નિગમો અને સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓના તેમના છેલ્લા નાણાકીય હિસાબો અને તેમણે પૂરી પાડેલી માહિતી પરથી ઉદ્ભવતી નાણાકીય કામગીરીની સ્થિતિ રજૂ કરે છે, અને ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની દેખરેખની ભૂમિકાના પરિણામો રજૂ કરે છે.

6. વિવિધ વિભાગોના કામગીરી ઑડિટ અને વ્યવહારોના ઑડિટ તથા વૈધાનિક નિગમો, બોર્ડ અને સરકારી કંપનીઓના ઑડિટમાંથી ઉદ્ભવતા અવલોકનો તથા મહેસૂલી આવક પરના અવલોકનો સામેલ કરતો અહેવાલ અલગથી રજૂ કરવામાં આવે છે.

નોંધ: મૂળ અંગ્રેજી અહેવાલ પરથી અનુવાદ કરેલ હોઈ, આ અહેવાલમાં રહેલ હકીકત દોષ માટે મૂળ અંગ્રેજી અહેવાલમાં આપેલી વિગતો સાચી ગણવી.

કાર્યલક્ષી સમીક્ષા

અહેવાલ વિશે

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો આ અહેવાલ વર્ષ 2022-23ની રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પર છે. તે નાણાકીય વિહંગાવલોકન, અંદાજપત્રીય વ્યવસ્થાપન અને હિસાબોની ગુણવત્તા, નાણાકીય રજૂઆતની પદ્ધતિઓ અને રાજ્યના નાણાને લગતી અન્ય બાબતો દર્શાવે છે.

આ કાર્યલક્ષી સમીક્ષા આ અહેવાલની વિષયવસ્તુ પર પ્રકાશ પાડે છે અને મુખ્ય આંકડા અને પાસાઓના સ્નેપશોટ દ્વારા રાજકોષીય ટકાઉપણાની જાણકારી, અંદાજપત્રીય હેતુઓ સામે કામગીરી, આવક અને ખર્ચના અંદાજો, વિચલનના કારણો અને તેની અસરો પર પ્રકાશ પાડે છે.

એકંદર ઘરેલું ઉત્પાદન (પ્રવર્તમાન કિમતે) 2018-19માં ₹ 14,92,156 કરોડ હતું તે વધીને 2022-23માં ₹ 22,61,715 કરોડ થયું હતું. સરકારનું મૂળ અંદાજપત્ર 2018-19માં ₹ 1,83,666.38 કરોડ હતું તે 2022-23માં વધીને ₹ 2,43,964.72 કરોડ થયું હતું.

2021-22ના રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનમાં 15.54 ટકાનો વધારો થયો હતો. મહેસૂલી આવકમાં 19.53 ટકાનો વધારો થયો હતો અને રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનની સામે મહેસૂલી આવકનો દર જે 2021-22 માં 8.52 ટકા હતો તે વધીને 2022-23માં 8.82 ટકા થયો હતો. આ સમયગાળા દરમિયાન રાજ્યની પોતાની કર આવકમાં 27.78 ટકાનો વધારો થયો હતો અને રાજ્યની બિન-કર આવકમાં 31.50 ટકાનો વધારો થયો હતો. ગુજરાત રાજ્યનો કુલ ખર્ચ (મહેસૂલી ખર્ચ, મૂડી ખર્ચ અને લોન અને પેશગીઓ) 2021-22માં ₹ 1,89,677 કરોડ હતો તે વધીને ₹ 2,16,508 કરોડ થયો હતો જે 14.15 ટકાનો વધારો દર્શાવે છે. આમાંથી, મૂડી ખર્ચે 2021-22થી 25.95 ટકાનો વધારો દર્શાવ્યો હતો. મહેસૂલી વધારો 2021-22માં ₹ 6,409 કરોડ હતો તે વધીને ₹ 19,865 કરોડ થયો હતો. જ્યારે રાજકોષીય ખાધ 2021-22માં ₹ 22,692 કરોડ હતી તે ઘટીને 2022-23માં ₹ 16,846 કરોડ થઇ હતી.

આવક-ખર્ચનું અસંતુલન (Mismatch)

રાજ્ય પાસે આવકના વિવિધ સ્રોતો છે જેવા કે, રાજ્યની પોતાની કર આવક, બિન-કર આવક, કરમાં રાજ્યના હિસ્સાનું વિનિમય, કેન્દ્ર સરકાર તરફથી સહાયક અનુદાન અને તબદીલીઓ તથા ઋણ સિવાયની મૂડી આવકો. રાજ્ય સરકારના ખર્ચમાં મહેસૂલી ખર્ચની સાથે સાથે મૂડી ખર્ચનો (અસ્કયામતોનું સર્જન, લોન અને પેશગીઓ, રોકાણો, વગેરેનો) પણ સમાવેશ થાય છે.

કાર્યલક્ષી સમીક્ષા

2018-19થી 2022-23 દરમિયાન, મહેસૂલી આવક 10.04 ટકાના ચકવૃદ્ધિ દરે વધીને ₹ 1,36,002 કરોડથી વધીને ₹ 1,99,408 કરોડ થઇ હતી. આ સમય દરમિયાન મૂડી આવક પણ ₹ 43,362 કરોડથી વધીને ₹ 52,587 કરોડ થઇ હતી.

2022-23 દરમિયાન મહેસૂલી આવકનો મોટો હિસ્સો (71.83 ટકા) રાજ્યની પોતાની કર આવકમાંથી આવ્યો હતો, જયારે કેન્દ્રીય કરની તબદીલીઓ અને સહાયક અનુદાને સાથે મળીને 28.17 ટકાનો ફાળો આપ્યો હતો. રાજ્ય સરકારને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ પેટે કેન્દ્રીય હિસ્સાના ₹ 9,549.86 કરોડ પ્રાપ્ત થયા હતાં.

સેવાનું વર્તમાન સ્તર જાળવી રાખવા અને ભૂતકાળની જવાબદારીઓ અદા કરવા માટે મહેસૂલી ખર્ચ કરવામાં આવે છે. આમ તો, તેના પરિણામે રાજ્યના માળખા કે સેવાના નેટવર્કમાં કોઈ વધારો થતો નથી. 2018-19 અને 2022-23 વચ્ચે, મહેસૂલી ખર્ચ ₹ 1,32,790 કરોડથી (રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનના 8.90 ટકા) વધીને ₹ 1,79,543 કરોડ (રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનના 7.94 ટકા) થયો હતો. તેણે ઉત્તરોત્તર કુલ ખર્ચનો આ સમય દરમિયાન મોટો હિસ્સો (82 ટકાથી 85 ટકા) ધરાવ્યો હતો.

અર્થ કરતા વધુ ખર્ચના પરિણામો

મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચ વચ્ચેનો તફાવત મહેસૂલી વધારામાં પરિણમે છે. 2018-19ના ₹ 3,212 કરોડના (રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનના 0.22 ટકા) મહેસૂલી અધિકમા વધારો થઈને ચાલુ વર્ષમાં તે ₹ 19,865 કરોડ (રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનના 0.88 ટકા) થયો હતો.

રાજ્ય સરકારે મૂડી ખાતા ઉપર ₹ 35,499 કરોડનો ખર્ચ કર્યો હતો. આ 2022-23ના વર્ષમાં કુલ ખર્ચના 16.40 ટકા થતું હતું. મૂડી ખર્ચ કુલ લીધેલા ધિરાણના 67.83 ટકા હતો. આમ, લીધેલા ભંડોળનો ઉપયોગ મુખ્યત્વે મૂડી સંરચના/ વિકાસકીય પ્રવૃત્તિઓમાં થતો હતો.

રાજ્યનો કુલ ખર્ચ અને કુલ બિન-ઋણ આવક વચ્ચેનો તફાવત રાજકોષીય ખાધમાં પરિણમે છે. રાજ્યની રાજકોષીય ખાધ 2018-19માં ₹ 26,365 કરોડ (રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનના 1.77 ટકા) હતી તે ઘટીને 2022-23માં ₹ 16,846 કરોડ (રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનના 0.74 ટકા) થઇ હતી.

મહેસૂલી ખર્ચ અંતર્ગત, પ્રતિબદ્ધ ખર્ચના જથ્થાનો હિસ્સો સૌથી વધુ હતો. સંસાધનો પર પ્રતિબદ્ધ ખર્ચનો પહેલો હક હોય છે અને તેમાં વ્યાજની ચૂકવણી, પગાર તથા વેતન પરનો ખર્ચ અને પેન્શન સામેલ થાય છે. વ્યાજની ચૂકવણી, પગાર અને પેન્શન પરનો પ્રતિબદ્ધ ખર્ચ, 2018-19 (46 ટકા) અને 2022-2023 (44 ટકા) દરમિયાન મહેસૂલી ખર્ચના 44થી 46 ટકાની વચ્ચે હતો. પ્રતિબદ્ધ ખર્ચ 2018-19માં ₹ 61,747 કરોડ હતો તે વધીને 2022-23માં ₹ 79,784 કરોડ થયો હતો.

રાજ્ય સરકાર, મહેસૂલી ખર્ચના પ્રતિશત રૂપે તેના પ્રતિબદ્ધ ખર્ચમાં સતત ઘટાડો કરી શકી હતી.

પ્રતિબદ્ધ ખર્ચ ઉપરાંત, આવશ્યક ખર્ચ 2018-19માં મહેસૂલી ખર્ચના 15.51 ટકા હતો તે વધીને 2022-23માં 15.62 ટકા થયો હતો. આવશ્યક ખર્ચ 2021-22માં ₹ 29,705 કરોડ હતો, તે ઘટીને 2022-23માં ₹ 28,039 કરોડ થયો હતો.

સહાયકીઓ

બિન-પ્રતિબદ્ધ ખર્ચમાં, સહાયકીનું ચઢતું વલણ જોવા મળે છે, જે 2018-19માં ₹ 17,269 કરોડ હતો તે વધીને 2022-23માં ₹ 25,749 કરોડ થયો હતો, મતલબ કે, 2018-19ના મહેસૂલી ખર્ચના 13 ટકાથી વધીને 2022-23માં 14.34 ટકા. 2022-23 દરમિયાન ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને ₹ 12,104 કરોડની સહાયકી પ્રાપ્ત થઇ હતી (સહાયકી ઉપરના કુલ ખર્ચના 47 ટકા).

એકલ નોડલ એજન્સીને ભંડોળ

ભારત સરકાર અને રાજ્ય સરકારે દરેક કેન્દ્રીય પુરસ્કૃત યોજનાના અમલીકરણ અને ભંડોળના પ્રવાહ માટે એકલ નોડલ એજન્સીની પ્રણાલી દાખલ કરી છે. ભારત સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો સરકારી ખાતાની બહાર, એકલ નોડલ એજન્સીના બેંક ખાતામાં તબદીલ કરવામાં આવે છે. PFMS પોર્ટલ પર ઉપલબ્ધ માહિતી અનુસાર, રાજ્ય સરકારને વર્ષ દરમિયાન તેના તિજોરી હિસાબોમાં કેન્દ્રના હિસ્સાના ₹ 8,664.38 કરોડ મળ્યા હતાં. 31 માર્ચ 2023ના રોજ, રાજ્ય સરકારે તિજોરી હિસાબોમાં પ્રાપ્ત થયેલા કેન્દ્રના હિસ્સાના ₹ 8,867.71 કરોડ (₹ 203.33 કરોડ પાછલા વર્ષને લગતા અને ₹ 8,664.38 કરોડ 2022-23ને લગતા) અને રાજ્યના હિસ્સાના ₹ 9,048.92 કરોડ એકલ નોડલ એજન્સીને તબદીલ કર્યા હતાં. મહાલેખાકાર કચેરીને એકલ નોડલ એજન્સી તરફથી વિગતવાર ભરતીયા અને ખરેખર ખર્ચના સહાયક દસ્તાવેજ પ્રાપ્ત થયા નથી. PFMS SNA-01 અહેવાલ પ્રમાણે, 31 માર્ચ 2023ના રોજ એકલ નોડલ એજન્સીના બેંક ખાતામાં ₹ 8,231.79 કરોડ વણ-વપરાયેલા પડ્યા હતાં.

બાંયધરીના હિસાબે આકસ્મિક જવાબદારીઓ

2022-23માં, બાકી બાંયધરીઓ ₹ 1,473 કરોડ હતી જે ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005માં નિયત ₹ 20,000 કરોડની હદની અંદર હતી. 2022-23 દરમિયાન બાંયધરીઓ છૂટી કરવાને કારણે રાજ્ય સરકારે કોઈ પણ રકમ ચૂકવવી પડી નથી.

ઋણનું ટકાઉપણું

ઋણ લેનાર, પ્રસ્તુત કિસ્સામાં રાજ્ય, વર્તમાનમાં અને ભવિષ્યમાં ઋણની પરત ચૂકવણી કરવાની સ્થિતિમાં હોય તો તેને ટકાઉ માનવામાં આવે છે. એ મુજબ ઋણના ટકાઉપણાના દર્શકો આવકના ચાલુ અને નિયમિત સ્રોતોમાંથી સમયસર વ્યાજની ચૂકવણી અને ઋણની પરત ચૂકવણીની તેમની ક્ષમતાની તપાસ દ્વારા ઋણ લેનારની શાખ-પાત્રતા અને તરલતાની સ્થિતિની આકારણી કરે છે.

ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ રાજકોષીય અને ઋણના પરિમાણોના આધારેઃ ડોમર અભિગમ અને સંબંધિત રાજકોષીય જવાબદારીના લક્ષ્યાંકોને લગતા સૂક્ષ્મ-રાજકોષીય પરિમાણોના અનુપાલનથી કરવામાં આવ્યુ છે. વિશ્લેષણના પરિણામો નીચેના ફકરાઓમાં આપ્યા છે.

ડોમર ગાળો (g-r) 2017-18થી 2019-20 દરમિયાન હકારાત્મક રહ્યો હતો જે દર્શાવે છે કે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે જાહેર ઋણ શૂન્ય કરતાં ઉપરના સ્થિર સ્તરે એકરૂપ થશે. કોવીડ-19ના દેશવ્યાપી રોગચાળાને કારણે થયેલ આર્થિક મંદીને લીધે 2020-21 દરમિયાન રાજ્યના ઘરેલું ઉત્પાદનનો વૃદ્ધિ દર નકારાત્મક રહ્યો હતો. 2021-22 દરમિયાન ડોમર ગાળો હકારાત્મકમાં ફર્યો હતો જે દર્શાવે છે કે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે જાહેર ઋણ શૂન્ય કરતાં નીચેના સ્થિર સ્તરે જાહેર બચત તરફ દોરી જાય એ રીતે એકરૂપ થશે.

રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે જાહેર ઋણનો ગુણોત્તર 2018-23 દરમિયાન 14.97 ટકાથી 18.26 ટકાની વચ્ચે રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન, મહેસૂલી આવકની સામે વ્યાજની ચૂકવણી (જાહેર ઋણ પર) 11.79 ટકાથી 17.22 ટકાની વચ્ચે રહી હતી. પાછલા વર્ષની સરખામણીએ 2022-23માં, જાહેર ઋણની પરત ચૂકવણીની સામે જાહેર ઋણની આવકની ટકાવારી ઘટી હતી. વધુમાં, 2018-23 દરમિયાન, રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદનની 10.96 ટકાના ચકવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે વૃધ્ધિ થઇ હતી જ્યારે બાકી જાહેર ઋણની વૃધ્ધિ 10.69 ટકાના ચકવૃધ્ધિ વાર્ષિક વિકાસ દરે થઇ હતી.

રાજકોષીય લક્ષ્યાંકોની સામે સિદ્ધિના વલણોનું વિશ્લેષણ

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 મુજબ, રાજ્ય સરકારે 2007-08 સુધીમાં મહેસૂલી ખાધ નાબૂદ કરવાની હતી અને ત્યારબાદ મહેસૂલી પુરાંત જાળવવાની હતી; 2008-09 સુધીમાં રાજકોષીય ખાધ રાજ્યના અનુમાનિત એકંદર ઘરેલુ ઉત્પાદનના ત્રણ ટકા સુધી ઘટાડવાની હતી અને ત્યાબાદ એજ સ્તરે જાળવી રાખવાની હતી. નાણાકીય વર્ષ 2020-21 માટે જાન્યુઆરી 2021માં આ પાંચ ટકા સુધી વધારવામાં આવી હતી. પછીના વર્ષોમાં, એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે રાજકોષીય ખાધ માટેની લક્ષ્યાંકીત મર્યાદા ત્રણ ટકા રહી હતી. અધિનિયમમાં વધુમાં એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે રાજ્ય સરકાર જાહેર ઋણ અને રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર 2011-12 સુધીમાં 27.10 ટકાની મર્યાદામાં લાવશે અને ત્યારબાદ તેને જાળવી રાખશે. ઉપરાંત, રાજ્ય સરકાર બાકી બાંયધરીઓ 2007-08 સુધીમાં ₹ 20,000 કરોડની મર્યાદામાં લાવશે એવું અપેક્ષિત હતું.

રાજ્ય સરકારે 2020-21માં મહેસૂલી પુરાંત સિવાયના, ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમમાં અપેક્ષિત તમામ ચાર મુખ્ય રાજકોષીય માપદંડો છેલ્લા પાંચ વર્ષો દરમિયાન હાંસલ કર્યા હતાં

અંદાજપત્રીય કામગીરી

એકંદર અંદાજપત્રીય પરિણામ (Outturn (આઉટટર્ન))

અંદાજપત્રીય હેતુઓ અને અંદાજપત્રના અમલીકરણના પરિપ્રેક્ષ્યમાં અંદાજપત્રની કામગીરીનું આકલન, શરૂઆતમાં મંજુર વધારો અને બચત એકંદર ખર્ચના પરિણામમાં કેટલા પ્રમાણમાં પ્રતિબિંબત થાય છે તે ચકાસવા કરવામાં આવે છે. મહેસૂલ વિભાગમાં, અંદાજપત્રીય અંદાજોની તુલનાએ પરિણામનું વિચલન (-) 1.73 ટકા હતું. આ 69 અનુદાનોમાં 0 અને ±25 ટકા, 17 અનુદાનોમાં ± 25 ટકાથી ± 50 ટકા વચ્ચે, 12 અનુદાનોમાં ± 50 ટકાથી ± 100 ટકાની વચ્ચે અને 03 અનુદાનોમાં 100 ટકા જેટલું અથવા 100 ટકાથી અધિક વિચલનના કારણે હતું. મૂડી વિભાગમાં, અંદાજપત્રીય અંદાજોની તુલનાએ પરિણામનું વિચલન (-) 1.12 ટકા હતું. આ 19 અનુદાનોમાં 0 અને ±25 ટકા વચ્ચે, 10 અનુદાનોમાં ± 25 ટકાથી ± 50 ટકા વચ્ચે, 17 અનુદાનોમાં ± 50 ટકાથી ± 100 ટકા વચ્ચે અને 13 અનુદાનોમાં 100 ટકા જેટલું અથવા 100 ટકાથી અધિક વિચલનના કારણે હતું.

ખર્ચના ઘટકોનું પરિણામ

અંદાજપત્રીય કામગીરી, અમલીકરણ દરમિયાન મુખ્ય અંદાજપત્રીય વર્ગો વચ્ચે પુનઃફાળવણીએ ખર્ચના ઘટકોમાં તફાવતમાં કેટલા પ્રમાણમાં ફાળો આપ્યો તેનું પણ આકલન કરે છે. આ સુચકાંકો અંતિમ અંદાજપત્ર અને ખરેખર ખર્ચ વચ્ચેના વિચલનનું પ્રમાણ દર્શાવે છે. મહેસૂલ વિભાગમાં, સુધારેલા અંદાજોની તુલનાએ પરિણામનું વિચલન (-) 6.15 ટકા હતું. આમ થવાનું કારણ 89 અનુદાનોમાં 0 અને ±25 ટકા વચ્ચે, 10 અનુદાનોમાં ± 25 ટકાથી ± 50 ટકા વચ્ચે અને 02 અનુદાનોમાં ± 50 ટકાથી ± 100 ટકા વચ્ચે, વિચલન હતું. મૂડી વિભાગમાં, સુધારેલા અંદાજોની તુલનાએ પરિણામનું વિચલન (-) 5.63 ટકા હતું. આમ થવાનું કારણ 33 અનુદાનોમાં 0 અને ±25 ટકા વચ્ચે, 08 અનુદાનોમાં ± 25 ટકાથી ± 50 ટકા વચ્ચે, નવ અનુદાનોમાં ± 50 ટકાથી ± 100 ટકા વચ્ચે અને ચાર અનુદાનોમાં 100 ટકા જેટલું અથવા 100 ટકાથી અધિક વિચલન હતું. મૂડી વિભાગના 05 અનુદાનોની બાબતમાં સુધારેલા અંદાજોના સ્તરે કોઇ જોગવાઈ કરવામાં આવી ન હતી.

એવું જોવામાં આવ્યું હતું કે, 2022-23 દરમિયાન, 11 કિસ્સાઓમાં ₹ 2,816.30 કરોડની પૂરક જોગવાઈઓ (દરેક કિસ્સામાં ₹ 10 કરોડ અથવા વધુ) બિનજરૂરી પુરવાર થઇ હતી, કારણ કે ખર્ચ મૂળ જોગવાઈના સ્તર સુધી પણ પહોંચી શક્યો ન હતો.

અનુદાનો/ વિનિયોગો ઉપરના અધિકનું નિયમિતીકરણ

ભારતના બંધારણની કલમ 204 અને 205 અનુસાર, રાજ્ય સરકાર માટે રાજ્ય વિધાનસભા દ્વારા અનુદાન/ વિનિયોગ ઉપરનો વધારો નિયમિત કરવો ફરજિયાત છે. એવું જોવામાં આવ્યું હતું કે, 2022-23માં પાંચ અનુદાનો હેઠળ ₹ 64.48 કરોડનો અધિક ખર્ચ થયો હતો જેનું નિયમિતીકરણ કરવું જરૂરી હતું. વધુમાં, 2009-10 થી 2011-12 અને 2014-15 થી 2021-22ના સમયગાળા માટેની અધિક ફાળવણી વિધાનસભા દ્વારા હજુ સુધી નિયમિત કરવાની બાકી હતી.

હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલો

અનુપાલનમાં તફાવત, નિયમનોમાં નબળાઈ અને ખરેખર ખર્ચને લગતા રેકર્ડ અથવા પુરાવાની પ્રાપ્તિમાં વિલંબને લગતા મુદ્દાઓને સબંધી વસ્તુઓ, વ્યવહારો અને ઘટનાઓનો હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલોમાં સમાવેશ થાય છે. તે હિસાબો અને નાણાકીય અહેવાલોને લગતા મુદ્દાઓ જેવા કે, સરકારી હિસાબોની બહાર રાખી મુકેલા ભંડોળો, જવાબદારીઓ ઓછી નિભાવવી અથવા ન નિભાવવી અને વ્યવહારોનું ખોટું વર્ગીકરણ અને માહિતીમાં તફાવતનો પણ સમાવેશ કરે છે.

મેળવણું

2022-23 દરમિયાન, જયારે 96.59 ટકા આવકોનું મેળવણું કરવામાં આવ્યું હતું, ત્યારે વર્ષ દરમિયાન ફાળવણીના 92.89 ટકા સુધીનું મેળવણું કરવામાં આવ્યું હતું.

ભારત સરકારના હિસાબી ધોરણોનું (IGASનું) અનુપાલન

ભારત સરકારના ત્રણ અધિસૂચિત હિસાબી ધોરણોની જરૂરીયાત સામે, રાજ્ય સરકારે આ ધોરણોનું આંશિક અનુપાલન કર્યું હતું.

વ્યક્તિગત થાપણ ખાતાનું સંચાલન

વ્યક્તિગત થાપણ ખાતાઓમાં બંધ સિલકો ઉત્તરોત્તર વધીને 2018-19ના ₹ 581.01 કરોડથી વધીને 2020-21માં ₹ 1,003.78 કરોડ થઇ હતી, પરંતુ 2021-22 અને 2022-23 દરમિયાન ઘટીને અનુક્રમે ₹ 989.57 કરોડ અને ₹ 817.82 કરોડ થઇ હતી. 31 માર્ચ 2023ના રોજ કોઈ પણ વ્યક્તિગત થાપણ ખાતા નિષ્ક્રિય ન હતાં.

વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ

ઑડિટ ચકાસણીમાં જોવામાં આવ્યું હતું કે 2001-02થી 2021-22ના સમયગાળા દરમિયાન રાજ્ય સરકારના 19 વિભાગોને આપવામાં આવેલ એકંદર ₹ 10,407.98 કરોડના સહાયક અનુદાનની બાબતમાં 3,732 વપરાશી પ્રમાણપત્રો 31 માર્ચ 2023ની સ્થિતિએ રજૂ કરવામાં આવ્યાં ન હતાં.

વિગતવાર આકસ્મિક બિલની સામે ઉચ્ચક આકસ્મિક બિલો

આજ રીતે, ઉચ્ચક આકસ્મિક બિલ દ્વારા પેશગીના નાણાનો ઉપાડ કર્યા બાદ વિગતવાર આકસ્મિક બિલો રજૂ કરવા જરૂરી હોવા છતાં, 31 માર્ચ 2023ના રોજ ₹ 444.48 કરોડની રકમના 3,342 ઉચ્ચક આકસ્મિક બિલ માટે વિગતવાર આકસ્મિક બિલો રજૂ કરવાના બાકી હતાં, જેમાંથી ₹ 74.26 કરોડની રકમના 1,823 ઉચ્ચક આકસ્મિક બિલો 2021-22 સુધીના સમયગાળાને લગતા હતાં.

રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની કામગીરી

31 માર્ચ 2023ના રોજ, ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઑડિટ અધિકારક્ષેત્ર હેઠળ ગુજરાતમાં રાજ્યના જાહેર ક્ષેત્રના 101 ઉપક્રમો હતાં, જેમાં ચાર વૈધાનિક નિગમો અને 65 સરકારી કંપનીઓ (11 નિષ્ક્રિય સરકારી કંપનીઓ સહિત) અને 32 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓનો સમાવેશ થાય છે. ઑડિટમાં નોંધવામાં આવ્યું હતું કે, નાણાકીય પત્રકોની રજૂઆતની બાબતમાં નિયત સમયસીમાનું રાજ્યના જાહેર ક્ષેત્રના 69 ઉપક્રમો દ્વારા પાલન કરવામાં આવ્યું ન હતું, જેના 188 હિસાબો પડતર હતાં. રાજ્યના જાહેર ક્ષેત્રના 63 ઉપક્રમો દ્વારા કમાવવામાં આવેલા ₹ 9,927.30 કરોડના નફામાંથી, 94.38 ટકા ફાળો તો 10 જાહેર ઉપક્રમોનો જ હતો. રાજ્યના જાહેર ક્ષેત્રના 30 ઉપક્રમો દ્વારા કરવામાં આવેલા કુલ ₹ 2,456.98 કરોડના નુકશાનમાંથી, ₹ 2,276.72 કરોડનું નુકશાન રાજ્યના જાહેર ક્ષેત્રના છ ઉપક્રમોએ નોંધાવ્યું હતું.

રાજ્ય સરકારે નુકશાન કરતા જાહેર ઉપક્રમોની કામગીરીની સમીક્ષા કરવી જોઈએ અને નાણાકીય કામગીરીના સુધાર માટે જરૂરી પગલા લેવા જોઈએ. રાજ્ય સરકારે વ્યક્તિગતરૂપે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો માટે નાણાકીય પત્રકો સમયસર રજૂ કરવા માટેનો લક્ષ્યાંક નક્કી કરવા અને પાછલી બાકીના નિકાલ પર ચુસ્તપણે દેખરેખ રાખવા માટે વહીવટી વિભાગોને જરૂરી સૂચનાઓ આપવી જોઇએ. રાજ્ય સરકારે નિષ્ક્રિય સરકારી કંપનીઓની સમીક્ષા કરવી જોઈએ અને તેમના પુનરૂત્થાન/ સમેટી લેવા માટે યોગ્ય નિર્ણય કરવો જોઈએ.

પ્રકરણ I

વિહંગાવલોકન

પ્રકરણ I
વિહંગાવલોકન

1.1 રાજ્યની રૂપરેખા

ગુજરાત ભારતના પશ્ચિમ કિનારે સ્થિત છે, જેની પશ્ચિમે અરબ સાગર તથા ઉત્તરે રાજસ્થાન, પૂર્વમાં મધ્યપ્રદેશ અને દક્ષિણમાં મહારાષ્ટ્ર રાજ્યો આવેલા છે. રાજ્ય તેની ઉત્તર-પશ્ચિમ દિશાએ પાકિસ્તાન સાથે આંતરરાષ્ટ્રીય સરહદ પણ ધરાવે છે. તે લગભગ 1,600 કિલોમીટરનો દરિયાકાંઠો ધરાવે છે, જે ભારતની મુખ્ય ભૂમિના દરિયાકાંઠાનો એક તૃતિયાંશ ભાગ છે. ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ તે છઠ્ઠું સૌથી મોટું (1,96,244 ચો. કિ.મી.) રાજ્ય છે અને વસ્તીના હિસાબે આઠમું સૌથી મોટું છે. અંદાજ પ્રમાણે, રાજ્યની વસ્તી 2013માં 6.23 કરોડ હતી તે વધીને 2023માં 7.15 કરોડ થઇ હતી, જે એક દશકમાં 14.73 ટકાની વૃધ્ધિ દર્શાવે છે. 21.9 ટકાની અખિલ ભારતીય સરેરાશની સરખામણીએ 2011-12માં ગરીબી રેખા હેઠળની વસ્તીની ટકાવારી 16.6 ટકા હતી. રાજ્યમાં 33 જીલ્લાઓ અને 251 તાલુકાઓ આવેલાં છે. રાજ્યનો સાક્ષરતા દર (2011ની વસ્તી ગણતરી મુજબ) 78 ટકા હતો, જે 73 ટકાની અખિલ ભારતીય સરેરાશ કરતાં 5 ટકા ઊંચો હતો. રાજ્યની રૂપરેખા **પરિશિષ્ટ – 1.1**માં દર્શાવી છે.

1.1.1 ગુજરાત રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદન

રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદન એ ચોક્કસ સમયગાળામાં રાજ્યની હદની અંદર ઉત્પાદિત તમામ માલસામાન અને સેવાઓનું મૂલ્ય છે. રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની વૃધ્ધિ એ રાજ્યના અર્થતંત્રનો એક મહત્વપૂર્ણ દર્શક છે, કારણ કે તે કોઇ એક સમયગાળામાં રાજ્યના આર્થિક વિકાસના સ્તરમાં થતા ફેરફારોનું પ્રમાણ દર્શાવે છે.

ગુજરાત રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની (અંકિત મૂલ્ય) સામે રાષ્ટ્રની વાર્ષિક વૃધ્ધિના વલણો **કોઠા 1.1**માં આપ્યા છે.

કોઠો 1.1: એકંદર ધરેલુ ઉત્પાદન અને ગુજરાત રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનમાં વૃધ્ધિના વલણો

(₹ કરોડમાં)

વર્ષ	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
ભારત					
રાષ્ટ્રીય એકંદર ધરેલુ ઉત્પાદન (પાયાનું વર્ષ 2011-12)	1,88,99,668	2,01,03,593	1,98,29,927 (2જો RE)	2,34,71,012 (1લો RE)	2,72,40,712 (PE)
એકંદર મૂલ્ય સંવર્ધન (GVA)(ટકા) (પાયાનું વર્ષ 2011-12)	1,71,75,128	1,83,81,117 (3જો RE)	1,81,88,780 (2જો RE)	2,14,38,883 (1લો RE)	2,47,42,871 (PE)
વર્તમાન ભાવોએ અગાઉના વર્ષની તુલનાએ એકંદર	10.59	6.37	(-) 1.36	18.36	16.06

વર્ષ	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
ધરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા)					
વર્તમાન ભાવોએ અગાઉના વર્ષની તુલનાએ એકંદર મૂલ્ય સંવર્ધનનો વૃધ્ધિ દર (ટકા)	10.77	7.02	(-) 1.05	17.87	15.41
માથા દીઠ એકંદર ધરેલુ ઉત્પાદન	1,42,424	1,49,915	1,46,301	1,71,498	1,96,983
ગુજરાત					
રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદન (પાયાનું વર્ષ 2011-12)	14,92,156	16,17,143	16,36,781 (PE)	19,57,583 (QE)	22,61,715 (AE)
રાજ્યનું એકંદર મૂલ્ય સંવર્ધન	13,13,434	14,40,151	14,31,527 (PE)	16,88,608 (QE)	ઉપલબ્ધ નથી[1]
વર્તમાન ભાવોએ અગાઉના વર્ષની તુલનાએ રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા)	12.27	8.38	1.21	19.60	15.54
વર્તમાન ભાવોએ અગાઉના વર્ષની તુલનાએ રાજ્યના એકંદર મૂલ્ય સંવર્ધનનો વૃધ્ધિ દર (ટકા)	11.99	9.65	(-) 0.60	17.96	ઉપલબ્ધ નથી[1]
માથા દીઠ રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદન	2,23,430	2,38,978	2,38,716	2,81,804	3,17,884

સોત: કેન્દ્રીય આંકડાશાસ્ત્ર કચેરી (CSO), આંકડાશાસ્ત્ર અને યોજના અમલીકરણ મંત્રાલય, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગાંધીનગર (અંદાજપત્રીય પ્રકાશન નં. 30, 2023-24) અને સામાજીક-આર્થિક સમીક્ષા 2022-23, ગુજરાત રાજ્ય.

RE: સુધારેલા અંદાજો; (PE) કામચલાઉ અંદાજો; (QE): ત્વરિત અંદાજો; (AE): અગ્રિમ અંદાજો

ઉપરોક્ત કોઠામાં દર્શાવેલી વિગતોમાંથી જોઇ શકાય છે એ મુજબ, ગુજરાત રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની 2018-19થી 2021-22ના સમયગાળા દરમિયાનની વૃદ્ધિ રાષ્ટ્રીય વૃદ્ધિ દરની સરખામણીએ ઉંચા દરે થઇ હતી પરંતુ 2022-23 દરમિયાન રાષ્ટ્રીય વૃધ્ધિ દર કરતાં નજીવા નીચા દરે વૃધ્ધિ થઇ હતી. 2021-22 દરમિયાન, ભારત અને ગુજરાતે પણ અગાઉના પાંચ વર્ષમાં સૌથી ઉંચો વૃધ્ધિ દર નોંધાવ્યો હતો.

એકંદર મૂલ્ય સંવર્ધનનો ઉપયોગ ભારત સરકાર અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ અને વિશ્વ બેંક દ્વારા આર્થિક વિશ્લેષણ માટે કરવામાં આવે છે, કારણ કે એકંદર ધરેલુ ઉત્પાદનની તુલનાએ એકંદર મૂલ્ય સંવર્ધનને આર્થિક વૃધ્ધિનો વધુ સારો દર્શક માનવામાં

[1] અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગુજરાતે જણાવ્યું છે કે 2022-23ની એકંદર મૂલ્ય સંવર્ધનની માહિતી માર્ચ 2024માં ઉપલબ્ધ થશે.

આવે છે કારણ કે તે કરવેરા અને રોકડ સહાયની અસરને અવગણે છે. જ્યારે એકંદર ઘરેલુ ઉત્પાદનની ગણતરી; અર્થવ્યવસ્થામાં માંગની સ્થિતિને પ્રતિબિંબિત કરતા વિવિધ ખર્ચાઓનો સરવાળો કે જેમાં ખાનગી વપરાશી ખર્ચ, સરકારી વપરાશી ખર્ચ અને એકંદર નિયત મૂડી નિયોજન (Gross Fixed Capital Formation) અથવા રોકાણ ખર્ચનો સમાવેશ થાય છે; તેના આધારે અથવા તેનાથી પણ કરવામાં આવે છે. બંને દર્શકોમાં ચોખ્ખા કરની અસરની ગણતરી જુદી છે જેનાથી વાસ્તવિક ઉત્પાદનની સ્થિતિ કરતા એકંદર ઘરેલું ઉત્પાદનમાં કરનો સમાવેશ જુદો થશે. આથી, નીતિ નિર્માતાના પરિપ્રેક્ષ્યમાં, વધુ સારા વિશ્લેષણ અને નીતિ દરમિયાનગીરીઓ તૈયાર કરવા માટે, એકંદર મૂલ્ય સંવર્ધન (GVA) અને રાજ્યના એકંદર મૂલ્ય સંવર્ધનની (GSVA) તુલના કરવી અત્યંત મહત્વની છે.

રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન અને રાજ્યના એકંદર મૂલ્ય સંવર્ધનના, 2017-18થી 2021-22ના[1] સમયગાળાના વલણો **આલેખ 1.1**માં દર્શાવ્યાં છે.

આલેખ 1.1: રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન અને રાજ્યના એકંદર મૂલ્ય સંવર્ધનનો વૃધ્ધિ દર (2017-18થી 2021-22)

સોત: અંદાજપત્રીય પ્રકાશન સંખ્યા 34 (સામાજીક-આર્થિક સમીક્ષા, ગુજરાત રાજ્ય, 2022-23)

આલેખ 1.2: GSVAમાં ક્ષેત્રવાર વૃધ્ધિ (2017-18થી 2021-22)



સોત: અંદાજપત્રીય પ્રકાશન સં. 34 (સામાજીક-આર્થિક સમીક્ષા, ગુજરાત રાજ્ય, 2022-23)

આલેખ 1.2 દર્શાવે છે કે, 2021-22 દરમિયાન, GSVAમાં ફાળો આપનાર તમામ ત્રણ ક્ષેત્રોમાં નોંધપાત્ર વૃધ્ધિ થઇ હતી, જે કોવિડ-19 મહામારી બાદની આર્થિક પ્રવૃત્તિમાં સુધારાને આભારી હતું.

ઉત્પાદનના પેટા ક્ષેત્રમાં વધારાના કારણે ઉદ્યોગ ક્ષેત્રમાં તિવ્ર ઉછાળો આવ્યો હતો. સેવા ક્ષેત્રમાં; વેપાર, મરામત સેવાઓ, હોટલો અને ઉપાહાર ગૃહો, પરિવહન, સંગ્રહણ અને સંદેશાવ્યવહાર અને પ્રસારણ સંબંધી સેવાઓનું 2021-22 દરમિયાન વૃદ્ધિમાં ઘણું મોટું યોગદાન રહ્યું હતું.

1.2 રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલનો આધાર અને અભિગમ

ભારતના બંધારણની કલમ 151 (2) મુજબ, ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના રાજ્યના હિસાબો સંબંધિત અહેવાલો રાજ્યના રાજ્યપાલ સમક્ષ રજૂ કરવાના હોય છે, જે તેને રાજ્યની વિધાનસભા સમક્ષ મૂકવા સબબ કાર્યવાહી કરે છે. ગુજરાતની નાણાકીય પરિસ્થિતિ પરનો આ અહેવાલ ભારતના બંધારણની ઉપર જણાવેલ કલમ હેઠળ તૈયાર અને રજૂ કરવામાં આવ્યો છે.

મહાલેખાકાર (હિસાબ અને હક) દર વર્ષે રાજ્યના નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબો તૈયાર કરે છે. આ હિસાબો વાઉચરો, ચલણો અને તિજોરીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રારંભિક અને પેટા હિસાબો, આવા હિસાબો રાખવા માટે જવાબદાર રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળની કાર્યરત કચેરીઓ અને વિભાગો તથા ભારતીય રિઝર્વ બેંક તરફથી મળેલા પત્રકો પરથી તૈયાર કરવામાં આવે છે. પ્રધાન મહાલેખાકાર (ઑડિટ-II), ગુજરાત દ્વારા આ હિસાબોનું સ્વતંત્ર રીતે ઑડિટ કરવામાં આવે છે અને ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા તેને પ્રમાણિત કરવામાં આવે છે.

રાજ્યના નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબો પ્રસ્તુત અહેવાલ માટેની પાયાની માહિતી બને છે. અન્ય સોતોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- રાજ્યનું અંદાજપત્ર, એ નાણાકીય પરિમાણોની આકારણી અને ફાળવણીની પ્રાથમિકતાઓ અને તેની સામે અનુમાનો તથા સંબંધિત નિયમો અને નિયત કાર્યપધ્ધતિના અમલીકરણ અને અનુપાલનની અસરકારકતાની આકારણી; આ બંને માટે માહિતીનો મહત્વનો સોત બને છે;
- પ્રધાન મહાલેખાકાર (ઑડિટ-I) અને પ્રધાન મહાલેખાકાર (ઑડિટ-II), ગુજરાતની કચેરીઓ દ્વારા વર્ષ દરમિયાન રાજ્યના સચિવાલય તેમજ ક્ષેત્રીય સ્તરે હાથ ધરવામાં આવેલા ઑડિટના પરિણામો;
- વિભાગીય સત્તાધિકારીઓ અને તિજોરી પાસે રહેલી અન્ય માહિતી (હિસાબી અને સાથે વ્યવસ્થાપન માહિતી પ્રણાલી (MIS));
- અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગુજરાત પાસેથી રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની માહિતી અને રાજ્ય સંબંધિત અન્ય આંકડાશાસ્ત્રીય માહિતી; અને
- ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના વિવિધ ઑડિટ અહેવાલો.

ચૌદમા નાણા પંચ, પંદરમા નાણા પંચની ભલામણો, ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005, ભારત સરકારની શ્રેષ્ઠ પ્રથાઓ અને માર્ગદર્શિકાના સંદર્ભમાં આ અહેવાલમાં વિશ્લેષણ હાથ ધરવામાં આવ્યું છે. સરકારના જવાબો, પ્રાપ્ત થયેલ હોય ત્યાં, આ અહેવાલમાં યોગ્ય સ્થાનોએ સમાવવામાં આવ્યાં છે. ચોથું, પાંચમું અને છઠું નાણાપંચ જે અનુક્રમે 2009-10, 2014-15

અને 2019-20માં ગઠિત થવાનું હતું તે હજી, જાન્યુઆરી 2024ની સ્થિતિએ રાજ્ય સરકાર ધ્વારા ગઠિત થવાનું બાકી હતું.

1.3 સરકારના હિસાબોનું માળખુ અને અંદાજપત્રીય પ્રક્રિયાઓનું વિહંગાવલોકન

રાજ્ય સરકારના હિસાબો ત્રણ ભાગમાં રાખવામાં આવે છે:

1. રાજ્યની સંચિત નિધિ (ભારતના બંધારણની કલમ 266(1))

આ નિધિમાં રાજ્ય સરકારને પ્રાપ્ત થયેલું તમામ મહેસૂલ, રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલી તમામ લોન (બજાર લોન, બોન્ડ, કેન્દ્ર સરકાર તરફથી મળેલ લોન, નાણાકીય સંસ્થાઓ પાસેથી મળેલ લોન, રાષ્ટ્રીય નાની બચત ભંડોળને આપેલી વિશેષ બાયંધરીઓ, વગેરે), ભારતીય રિઝર્વ બેંક દ્વારા આપવામાં આવેલી સાધનોપાય પેશગીઓ અને લોનની પરત ચૂકવણીઓમાં રાજ્ય સરકારને પ્રાપ્ત થયેલા તમામ નાણાનો સમાવેશ થાય છે. કાયદા અનુસાર અને ભારતના બંધારણની જોગવાઇ મુજબના હેતુઓ અને રીત સિવાય આ ભંડોળમાંથી કોઇ પણ નાણાનો વિનિયોગ કરી શકાય નહીં. ખર્ચના કેટલાક વર્ગો (એટલે કે બંધારણીય સત્તાધિકારીઓનો પગાર, લોનની પરત ચૂકવણી, વગેરે) રાજ્યના સંચિત નિધિ પર અભિયોગ બને છે (બિન-મતપાત્ર ખર્ચ) અને વિધાનસભા દ્વારા મતપાત્ર હોતા નથી. અન્ય તમામ ખર્ચ (મતપાત્ર ખર્ચ) વિધાનસભા દ્વારા મતપાત્ર હોય છે.

2. રાજ્યની આકસ્મિક નિધિ (ભારતના બંધારણની કલમ 267(2))

આ નિધિ એક અગ્રદાયના રૂપમાં હોય છે જેની સ્થાપના રાજ્યની વિધાનસભા કાયદા દ્વારા કરે છે અને રાજ્યની વિધાનસભા દ્વારા આવા ખર્ચને અધિકૃતિ મળે ત્યાં સુધી અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે આ નિધિમાંથી પેશગીઓ આપી શકાય તે માટે રાજ્યપાલના હવાલે મૂકે છે. ખર્ચને રાજ્યની સંચિત નિધિના સંબંધિત કાર્યલક્ષી મુખ્ય સદર ખાતે ઉધારીને નિધિની ભરપાઇ કરવામાં આવે છે.

3. રાજ્યનો જાહેર હિસાબ (બંધારણની કલમ 266 (2))

ઉપરોક્ત ઉપરાંત, સરકાર દ્વારા અથવા તેના વતી પ્રાપ્ત થયેલા તમામ અન્ય જાહેર નાણા, જેમાં સરકાર બેંકરની અથવા ટ્રસ્ટીની ભૂમિકા નિભાવે છે, તે જાહેર હિસાબમાં જમા કરવામાં આવે છે. જાહેર હિસાબમાં પરત ચૂકવણીપાત્ર જેવી કે નાની બચત અને ભવિષ્ય નિધિ, થાપણો (વ્યાજ સાથેની અને વ્યાજ વગરની), પેશગીઓ, અનામત ભંડોળ (વ્યાજ સાથે અને વ્યાજ વગર) ભરણાં અને ઉચ્ચક સદરો (જે બન્ને છેવટની નોંધ થાય ત્યાં સુધીના કામચલાઉ સદરો છે) તે સામેલ હોય છે. સરકાર પાસે ઉપલબ્ધ ચોખ્ખી રોકડ સિલકનો પણ જાહેર હિસાબમાં સમાવેશ કરવામાં આવે છે. જાહેર હિસાબ વિધાનસભાના મતને આધીન નથી.

અંદાજપત્રીય દસ્તાવેજ

ભારતમાં પ્રત્યેક નાણાકીય વર્ષની બાબતમાં સરકારની અંદાજીત આવક અને ખર્ચનું પત્રક રાજ્યની વિધાનસભાના ગૃહ અથવા ગૃહો સમક્ષ રજૂ કરવાની બંધારણીય જરૂરિયાત છે (કલમ

202). આ 'વાર્ષિક નાણાકીય પત્રક' મુખ્ય અંદાજપત્રીય દસ્તાવેજ બને છે. વધુમાં, અંદાજપત્રમાં મહેસૂલી ખર્ચ અને અન્ય ખર્ચનો તફાવત સ્પષ્ટ કરવો જ જોઇએ.

મહેસૂલી આવકમાં કર આવક (પોતાના કરની આવક અને કેન્દ્રીય કરવેરા/જકાતમાં હિસ્સો), બિન-કર આવક અને ભારત સરકાર તરફથી મળતાં અનુદાનનો સમાવેશ થાય છે.

મહેસૂલી ખર્ચમાં સરકારના તમામ એવા ખર્ચ જે ભૌતિક અથવા નાણાકીય અસ્કયામતોના સર્જનમાં પરિણમતા નથી તે સામેલ હોય છે. તે એવા ખર્ચના સંબંધમાં હોય છે જે સરકારના વિભાગોની સામાન્ય કામગીરી અને વિવિધ સેવાઓ, સરકાર દ્વારા લેવામાં આવેલા ઋણ પર વ્યાજની ચૂકવણીઓ અને જુદી જુદી સંસ્થાઓને આપવામાં આવેલા અનુદાનો (અનુદાનોમાંના કેટલાક અસ્કયામતો ઉભી કરવા માટે હોય તો પણ) માટે કરવામાં આવ્યાં હોય.

મૂડી આવકમાં સામેલ છે:

- **ઋણ આવક:** બજાર લોન, બોન્ડ, નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન, સાધનોપાય પેશગીઓ અંતર્ગત ચોખ્ખા વ્યવહારો, કેન્દ્ર સરકાર તરફથી લોન અને પેશગીઓ, વગેરે; અને
- **બિન-ઋણ આવક:** વિનિવેશમાંથી ઉપજેલા નાણા, લોન અને પેશગીઓની વસૂલાત.

મૂડી ખર્ચમાં જમીનનું સંપાદન, મકાન, મશીનરી, સાધનસામગ્રી, શેરોમાં રોકાણ પર થયેલા ખર્ચનો સમાવેશ થાય છે.

લોન અને પેશગીઓ: સરકાર દ્વારા જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને અન્ય જૂથોને લોન અને પેશગીઓ.

હાલમાં, સરકારમાં એક હિસાબી વર્ગીકરણની પધ્ધતિ છે જે કાર્યલક્ષી અને આર્થિક બન્ને છે.

	વ્યવહારોના લક્ષણ	*વર્ગીકરણ*
હિસાબ મહાનિયંત્રક (CGA) દ્વારા LMMH[2] માં પ્રમાણિત	કામગીરી- શિક્ષણ, આરોગ્ય વગેરે /વિભાગ	અનુદાન હેઠળ મુખ્ય સદર (4-આંકડા)
	પેટા-કામગીરી	પેટા મુખ્ય સદર (2-આંકડા)
	કાર્યક્રમ	ગૌણ સદર (3-આંકડા)
રાજ્યો પાસે રહેલી સુગમતા	યોજના	પેટા સદર (2-આંકડા)
	પેટા-યોજના	વિગતવાર સદર (2-આંકડા)
	આર્થિક પ્રકાર/પ્રવૃત્તિ	હેતુ સદર -પગાર, ગૌણ કામો વગેરે (2-આંકડા)

કાર્યલક્ષી વર્ગીકરણ આપણને વિભાગ, કામગીરી, યોજના અથવા કાર્યક્રમ અને ખર્ચનો ઉદ્દેશ જણાવે છે. આર્થિક વર્ગીકરણ આ ચૂકવણીઓને મહેસૂલ, મૂડી, ઋણ, વગેરે તરીકે સંકલિત કરવામાં સહાયરૂપ થાય છે. આર્થિક વર્ગીકરણ ચાર આંકડાના મુખ્ય સદરોના પ્રથમ આંકડામાં સમાવિષ્ટ તાર્કિક ક્રમાંકન દ્વારા મેળવવામાં આવે છે. દાખલા તરીકે, 0 અને 1 મહેસૂલી આવક માટે છે, 2

[2] કેન્દ્ર અને રાજ્યોના હિસાબોના મુખ્ય અને ગૌણ સદરોની યાદી.

અને 3 મહેસૂલી ખર્ચ માટે, વગેરે. આર્થિક વર્ગીકરણ કેટલાક હેતુ સદરોની અંતર્ગત વ્યાખ્યા અને વહેંચણી દ્વારા પણ મેળવી શકાય છે. દાખલા તરીકે જયારે "પગાર" હેતુ સદર એ મહેસૂલી ખર્ચ છે, "બાંધકામ" હેતુ સદર મૂડી ખર્ચ છે. અંદાજપત્રીય દસ્તાવેજોમાં વિનિયોગનો પ્રાથમિક એકમ હેતુ સદર છે.

આલેખ 1.3: સરકારના હિસાબોનું માળખું



જાહેર ઋણ અને જાહેર જવાબદારીઓ:

આ અહેવાલમાં, 'જાહેર ઋણ માં બજાર લોન, સંસ્થાકીય લોન, રાષ્ટ્રીય નાની બચત ભંડોળને આપેલી વિશેષ જામીનગીરીઓ, કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી લોન, વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ હેતુ માટે, મુખ્ય સદરો 6003 અને 6004-જાહેર ઋણ ધ્યાનમાં લેવામાં આવ્યાં છે.

ઉપરાંત, જાહેર હિસાબ હેઠળ 'નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે', 'અનામત ભંડોળ' અને 'થાપણો અને પેશગીઓ' ને લગતા વ્યવહારો એવા છે કે જેમાં સરકાર તેને મળેલા નાણાની પરત ચૂકવણી કરવા માટે જવાબદારી ઊભી કરે છે અથવા ચૂકવેલી રકમ વસૂલ કરવા માટેનો દાવો ધરાવે છે. જાહેર હિસાબ હેઠળ 'ભરણા', અને 'ઉપલક' ને લગતા વ્યવહારોમાં માત્ર સમાયોજન સદરો જેમ કે તિજોરીઓ અને નાણા તિજારીઓ વચ્ચેના ભરણા અને જુદા જુદા હિસાબી વર્તુળો વચ્ચેની તબદીલીઓ જેવા વ્યવહારો સામેલ હોય છે.

આ અહેવાલમાં, જાહેર જવાબદારીઓમાં મુખ્ય સદરો 6003 અને 6004 હેઠળના વ્યવહારોની સાથે સાથે 'નાની બચત, ભવિષ્ય નિધિ, વગેરે', 'અનામત ભંડોળ' અને 'થાપણો અને પેશગીઓ' ને લગતા મુખ્ય સદરો 8001 થી 8554 હેઠળના વ્યવહારો સામેલ કરવામાં આવ્યા છે.

અંદાજપત્રીય પ્રક્રિયાઓ

ભારતના બંધારણની કલમ 202 અનુસાર, રાજ્યના રાજ્યપાલ **વાર્ષિક નાણાકીય પત્રકના** (અંદાજપત્ર તરીકે સંદર્ભિત) રૂપમાં નાણાકીય વર્ષ માટે રાજ્યની અંદાજીત આવક અને ખર્ચનું એક પત્રક રાજ્ય વિધાનસભા સમક્ષ મુકવા સબબ કાર્યવાહી કરે છે. કલમ 203 અનુસાર, આ પત્રક અનુદાનો/વિનિયોગો માટે માંગણા સ્વરૂપે રાજ્ય વિધાનસભામાં રજૂ કરવામાં આવે છે અને તે મંજૂર થયા બાદ વિધાનસભા દ્વારા કલમ 204 હેઠળ વિનિયોગ વિધેયક પસાર કરવામાં આવે છે, જેથી સંચિત નિધિમાંથી જરૂરી નાણા વિનિયોગ માટે પૂરા પાડી શકાય.

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, અંદાજપત્ર ઘડવાની પ્રક્રિયાની વિગતો પૂરી પાડે છે અને રાજ્ય સરકારને અંદાજપત્રીય અંદાજો તૈયાર કરવામાં અને તેના ખર્ચની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવામાં માર્ગદર્શન પૂરું પાડે છે. 2022-23ના અંદાજપત્રની રચના કરતી વખતે રાજ્ય સરકારે પ્રાથમિકતાવાળા ક્ષેત્રો માટે અંદાજપત્રીય જોગવાઈ તરફ ધ્યાન કેન્દ્રિત કરવા સાથે 'પરિણામલક્ષી અંદાજપત્ર' (સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા નિયત કરેલ ટકાઉ વિકાસલક્ષી ધ્યેયોને અનુરૂપ) અને 'જેન્ડર અંદાજપત્ર' પર ભાર મુકવાનું ચાલુ રાખ્યુ હતું.

2014-15થી રાજ્ય 'પરિણામલક્ષી અંદાજપત્ર' તૈયાર કરતું આવ્યું છે છતાં, તેણે સંબંધિત અંદાજપત્રમાં કરવામાં આવેલા અનુરૂપ અનુમાનો સાથે વિવિધ અંદાજપત્રીય દરમિયાનગીરીના વાસ્તવિક પરિણામોનું આકલન કરવાનું હજી બાકી છે. આ કારણોસર 2021-22ના અંદાજપત્રમાં અનુમાનિત પરિણામોની સામે વાસ્તવિક સિદ્ધિઓ માર્ચ 2023 સુધી વિધાનસભા સમક્ષ મુકવામાં આવી ન હતી.

રાજ્ય સરકારના અંદાજપત્ર અને અન્ય અંદાજપત્રીય પહેલોના અમલીકરણની ઑડિટ તપાસના પરિણામોની વિગતો આ અહેવાલના **પ્રકરણ III**માં આપી છે.

1.3.1 નાણાકીય પરિસ્થિતિની ઝલક

કોઠો 1.2 વર્ષ 2021-22 અને 2022-23 માટે વાસ્તવિક નાણાકીય પરિણામોની તુલનાએ વર્ષ 2022-23 માટેના અંદાજપત્રીય અંદાજોની ઝલક રજૂ કરે છે.

કોઠો 1.2: વાસ્તવિક નાણાકીય પરિણામોની તુલનાએ અંદાજપત્રીય અંદાજોની ઝલક

(₹ કરોડમાં)

ક્રમાંક	ઘટકો	2021-22	2022-23	2022-23	અંદાજપત્રીય અંદાજો સામે ખરેખર મૂલ્યોની ટકાવારી	રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની સામે ખરેખર મૂલ્યોની ટકાવારી
		વાસ્તવિક	વાસ્તવિક	અંદાજપત્રીય અંદાજો	2022-23	
1	કર આવક	1,28,783.85	1,57,843.58	1,48,301.12	106.43	6.98
	(i) પોતાની કર આવક	97,678.07	1,24,809.58	1,19,883.06	104.11	5.52
	(ii) કેન્દ્રીય કર/ જકાતમાં હિસ્સો	31,105.78	33,034.00	28,418.06	116.24	1.46
2	બિન-કર આવક	14,018.26	18,433.61	17,761.67	103.78	0.82
3	સહાયક અનુદાન અને ફાળો	24,027.59	23,131.13	15,982.67	144.73	1.02
4	**મહેસૂલી આવક (1+2+3)**	**1,66,829.70**	**1,99,408.32**	**1,82,045.46**	109.54	8.82
5	લોન અને પેશગીઓની વસૂલાત	155.34	254.13	250.00	101.65	0.01
6	અન્ય આવકો	0.00	0.00	0.00	-	0.00
7	ઋણ અને અન્ય જવાબદારીઓ[3]	22,692.31	16,845.45	36,112.71	46.65	0.74
8	**મૂડી આવકો (5+6+7)**	**22,847.65**	**17,099.58**	**36,362.71**	47.03	0.76
9	**કુલ આવકો (4+8)**	**1,89,677.35**	**2,16,507.90**	**2,18,408.17**	99.13	9.57
10	**મહેસૂલી ખર્ચ, જે પૈકી**	**1,60,421.27**	**1,79,543.29**	**1,81,039.60**	99.17	7.94
11	વ્યાજની ચૂકવણીઓ	25,187.78	25,353.68	27,120.14	93.49	1.12
12	**મૂડી ખર્ચ, જે પૈકી**	**29,256.08**	**36,964.61**	**37,368.57**	98.92	1.63

[3] ઋણ અને અન્ય જવાબદારીઓ = જાહેર ઋણની ચોખ્ખી બાકી (આવક-ચૂકવણીઓ) + ચોખ્ખી આકસ્મિક નિધિ + જાહેર હિસાબની ચોખ્ખી બાકી (આવક - ચૂકવણીઓ) + ખૂલતી અને બંધ રોકડ સિલકની ચોખ્ખી બાકી.

ક્રમાંક	ઘટકો	2021-22	2022-23	2022-23	અંદાજપત્રીય અંદાજો સામે ખરેખર મૂલ્યોની ટકાવારી	રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની સામે ખરેખર મૂલ્યોની ટકાવારી
		વાસ્તવિક	વાસ્તવિક	અંદાજપત્રીય અંદાજો	2022-23	
13	મૂડી ખર્ચ	28,185.04	35,498.82	35,898.46	98.89	1.57
14	લોન અને પેશગીઓ	1,071.04	1,465.79	1,470.11	99.71	0.06
15	**કુલ ખર્ચ (10+12)**	**1,89,677.35**	**2,16,507.90**	**2,18,408.17**	99.13	9.57
16	**મહેસૂલી ખાધ (-)/ પુરાંત (+) (4-10)**	**(+)6,408.43**	**(+)19,865.03**	**(+)1,005.86**	1,974.93	0.88
17	**રાજકોષીય ખાધ {(4+5+6)-15}**	**(-)22,692.31**	**(-)16,845.45**	**(-)36,112.71**	46.65	(-)0.74
18	**પ્રાથમિક ખાધ (-)/ પ્રાથમિક પુરાંત (+) (17-11)**	**(+)2,495.47**	**(+)8,508.23**	**(-)8,992.57**	(-)94.61	0.38

સોત: 2022-23 માટેનું અંદાજપત્રીય પ્રકાશન સંખ્યા 1 અને સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

વર્ષ 2022-23 દરમિયાન, રાજ્યની મહેસૂલી આવક અગાઉના વર્ષ કરતાં 19.53 ટકા જેટલી વધી હતી. તે અંદાજપત્રીય અંદાજો કરતાં 9.54 ટકા જેટલી અધિક હતી અને રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનના 8.82 ટકા હતી.

માલ અને સેવા કર વળતર એ રાજ્ય માલ અને સેવા કર (રાજ્યોને વળતર) અધિનિયમ, 2017 હેઠળ રાજ્ય સરકારની આવક છે. વર્ષ 2022-23 દરમિયાન માલ અને સેવા કરના અમલીકરણના કારણે ઉદ્ભવેલા નુકસાનના હિસાબે રાજ્યને ₹ 7,955.40 કરોડ જેટલું માલ અને સેવા કરનું વળતર મળ્યું હતું.

1.3.2 સરકારની અસ્કયામતો અને જવાબદારીઓની ઝલક

સરકારના હિસાબો સરકારની નાણાકીય જવાબદારીઓ અને કરવામાં આવેલા ખર્ચમાંથી ઉભી કરેલી અસ્કયામતોનો સમાવેશ કરે છે. જવાબદારીઓમાં મુખ્યત્વે આંતરિક ઋણ, ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ, જાહેર હિસાબની આવક અને અનામત ભંડોળનો સમાવેશ થાય છે. અસ્કયામતોમાં મુખ્યત્વે મૂડી ખર્ચ અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી લોન, પેશગીઓ અને રોકડ સિલક સામેલ હોય છે. **કોઠો 1.3** સરકારની અસ્કયામતો અને જવાબદારીઓની સ્થિતિનો સારાંશ આપે છે

કોઠો 1.3: અસ્કયામતો અને જવાબદારીઓની સ્થિતિનો સારાંશ

(₹ કરોડમાં)

જવાબદારીઓ					અસ્કયામતો				
		2021-22	2022-23	ટકામાં વધારો / ઘટાડો			2021-22	2022-23	ટકામાં વધારો / ઘટાડો
સંચિત નિધિ									
ક	આંતરિક ઋણ	2,99,801.17*	3,25,273.16	8.49	ક	એકંદર મૂડી જોગવાઈ	3,33,402.60	3,68,901.42	10.65
ખ	ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ**	30,756.10	35,458.07	15.29	ખ	લોન અને પેશગીઓ	13,151.16	14,362.82	9.21
આકસ્મિક નિધિ									
આકસ્મિક નિધિ		200.00	200.00	0.00	આકસ્મિક નિધિ		0.00	20.26	લાગુ નહીં
જાહેર હિસાબ									
ક	નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે	10,179.77	9,993.84	(-) 1.83	ક	પેશગીઓ	0.70	0.70	0.00
ખ	થાપણો	36,892.11	37,304.63	1.12	ખ	ઉચ્ચક અને પ્રકીર્ણ	564.65	3,241.90	474.14
ગ	અનામત ભંડોળ	10,744.87	14,728.25	37.07	**રોકડ સિલક (અંકિત કરેલા ભંડોળોમાં કરેલા રોકાણ સહિત)**		**20,676.21**	**35,531.89**	**71.85**
ઘ	ભરણાં	961.12	975.83	1.53					
					કુલ		**3,67,795.32**	**4,22,058.99**	**14.75**
					આવકની સામે ખર્ચમાં ઉત્તરોત્તર વધારો[4]		**21,739.82***	**1,874.79**	**(-)91.38**
કુલ		**3,89,535.14***	**4,23,933.78**	**8.83**	**કુલ**		**3,89,535.14***	**4,23,933.78**	**8.83**

સોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

* ગયા વર્ષના અહેવાલના આંકડાઓમાં ફેરફાર નાબાર્ડની લોનમાં પ્રોફીમાં સુધારાઓના કારણે છે, કારણ કે નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન ₹ 443.49 લાખની રકમનું સહાયક અનુદાન અનામત ભંડોળમાંથી (SRF) સમાયોજન કરવામાં આવ્યું છે અને તે નાબાર્ડ દ્વારા બાકી લોનની રકમમાંથી બાદ કરવામાં આવ્યું છે.

** માલ અને સેવા કરના વળતરમાં ઘટાડાના બદલામાં 2020-21માં ₹ 9,222 કરોડની અને 2021-22માં મળેલી ₹ 13,040 કરોડની એક પછી એક લોન સામેલ છે.

[4] આવક સામે ખર્ચનો સંચિત અધિક = અગાઉના વર્ષનો આવક સામે ખર્ચનો સંચિત અધિક+જુની બાકી સિલકો દૂર કરવા માટે સમાયોજન-મહેસૂલી પુરાંત.

1.4 રાજકોષીય સિલકઃ ખાધ અને કુલ ઋણના લક્ષ્યાંકોની સિધ્ધિઓ

બારમાં નાણાપંચની ભલામણોના અનુસંધાનમાં, રાજકોષીય સ્થિરતા અને ટકાઉપણું સુનિશ્ચિત કરવા, જાહેર નાણાના વ્યવસ્થાપનમાં કાર્યક્ષમતા અને પારદર્શિતા વધારવા, પર્યાપ્ત મહેસૂલી પુરાંત હાંસલ કરીને સંસાધનોની ઉપલબ્ધતામાં વધારો કરવો, રાજકોષીય ખાધ ઘટાડવી અને નાણાકીય નીતિના અસરકારક અમલ અને વિવેકપૂર્ણ ઋણ વ્યવસ્થાપનમાં આવતા અવરોધો દૂર થાય તે સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય રાજકોષીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમ, 2003ને (FRBM Act) અનુસરીને રાજ્ય સરકારે ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 (GFR Act) ઘડ્યો હતો.

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 અનુસાર, કુલ જવાબદારીઓનો અર્થ ગુજરાત રાજ્યના સંચિત નિધિ અને રાજ્યના જાહેર હિસાબ હેઠળની જવાબદારીઓ.

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ 2009, 2011 અને 2021માં સુધારવામાં આવ્યો હતો. 2011માં, તે 13માં નાણા પંચની ભલામણોનો સમાવેશ કરવા માટે સુધારવામાં આવ્યો હતો. 14માં નાણા પંચે ભલામણ કરી હતી કે રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની સામે રાજકોષીય ખાધની લક્ષ્યાંકીત ત્રણ ટકાની મર્યાદા કેટલાક માપદંડોના આધારે વધારીને 3.5 ટકા કરી શકાય. આમ છતાં, રાજ્ય સરકાર ત્રણ ટકાની મર્યાદાની ઘણી અંદર હોવાથી, તેણે 2011ના ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમમાં કોઇ સુધારા કર્યા ન હતાં. 2021માં, રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની સામે રાજકોષીય ખાધ માટેનો લક્ષ્યાંક સુધારીને 2020-21 માટે પાંચ ટકા કરવામાં આવ્યો હતો, પરંતુ ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2011માં નિયત બાકીના લક્ષ્યાંકોને અનુસરવાનું ચાલુ હતું. ત્યારબાદના વર્ષોમાં, રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની સામે રાજકોષીય ખાધની લક્ષ્યાંકિત મર્યાદા ત્રણ ટકા રહી હતી.

1.4.1 રાજકોષીય લક્ષ્યાંકોની સામે સિધ્ધિઓના વલણોનું વિશ્લેષણ

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 મુજબ, રાજ્ય સરકારે 2007-08 સુધીમાં મહેસૂલી ખાધ નાબૂદ કરવાની હતી અને ત્યારબાદ મહેસૂલી પુરાંત જાળવવાની હતી; 2008-09 સુધીમાં રાજકોષીય ખાધ રાજ્યના અનુમાનિત એકંદર ધરેલુ ઉત્પાદનના ત્રણ ટકા સુધી ઘટાડવાની હતી અને ત્યાબાદ એજ સ્તરે જાળવી રાખવાની હતી. નાણાકીય વર્ષ 2020-21 માટે જાન્યુઆરી 2021માં આ પાંચ ટકા સુધી વધારવામાં આવી હતી. પછીના વર્ષોમાં, એકંદર ધરેલુ ઉત્પાદનની સામે રાજકોષીય ખાધ માટેની લક્ષ્યાંકીત મર્યાદા ત્રણ ટકા રહી હતી. અધિનિયમમાં વધુમાં એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે રાજ્ય સરકાર જાહેર ઋણ અને રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનનો ગુણોત્તર 2011-12 સુધીમાં 27.10 ટકાની મર્યાદામાં લાવશે અને ત્યારબાદ તેને જાળવી રાખશે. ઉપરાંત, રાજ્ય સરકાર બાકી બાયંધરીઓ 2007-08 સુધીમાં ₹ 20,000 કરોડની મર્યાદામાં લાવશે એવું અપેક્ષિત હતું.

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમમાં નિયત કરેલા મુખ્ય નાણાકીય માપદંડોની તુલનાએ છેલ્લા પાંચ વર્ષ (2018-23) દરમિયાન સિધ્ધિઓના વલણનું વિશ્લેષણ **કોઠા 1.4**માં આપ્યું છે.

કોઠો 1.4: રાજકોષીય જવાબદારીઓ અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમનું અનુપાલન

રાજકોષીય માપદંડો	અધિનિયમમાં નિયત લક્ષ્યાંકો	સિધ્ધિઓ (₹ કરોડમાં)				
		2018-19	2019-20	2020-21	2021-22	2022-23
મહેસૂલી ખાધ (-) / પુરાંત (+) (₹ કરોડમાં)	મહેસૂલી પુરાંત	3,211.97	1,944.85	(-)22,547.92	6,408.43	19,865.03
		✓	✓	X	✓	✓
રાજકોષીય ખાધ (-) / પુરાંત(+) (રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનના ટકાની રીતે)	ત્રણ ટકા[5]	(-)26,365.03 (-1.77)	(-)24,581.45 (-1.52)	(-)40,438.35 (-2.47)	(-)22,692.31 (-1.16)	(-)16,845.45 (-0.74)
		✓	✓	✓	✓	✓
જાહેર ઋણ અને રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનનો ગુણોત્તર[6] (ટકા)	27.10 ટકા	16.10	16.52	18.26[7]	15.75[7]	14.97[7]
		✓	✓	✓	✓	✓
બાકી બાયંધરીઓ	₹ 20,000 કરોડથી નીચે	4,699	4,462	3,656	3,089[8]	1,473
		✓	✓	✓	✓	✓

સોતઃ અંદાજપત્રીય પ્રકાશન અને સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

ઉપર જોઇ શકાય છે એ મુજબ, રાજ્ય સરકારે 2020-21માં મહેસૂલી પુરાંત સિવાયના, ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમમાં અપેક્ષિત તમામ ચાર મુખ્ય રાજકોષીય માપદંડો છેલ્લા પાંચ વર્ષો દરમિયાન હાંસલ કર્યા હતાં

જાહેર ઋણ અને રાજ્યના ધરેલું ઉત્પાદનનો ગુણોત્તર (14.97 ટકા), કુલ જાહેર ઋણમાંથી માલ અને સેવા કરના વળતર રૂપે ઋણ આવક હેઠળ એક પછી એક લોન તરીકે 2020-21 અને 2021-22 દરમિયાન મળેલા અનુક્રમે ₹ 9,222 કરોડ અને ₹ 13,040 કરોડને બાદ કરીને ગણવામાં આવ્યો છે, કારણ કે ભારત સરકારના ખર્ચ વિભાગે નક્કી કર્યા પ્રમાણે, નાણા પંચ દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ તેને રાજ્યનું ઋણ ગણવામાં નહિ આવે.

---

5 2020-21 માટે પાંચ ટકા.

6 ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમમાં કુલ જાહેર ઋણ અને રાજ્યનું એકંદર ધરેલું ઉત્પાદનના ગુણોત્તરના રૂપમાં લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવેલ છે, નહી કે કુલ જવાબદારીઓ અને રાજ્યનું એકંદર ધરેલું ઉત્પાદનનો ગુણોત્તર.

7 ભારત સરકારના ખર્ચ વિભાગ પ્રમાણે, નાણા પંચ, વગેરે દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ વિશિષ્ટ વ્યવસ્થા (Special window) અંતર્ગત લેવામાં આવેલ ધિરાણ રાજ્ય સરકારનું ઋણ નહિ ગણવામાં આવે. આથી, માલ અને સેવા કરના વળતરમાં ઘટાડાને કારણે 2020-21માં લેવામાં આવેલ ₹ 9,222 કરોડની અને 2021-22માં લેવામાં આવેલ ₹ 13,040 કરોડની એક પછી એક લોનને રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદન સામે કુલ જાહેર દેવાની ટકાવારીની ગણતરી માટે ભારત સરકાર પાસેથી લોનના રૂપમાં ધ્યાને લેવામાં આવ્યું નથી.

8 અગાઉના વર્ષના અહેવાલોના આંકડાઓમાં ફેરફાર પ્રોફોર્મા સુધારાઓના કારણે છે.

15માં નાણાં પંચ દ્વારા નિર્ધારિત લક્ષ્યાંકો અને રાજ્યના અંદાજપત્રમાં અંદાજિત લક્ષ્યાંકોની તુલનાએ 2022-23 દરમિયાન રાજ્યના એકંદર ધરેલું ઉત્પાદનના સંદર્ભમાં મુખ્ય રાજકોષીય માપદંડોની સિદ્ધિઓની વિગતો **કોઠા 1.5**માં આપવામાં આવી છે

કોઠો 1.5: મુખ્ય રાજકોષીય માપદંડોના સંબંધમાં 2022-23ના વર્ષ માટે લક્ષ્યાંકોની સામે પ્રાપ્ત સિદ્ધિઓ

(₹ in crore)

રાજકોષીય ચલાંકો	15માં નાણાં પંચ ધ્વારા નિર્ધારિત લક્ષ્યાંકો	અંદાજપત્રીય લક્ષ્યાંકો	વાસ્તવિક મૂલ્યો	આના સંબંધમાં વાસ્તવિક મૂલ્યોમાં વિચલન	
				15માં નાણાં પંચના લક્ષ્યાંકો	અંદાજપત્રીય લક્ષ્યાંકો
મહેસૂલી ખાધ (-) / પુરાંત (+) / રાજ્યનું એકંદર ધરેલું ઉત્પાદન (ટકા)	0.80	0.05	0.88	0.08	0.83
રાજકોષીય ખાધ (-)/GSDP (ટકા)	(-) 3.5	(-) 1.64	(-) 0.74	2.76	0.90
કુલ બાકી જવાબદારી/ GSDP (ટકા)	30.9	NA	17.25[9]	(-) 13.65	NA

સોત: 15માં નાણાં પંચની ભલામણો, અંદાજપત્રીય પ્રકાશનો અને નાણાકીય હિસાબો, NA: ઉપલબ્ધ નથી

ઉપરથી જોઈ શકાય છે કે, વર્ષ 2022-23 દરમિયાન બધાજ રાજકોષીય માપદંડો 15માં નાણાંપંચ દ્વારા નિર્ધારિત અને અંદાજપત્રીય અંદાજોની અપેક્ષાની અંદર રહ્યા હતાં.

1.4.2 ચાલુ વર્ષના વાસ્તવિક મૂલ્યો સાથે મધ્યમ ગાળાના રાજકોષીય નીતિગત અહેવાલોમાં (MTFPSમાં) અનુમાનિત રાજકોષીય માપદંડોના લક્ષ્યાંકોની સરખામણી

2022-23માં રાજ્ય વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા MTFPSમાં અનુમાનિત રાજકોષીય માપદંડોના લક્ષ્યાંકોની ખરેખર મૂલ્યો સાથે સરખામણી અને વધઘટનું પ્રમાણ **કોઠા 1.6**માં દર્શાવ્યા છે.

[9] ભારત સરકારના ખર્ચ વિભાગ પ્રમાણે, નાણા પંચ, વગેરે દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ વિશિષ્ટ વ્યવસ્થા (Special window) અંતર્ગત લેવામાં આવેલ ધિરાણ રાજ્ય સરકારનું ઋણ નહિ ગણવામાં આવે. આથી, માલ અને સેવા કરના વળતરમાં ઘટાડાને કારણે 2020-21માં લેવામાં આવેલ ₹ 9,222 કરોડની અને 2021-22માં લેવામાં આવેલ ₹ 13,040 કરોડની એક પછી એક લોનને રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદન સામે કુલ જાહેર દેવાની ટકાવારીની ગણતરી માટે ભારત સરકાર પાસેથી લોન રૂપે ધ્યાને લેવામાં આવ્યું નથી.

કોઠો 1.6: 2022-23 દરમિયાન MTFPSમાં કરેલા અનુમાનોની સરખામણીએ ખરેખર મૂલ્યો

(₹ કરોડમાં)

ક્રમાંક	રાજકોષીય ચલાંકો	MTFPS મુજબ અનુમાનો	ખરેખર મૂલ્યો (2022-23)	વધઘટ (ટકામાં)
1	પોતાની કર આવક	1,19,883.06	1,24,809.58	4.11
2	બિન-કર આવક	17,761.67	18,433.61	3.78
3	કેન્દ્રીય કરવેરામાં હિસ્સો	28,418.06	33,034.00	16.24
4	ભારત સરકાર તરફથી સહાયક અનુદાન	15,982.67	23,131.13	44.73
5	મહેસૂલી આવક (1+2+3+4)	1,82,045.46	1,99,408.32	9.54
6	મૂડી આવક[10]	51,251.00	52,587.07	2.61
7	મહેસૂલી ખર્ચ	1,81,039.60	1,79,543.29	(-)0.83
8	મહેસૂલી ખાધ (-)/ પુરાંત (+) (5-7)	1,005.86	19,865.03	1874.93
9	રાજકોષીય ખાધ (-)/ પુરાંત (+)	(-)36,112.71	(-)16,845.45	(-)53.35
10	પ્રાથમિક ખાધ (-)/પુરાંત (+)	(-)8,992.57	8,508.23	(-)194.61
11	જાહેર ઋણ -રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનનો ગુણોત્તર (ટકા)	15.88	14.97*	(-)5.73
12	વર્તમાન ભાવોએ રાજ્યનાં એકંદર ધરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા)	17.19	15.54	(-)9.60

સોત: 2022-23નું અંદાજપત્રીય પ્રકાશન નં. 1 અને 30 તથા નાણાકીય હિસાબો.

*માલ અને સેવા કરના વળતર રૂપે એક પછી એક લોન તરીકે 2020-21માં મળેલી ₹ 9,222 કરોડની અને 2021-22માં મળેલી ₹ 13,040.21 કરોડની ઋણ આવક, કુલ બાકી જવાબદારીઓમાંથી બાદ કરીને મેળવેલી રકમ.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, MTFPSમાં કરેલા અનુમાનોની તુલનાએ; 2022-23 દરમિયાન પોતાની કર આવક, બિન-કર આવક, કેન્દ્રીય કરવેરામાં હિસ્સો, ભારત સરકાર તરફથી સહાયક અનુદાન, મૂડી આવક અને મહેસૂલી પુરાંતમાં સુધારો થયો હતો. 2022-23માં રાજ્યનાં એકંદર ધરેલુ ઉત્પાદનના વૃધ્ધિ દરનો લક્ષ્યાંક હાંસલ થયો ન હતો, જો કે વર્ષ દરમિયાન જાહેર ઋણ-રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદનના ગુણોત્તરનો લક્ષ્યાંક હાંસલ થયો હતો.

પાંચ વર્ષના સમયગાળા માટે (2018-23) પુરાંત/ ખાધના વલણો **આલેખ 1.4**માં; રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની સાપેક્ષે પુરાંત/ ખાધના વલણો **આલેખ 1.5**માં; અને રાજકોષીય જવાબદારીઓ અને રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનના વલણો **આલેખ 1.6**માં આપ્યા છે

[10] મૂડી આવક = જાહેર ઋણની આવક + પ્રકીર્ણ મૂડી આવક + લોન અને પેશગીની વસૂલાત.

આલેખ 1.4: પુરાંત/ખાધના વલણો

	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
મહેસૂલી પુરાંત/ખાધ	3,212	1,945	-22,548	6,409	19,865
રાજકોષીય ખાધ	-26,365	-24,581	-40,438	-22,692	-16,846
પ્રાથમિક ખાધ/પુરાંત	-6,182	-2,132	-16,235	2,495	8,508

સોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

આલેખ 1.5: રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સાપેક્ષે પુરાંત/ ખાધના વલણો



સોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

મહેસૂલી પુરાંત મહેસૂલી ખર્ચની સામે મહેસૂલી આવકનો અધિક દર્શાવે છે. પાછલા વર્ષની તુલનાએ, મહેસૂલી પુરાંત નોંધપાત્ર રીતે વધીને 2022-23માં ₹ 19,865 કરોડ થઇ હતી. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે મહેસૂલી પુરાંત 2022-23માં 0.88 ટકા હતી.

રાજકોષીય ખાધ બિન-ઋણ આવક અને કુલ ખર્ચ વચ્ચેનો તફાવત રજૂ કરે છે. આ તફાવત ક્યાં તો વધારાના જાહેર ઋણ અથવા તો જાહેર હિસાબમાંથી ફાજલ ભંડોળનો ઉપયોગ કરીને પૂરી શકાય. રાજકોષીય ખાધ સામાન્ય રીતે સરકારની ચોખ્ખી વધારાની જવાબદારીઓ અથવા તેની વધારાની ઋણની જરૂરિયાત રજૂ કરે છે. રાજકોષીય ખાધ 2021-22માં ₹ 22,692 કરોડ હતી તે ઘટીને 2022-23માં ₹ 16,846 કરોડ થઇ હતી.

પ્રાથમિક પુરાંત પ્રાથમિક ખર્ચની (વ્યાજની ચૂકવણી બાદનો કુલ ખર્ચ) સામે બિન-ઋણ આવકનો અધિક દર્શાવે છે. 2021-22માં ₹ 2,495 કરોડની સરખામણીએ 2022-23માં તે ₹ 8,508 કરોડ હતો.

આલેખ 1.6: રાજકોષીય જવાબદારીઓ અને રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદનના વલણો

	2018-19	2019-20	2020-21 #	2021-22 # $	2022-23 #
સરકારનું આંતરિક ઋણ $	2,32,875	2,59,663	2,90,030	2,99,801	3,25,273
ભારત સરકાર તરફથી લોન	7,430	7,433	8,777	8,494	13,196
જાહેર હિસાબની જવાબદારીઓ	45,539	48,360	49,863	50,241	51,647
કુલ બાકી જવાબદારીઓ	2,85,844	3,15,456	3,48,670	3,58,536	3,90,116
કુલ બાકી જવાબદારીઓ સામે GSDP નો ગુણોત્તર	19.16	19.51	21.30	18.32	17.25
જાહેર ઋણ/GSDP	16.10	16.52	18.26	15.75	14.97

સોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

$ અગાઉના વર્ષના આંકડાઓથી 2021-22 માટે આંતરિક ઋણના આંકડાઓમાં વધઘટ પ્રોફાઇલમાં સુધારાઓના કારણે છે.

ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, વિશિષ્ટ વ્યવસ્થા (special window) હેઠળના ઋણને કોઇ પણ ધોરણ જે નાણા પંચ વગેરે દ્વારા નિયત કરવામાં આવે તે માટે રાજ્યના ઋણ તરીકે ગણવામાં નહીં આવે. આથી, માલ અને સેવા કરના વળતરમાં ઘટાડાના હિસાબે 2020-21 દરમિયાન મળેલા ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન મળેલા ₹ 13,040 કરોડને રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની સામે જાહેર ઋણની ટકાવારીની ગણતરી માટે ભારત સરકાર તરફથી મળેલ લોન તરીકે ધ્યાને લેવામાં આવ્યાં નથી.

આંતરિક ઋણમાં 8.50 ટકા (₹ 25,472 કરોડ) જેટલો, ભારત સરકાર તરફથી લોનમાં 55.36 ટકા (₹ 4,702 કરોડ) જેટલો અને જાહેર હિસાબની જવાબદારીમાં 2.72 ટકા (₹ 1,406 કરોડ) જેટલો વધારો થવાના કારણે 2022-23 દરમિયાન ગત વર્ષની તુલનામાં અસરકારક બાકી જવાબદારીઓ[11] 8.81 ટકા (₹ 31,580 કરોડ) જેટલી વધી હતી.

1.5 ભારત સરકાર દ્વારા નિયત કરવામાં આવેલી મર્યાદાઓ મુજબ ઋણના સંબંધમાં રાજ્ય સરકારની કામગીરી

ભારતના બંધારણની કલમ 293(3) બીજી બાબતોની સાથે જોગવાઈ કરે છે કે, જો ભારત સરકાર દ્વારા રાજ્યને આપવામાં આવેલી કોઇ લોનનો કોઇ હિસ્સો હજુ પણ બાકી હોય તો, ભારત સરકારની મંજૂરી વિના રાજ્ય કોઇ પણ લોન લઇ શકશે નહીં.

[11] અહીં બાકી જવાબદારીઓ, માલ અને સેવા કરના વળતરના બદલે મળેલી એક પછી એક લોન સિવાયની છે.

ભારત સરકારના નાણા મંત્રાલયના ખર્ચ વિભાગે નાણાકીય વર્ષ 2022-23 માટે રાજ્ય સરકારની ઋણ મર્યાદા ₹ 71,163 કરોડ[12] જેટલી નિયત કરી હતી (માર્ચ 2022) અને તમામ સ્રોતોમાંથી વધારાનું ઋણ આ મર્યાદામાં રહે તે સુનિશ્ચિત કરવાની રાજ્ય સરકારને સૂચના આપી હતી.

નાણાકીય હિસાબ 2022-23ના ઋણ અને અન્ય જવાબદારીઓના પત્રક (પત્રક સં. 6) મુજબ નાણાકીય વર્ષ 2022-23ના અંતે રાજ્ય સરકારનું વધારાનું ઋણ અને અન્ય જવાબદારીઓ ₹ 31,580 કરોડ હતી એટલે કે ઋણ લેવાની મર્યાદામાં હતી.

1.6 ઑડિટમાં તપાસ પછી ખાધ

રાજકોષીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમ અનુસાર ખાધ, ઋણ અને બાંયધરીઓ પર મર્યાદા, વગેરે જેવા રાજકોષીય દર્શકો માટે નિયત કરવામાં આવેલા લક્ષ્યાંકોનું અનુપાલન રાજ્ય સરકારે સુનિશ્ચિત કરવુ જોઇએ. મૂડી ખર્ચનું મહેસૂલ તરીકે અયોગ્ય વર્ગીકરણ જેવા વિવિધ સંજોગોમાં રાજ્ય માટે ગણવામાં આવેલ મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધ અસર પામતા હોય છે. આ સિવાય, જવાબદારીઓ અદા કરવામાં વિલંબ, સેસ/રોયલ્ટી સંચિત નિધિ, તથા ડૂબત અને વિમોચન ભંડોળમાં જમા ન કરવાથી પણ મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધને અસર થતી હોય છે. વાસ્તવિક મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધની ગણતરી કરવા માટે મહેસૂલી ખર્ચ/મૂડી જોગવાઇનું અયોગ્ય વર્ગીકરણ અને/અથવા આવા કોઇ પણ અયોગ્ય વર્ગીકરણની અસરનો સમાવેશ કરવાની જરૂર છે અને આવી અનિયમિતતાની અસર ઉલટાવવી જરૂરી છે.

ઑડિટમાં તપાસ બાદ મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધનું વિશ્લેષણ **કોઠા 1.7**માં આપ્યું છે.

કોઠો 1.7: ઑડિટ દ્વારા તપાસ બાદ મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધ

વિગતો	મહેસૂલી પુરાંત પર અસર [ઓછી દર્શાવેલ (-)/ અધિક દર્શાવેલ (+)] (₹ કરોડમાં)	રાજકોષીય ખાધ પર અસર (ઓછી દર્શાવેલ) (₹ કરોડમાં)	ફકરાનો સંદર્ભ
સંચિત ડૂબત ભંડોળમાં રાજ્ય સરકારના ફાળામાં ઘટ[13]	(+) 7,806.51	(+) 7,806.51	ફકરો 2.6.2.1
લેબર સેસની તબદીલી ન થવી	(+) 542.61	(+) 542.61	ફકરો 2.6.3.2
મૂડી ખર્ચનું મહેસૂલી ખર્ચ તરીકે અયોગ્ય વર્ગીકરણ	(-) 335.17	-	ફકરો 3.4.1

[12] 15માં નાણા પંચ દ્વારા નિયત પદ્ધતિ મુજબ અંદાજીત રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનના આધારે ભારત સરકાર દ્વારા ગણતરી કરેલ માર્ચ 2022ના વર્ષ 2022-23 GSDP ના 3.5 ટકા (₹ 20,33,239 કરોડ).

[13] ₹ 7,806.51 કરોડ = ₹ 17,926.77 કરોડ (વર્ષ 2021-22 માટે ₹ 3,58,535.53 કરોડની રાજ્યની જવાબદરીઓના 5%) [-] ₹ 10,120.26 કરોડ એકીકૃત ડૂબત ભંડોળની બંધ સિલક. માલ અને સેવા કરના ઘટાડાના હિસાબે વળતરના 2020-21 દરમિયાન ₹ 9,222 અને 2021-22 દરમિયાન ₹ 13,040.17 ના બદલે એક પછી એક લોનને બાકી જવાબદારીઓ તરીકે ધ્યાને લેવામાં આવી નથી.

વિગતો	મહેસૂલી પુરાંત પર અસર [ઓછી દર્શાવેલ (-)/ અધિક દર્શાવેલ (+)] (₹ કરોડમાં)	રાજકોષીય ખાધ પર અસર (ઓછી દર્શાવેલ) (₹ કરોડમાં)	ફકરાનો સંદર્ભ
વ્યાજની જવાબદારીઓ અદા ન કરવી	(+) 67.96	(+) 67.96	ફકરો 4.1
કુલ	**(+) 8,081.91**	**(+) 8,417.08**	

સોતઃ વર્ષ 2022-23 માટેના નાણાકીય હિસાબો અને ઑડિટ વિશ્લેષણ.

ઉપરના કોઠામાં જોઇ શકાય છે એ મુજબ, વર્ષ દરમિયાન મહેસૂલી પુરાંત ₹ 8,081.91 કરોડ જેટલી અધિક દર્શાવાઇ હતી. ઉપરાંત, 2022-23માં રાજકોષીય ખાધ ₹ 8,417.08 કરોડ જેટલી ઓછી દર્શાવાઇ હતી. આમ ફકરા 1.4.2માં દર્શાવેલી 2022-23ની ₹ 19,865 કરોડની પુરાંતની સામે રાજ્યની ખરેખર મહેસૂલી પુરાંત[14] ₹ 11,783.12 કરોડ રહેશે. તેવી જ રીતે, જો ઓછો-ફાળો, જવાબદારીઓ પૂર્ણ ન થવી અને અયોગ્ય વર્ગીકરણ ની બાબતો ગણતરીમાં લેવામાં આવે તો, એ જ ફકરામાં જણાવેલી 2022-23ની ₹ 16,846 કરોડની રાજકોષીય ખાધની સામે ખરેખર રાજકોષીય ખાધ[15] ₹ 25,262.53 કરોડ રહેશે.

1.7 ઑડિટ તપાસ બાદ - જાહેર ઋણ

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005ની કલમ 2(i) અનુસાર "કુલ બાકી ઋણ/ જવાબદારીઓ"માં માત્ર સંચિત નિધિ અને રાજ્યના જાહેર હિસાબની જવાબદારીઓનો જ સમાવેશ થાય છે. જો કે, જાહેર ક્ષેત્રના ઉપકમો અને વિશિષ્ટ હેતુ માટેના સાધનો ધ્વારા લેવામાં આવેલું ઋણ જ્યાં મુદ્દલ અને/ અથવા વ્યાજની ચૂકવણી રાજ્યના અંદાજપત્રમાંથી કરવાની હોય, તે પણ રાજ્યની સંચિત નિધિ અને રાજ્યના જાહેર હિસાબ અંતર્ગત જવાબદારી બને છે.

એવું જોવામાં આવ્યું હતું કે, રાજ્ય સરકારના નિર્દેશાનુસાર (જુલાઈ 2018), ગુજરાત રાજ્ય રોકાણ લિમિટેડે, ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના ₹ 6,000 કરોડના નોંધાયેલા અપરિવર્તનક્ષમ ડિબેન્ચર હસ્તગત કર્યા હતાં. વધુમાં, રાજ્ય સરકારે આ અપરિવર્તનક્ષમ ડિબેન્ચરની મુદ્દલની પરત ચૂકવણી તેમજ વ્યાજની ચૂકવણી માટે ગુજરાત રાજ્ય રોકાણ લિમિટેડને સહાય કરવાનું ઠરાવ્યું છે. તદ્દ અનુસાર, વર્ષ 2019-20થી 2022-23 દરમિયાન, ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગે આ અપરિવર્તનક્ષમ ડિબેન્ચરના વ્યાજની ચૂકવણી માટે ક્રમાનુસાર ₹ 564.69 કરોડ, ₹ 533.55 કરોડ, ₹ 464.10 કરોડ અને ₹ 416.20 કરોડનો ખર્ચો નોંધ્યો હતો. આ અપરિવર્તનક્ષમ ડિબેન્ચરના વાર્ષિક વ્યાજની ચૂકવણીએ રાજ્યના પ્રતિબદ્ધ મહેસૂલી ખર્ચમાં વધારો કર્યો છે.

[14] ₹ 19,865.03 કરોડ વત્તા (-) ₹ 8,081.91 કરોડ.

[15] ₹ 16,845.45 કરોડ વત્તા ₹ 8,417.08 કરોડ.

પ્રકરણ II

રાજ્યની નાણાકીય પરિસ્થિતિ

પ્રકરણ II
રાજ્યની નાણાકીય પરિસ્થિતિ

આ પ્રકરણ વ્યાપક પરિપ્રેક્ષ્યમાં રાજ્યની નાણાકીય પરિસ્થિતિ રજૂ કરે છે, અગાઉના વર્ષના સંબંધમાં મુખ્ય રાજકોષીય પરિબળોમાં અતિ મહત્વના ફેરફારો, 2018-19થી 2022-23ના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન એકંદર વલણો, રાજ્યના ઋણનું ટકાઉપણું અને મુખ્ય જાહેર હિસાબના વ્યવહારોનું રાજ્યના નાણાકીય હિસાબોના આધારે વિશ્લેષણ કરે છે.

2.1 2021-22ની તુલનાએ 2022-23 દરમિયાન મુખ્ય રાજકોષીય પરિબળોમાં મોટા ફેરફારો

2021-22ની સામે 2022-23 દરમિયાન રાજ્યના મુખ્ય રાજકોષીય પરિબળોમાં થયેલા મોટા ફેરફારોનું વિહંગાવલોકન **કોષ્ઠક 2.1** પૂરું પાડે છે. આ પરિબળો પૈકી પ્રત્યેકનું વિશ્લેષણ હવે પછીના ફકરાઓમાં કરવામાં આવ્યું છે.

કોષ્ઠક 2.1: 2021-22ની સરખામણીએ 2022-23 દરમિયાન રાજકોષીય પરિબળોનો સારાંશ

(₹ કરોડમાં)

આવક			ચૂકવણીઓ		
	2021-22	2022-23		2021-22	2022-23
વિભાગ - ક: મહેસૂલી ખાતું					
પોતાની કર આવક	97,678	1,24,809	સામાન્ય સેવાઓ	56,423	61,269
બિન-કર આવક	14,018	18,434	સામાજીક સેવાઓ	68,254	75,125
કેન્દ્રીય કરવેરા/ જકાતમાં હિસ્સો	31,106	33,034	આર્થિક સેવાઓ	35,332	42,672
ભારત સરકાર તરફથી સહાયક અનુદાન	24,028	23,131	સહાયક અનુદાન અને ફાળો	412	477
કુલ વિભાગ-ક મહેસૂલી આવક	**1,66,830**	**1,99,408**	**કુલ વિભાગ -ક મહેસૂલી ખર્ચ**	**1,60,421**	**1,79,543**
વિભાગ - ખ: મૂડી ખાતું અને અન્ય					
પ્રકીર્ણ મૂડી આવક	0	0	મૂડી ખર્ચ	**28,185**	**35,499**
			સામાન્ય સેવાઓ	550	820
			સામાજીક સેવાઓ	8,373	12,804
			આર્થિક સેવાઓ	19,262	21,875
લોન અને પેશગીઓની વસૂલાત	155	254	ધીરેલી લોન અને પેશગીઓ	1,071	1,466
જાહેર ઋણની આવક	46,968*	52,333	જાહેર ઋણની પરત ચૂકવણી	24,436	22,159
આકસ્મિક નિધિ	0	0	આકસ્મિક નિધિ	0	20

આવક			ચૂકવણીઓ		
	2021-22	2022-23		2021-22	2022-23
જાહેર હિસાબની આવક (એકંદર)	1,18,597	1,22,483	જાહેર હિસાબની ચૂકવણીઓ (એકંદર)	1,13,609	1,20,935
ખૂલતી રોકડ સિલક	15,848	20,676	બંધ રોકડ સિલક	20,676	35,532
કુલ વિભાગ-ખ આવક	**1,81,569**	**1,95,746**	**કુલ વિભાગ -ખ ચૂકવણીઓ**	**1,87,977**	**2,15,611**
એકંદર કુલ (ક+ખ)	**3,48,398**	**3,95,154**	**એકંદર કુલ (ક+ખ)**	**3,48,398**	**3,95,154**

સોત:રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

* 2021-22 દરમિયાન, અસરકારક જાહેર ઋણની આવક ₹ 33,928 કરોડ હતી કારણ કે ભારત સરકારના ખર્ચ વિભાગે નક્કી કર્યું હતું કે, માલ અને સેવા કરના વળતર રૂપે રાજ્યને ઋણ આવક અંતર્ગત આપવામાં આવેલી ₹ 13,040 કરોડની એક પછી એક લોનને રાજ્યના ઋણ તરીકે ગણવામાં આવશે નહીં.

2021-22ની તુલનાએ 2022-23માં મુખ્ય રાજકોષીય પરિબળોમાં ફેરફારોનો સારાંશ નીચે આપ્યો છે:

મહેસૂલી આવક	➢ રાજ્યની મહેસૂલી આવક 19.53 ટકા જેટલી વધી હતી ➢ રાજ્યની પોતાની કર આવક 27.78 ટકા જેટલી વધી હતી ➢ પોતાની બિન-કર આવક 31.50 ટકા જેટલી વધી હતી ➢ કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો 6.20 ટકા જેટલો વધ્યો હતો ➢ ભારત સરકાર તરફથી સહાયક અનુદાનમાં 3.73 ટકા જેટલો ઘટાડો થયો હતો
મહેસૂલી ખર્ચ	➢ મહેસૂલી ખર્ચ 11.92 ટકા જેટલો વધ્યો હતો ➢ સામાન્ય સેવાઓ પરના મહેસૂલી ખર્ચમાં 8.59 ટકા જેટલો વધારો થયો હતો ➢ સામાજિક સેવાઓ પરના મહેસૂલી ખર્ચમાં 10.07 ટકા જેટલો વધારો થયો હતો ➢ આર્થિક સેવાઓ પરનો મહેસૂલી ખર્ચ 20.77 ટકા જેટલો વધ્યો હતો ➢ સહાયક અનુદાન અને ફાળા પરનો ખર્ચ 15.78 ટકા જેટલો વધ્યો હતો
મૂડી આવક	➢ ઋણ મૂડી આવક 33.92 ટકા જેટલી વધી હતી ➢ બિન-ઋણ મૂડી આવક 63.87 ટકા જેટલી વધી હતી.
મૂડી ખર્ચ	➢ મૂડી ખર્ચમાં 25.95 ટકા જેટલો વધારો થયો હતો ➢ સામાન્ય સેવાઓ પરનો મૂડી ખર્ચ 49.09 ટકા જેટલો વધ્યો હતો ➢ સામાજીક સેવાઓ પરનો મૂડી ખર્ચ 52.92 ટકા જેટલો વધ્યો હતો ➢ આર્થિક સેવાઓ પરનો મૂડી ખર્ચ 13.57 ટકા જેટલો વધ્યો હતો
લોન અને પેશગીઓ	➢ લોન અને પેશગીઓની ચૂકવણીઓ 36.88 ટકા જેટલી વધી હતી ➢ લોન અને પેશગીઓની વસૂલાત 63.87 ટકા જેટલી વધી હતી
જાહેર ઋણ	➢ જાહેર ઋણની આવક 11.42 ટકા જેટલી વધી હતી ➢ જાહેર ઋણની પરત ચૂકવણી 9.32 ટકા જેટલી ઘટી હતી
જાહેર હિસાબ	➢ જાહેર હિસાબની આવક 3.28 ટકા જેટલી વધી હતી ➢ જાહેર હિસાબની ચૂકવણીઓ 6.45 ટકા જેટલી વધી હતી

સોત:રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

ઉપરોક્ત પરિબળો પૈકી પ્રત્યેકનું વિશ્લેષણ હવે પછીના ફકરાઓમાં કરવામાં આવ્યું છે.

2.2 ભંડોળોના સોતો અને ઉપયોગ

2021-22ની સામે 2022-23 દરમિયાન રાજ્યના ભંડોળોના સોતો અને ઉપયોગની સરખામણી **કોઠા 2.2**માં કરવામાં આવી છે, જ્યારે **આલેખ 2.1** અને આલેખ **2.2માં** 2022-23 દરમિયાન સંચિત નિધિમાં આવક અને તેમાંથી થયેલા ખર્ચની વિગતો આપી છે.

કોઠો 2.2: 2021-22 અને 2022-23 દરમિયાન ભંડોળોના સોતો અને ઉપયોગની વિગતો

(₹ કરોડમાં)

	વિગતો	2021-22	2022-23	વધારો/ઘટાડો
સોતો	ભારતીય રિઝર્વ બેંક પાસે ખૂલતી રોકડ સિલક	15,848	20,676	4,828
	મહેસૂલી આવક	1,66,830	1,99,408	32,578
	લોન અને પેશગીઓની વસૂલાત	155	254	99
	જાહેર ઋણની આવક (ચોખ્ખી)	22,532	30,174	7,642
	જાહેર હિસાબની આવક (ચોખ્ખી)	4,988	1,548	(-) 3,440
	પ્રકીર્ણ મૂડી આવક	0	0	0
	કુલ	**2,10,353**	**2,52,060**	**41,707**
ઉપયોગ	મહેસૂલી ખર્ચ	1,60,421	1,79,543	19,122
	મૂડી ખર્ચ	28,185	35,499	7,314
	લોન અને પેશગીઓનું વિતરણ	1,071	1,466	395
	આકસ્મિક નિધિમાંથી ચૂકવણીઓ	0	20	20
	ભારતીય રિઝર્વ બેંકમાં બંધ રોકડ સિલક	20,676	35,532	14,856
	કુલ	**2,10,353**	**2,52,060**	**41,707**

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

આલેખ 2.1: સંસાધનોના ઘટકો

(₹ કરોડમાં)



આલેખ 2.2: સંસાધનોનો ઉપયોગ

(₹ કરોડમાં)



સોત: 2022-23 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

પાંચ વર્ષના સમયગાળા (2018-23) માટે રાજ્ય સરકારની નાણાકીય સ્થિતિ પરની સમય શ્રેણીવાર માહિતી **પરિશિષ્ટ – 2.1માં** આપી છે.

2.3 રાજ્યના સંસાધનો

રાજ્યના પોતાના સંસાધનો નીચે વર્ણવેલ છે:

1. **મહેસૂલી આવક**માં કર આવક (પોતાની કર આવક વત્તા કેન્દ્રીય કર/ જકાતમાં હિસ્સો), બિન-કર આવક અને ભારત સરકાર તરફથી સહાયક અનુદાન સામેલ હોય છે.
2. **મૂડી આવક**માં (ઋણ અને બિન-ઋણ મૂડી આવક) પ્રકીર્ણ મૂડી આવક જેવી કે, વિનિવેશમાંથી ઉપજેલી રકમ, લોન અને પેશગીઓની વસૂલાત, આંતરિક સોતોમાંથી ઋણ આવક (બજાર લોન, નાણાકીય સંસ્થાઓ/ વાણિજ્યિક બેંકો પાસેથી ઋણ) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓનો સમાવેશ થાય છે.

   મહેસૂલી અને મૂડી બન્ને આવકો રાજ્યના સંચિત નિધિનો ભાગ બને છે.
3. **ચોખ્ખી જાહેર હિસાબની આવક**: કેટલાક વ્યવહારોની બાબતમાં આવક અને ચૂકવણીઓ હોય છે, જેમ કે નાની બચત, ભવિષ્ય નિધિ, અનામત ભંડોળ, થાપણો, ઉપલક, ભરણાં, વગેરે; જે સંચિત નિધિનો ભાગ બનતા નથી.

આને બંધારણની કલમ 266(2) હેઠળ સ્થાપવામાં આવેલા જાહેર હિસાબમાં રાખવામાં આવે છે અને રાજ્યની વિધાનસભાના મતને આધિન હોતા નથી. અહીં, સરકાર બેંકર તરીકે વર્તે છે. ચૂકવણીઓ બાદની સિલક એ સરકાર પાસે ઉપલબ્ધ ભંડોળ હોય છે.

2.3.1 રાજ્યની આવક

2022-23 દરમિયાન રાજ્યની આવકના ઘટકો **આલેખ 2.3**માં આપેલા છે.

આલેખ 2.3 2022-23 દરમિયાન રાજ્યની આવકના ઘટકો



સ્રોત: 2022-23 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

વર્ષ 2022-23 દરમિયાન રાજ્ય સરકારની ₹ 2,53,543 કરોડની કુલ આવક પૈકી, મહેસૂલી આવક (₹ 1,99,408 કરોડ) 78.65 ટકા જેટલી હતી, મૂડી આવક (₹ 52,587 કરોડ) અને ચોખ્ખી જાહેર હિસાબની આવક (₹ 1,548 કરોડ) કુલ આવકના અનુક્રમે 20.74 ટકા અને 0.61 ટકા રહી હતી.

2.3.2 રાજ્યની મહેસૂલી આવક

આ ફકરો કુલ મહેસૂલી આવકો અને તેના ઘટકોના વલણોની વિગતો દર્શાવે છે. ત્યારબાદ આવકના વલણોને રાજ્યની પોતાની આવક અને કેન્દ્ર સરકાર તરફથી આવકમાં વિભાજીત કરવામાં આવ્યાં છે.

2.3.2.1 મહેસૂલી આવકના વલણો અને વૃધ્ધિ

કોઠો 2.3, પાંચ વર્ષના સમયગાળા (2018-23) દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સાપેક્ષમાં મહેસૂલી આવકના વલણો અને વૃધ્ધિ અને મહેસૂલની તરલતા દર્શાવે છે. ઉપરાંત, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સાપેક્ષે મહેસૂલી આવકના વલણો અને મહેસૂલી આવકના ઘટકો અનુક્રમે **આલેખ 2.4** અને **2.5**માં આપ્યા છે.

કોઠો 2.3: મહેસૂલી આવકના વલણો

પરિબળો	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
મહેસૂલી આવક (₹ કરોડમાં)	**1,36,002**	**1,42,844**	**1,28,156**	**1,66,830**	**1,99,408**
મહેસૂલી આવકનો વૃધ્ધિ દર (ટકા)	10.31	5.03	(-)10.28	30.18	19.53
કર આવક (₹ કરોડમાં)	**1,03,592**	**99,240**	**90,485**	**1,28,784**	**1,57,843**
પોતાની કર આવક (₹ કરોડમાં)	80,103	79,008	70,266	97,678	1,24,809
કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો	23,489	20,232	20,219	31,106	33,034
બિન-કર આવક (₹ કરોડમાં)	**13,417**	**18,104**	**10,493**	**14,018**	**18,434**
ભારત સરકાર તરફથી સહાયક અનુદાન	**18,993**	**25,500**	**27,178**	**24,028**	**23,131**
ભારત સરકાર તરફથી સહાયક અનુદાનનો વૃધ્ધિ દર (ટકા)	19.56	34.26	6.58	(-)11.59	(-)3.73
પોતાની આવક (કર અને બિન-કર આવક) (₹ કરોડમાં)	93,520	97,112	80,759	1,11,696	1,43,243
પોતાની આવકનો વૃધ્ધિ દર (કર અને બિન-કર આવક) (ટકા)	7.96	3.84	(-)16.84	38.31	28.24
રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (₹ કરોડમાં) (2011-12 શ્રેણી)	14,92,156	16,17,143	16,36,781 (P)	19,57,583 (Q)	22,61,715 (A)
રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા)	12.27	8.38	1.21	19.60	15.54
મહેસૂલી આવક/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા)	9.11	8.83	7.83	8.52	8.82
તરલતાના દર્શકો[1]					
રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં આવકની તરલતા	0.84	0.60	*	1.54	1.26
રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં રાજ્યની પોતાની આવકની તરલતા	0.65	0.46	*	1.95	1.82

સોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

સોત: (રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના આંકડા): ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળનું નિવેદન (2023-24નું અંદાજપત્રીય પ્રકાશન સંખ્યા 30)

(P): કામચલાઉ અંદાજો; (Q): ત્વરિત અંદાજો, (A): અગ્રિમ અંદાજો

* મહેસૂલી આવક અને રાજ્યની પોતાની કર આવકનો વૃધ્ધિ દર નકારાત્મક હોવાથી તરલતાની ગણતરી કરી શકાતી નથી.

[1] તરલતાનો ગુણોત્તર મૂળ રાજકોષીય ચલાંકોમાં કરવામાં આવેલા ફેરફારના સંદર્ભમાં બીજાની સ્થિતિસ્થાપકતા અથવા પ્રતિભાવનું પ્રમાણ દર્શાવે છે. દાખલા તરીકે, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં 1.26ની મહેસૂલી તરલતા સૂચવે છે કે જો રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન એક ટકા વધે તો મહેસૂલી આવક 1.26 ટકાવારી પોઇન્ટ જેટલી વધવાનું વલણ ધરાવે છે.

આલેખ 2.4: મહેસૂલી આવકના વલણો

	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
મહેસૂલી આવક	1,36,002	1,42,844	1,28,156	1,66,830	1,99,408
GSDP ના ટકાની રીતે	9.11	8.83	7.83	8.52	8.82

સોતઃ રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.
સોત (રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદનના આંકડા): ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 (2023-24નું અંદાજપત્રીય પ્રકાશન સંખ્યા 30)

આલેખ 2.5: મહેસૂલી આવકના ઘટકોના વલણો

સોતઃ રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

2018-23 દરમિયાન મહેસૂલી આવકના વલણોમાં નીચે મુજબ ધ્યાન પર આવ્યું હતું:

- મહેસૂલી આવક 2018-19માં ₹ 1,36,002 કરોડ હતી તે 10.04 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે 46.62 ટકા જેટલી વધીને 2022-23માં ₹ 1,99,408 કરોડ થઇ હતી. 2022-23 દરમિયાન, મહેસૂલી આવકમાં પાછલા વર્ષની સરખામણીએ ₹ 32,578 કરોડ (19.53 ટકા) જેટલો વધારો થયો હતો.

- 2022-23 દરમિયાન મહેસૂલી આવકનો નોંધપાત્ર હિસ્સો (71.83 ટકા) રાજ્યના પોતાના સંસાધનોમાંથી આવ્યો હતો, જ્યારે કેન્દ્રીય કરની તબદીલી અને સહાયક અનુદાન બન્નેએ સાથે 28.17 ટકા ફાળો આપ્યો હતો.
- **કોઠો 2.3** દર્શાવે છે કે રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની સાપેક્ષે મહેસૂલી આવકની ટકાવારી 2018-19માં 9.11 ટકા હતી તે ઘટીને 2020-21માં 7.83 ટકા થઇ હતી, અને ત્યારબાદ 2021-22માં વધીને 8.52 ટકા થઇ અને આગળ 2022-23માં 8.82 ટકા થઇ હતી. 2021-22થી 2022-23 દરમિયાન, મહેસૂલી આવકની વૃધ્ધિ રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદન કરતાં વધુ ઝડપે થઇ હતી.

2.3.2.2 રાજ્યના પોતાના સંસાધનો

કેન્દ્રીય કરવેરામાં રાજ્યના હિસ્સાનું નિર્ધારણ નાણા પંચની ભલામણોના આધારે કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર તરફથી સહાયક અનુદાનનું નિર્ધારણ કેન્દ્રીય કર આવકની વસૂલાતનું પ્રમાણ અને યોજનાઓ માટે અપેક્ષિત કેન્દ્રીય સહાય, વગેરેના આધારે કરવામાં આવે છે.

વધારાના સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરીની આકારણી તેના પોતાના કર અને બિન-કર સોતો સામેલ હોય એવા પોતાના સંસાધનોના રૂપમાં કરવાની હોય છે.

પોતાની કર આવક

રાજ્યની પોતાની કર આવકમાં રાજ્ય માલ અને સેવા વેરો, વેચાણ વેરો/ મૂલ્યવર્ધિત વેરો, વીજળી પરના વેરા અને જકાત, સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી, વાહનો પર કર અને માલસામાન અને યાત્રીઓ પરનો કર, જમીન મહેસૂલ, વગેરેનો સમાવેશ થાય છે.

છેલ્લા પાંચ વર્ષો (2018-23) દરમિયાન રાજ્યની પોતાની કર આવકની વૃધ્ધિના વલણો **આલેખ 2.6**માં દર્શાવ્યા છે.

આલેખ 2.6: 2018-23 દરમિયાન પોતાની કર આવકનું વલણ

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.
સોત (GSDP આંકડા): ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિવેદન (2023-24નું અંદાજપત્રીય પ્રકાશન સંખ્યા 30).

2018-23 દરમિયાન રાજ્યની પોતાની કર આવકના ઘટકો **કોઠા 2.4**માં દર્શાવ્યા છે.

કોઠો 2.4: 2018-23 દરમિયાન રાજ્યની પોતાની કર આવકના ઘટકો

(₹ કરોડમાં)

મહેસૂલી સદર	2018-19	2019-20	2020-21	2021-22	2022-23	
					અંદાજપત્રીય અંદાજો	ખરેખર મૂલ્યો
રાજ્ય માલ અને સેવા કર	34,888.71	34,106.67	29,458.54	43,486.98	57,692.00	52,154.23
વેચાણ વેરો/મૂલ્ય વર્ધિત વેરો	22,414.25	21,071.72	18,800.34	29,044.45	31,412.00	36,983.82
વીજળી પર કર અને જકાત	7,347.79	8,774.35	8,318.87	7,012.72	9,153.00	10,593.52
સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી	7,780.77	7,701.17	7,390.18	10,432.57	12,895.00	14,206.78
વાહનો પર કર અને માલસામાન અને યાત્રીઓ પર કર	4,235.33	3,895.29	3,085.35	3,900.06	4,844.00	5,056.53
જમીન મહેસૂલ	2,407.51	2,358.74	2,133.55	2,782.52	2,470.00	4,480.53
રાજ્ય આબકારી	130.59	138.26	133.65	154.82	149.00	187.65
મનોરંજન કર અને સુખસુવિધા કર	3.32	3.69	4.47	3.16	6.31	4.07
અન્ય કરવેરા	894.47	957.61	941.23	860.79	1261.75	1,142.45
પોતાની કર આવક	**80,102.74**	**79,007.50**	**70,266.18**	**97,678.07**	**1,19,883.06**	**1,24,809.58**
GSDPની ટકાવારીની રીતે પોતાની કર આવક	5.37	4.89	4.29	4.99	5.44	5.52
મહેસૂલી આવકની ટકાવારીની રીતે પોતાની કર આવક	58.90	55.31	54.83	58.55	65.85	62.59

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને 2022-23 માટે ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન સંખ્યા 1)

રાજ્યની પોતાની કર આવક 2018-19માં ₹ 80,102.74 કરોડ હતી તે 11.72 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે ₹ 44,706.84 કરોડ જેટલી વધીને 2022-23માં ₹ 1,24,809.58 કરોડ થઇ હતી. 2022-23 દરમિયાન, રાજ્યની પોતાની કર આવક પાછલા વર્ષ કરતાં ₹ 27,131.51 કરોડ (27.78 ટકા) જેટલી વધી હતી અને ઉત્તર-પૂર્વોત્તર અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યોની સરેરાશ (19.78 ટકા) કરતાં ઉંચી હતી. ચાલુ વર્ષ દરમિયાન, પોતાની કર આવકમાં મુખ્ય ફાળો આપનાર હતાં: રાજ્ય માલ અને સેવા કર (41.79 ટકા), વેચાણ વેરો/મૂલ્યવર્ધિત વેરો (29.63 ટકા) અને સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી (11.38 ટકા) હતાં.

રાજ્ય માલ અને સેવા કર (SGST)

ભારતીય રિઝર્વ બેંકના ચોપડા મુજબ રાજ્ય માલ અને સેવા કરની રકમ ₹ 52,154.23 કરોડ હતી, જે નાણાકીય હિસાબો મુજબની રકમો સાથે મેળ ખાતી હતી. આથી, 2022-23 દરમિયાન, રાજ્ય માલ અને સેવા કરની બાબતમાં ભારતીય રિઝર્વ બેંકના ચોપડા અને નાણાકીય હિસાબો વચ્ચે કોઇ તફાવત ન હતો.

માલ અને સેવા કરની આવકનું ઑડિટ

માલ અને સેવા કર નેટવર્ક (GSTN) પરિસરમાં સમગ્ર-ભારતની માહિતીનો ઉપયોગ કરવાનો હક પુરો પાડવાનો ભારત સરકારનો નિર્ણય 22 જૂન 2020ના રોજ જણાવવામાં આવ્યો હતો. ગુજરાત, જે આદર્શ-II રાજ્ય છે તેના કિસ્સામાં, માલ અને સેવા કરના ઑડિટમાં રોકાયેલા અધિકારીઓને 12 નવેમ્બર 2020ના રોજ વપરાશકર્તા ઓળખ (યુઝર આઇડી) આધારિત GSTNનો ઉપયોગ કરવાનો હક આપવામાં આવ્યો હતો. માલ અને સેવા કર (રાજ્યોને વળતર) અધિનિયમ, 2017ની આવશ્યકતાઓ અનુસાર 2021-22 સુધીની રાજ્યની આવકની નમૂના ચકાસણી કરવામાં આવી છે અને 2022-23ની પ્રગતિમાં છે (જાન્યુઆરી 2024).

મહેસૂલની પાછલી બાકીનું વિશ્લેષણ

મહેસૂલની પાછલી બાકી સરકારને મળવાપાત્ર મહેસૂલની વિલંબિત પ્રાપ્તિ દર્શાવે છે.

31 માર્ચ 2023ના રોજ માલ અને સેવા વેરો/મૂલ્યવર્ધિત વેરો/વેચાણ વેરો; સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી; નશાબંધી અને આબકારી, વાહનો પર કર અને માલસામાન અને યાત્રીઓ પર કર અને વીજળી પરના વેરા અને જકાતની મહેસૂલની પાછલી બાકી ₹ 57,038.64 કરોડ જેટલી થતી હતી, જેમાંથી ₹ 21,826.61 કરોડ પાંચ કરતાં અધિક વર્ષોથી બાકી હતાં. પાણી ચાર્જની બાબતમાં, 31 માર્ચ 2023ના રોજ ₹ 4,291.25 કરોડ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગના તેના જુદા જુદા સિંચાઇ અને બિન-સિંચાઇ યોજનાના ગ્રાહકો પાસેથી મળવાપાત્ર હતાં. વિગતો **કોઠા 2.5**માં આપી છે.

કોઠો 2.5: મહેસૂલની પાછલી બાકી

(₹ કરોડમાં)

ક્રમાંક	આવકનું સદર	31 માર્ચ 2023 ના રોજ કુલ બાકી રકમ	31 માર્ચ 2023ના રોજ પાંચ વર્ષ કરતાં અધિક વર્ષો માટે બાકી રકમ	નોંધ
1.	માલ અને સેવા કર/મૂલ્યવર્ધિત વેરો/ વેચાણ વેરો	55,760.59	21,122.74	વસૂલાત પ્રમાણપત્ર જારી કર્યા: ₹ 1,936.14 કરોડ; હાઇકોર્ટ અને અન્ય ન્યાયિક સત્તાધિકારીઓ દ્વારા વસૂલાત પર મનાઇ હુકમ: ₹ 10,931.22 કરોડ; સરકાર-વિભાગીય સત્તાધિકારીઓ દ્વારા વસૂલાત પર મનાઇ હુકમ: ₹ 3,850.75 કરોડ; વેપારીઓની નાદારી: ₹ 370.94 કરોડ; રકમ માંડવાળ થવાની શક્યતા: ₹ 25.81 કરોડ; બાકીના ₹ 38,645.73 કરોડની પાછલી બાકી રહેવાનુ કારણ રજૂ કરવામાં આવ્યું નથી..
2.	વીજળી પર કરવેરા અને જકાત	126.71	114.90	અદાલતી કેસો પડતર: ₹ 118.62 કરોડ; અને અન્ય કારણો: ₹ 8.09 કરોડ.
3.	નશાબંધી અને આબકારી	100.83	100.83	અદાલતી કેસો પડતર: ₹ 59.44 કરોડ; બાકીના ₹ 41.39 કરોડની પાછલી બાકી રહેવાના કારણો રજૂ કરવામાં આવ્યા નથી.
4.	સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી	147.04	137.76	હાઇકોર્ટ અને અન્ય ન્યાયિક સત્તાધિકારીઓ દ્વારા વસૂલાત પર મનાઇ હુકમ: ₹ 8.46 કરોડ; બાકીના ₹ 138.58 કરોડની પાછલી બાકી રહેવાના કારણો રજૂ કરવામાં આવ્યાં નથી.
5.	વાહનો પર કરવેરા અને માલસામાન અને યાત્રીઓ પર કર	903.47	350.38	વસૂલાત પ્રમાણપત્રો જારી કર્યા: ₹ 2.94 કરોડ; બાકીના ₹ 900.53 કરોડની પાછલી બાકી રહેવાના કારણો રજૂ કરવામાં આવ્યા નથી.
	કુલ	**57,038.64**	**21,826.61**	
6.	પાણી ચાર્જ	4,291.25	રજૂ કરેલ નથી	નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ દ્વારા પાછલી બાકી માટેના કારણો રજૂ કરવામાં આવ્યાં નથી.
	એકંદર કુલ	**61,329.89**	**21,826.61**	

સોત: વિભાગોએ રજૂ કરેલી માહિતી.

આકારણીની પાછલી બાકી

આકારણીની પાછલી બાકી આકારણીમાં વિલંબનાં કારણે અવરોધાયેલી સંભવિત આવક સૂચવે છે. માલ અને સેવા કર/મૂલ્ય વર્ધિત વેરો/વેચાણ વેરાની બાબતમાં વર્ષની શરૂઆતમાં બાકી કિસ્સા, વર્ષ દરમિયાન આકારણીને પાત્ર થતા કિસ્સા, વર્ષ દરમિયાન નિકાલ થયેલા કિસ્સા અને વર્ષના અંતે આકારણી માટે પડતર કિસ્સાની વિગતો **કોઠા 2.6**માં દર્શાવવામાં આવી છે.

કોઠો 2.6: આકારણીની પાછલી બાકી

(સંખ્યામાં)

આવકનું સદર	ખૂલતી સિલક	2022-23 દરમિયાન આકારણીપાત્ર નવા કિસ્સા	કુલ આકારણીપાત્ર	2022-23 દરમિયાન નિકાલ થયેલા કિસ્સા	31 માર્ચ 2023ના રોજ વર્ષના અંતે સિલક	નિકાલની ટકાવારી (કોલમ 4ની સામે કોલમ 5)
1	2	3	4	5	6	7
માલ અને સેવા કર/ મૂલ્યવર્ધિત વેરો/ વેચાણ વેરો	4,582	3,277	7,859	3,753	4,106	47.75
વ્યવસાય વેરો	24,831	2,631	27,462	1,155	26,307	4.21

સોત: વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી.

ઉપરના કોઠા ઉપરથી જોઈ શકાય છે કે, માલ અને સેવા કર/મૂલ્ય વર્ધિત વેરો/વેચાણ વેરાની બાબતમાં વર્ષ 2022-23 દરમિયાન આકારણી પાત્ર માંથી 47.75 ટકાનો નિકાલ થયેલ છે, જ્યારે વ્યવસાય વેરાનો 4.21 ટકાનો નિકાલ થયેલ છે. વિભાગે વ્યવસાય વેરાના કિસ્સામાં જલ્દીથી નિકાલ થાય એ માટે યોગ્ય પગલાં લેવા જોઈએ.

વીજળી વેરા કલેક્ટર, નશાબંધી અને આબકારી નિયામક અને પેટ્રોલિયમ નિયામકે અનુક્રમે જુલાઇ, ઓગસ્ટ અને ઓક્ટોબર 2023માં જણાવ્યું હતું કે, સંબંધિત વિભાગ પાસે 31 માર્ચ 2023 સુધીના સમયગાળાના આકારણી માટે કોઇ કિસ્સા બાકી ન હતાં.

વિભાગો દ્વારા શોધી કઢાયેલી કરચોરી

વિભાગ દ્વારા શોધી કઢાયેલી કરચોરીના કિસ્સા, અંતિમરૂપ અપાયેલા કિસ્સાઓ અને વધારાના વેરા માટે ઉભા કરાયેલા માંગણા, મહેસૂલી વસૂલાત માટે કરવામાં આવેલા રાજ્ય સરકારના પ્રયત્નોના મહત્વના દર્શકો છે.

ત્રણ વિભાગો (નાણા; મહેસૂલ; અને બંદરો અને પરિવહન) દ્વારા શોધી કઢાયેલા કરચોરીના કિસ્સા, અંતિમરૂપ અપાયેલા અને વધારાના વેરા માટે માંગણા ઉભા કરેલા આ વિભાગોએ જણાવ્યા મુજબના કિસ્સા, **કોઠા 2.7**માં આપ્યા છે:

કોઠો 2.7: કરચોરીના કિસ્સા

ક્રમાંક	આવકનું સદર	01 એપ્રિલ 2022ના રોજ બાકી કેસોની સંખ્યા	2022-23 દરમિયાન શોધી કઢાયેલા કિસ્સા	કુલ	આકારણી/તપાસ પૂર્ણ કરવામાં આવી હતી અને દંડ, વગેરે સહિત વધારાનું માંગણુ ઉભુ કરવામાં આવ્યુ હતું એવા કિસ્સાની સંખ્યા		31 માર્ચ 2023ના રોજ અંતિમરૂપ આપવાનું બાકી હોય એવા કિસ્સા
					કિસ્સાની સંખ્યા	માંગણાની રકમ (₹ કરોડમાં)	
1	માલ અને સેવા કર/ મૂલ્યવર્ધિત વેરો/ વેચાણ વેરો	519	471	990	244	152.38	746
2	સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી	20,824[2]	324	21,148	20,728	1,442.50	420
3	વાહનો પર કરવેરા અને માલસામાન અને યાત્રીઓ પર કર	70,219	30,815	1,01,034	1,01,034	903.47	0
કુલ		**91,562**	**31,610**	**1,23,172**	**1,22,006**	**2,498.35**	**1,166**

સોત:વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી.

અહીં જોઇ શકાય છે એ મુજબ, માર્ચ 2023ના અંતે કુલ કિસ્સાઓના 0.95 ટકાને અંતિમરૂપ આપવાનું બાકી હતું.

ઑડિટ દ્વારા માર્ચ 2024માં વિનંતી કરવામાં આવી હોવા છતાં ગુજરાતના જુદા જુદા વિભાગો જેવા કે, મહેસૂલ (જમીન મહેસૂલની બાબતમાં), ઉદ્યોગ અને ખાણ, વગેરે એ કર/ મહેસૂલની કરચોરી અંગેની માહિતી રજૂ કરી ન હતી.

વીજળી વેરા કલેક્ટર; પેટ્રોલિયમ નિયામક અને નશાબંધી અને આબકારી નિયામકે કરચોરીના શૂન્ય કિસ્સા રજૂ કર્યા હતાં.

પડતર રિફન્ડના કિસ્સા

રિફન્ડના કિસ્સાના નિકાલમાં ત્વરિતતા એ વિભાગની કામગીરીનો મહત્વનો દર્શક છે.

[2] આંકડાઓ પાછલા વર્ષની બંધ સિલક સાથે મળતા નથી કારણ કે તેને વિભાગ દ્વારા અદ્યતન કરવામાં આવ્યા છે.

વિભાગોએ જણાવ્યા મુજબ, વર્ષની શરૂઆતમાં પડતર રિફન્ડના કિસ્સાની સંખ્યા, વર્ષ દરમિયાન મળેલા દાવા, વર્ષ દરમિયાન મંજૂર કરેલા રિફન્ડ અને વર્ષના અંતે પડતર કિસ્સાની સંખ્યા **કોઠા 2.8** માં આપ્યા છે:

કોઠો 2.8: રિફન્ડના કિસ્સા

(₹ કરોડમાં)

ક્રમાંક	વિગતો	માલ અને સેવા કર		મૂલ્યવર્ધિત વેરો/વેચાણ વેરો		સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી		વાહનો પર કરવેરા અને માલસામાન અને યાત્રીઓ પર વેરો	
		કિસ્સાઓની સંખ્યા	રકમ	કિસ્સાઓની સંખ્યા	રકમ	કિસ્સાઓની સંખ્યા	રકમ	કિસ્સાઓની સંખ્યા	રકમ
1.	01 એપ્રિલ 2022ના રોજ બાકી દાવાઓ	3,313	359.96[3]	2,584	95.70	2[3]	0.02[3]	76	0.33
2.	વર્ષ દરમિયાન મળેલા દાવાઓ	52,496	10,618.72	14,365	6,925.18	4,179	3.21	304	2.72
3.	વર્ષ દરમિયાન આપેલ રિફન્ડ	46,022	9,262.50	16,937	7,013.86	3,907	2.83	176	2.02
4.	વર્ષ દરમિયાન નામંજૂર થયેલ રિફન્ડ	4,590	1,143.40	0	0.00	0	0.00	0	0.00
5.	**31 માર્ચ 2023ના રોજ બાકી સિલક**	**5,197**	**572.78**	**12**	**7.02**	**274**	**0.40**	**204**	**1.03**

સોતઃ વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી

વારંવાર વિનંતી કરી હોવા છતાં (માર્ચ 2024 સુધીમાં) મહેસૂલ વિભાગે (જમીન મહેસૂલની બાબતમાં) અને ઉદ્યોગ અને ખાણ વિભાગે માર્ચ 2023ના અંતે પડતર રિફન્ડ કેસોની વિગતો રજૂ કરી ન હતી.

બિન-કર આવક

બિન-કર આવકમાં વ્યાજની આવક, ડિવિડન્ડ અને નફો, ખાણકામની આવક, વિભાગીય આવક, વગેરે સામેલ હોય છે.

છેલ્લા પાંચ વર્ષો (2018-23) માટે બિન-કર આવકના મુખ્ય સોતો અને તેમના વલણનું વિશ્લેષણ **કોઠા 2.9**માં દર્શાવ્યું છે.

[3] કિસ્સાઓની સંખ્યા અને રકમનો પાછલા વર્ષની બંધ સિલક સાથે મેળ થતો નથી કારણ કે તે વિભાગ દ્વારા અદ્યતન કરવામાં આવ્યાં છે.

કોઠો 2.9: 2018-23 દરમિયાન રાજ્યની બિન-કર આવકના મુખ્ય ઘટકો

(₹ કરોડમાં)

આવકનું સદર	2018-19	2019-20	2020-21	2021-22	2022-23	
					અંદાજપત્રીય અંદાજો	ખરેખર મૂલ્યો
વ્યાજની આવક	1,611.71	2,331.15	847.64	991.90	2,387.58	1,267.63
બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગ	4,863.00	4,147.91	2,906.79	4,321.37	2,933.16	5,859.32
મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ	1,326.95	1,365.02	1,644.26	1707.14	1,868.16	1,796.75
બંદરો અને દીવા દાંડીઓ	1,153.35	1,361.26	1,263.75	1,308.61	2,138.28	1,441.06
તબીબી અને જાહેર આરોગ્ય	271.59	1,473.06	342.46	1,601.17	1,115.94	584.42
પોલીસ	312.19	467.53	484.43	490.80	743.10	392.21
ડિવિડન્ડ અને નફો	120.03	89.00	131.04	134.25	146.51	97.43
અન્ય	3,758.17	6,869.22	2,872.29	3,463.02	6,428.94	6,994.79
બિન-કર આવક	**13,416.99**	**18,104.15**	**10,492.66**	**14,018.26**	**17,761.67**	**18,433.61**
રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનના ટકાની સાપેક્ષમાં બિન-કર આવક	0.90	1.12	0.64	0.72	0.81	0.82
મહેસૂલી આવકના ટકાની સાપેક્ષમાં બિન-કર આવક	9.87	12.67	8.19	8.40	9.76	9.24

સોતઃ સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને 2022-23 માટે ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન સંખ્યા 1.

બિન-કર આવક, છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજ્યની મહેસૂલી આવકના 8.19 ટકા અને 12.67 ટકાની વચ્ચે રહી હતી તે પાછલા વર્ષની તુલનાએ 2022-23માં ₹ 4,415.35 કરોડ (31.50 ટકા) જેટલી વધી હતી. પાછલા વર્ષની તુલનાએ 2022-23માં બિન-કર આવકમાં વધારો મુખ્યત્વે બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગમાં ₹ 1,537.95 કરોડ જેટલો; વ્યાજની આવકમાં ₹ 275.73 કરોડ જેટલો અને અન્યોમાં (પરચૂરણ સામાન્ય સેવાઓમાં ₹ 997.32 કરોડ જેટલો; શહેરી વિકાસમાં ₹ 938.66 કરોડ જેટલો અને અન્ય વહિવટી સેવાઓમાં ₹ 627.93 કરોડ જેટલા) વધારાના કારણે થયો હતો.

અગાઉના વર્ષોની વણવપરાયેલી સિલકો અયોગ્ય રીતે મહેસૂલી આવક તરીકે જમા લેવી

હિસાબોના મુખ્ય અને ગૌણ સદરોની યાદીની કલમ 3.10 હેઠળ નિયત કરવામાં આવ્યું છે કે, 'વધારાની ચૂકવણીની વસૂલાત', જે વર્ષમાં વધારાની ચૂકવણી થઇ હોય એ જ વર્ષ દરમિયાન, રોકડમાં કરવામા આવી હોય કે બિલમાં ઓછા ઉપાડથી કરવામાં આવી હોય, સંબંધિત સેવા સદર હેઠળ 'ખર્ચમાં ઘટાડા' તરીકે નોંધ કરવામાં આવશે. તે એમ પણ નિયત કરે છે કે અગાઉના વર્ષને (વર્ષો) લગતી વધારાની ચૂકવણીની વસૂલાતની નોંધ હિસાબના લાગુ પડતા મુખ્ય સદર નીચે અલગ ગૌણ સદર 'કપાત-વધુ પડતી ચૂકવણીની વસૂલાત' (સંજ્ઞા '911') હેઠળ કરવામાં આવશે.

ઉપરાંત, સરકારી હિસાબી નિયમો, 1990માં પણ જોગવાઇ છે કે, 'વધારાની ચૂકવણીની વસૂલાત', રોકડમાં કરવામા આવી હોય કે બિલમાં ઓછા ઉપાડથી કરવામાં આવી હોય, આની નોંધ હંમેશા, સંબંધિત ખર્ચ સદર હેઠળ 'ખર્ચમાં ઘટાડા' તરીકે નોંધ કરવામાં આવશે, પછી ભલેને ગમે તે વર્ષના સંબંધમાં આ વસૂલાત હોય.

ઑડિટે યાદચ્છિક રીતે, 2022-23 દરમિયાન સરકારી હિસાબમાં મહેસૂલી આવક રૂપે જમા લેવામાં આવેલા કુલ ₹ 319.75 કરોડના 308 આવક ચલણોની ચકાસણી કરી હતી (જૂલાઇ 2023). આ ₹ 319.75 કરોડના 308 આવક ચલણો પૈકી, અગાઉના વર્ષોના વણવપરાયેલી રકમના ₹ 34.80 કરોડના 90 આવક ચલણોને સંબંધિત હેતુ સદર હેઠળ 'ખર્ચમાં ઘટાડા' તરીકે જમા લેવાના બદલે સરકારી હિસાબોમાં 2022-23 દરમિયાન અયોગ્ય રીતે મહેસૂલી આવક તરીકે જમા કરવામાં આવ્યાં હતાં.

વણવપરાયેલી સિલકોની નોંધ કરવા માટે અનુસરવાની યોગ્ય પદ્ધતિ મહાલેખાકાર (હિસાબ અને હક)ની કચેરી અને નાણા વિભાગ વચ્ચે વિચારણા હેઠળ છે. એ ઉલ્લેખનીય છે કે, અગાઉના 31 માર્ચ 2022 અંતિત વર્ષ માટેના ગુજરાત સરકારના રાજ્યની નાણાકીય પરિસ્થિતિના અહેવાલમાં ધ્યાન દોર્યું હોવા છતાં વણવપરાયેલી સિલકોની સરકારના હિસાબોમાં અયોગ્ય રીતે આવક તરીકે નોંધ કરવાનું ચાલુ રહ્યુ છે.

2.3.2.3 કેન્દ્રમાંથી તબદીલીઓ

ભારત સરકાર તરફથી તબદીલીના બે મુખ્ય ઘટકો છે, કેન્દ્રીય કરની તબદીલીઓ (એટલે કે કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો) અને સહાયક અનુદાન. છેલ્લા પાંચ વર્ષો (2018-23) દરમિયાન કેન્દ્ર તરફથી તબદીલીઓના વલણનું વિશ્લેષણ **કોઠા 2.10**માં દર્શાવ્યુ છે.

કોઠો 2.10: કેન્દ્રમાંથી તબદીલીઓ

(₹ કરોડમાં)

વિગતો	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
કેન્દ્રીય કરની તબદીલીઓ	23,489.33	20,232.09	20,218.53	31,105.78	33,034.00
સહાયક અનુદાન	18,992.48	25,500.02	27,178.29	24,027.59	23,131.13
કુલ	**42,481.81**	**45,732.11**	**47,396.82**	**55,133.37**	**56,165.13**
પાછલા વર્ષની તુલનાએ વધારો ટકામાં	*15.86*	*7.65*	*3.64*	*16.32*	*1.87*
મહેસૂલી આવકની ટકાવારીની સાપેક્ષમાં કુલ કેન્દ્ર તરફથી તબદીલીઓ	*31.24*	*32.02*	*36.98*	*33.05*	*28.17*

સોત:સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

કેન્દ્રમાંથી તબદીલીઓ 2018-19માં ₹ 42,481.81 કરોડ હતી તે 32.21 ટકા જેટલી વધીને 2022-23માં ₹ 56,165.13 કરોડ થઇ હતી. પાંચ-વર્ષના સમયગાળામાં પાછલા વર્ષની તુલનાએ ટકાવારીમાં વધારો 2022-23માં સૌથી ઓછો 1.87 ટકા અને સૌથી વધુ 2021-22માં 16.32 ટકા હતો.

આલેખ 2.7: કેન્દ્રમાંથી તબદીલીઓના વલણો

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

કેન્દ્રમાંથી કરની તબદીલીઓ

ચૌદમા નાણા પંચે ભલામણ કરી હતી કે કેન્દ્રીય કરવેરામાં રાજ્યનો હિસ્સો જે તેરમા નાણા પંચની ભલામણ મુજબ 32 ટકા હતો તે વધારીને 42 ટકા કરવો જોઇએ. પંદરમા નાણા પંચ મુજબ વર્ષ 2020-21 અને 2021-22થી 2025-26 માટે, કેન્દ્રીય કરવેરાની આવકમાં રાજ્યનો હિસ્સો કેન્દ્ર સરકારની કરવેરાની આવકના 41 ટકા નક્કી થયો હતો.

14માં નાણા પંચ મુજબ 2015-20ના સમયગાળા માટે કેન્દ્રીય કર અને સેવા કરની ચોખ્ખી આવકમાં ગુજરાતનો હિસ્સો અનુક્રમે 3.084 ટકા અને 3.172 ટકા નક્કી કરવામાં આવ્યો હતો.

કેન્દ્રીય કરની ચોખ્ખી આવકમાં રાજ્યનો હિસ્સો 2020-21 દરમિયાન 3.398 ટકા અને 2021-23ના સમયગાળા માટે 3.478 ટકા નક્કી કરવામાં આવ્યો હતો.

2010-23ના સમયગાળા માટે નાણા પંચના અનુમાનોની સામે ખરેખર તબદીલી **કોઠા 2.11**માં દર્શાવી છે.

કોઠો 2.11: કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો: નાણા પંચના અનુમાનોની સામે ખરેખર તબદીલીઓ

(₹ કરોડમાં)

વર્ષ	નાણા પંચના અનુમાનો	નાણા પંચના અહેવાલમાં અનુમાનો	કરની ખરેખર તબદીલીઓ	તફાવત
1	2	3	4	5= 4–3
2010-11	સેવા કર સિવાય - 3.041 ટકા અને સેવા કર- 3.089 ટકા (13મું નાણા પંચ)	6,201	6,679	478
2011-12		7,273	7,780	507
2012-13		8,578	8,869	291
2013-14		10,119	9,702	(-)417
2014-15		11,936	10,296	(-)1,640
2015-16	સેવા કર સિવાય - 3.084 ટકા અને સેવા કર- 3.172 ટકા (14મું નાણા પંચ)	17,960	15,691	(-)2,269
2016-17		20,728	18,835	(-)1,893
2017-18		23,953	20,782	(-)3,171
2018-19		27,712	23,489	(-)4,223
2019-20		32,100	20,232	(-)11,868
2020-21	3.398 ટકા (2020-21 માટે 15મું નાણા પંચ)	29,059	20,219	(-)8,840
2021-22	3.478 ટકા (2021-26 માટે 15મું નાણા પંચ)	22,906	31,106	8,200
2022-23		25,481	33,034	7,553

સ્રોત: નાણા પંચના સંબંધિત અહેવાલ અને સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય અહેવાલો.

ઉપર મુજબ, એવુ જોઇ શકાય છે કે અનુમાનો કરતાં 2022-23 માં ખરેખર તબદીલીઓ ₹ 7,553 કરોડ જેટલી વધારે હતી.

2018-23 દરમિયાન કેન્દ્રીય કરની તબદીલીઓના મુખ્ય ઘટકો **કોઠા 2.12**માં દર્શાવ્યા છે.

કોઠો 2.12: કેન્દ્રીય કરની તબદીલીઓના ઘટકો

(₹ કરોડમાં)

વિગતો	2018-19	2019-20	2020-21	2021-22	2022-23	પાછલા વર્ષની તુલનાએ ફેરફારની ટકાવારી
પ્રત્યક્ષ કર						
કોર્પોરેશન કર	8,167.69	6,898.37	6,083.86	9,242.59	11,079.34	*19.87*
કોર્પોરેશન કર સિવાયની આવક પર કર	6,015.16	5,405.35	6,235.13	9,158.49	10,810.28	*18.04*
સંપત્તિ વેરો	2.99	0.30	0.00	1.90	0.00	*(-)100.00*
પેટા સરવાળો	**14,185.84**	**12,304.02**	**12,318.99**	**18,402.98**	**21,889.62**	***18.95***
અપ્રત્યક્ષ કર						
કેન્દ્રીય માલ અને સેવા કર	5,796.85	5,741.16	6,030.60	8,815.20	9,332.69	*5.87*
સંકલિત માલ અને સેવા કર	462.60	0.00	0.00	0.00	0.00	*લાગુ નથી*
સીમા શુલ્ક	1,664.83	1,282.45	1,088.95	2,243.09	1,298.32	*(-)42.12*
કેન્દ્રીય આબકારી	1,106.37	891.64	681.76	1,229.22	407.36	*(-)66.86*
સેવા કર	218.18	0.00	84.49	384.47	51.65	*(-)86.57*
અન્ય	54.66	12.82	13.74	30.82	54.36	*76.38*
પેટા સરવાળો	**9,303.49**	**7,928.07**	**7,899.54**	**12,702.80**	**11,144.38**	***(-)12.27***
કુલ	**23,489.33**	**20,232.09**	**20,218.53**	**31,105.78**	**33,034.00**	***6.20***
પાછલા વર્ષની તુલનાએ વધારો ટકાવારીમાં	*13.03*	*(-)13.87*	*(-)0.07*	*53.85*	*6.20*	
મહેસૂલી આવકની ટકાવારી રૂપે કેન્દ્રીય કરની તબદીલીઓ	*17.27*	*14.16*	*15.78*	*18.65*	*16.57*	

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

2022-23માં ₹ 33,034 કરોડની કેન્દ્રીય કર તબદીલીઓએ પાછલા વર્ષની તુલનાએ 6.20 ટકાનો વધારો નોંધાવ્યો હતો. પાછલા વર્ષની તુલનાએ પ્રત્યક્ષ કર 18.95 ટકા જેટલો વધ્યો હતો જ્યારે અપ્રત્યક્ષ કર 12.27 ટકા ઘટ્યો હતો. કોર્પોરેશન કર; કોર્પોરેશન કર સિવાયનો કર; અને કેન્દ્રીય માલ અને સેવા કરની આવકમાં તબદીલીઓ પાછલા વર્ષ કરતાં વધારે હતી.

ભારત સરકાર તરફથી સહાયક અનુદાન

ભારત સરકાર તરફથી 2018-23 દરમિયાન મળેલા સહાયક અનુદાનના ઘટકો **કોઠા 2.13**માં દર્શાવ્યા છે.

કોઠો 2.13: ભારત સરકાર તરફથી સહાયક અનુદાન

(₹ કરોડમાં)

વિગતો	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ	8,784.58	8,724.64	8,166.58	9,450.08	9,549.86
નાણા પંચના અનુદાનો	3,313.36	5,040.24	5,672.50	4,002.42	5,304.63
અન્ય અનુદાનો (માલ અને સેવા કરના વળતર સહિત)	6,894.54	11,735.14	13,339.21	10,575.09	8,276.64
કુલ	**18,992.48**	**25,500.02**	**27,178.29**	**24,027.59**	**23,131.13**
પાછલા વર્ષની તુલનાએ ટકાવારીમાં વધારો	*19.56*	*34.26*	*6.58*	*(-)11.59*	*(-)3.73*
મહેસૂલી આવકની ટકાવારીની રીતે કુલ સહાયક અનુદાન	*13.96*	*17.85*	*21.21*	*14.40*	*11.60*

સોતઃ સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ભારત સરકાર તરફથી સહાયક અનુદાન 2018-19માં ₹ 18,992.48 કરોડ હતું તે 2020-21માં વધીને ₹ 27,178.29 કરોડ થયું હતું, પરંતુ ત્યારબાદ ઘટીને 2022-23 માં ₹ 23,131.13 કરોડ થયું હતું.

ભારત તરફથી સહાયક અનુદાન પાછલા વર્ષની તુલનાએ 2022-23માં ₹ 896.46 કરોડ (3.73 ટકા) જેટલું ઘટ્યુ હતું. આ ઘટાડો મુખ્યત્વે અન્ય અનુદાનો (માલ અને સેવા કરના વળતર સહિત) હેઠળ અનુદાનની ઓછી આવકના કારણે થયો હતો.

કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે અનુદાનો

કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે 2022-23માં મળેલા ₹ 9,549.86 કરોડના અનુદાનો પૈકી મોટી રકમો અહીં આપવામાં આવી હતી:

- સમગ્ર શિક્ષા - ₹ 1,321.25 કરોડ (₹ 893.76 કરોડ 2021-22 માં)
- સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 - ₹ 912.64 કરોડ (₹ 839.86 કરોડ 2021-22માં)
- પ્રધાન મંત્રી આવાસ યોજના - ₹ 911.74 કરોડ (₹ 687.29 કરોડ 2021-22માં)
- રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમ અને રાષ્ટ્રીય શહેરી આરોગ્ય મિશન - ₹ 901.72 કરોડ (2021-22માં શૂન્ય)
- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ ગેરંટી યોજના - ₹ 683.57 કરોડ (₹ 455.69 કરોડ 2021-22માં)

- શહેરી કાયાકલ્પ મિશન - ₹ 602.73 કરોડ (2021-22માં શૂન્ય)

એકલ નોડલ એજન્સી (Single Nodal Agency)

ભારત સરકારના નણા મંત્રાલયે તારીખ 23-03-2021ના પત્ર સંખ્યા 1(13)PFMS/FCD/2020થી એકલ નોડલ એજન્સી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત યોજના માટે ભંડોળ છૂટું કરવા માટેની અને એકલ નોડલ એજન્સી દ્વારા ભંડોળના ઉપયોગ પર દેખરેખની પધ્ધતિ જાહેર કરી હતી. પ્રત્યેક કેન્દ્ર પુરસ્કૃત યોજના માટે રાજ્ય સરકાર દ્વારા સરકારી વ્યવહારો કરવા માટે અનુસૂચિત વાણિજ્યિક બેંકોમાં તેના પોતાના બેંક ખાતુ ધરાવતી એકલ નોડલ એજન્સીની સ્થાપના કરવામાં આવે છે. કાર્યપ્રણાલી પ્રમાણે, રાજ્ય સરકારે તેના ખાતામાં આવેલો કેન્દ્રીય હિસ્સો અનુરૂપ રાજ્યના હિસ્સા સહિત સંબંધિત એકલ નોડલ એજન્સીના ખાતામાં તબદીલ કરવાનો હોય છે.

વર્ષ દરમિયાન કેન્દ્રના હિસ્સા તરીકે ₹ 8,664.38 કરોડ રાજ્ય સરકારને તેના તિજોરી ખાતામાં મળ્યા હતાં. 31 માર્ચ 2023ની સ્થિતિએ, રાજ્ય સરકારે તિજોરી ખાતામાં મળેલા કેન્દ્ર સરકારના હિસ્સાના ₹ 8,867.71 કરોડ (₹ 203.33 કરોડ પાછલા વર્ષના અને 2022-23ના ₹ 8,664.38 કરોડ) અને રાજ્યના હિસ્સાના ₹ 9,048.92 કરોડ એકલ નોડલ એજન્સીઓને તબદીલ કર્યાં હતાં. ખરેખર ખર્ચના વિગતવાર વાઉચરો અને સહાયક દસ્તાવેજો એકલ નોડલ એજન્સીઓ તરફથી મહાલેખાકાર કચેરીને મળ્યા ન હતાં. PFMS SNA-01 અહેવાલ મુજબ, 31 માર્ચ 2023ના રોજ ₹ 8,231.79 કરોડ એકલ નોડલ એજન્સીઓના બેંક ખાતાઓમાં વણવપરાયેલા પડ્યા છે.

પંદરમા નાણા પંચના અનુદાન

15માં નાણા પંચે ચાર પ્રકારના સહાયક અનુદાન એટલે કે સ્થાનિક સંસ્થાઓનુ સશક્તિકરણ, હોનારતના જોખમનુ વ્યવસ્થાપન, વહેંચણી બાદની મહેસૂલી ખાધ અને વિશેષ અનુદાન; અને આરોગ્ય માટે અનુદાનની બાબતમાં રાજ્યોને ભંડોળની તબદીલીની ભલામણ કરી હતી. 2022-23 દરમિયાન, ભારત સરકાર તરફથી ગુજરાત સરકારને ત્રણ પ્રકારના અનુદાન મળ્યા હતાં. મહેસૂલી પુરાંત વાળુ રાજ્ય હોવાથી, વહેંચણી બાદની મહેસૂલી ખાધ અને વિશેષ અનુદાન પેટે અનુદાન મેળવવા માટે રાજ્ય સરકાર પાત્ર ન હતી. અન્ય ત્રણ અનુદાનો પેટે, 15માં નાણા પંચ દ્વારા ભલામણ થયેલી ₹ 5,670 કરોડની રકમની સામે વર્ષ 2022-23માં રાજ્ય સરકારને કુલ ₹ 4,375 કરોડ મળ્યા હતાં.

15માં નાણા પંચ દ્વારા ભલામણ થયેલી રકમોની સામે 2022-23 દરમિયાન મળેલી રકમોની વિગતો **કોઠા 2.14**માં દર્શાવી છે.

કોઠો 2.14: 15માં નાણા પંચ દ્વારા ભલામણ થયેલી રકમોની સામે રાજ્ય સરકારને મળેલી રકમોની વિગતો

(₹ કરોડમાં)

અનુદાનનું નામ	15માં નાણા પંચની ભલામણ	ભારત સરકાર દ્વારા ખરેખર છૂટી કરાયેલ	રાજ્ય સરકાર દ્વારા છૂટી કરાયેલ	15માં નાણા પંચે ભલામણ કરેલી રકમ અને ભારત સરકારે છૂડી કરેલી રકમ વચ્ચેનો તફાવત
	2022-23	2022-23	2022-23	2022-23
સ્થાનિક સંસ્થાઓ માટે અનુદાન	**3,651.00**	**3,312.50**	**3,312.50**	**338.50**
પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગને અનુદાન	2,446.00	2,446.00	2,446.00	0.00
(a) સામાન્ય પાયાનુ (છુટ્ટું) અનુદાન (સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ)	978.40	978.40	978.40	0.00
(b) બંધનકર્તા અનુદાન (સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ)	1,467.60	1,467.60	1,467.60	0.00
શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગને અનુદાન	**1,205.00**	**866.50**	**866.50**	**338.50**
(a) દસ લાખથી વધુ વસ્તીવાળા શહેરો – હવાની ગુણવત્તાનું અનુદાન	212.00	159.00	159.00	53.00
(b) દસ લાખથી વધુ વસ્તી વાળા શહેરો- સેવા સ્તરના બેન્ચમાર્કનું અનુદાન	422.00	422.00	422.00	0.00
(c) દસ લાખથી વધુ વસ્તી વાળા શહેરો સિવાયના - પાયાનું અનુદાન (40%)	228.40	114.20	114.20	114.20
(d) દસ લાખથી વધુ વસ્તી વાળા શહેરો સિવાયના- બંધનકર્તા અનુદાન (60%) 30% સ્વચ્છતા ધન કચરાના વ્યવસ્થાપન માટે અનુદાન અને 30% પીવાના પાણી માટે (વરસાદી પાણીના સંગ્રહ અને પુનઃઉપયોગ સહિત) અનુદાન	342.60	171.30	171.30	171.30
મહેસૂલ વિભાગને અનુદાન	**1,390.00**	**695.00**	**695.00**	**695.00**
(a) રાજ્ય આપદા રાહત ભંડોળ – કેન્દ્રનો હિસ્સો	1,390.00	695.00	695.00	695.00
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને અનુદાન	**629.22**	**367.32**	**367.32**	**261.90**
(a) પ્રાથમિક આરોગ્ય સંભાળ સુવિધાઓ-પેટા કેન્દ્રોને રોગનિદાન માળખા માટે સહાય	67.49	67.49	67.49	0.00

અનુદાનનું નામ	15માં નાણા પંચની ભલામણ	ભારત સરકાર દ્વારા ખરેખર છૂટી કરાયેલ	રાજ્ય સરકાર દ્વારા છૂટી કરાયેલ	15માં નાણા પંચે ભલામણ કરેલી રકમ અને ભારત સરકારે છૂડી કરેલી રકમ વચ્ચેનો તફાવત
	2022-23	2022-23	2022-23	2022-23
(b) પ્રાથમિક આરોગ્ય સંભાળ સુવિધાઓ-પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને રોગનિદાન માળખા માટે સહાય	71.88	71.88	71.88	0.00
(c) બ્લોક સ્તરના જાહેર આરોગ્ય એકમો સ્થાપવા માટે નાણાકીય આવશ્યકતા	50.31	50.31	50.31	0.00
(d) મકાન વગરના પેટા-કેન્દ્રો, જાહેર આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો માટે અનુદાન	1.17	0.00	0.00	1.17
(e) ગ્રામ્ય જાહેર આરોગ્ય કેન્દ્રો અને પેટા-કેન્દ્રોનું આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોમાં રૂપાંતર કરવા માટે નાણાકીય જરૂરીયાત	160.01	160.01	160.01	0.00
(f) શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પ્રાથમિક આરોગ્ય સુવિધાઓને લગતા રોગનિદાન માળખા માટે સહાય	17.63	17.63	17.63	0.00
(g) શહેરી આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો (UHWCs) માટે અનુદાન	260.73	0.00	0.00	260.73
એકંદર કુલ	**5,670.22**	**4,374.82**	**4,374.82**	**1,295.40**

સ્રોત: ગુજરાત સરકારનો નાણા વિભાગ.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે રાજ્ય સરકારને રાજ્ય આપદા રાહત ભંડોળ; દસ લાખથી વધુ વસ્તી વાળા શહેરો-હવાની ગુણવત્તાનું અનુદાન; દસ લાખથી વધુ વસ્તી સિવાયના શહેરો - પાયાનું અનુદાન (40%), દસ લાખથી વધુ વસ્તી સિવાયના શહેરો -બંધનકર્તા અનુદાન; મકાન વગરના પેટા-કેન્દ્રો, જાહેર આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો માટે અનુદાન; અને શહેરી આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો (UHWCs) માટે અનુદાન હેઠળ 15માં નાણા પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણ કરતાં ઓછુ અનુદાન મળ્યુ હતું.

નાણા વિભાગે જણાવ્યું હતું કે (સપ્ટેમ્બર 2023) દસ લાખથી અધિક વસ્તીવાળા શહેરો-હવાની ગુણવત્તા અનુદાન હેઠળ ઓછી આવક, વડોદરા મહાનગરપાલિકા દ્વારા હવાની શુધ્ધતા બાબતના ધોરણો હેઠળ ઓછા માર્ક મેળવવાને કારણે ઓછી આવક થઇ હતી. તેમણે એવું પણ જણાવ્યું હતું કે (ડિસેમ્બર 2023) કે રાજ્ય આપદા રાહત ભંડોળ હેઠળ ₹ 695 કરોડનો બાકીનો કેન્દ્રનો હિસ્સો મે 2023 અને જૂલાઇ 2023માં મળ્યો હતો. અન્ય અનુદાનની ઓછી આવક માટેના કારણો નાણા વિભાગ દ્વારા રજૂ કરવામાં આવ્યાં ન હતાં.

રાજ્યનું નાણા પંચ

બંધારણની કલમ 243 I, રાજ્ય સરકાર માટે 73મો બંધારણીય સુધારો પસાર થયાના એક વર્ષની અંદર અને ત્યારબાદ દર પાંચ વર્ષ પૂર્ણ થયા પહેલા, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની નાણાકીય સ્થિતિની સમીક્ષા કરવા અને ભંડોળની સોંપણી કરવા માટે રાજ્યપાલને ભલામણ કરવા, રાજ્ય નાણા પંચની રચના કરવાનું ફરજીયાત બનાવે છે.

નાણા પંચની રચના, તેમના દ્વારા કરવામાં આવેલી ભલામણો અને ગુજરાત સરકાર દ્વારા સ્વીકારાયેલી અને અમલ કરવામાં આવેલી ભલામણોની સ્થિતિ **કોઠા 2.15**માં દર્શાવી છે.

કોઠો 2.15: રાજ્ય નાણા પંચની રચના, તેમના દ્વારા કરવામાં આવેલી ભલામણો અને ગુજરાત સરકાર દ્વારા સ્વીકારાયેલી અને અમલ કરવામાં આવેલી ભલામણોની સ્થિતિ

વિભાગો	રાજ્યનું નાણા પંચ	રચનાનું વર્ષ	ભલામણોની સંખ્યા		
			રાજ્ય નાણા પંચ દ્વારા કરવામાં આવેલી	રાજ્ય સરકાર દ્વારા સ્વીકારાયેલી	રાજ્ય સરકાર દ્વારા અમલ કરાયેલી
પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ	પ્રથમ	1994	52	27	27
	દ્વિતીય	2003	41	21	21
	તૃતીય	2011	33	22	13
શહેરી વિકાસ અને શહેરી આવાસન	પ્રથમ	1994	64	53	34
	દ્વિતીય	2003	42	20	14
	તૃતીય	2011	37	24	ઑડિટને માહિતી આપવામાં આવી નથી.

સોત: ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ અને શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી

ત્રીજા રાજ્ય નાણા પંચની ભલામણો (ડિસેમ્બર 2013) પરનો કાર્યવાહી અહેવાલ (ATR) 31 માર્ચ 2021ના રોજ રાજ્ય વિધાનસભા સમક્ષ મૂકવામાં આવ્યો હતો. ચોથું, પાંચમું અને છઠું નાણા પંચ જે અનુક્રમે 2009-10, 2014-15 અને 2019-20માં ગઠિત થવાનું હતું તે હજી, જાન્યુઆરી 2024ની સ્થિતિએ રાજ્ય સરકાર ધ્વારા ગઠિત થવાનું બાકી હતું.

2.3.3 મૂડી આવક

મૂડી આવકમાં પ્રકીર્ણ મૂડી આવકો જેવી કે વિનિવેશમાંથી ઉપજેલી રકમ, લોન અને પેશગીઓની વસૂલાત, આંતરિક સોતોમાંથી ઋણની આવક (બજારની લોન, નાણાકીય સંસ્થાઓ/વાણિજ્યિક બેંકો પાસેથી ધિરાણ) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ સામેલ હોય છે. જાહેર ઋણ ભરપાઇ કર્યા બાદની ચોખ્ખી જાહેર ઋણની આવક વત્તા અન્ય મૂડી આવક એ ચોખ્ખી મૂડી આવક છે.

નીચેનો કોઠો ચોખ્ખી મૂડી આવકના ઘટકો અને વૃધ્ધિના વલણો દર્શાવે છે.

કોઠો 2.16: ચોખ્ખી મૂડી આવકના ઘટકો અને વૃધ્ધિના વલણો

(₹ કરોડમાં)

રાજ્યની મૂડી આવકના સ્રોતો	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
મૂડી આવક	**43,362**	**43,927**	**68,981**	**47,123**	**52,587**
જાહેર ઋણની આવક	43,146	43,491	58,857	46,968	52,333
જાહેર ઋણની પરત ચૂકવણી	15,432	16,702	17,922	24,436	22,159
ચોખ્ખી જાહેર ઋણની આવક	**27,714**	**26,789**	**40,935**	**22,532**	**30,174**
પરચૂરણ મૂડી આવક	65	106	9,968	0	0
લોન અને પેશગીઓની વસૂલાત	151	330	155	155	254
બિન-ઋણ મૂડી આવક	**216**	**436**	**10,124**	**155**	**254**
ચોખ્ખી મૂડી આવક	**27,930**	**27,225**	**51,059**	**22,687**	**30,428**
આંતરિક ઋણમાં ચોખ્ખો વધારો	26,231	26,786	30,369	9,775	25,472
ચોખ્ખા આંતરિક ઋણનો વૃધ્ધિ દર (ટકા)	*89.09*	*2.12*	*13.38*	*(-)67.81*	*160.58*
ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓમાં ચોખ્ખો વધારો	1,483	3	10,566	12,757	4,702
વૃધ્ધિ દર (ટકા)	*(-)339.58*	*(-)99.80*	*-*[4]	*20.74*	*(-) 63.14*
ઋણ મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા)	*109.11*	*(-)3.34*	*52.81*	*(-)44.96*	*33.92*
બિન-ઋણ મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા)	*(-)37.57*	*101.85*	*-*[4]	*(-)98.47*	*63.87*
રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા)	*12.27*	*8.38*	*1.21*	*19.60*	*15.54*
ચોખ્ખી મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા)	*105.38*	*(-)2.52*	*87.54*	*(-)55.57*	*34.12*

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

પાછલા વર્ષની તુલનાએ 2022-23માં મૂડી આવક ₹ 5,464 કરોડ (11.60 ટકા) જેટલી વધી હતી. પાછલા વર્ષની તુલનાએ જાહેર ઋણની આવક ₹ 5,365 કરોડ (11.42 ટકા) વધી હતી જેનું મુખ્ય કારણ બજાર લોન હેઠળ અધિક આવક હતું. જાહેર ઋણની ચૂકવણીમાં પાછલા વર્ષ ની તુલનાએ ₹ 2,277 કરોડનો (9.32 ટકાનો) ઘટાડો થયો હતો.

2.3.4 સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરી

સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરીની આકારણી 2022-23 દરમિયાન પોતાના સંસાધનો જેમાં તેની પોતાની કર અને બિન-કર આવકનો સમાવેશ થાય છે તેના રૂપમાં થાય છે.

[4] પાછલા વર્ષની તુલનાએ પરચૂરણ મૂડી આવકમાં અને ભારત સરકાર તરફથી ચોખ્ખી લોન અને પેશગીઓમાં અસાધારણ વધારા (ફેરફાર) ના કારણે ટકાવારીમાં વૃધ્ધિનો દર અહીં દર્શાવ્યો નથી.

કોઠો 2.17: 2022-23 માટે અનુમાનોની સામે કર અને બિન-કર આવકની પ્રાપ્તિ

(₹ કરોડમાં)

	અંદાજપત્રીય અંદાજો	15માં નાણા પંચના અનુમાનો	ખરેખર	આની સામે ખરેખર મૂલ્યોમાં ફેરફારની ટકાવારી	
				અંદાજપત્રીય અંદાજો	15માં નાણા પંચના અંદાજો
પોતાની કર આવક	1,19,883	90,122	1,24,809	4.11	38.49
બિન-કર આવક	17,762	16,232	18,434	3.78	13.57

સોતઃ 2022-23ના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો, 15માં નાણા પંચનો 2021-26 માટેનો અહેવાલ અને ગુજરાત સરકારનું વર્ષ 2022-23 માટેનું અંદાજપત્રીય પ્રકાશન સંખ્યા 1.

જોઇ શકાય છે એ મુજબ, અંદાજપત્રીય અંદાજો અને 15માં નાણા પંચમાં નિર્ધારિત પોતાની કર આવક અને બિન-કર આવક એમ બન્ને માટેના લક્ષ્યાંકો રાજ્ય સરકારે પ્રાપ્ત કર્યા છે.

2.4 સંસાધનોનો ઉપયોગ

રાજ્ય સરકારને રાજકોષીય જવાબદારીના કાયદાઓના માળખામાં રહીને ખર્ચ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે, સાથે એ પણ સુનિશ્ચિત કરવાનું હોય છે કે રાજ્યની રાજકોષીય સુધારા અને એકીકરણની ચાલી રહેલ પ્રક્રિયા, મૂડીગત માળખાના વિકાસ અને સામાજીક ક્ષેત્રના વિકાસ પરત્વે નિર્દિષ્ટ ખર્ચના ભોગે ન હોય.

2.4.1 ખર્ચની વૃધ્ધિ અને બંધારણ

મહેસૂલી ખર્ચઃ જાળવણી, મરામત, નિભાવ, અદ્યતન અને કામગીરી ચાલુ રાખવાનો ખર્ચ જે અસ્ક્યામતોને ચાલુ સ્થિતિમાં જાળવી રાખવા માટે આવશ્યક છે, અને સ્થાપના અને વહીવટી ખર્ચ સહિત સંસ્થાની રોજબરોજની કામગીરી ચાલુ રાખવા માટે કરવામાં આવેલ અન્ય ખર્ચનું પણ મહેસૂલી ખર્ચ તરીકે વર્ગીકરણ કરવામાં આવે છે.

મૂડી ખર્ચઃ યોજનાના પ્રથમ બાંધકામ માટેનો તમામ ખર્ચ તેમજ તેને સેવા માટે ખુલ્લુ મુકવામાં આવે તે પહેલાં કામની મધ્યવર્તી જાળવણી માટેનો ખર્ચ અને સક્ષમ અધિકારી દ્વારા ઘડવામાં આવેલા નિયમો હેઠળ મંજૂર કરવામાં આવેલ હોય એ મુજબ આવા સુધારા-વધારા માટેના ખર્ચને મૂડી ખર્ચ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

લોન અને પેશગીઓઃ સરકાર દ્વારા જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને અન્ય પક્ષકારોને લોન અને પેશગીઓ.

કુલ ખર્ચ, તેનું બંધારણ અને છેલ્લા પાંચ વર્ષ (2018-23) દરમિયાન રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની સાપેક્ષમાં હિસ્સો **કોઠા 2.18**માં રજૂ કરવામાં આવ્યો છે.

કોઠો 2.18: કુલ ખર્ચ અને તેનું બંધારણ

(₹ કરોડમાં)

પરિબળો	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
કુલ ખર્ચ	**1,62,583**	**1,67,861**	**1,78,718**	**1,89,677**	**2,16,508**
મહેસૂલી ખર્ચ	1,32,790	1,40,899	1,50,704	1,60,421	1,79,543
મૂડી ખર્ચ	28,062	25,650	26,781	28,185	35,499
લોન અને પેશગીઓ	1,731	1,312	1,233	1,071	1,466
રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે					
કુલ ખર્ચ/GSDP	10.90	10.38	10.92	9.69	9.57
મહેસૂલી ખર્ચ/GSDP	8.90	8.71	9.21	8.19	7.94
મૂડી ખર્ચ/GSDP	1.88	1.59	1.64	1.44	1.57
લોન અને પેશગીઓ/ GSDP	0.12	0.08	0.08	0.05	0.06

સોતઃ સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

કોઠો 2.18 દર્શાવે છે કે, રાજ્યનો કુલ ખર્ચ 2018-19માં ₹ 1,62,583 કરોડ હતો તે 33.17 ટકા જેટલો વધીને 2022-23માં ₹ 2,16,508 કરોડ થયો હતો. વર્ષ 2022-23 દરમિયાન, તે પાછલા વર્ષ કરતાં 14.15 ટકા જેટલો વધ્યો હતો. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે, પાંચ વર્ષના સમયગાળા (2018-23) દરમિયાન 2022-23માં કુલ ખર્ચ 9.57 ટકાએ સૌથી નીચો રહ્યો હતો. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદન ની ટકાવારીની રીતે મહેસૂલી ખર્ચ 2018-19માં 8.90 ટકા હતો તે ઘટીને 2022-23માં 7.94 ટકા થયો હતો.

આલેખ 2.8 કુલ ખર્ચના ઘટકોના હિસ્સાનું વલણ દર્શાવે છે.

આલેખ 2.8: કુલ ખર્ચના ઘટકોના હિસ્સાનું વલણ

સોતઃ સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરનો આલેખ દર્શાવે છે કે, 2018-23 દરમિયાન કુલ ખર્ચનો મુખ્ય ઘટક મહેસૂલી ખર્ચ હતો. 2022-23 દરમિયાન, કુલ ખર્ચમાં મહેસૂલી ખર્ચનો હિસ્સો 82.93 ટકા જેટલો હતો. કુલ ખર્ચમાં મૂડી ખર્ચનો હિસ્સો 2021-22માં 14.86 ટકા હતો તે 2022-23માં વધીને 16.40 ટકા થયો હતો.

2018-23 દરમિયાન સામાન્ય સેવાઓ, સામાજીક સેવાઓ, આર્થિક સેવાઓ, સહાયક અનુદાન અને લોન અને પેશગીઓ જેવી પ્રવૃત્તિઓની રીતે કુલ ખર્ચના વલણો **કોઠા 2.19** માં દર્શાવ્યા છે.

કોઠો 2.19: પ્રવૃત્તિઓની રીતે કુલ ખર્ચના વલણો

(હિસ્સો ટકામાં)

પ્રવૃત્તિઓ	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
સામાન્ય સેવાઓ	29.79	29.71	29.41	30.04	28.68
સામાજીક સેવાઓ	37.51	38.94	37.97	40.40	40.61
આર્થિક સેવાઓ	31.41	30.32	31.71	28.78	29.81
લોન અને પેશગીઓ	1.06	0.78	0.69	0.56	0.68
સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને પંચાયતી રાજની સંસ્થાઓને સહાયક અનુદાન અને ફાળો	0.23	0.25	0.22	0.22	0.22

સોતઃ સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

સામાન્ય, સામાજીક અને આર્થિક સેવાઓના સંબંધિત હિસ્સામાં ફેરફારે, 2018-23 દરમિયાન, નજીવી આંતર-વર્ષ વધઘટ સાથે સ્થિરતા દર્શાવી હતી. 2018-19ની સરખામણીએ, સામાજીક સેવાઓનો હિસ્સો 3.10 ટકા જેટલો વધ્યો હતો જ્યારે એ જ સમયગાળા દરમિયાન આર્થિક સેવાઓનો હિસ્સો 1.60 ટકા જેટલો ઘટ્યો હતો.

2.4.2 મહેસૂલી ખર્ચ

સેવાઓનું વર્તમાન સ્તર જાળવી રાખવા અને અગાઉની જવાબદારીઓની ચૂકવણીઓ કરવા માટે મહેસૂલી ખર્ચ કરવામાં આવે છે. આમ, તે રાજ્યના માળખા અને સેવાના માળખામાં કોઇ પરિણામલક્ષી ઉમેરો કરતું નથી.

2018-23 દરમિયાન એકંદર મહેસૂલી ખર્ચ, તેનો વૃધ્ધિ દર, કુલ ખર્ચ સામે તેનો ગુણોત્તર અને રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદન અને મહેસૂલી આવકની સામે એની તરલતાની વિગતો **કોઠા 2.20 માં** દર્શાવ્યા મુજબ છે.

કોઠો 2.20: મહેસૂલી ખર્ચના વલણો

	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
કુલ ખર્ચ (₹ કરોડમાં)	1,62,583	1,67,861	1,78,718	1,89,677	2,16,508
મહેસૂલી ખર્ચ (₹ કરોડમાં)	**1,32,790**	**1,40,899**	**1,50,704**	**1,60,421**	**1,79,543**
પાછલા વર્ષની તુલનાએ મહેસૂલી ખર્ચની વૃધ્ધિ (ટકા)	12.48	6.11	6.96	6.45	11.92
મહેસૂલી ખર્ચ/કુલ ખર્ચ (ટકા)	81.68	83.94	84.33	84.58	82.93
મહેસૂલી ખર્ચ/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા)	8.90	8.71	9.21	8.19	7.94
મહેસૂલી ખર્ચ/મહેસૂલી આવક (ટકા)	97.64	98.64	117.59	96.16	90.04
આની સાથે મહેસૂલી ખર્ચની તરલતા					
રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન	1.02	0.73	5.75	0.33	0.77
મહેસૂલી આવક	1.21	1.21	-*	0.21	0.61

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

* 2020-21માં મહેસૂલી આવકની વૃધ્ધિ નકારાત્મક હોવાથી તરલતા ગણી શકાતી નથી.

મહેસૂલી ખર્ચ 2018-19માં ₹ 1,32,790 કરોડ હતો તે સતત વધતો રહીને પાછલા વર્ષની તુલનાએ 2022-23 દરમિયાન ₹ 19,122 કરોડના (11.92 ટકાના) વધારા સાથે 2022-23માં ₹ 1,79,543 કરોડ થયો હતો. પાછલા વર્ષની તુલનાએ 2022-23માં મહેસૂલી ખર્ચમાં થયેલો વધારો મુખ્યત્વે સામાન્ય શિક્ષણમાં ₹ 4,574 કરોડ જેટલો; અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો ₹ 2,563 કરોડ જેટલો; પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભોમાં ₹ 2,275 કરોડ; શહેરી વિકાસ ₹ 2,090 કરોડ; ઊર્જા ₹ 1,697 કરોડ અને માર્ગ પરિવહન પર ₹ 1,072 કરોડ જેટલા અધિક ખર્ચના કારણે થયો હતો.

વર્ષ 2022-23માં, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે મહેસૂલી ખર્ચ 7.94 ટકા હતો અને મહેસૂલી આવકની ટકાવારીની રીતે 90.04 ટકા હતો જે 2018-23ના સમયગાળા દરમિયાન સૌથી નીચો હતો.

2022-23 દરમિયાન મહેસૂલી ખર્ચની ક્ષેત્ર-વાર વહેંચણી **આલેખ 2.9માં** દર્શાવી છે.

આલેખ 2.9: 2022-23 દરમિયાન મહેસૂલી ખર્ચની ક્ષેત્ર-વાર વહેંચણી (ટકામાં)



સ્રોત: 2022-23 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

2.4.2.1 મહેસૂલી ખર્ચમાં મુખ્ય ફેરફારો

કોઠો 2.21 ચાલુ વર્ષ અને અગાઉના વર્ષ દરમિયાન રાજ્યના મહેસૂલી ખર્ચની બાબતમાં વિભિન્ન હિસાબી સદરો હેઠળ થયેલા નોંધપાત્ર ફેરફારોની વિગતો દર્શાવે છે.

કોઠો 2.21: 2021-22ની સરખામણીએ 2022-23 દરમિયાન મહેસૂલી ખર્ચમાં ફેરફારો

(₹ કરોડમાં)

હિસાબનું મુખ્ય સદર	2021-22	2022-23	ફેરફાર	
			રકમ	ટકા
2202- સામાન્ય શિક્ષણ	26,082.23	30,656.04	4,573.81	*17.54*
2515- અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો	2,502.49	5,065.16	2,562.67	*102.40*
2071- પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો	20,160.26	22,435.20	2,274.94	*11.28*
2217- શહેરી વિકાસ	9,961.18	12,051.04	2,089.86	*20.98*
2801- ઊર્જા	10,331.44	12,028.55	1,697.11	*16.43*
3055- માર્ગ પરિવહન	601.19	1,673.25	1,072.06	*178.32*
2235- સામાજીક સુરક્ષા અને કલ્યાણ	3,279.50	4,237.92	958.42	*29.22*
2225- અનુસૂચિત જાતિ, અનસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓનું કલ્યાણ	4,055.81	4,917.18	861.37	*21.24*
2055- પોલીસ	5,143.99	5,893.43	749.44	*14.57*
3456- નાગરિક પુરવઠો	1,058.96	1,789.78	730.82	*69.01*
2505- ગ્રામ્ય રોજગાર	697.64	1,340.81	643.17	*92.19*
2425- સહકાર	1,307.26	1,870.75	563.49	*43.10*
2236- પોષણ	3,265.30	3,793.19	527.89	*16.17*

હિસાબનું મુખ્ય સદર	2021-22	2022-23	ફેરફાર	
			રકમ	ટકા
2048- ઋણમાં ઘટાડો અથવા નિવારણ માટે વિનિયોગ	1,500.00	2,000.00	500.00	*33.33*
2245- કુદરતી આપદાના હિસાબે રાહત	2,843.09	1,553.53	(-) 1,289.56	(-) *45.36*
2210- તબીબી અને જાહેર આરોગ્ય	10,324.56	8,501.49	(-) 1,823.07	(-) 17.66

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરનો કોઠો દર્શાવે છે કે સામાન્ય શિક્ષણ; અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો; પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો; અને શહેરી વિકાસ હેઠળના મહેસૂલી ખર્ચમાં વર્ષ દરમિયાન વધારો થયો હતો, જે મુખ્યત્વે અનુક્રમે શિક્ષકો અને અન્ય સેવાઓ પરનો ખર્ચ; સામૂહિક વિકાસ પરનો ખર્ચ; વયનિવૃત્તિ અને નિવૃત્તિ ભથ્થા; અને મહાનગર પાલિકાઓ અને નગર પાલિકાઓ/નગર પરિષદો પરના ખર્ચમાં થયેલા વધારાના કારણે હતો. તબીબી અને જાહેર આરોગ્ય; અને કુદરતી આપદાના હિસાબે રાહતે પાછલા વર્ષની તુલનાએ 2022-23માં મહેસૂલી ખર્ચમાં ઘટાડો નોંધાવ્યો હતો જે અનુક્રમે રોગોના નિવારણ અને નિયંત્રણ પરના ખર્ચમાં ઘટાડો; અને અનામત ભંડોળો/થાપણ હિસાબો-રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાં ઓછી તબદીલીના કારણે હતો.

2.4.2.2 પ્રતિબદ્ધ ખર્ચ

રાજ્ય સરકારના મહેસૂલ ખાતાના પ્રતિબધ્ધ ખર્ચમાં મુખ્યત્વે વ્યાજની ચૂકવણી, પગાર અને વેતન પરનો ખર્ચ અને પેન્શનનો સમાવેશ થાય છે. સરકારના સોતો પર તેનો પ્રથમ દાવો હોય છે. વધુ પડતા પ્રતિબધ્ધ ખર્ચને કારણે સરકાર પાસે વિકાસ ક્ષેત્ર માટે સુગમતા ઓછી રહે છે.

ઉપરોક્ત ઉપરાંત, કેટલાક આવશ્યક ખર્ચ હોય છે, જે મૂડી ખર્ચ વગેરે જેવા વધઘટપાત્ર વ્યવહારોની જેમ સામાન્ય રીતે બદલી શકાતા નથી અથવા વૈધાનિક રીતે વાર્ષિક ધોરણે કરવા જરૂરી હોય છે. દાખલા તરીકે, નીચેની બાબતોને આવશ્યક ખર્ચ તરીકે ગણતરીમાં લઇ શકાય:

i. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને તબદીલી: પગાર અને ભથ્થા માટે સ્થાનિક સંસ્થાઓને વૈધાનિક તબદીલીઓ (તબદીલી/મૂડી ખર્ચ માટે તબદીલી).

ii. અનામત ભંડોળમાં ફાળા માટેની વૈધાનિક આવશ્યકતાઓ- એકત્રિત ડૂબત નિધિમાં (CSF), જામીનગીરી વિમોચન ભંડોળ (GRF), રાજ્ય આપદા શમન/પ્રતિભાવ ભંડોળ (SDMF/SDRF) વગેરેમાં ફાળો,

iii. આકસ્મિક નિધિની ભરપાઇ–વર્ષ દરમિયાન રકમની ભરપાઇ.

iv. અનામત ભંડોળ/અન્ય સંસ્થામાં સેસની તબદીલી, જે વૈધાનિક જરૂરિયાતો છે.

v. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં મળેલા કેન્દ્રીય ભંડોળની સામે ભાગે પડતો ફાળો – એકલ નોડલ એજન્સીઓને તબદીલ કરવાના રાજ્યના ભાગની રકમ/રાજ્ય દ્વારા ખર્ચ.

vi. વ્યાજ સહિતના ભંડોળની સિલકો જાણે તેમનું રોકાણ કરી શકાયુ હોત એ રીતે તેના પર વ્યાજની ચુકવણી અને જાહેર ઋણ પર બિન-મતપાત્ર ખર્ચ તરીકે વ્યાજની ચુકવણી – વ્યાજની ચુકવણી.

2022-23 દરમિયાનના પ્રતિબધ્ધ ખર્ચ અને તેના ઘટકોના વલણ **કોઠા 2.22**માં રજૂ કરવામાં આવ્યાં છે.

કોઠો 2.22: પ્રતિબધ્ધ અને આવશ્યક ખર્ચ અને તેના ઘટકોના વલણ

(₹ કરોડમાં)

વિગતો	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો					
પગાર અને વેતન[5]	23,269	23,536	25,046	26,694	31,995
વ્યાજની ચૂકવણી	20,183	22,449	24,203	25,188	25,354
પેન્શન	18,295	17,663	18,570	20,160	22,435
કુલ પ્રતિબધ્ધ ખર્ચ	**61,747**	**63,648**	**67,819**	**72,042**	**79,784**
આવશ્યક ખર્ચના ઘટકો					
સ્થાનિક સંસ્થાઓને વૈધાનિક તબદીલી (કેન્દ્રનો હિસ્સો)	3,045	3,990	4,157	2,334	4,003
સ્થાનિક સંસ્થાઓને વૈધાનિક તબદીલી (રાજ્યનો હિસ્સો)	0	0	0	0	0
અનામત ભંડોળમાં ફાળો	518	1,264	1,765	3,912	3,521
આકસ્મિક નિધિની ભરપાઇ	59	55	39	62	115
અનામત ભંડોળ/ અન્ય સંસ્થામાં સેસની તબદીલીઓ	235	165	116	210	206
મળેલા કેન્દ્રીય ભંડોળની સામે કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં હિસ્સાનો ફાળો (કેન્દ્રનો હિસ્સો)	11,121	14,276	15,471	15,579	14,081
મળેલા કેન્દ્રીય ભંડોળની સામે કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં હિસ્સાનો ફાળો (રાજ્યનો હિસ્સો)	5,439	6,274	7,200	7,563	6,045
વ્યાજ સહિતના ભંડોળની સિલકો જાણે તેમનું રોકાણ કરી શકાયુ હોત એ રીતે તેના પર વ્યાજની ચુકવણી અને જાહેર ઋણ પર બિન-મતપાત્ર ખર્ચ તરીકે વ્યાજની ચૂકવણી – વ્યાજની ચુકવણી	181	115	138	45	68
કુલ આવશ્યક ખર્ચ	**20,598**	**26,139**	**28,886**	**29,705**	**28,039**
મહેસૂલી આવકની ટકાવારીની રીતે પ્રતિબધ્ધ ખર્ચ					
મહેસૂલી આવક	**1,36,002**	**1,42,844**	**1,28,156**	**1,66,830**	**1,99,408**
પગાર અને વેતન	17.11	16.48	19.54	16.00	16.04
વ્યાજની ચુકવણી	14.84	15.72	18.89	15.10	12.71
પેન્શન	13.45	12.37	14.49	12.08	11.25

[5] આમાં પંચાયતોને પગાર અને ભથ્થા માટે આપવામાં આવેલા અનુદાનનો સમાવેશ થાય છે.

વિગતો	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
મહેસૂલી આવકની ટકાવારીની રીતે કુલ પ્રતિબધ્ધ ખર્ચ	**45.40**	**44.56**	**52.92**	**43.18**	**40.01**
મહેસૂલી આવકની ટકાવારીની રીતે કુલ આવશ્યક ખર્ચ	**15.15**	**18.30**	**22.54**	**17.81**	**14.06**
મહેસૂલી ખર્ચની ટકાવારીની રીતે પ્રતિબધ્ધ ખર્ચ					
મહેસૂલી ખર્ચ	**1,32,790**	**1,40,899**	**1,50,704**	**1,60,421**	**1,79,543**
પગાર અને વેતન	17.52	16.70	16.62	16.64	17.82
વ્યાજની ચુકવણી	15.20	15.93	16.06	15.70	14.12
પેન્શન	13.78	12.54	12.32	12.57	12.50
મહેસૂલી ખર્ચની ટકાવારીની રીતે કુલ પ્રતિબધ્ધ ખર્ચ	**46.50**	**45.17**	**45.00**	**44.91**	**44.44**
મહેસૂલી ખર્ચની ટકાવારીની રીતે કુલ આવશ્યક ખર્ચ	**15.51**	**18.55**	**19.17**	**18.52**	**15.62**
બિન-પ્રતિબધ્ધ મહેસૂલી ખર્ચ	**71,043**	**77,251**	**82,885**	**88,379**	**99,759**
મહેસૂલી ખર્ચની ટકાવારી	53.50	54.83	55.00	55.09	55.56
કુલ ખર્ચની ટકાવારી	43.70	46.02	46.38	46.59	46.08
સહાયકીઓ	**17,269**	**18,420**	**22,141**	**22,335**	**25,749**
બિન-પ્રતિબધ્ધ ખર્ચની ટકાવારીની રીતે સહાયકીઓ	24.31	23.84	26.71	25.27	25.81

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

આલેખ 2.10:કુલ મહેસૂલી ખર્ચમાં પ્રતિબધ્ધ ખર્ચનો હિસ્સો (ટકામાં)



સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે, 2018-23 દરમિયાન પ્રતિબધ્ધ ખર્ચ 44થી 46 ટકાની આસપાસ રહ્યો હતો. મહેસૂલી આવકની ટકાવારી રૂપે, પ્રતિબધ્ધ ખર્ચ 2021-22માં 43.18 ટકા હતો તે ઘટીને 2022-23માં 40.01 ટકા થયો હતો. રાજ્ય સરકાર તેના મહેસૂલી ખર્ચની ટકાવારીની રીતે તેના પ્રતિબધ્ધ ખર્ચમાં સતત ઘટાડો કરી શકી હતી.

પ્રતિબધ્ધ ખર્ચના ઘટકોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

પગાર અને વેતન

પગાર અને વેતનનો ખર્ચ, જેમાં પંચાયતોને પગાર અને ભથ્થા માટે અનુદાનનો સમાવેશ થાય છે, તે 2018-19માં ₹ 23,269 કરોડ હતો તેમાં ₹ 8,726 કરોડનો (37.50 ટકાનો) વધારો થઈને 2022-23માં ₹ 31,995 કરોડ થયો હતો. તે 2022-23 દરમિયાન મહેસૂલી આવકના 16.04 ટકા અને મહેસૂલી ખર્ચના 17.82 ટકા થતો હતો.

વ્યાજની ચૂકવણી

વ્યાજની ચૂકવણી 2018-19માં ₹ 20,183 કરોડ હતી તે ₹ 5,171 કરોડ (25.62 ટકા) જેટલી વધીને 2022-23માં ₹ 25,354 કરોડ થઇ હતી. 2022-23 દરમિયાન, બજારની લોન પર વ્યાજની ચૂકવણી કુલ વ્યાજની ચૂકવણીના 77.74 ટકા રહી હતી, જ્યારે રાષ્ટ્રીય નાની બચત ભંડોળને જારી કરેલી વિશેષ જામીનગીરીઓ પર વ્યાજની ચૂકવણી કુલ વ્યાજની ચૂકવણીના 10.82 ટકા હતી. મહેસૂલી આવકની ટકાવારી રૂપે વ્યાજની ચૂકવણી પરનો ખર્ચ 2021-22માં 15.10 ટકા હતો તે ઘટીને 2022-23માં 12.71 ટકા થયો હતો. ઉપરાંત, મહેસૂલી ખર્ચમાં વ્યાજની ચૂકવણીનો હિસ્સો 2021-22માં 15.70 ટકા હતો તે ઘટીને 2022-23માં 14.12 ટકા થયો હતો.

પેન્શનની ચૂકવણીઓ

ગુજરાત રાજ્યમાં 5.04 લાખ પેન્શનરો[6] હતાં (માર્ચ 2022). વર્ષ 2019-20 સિવાય પેન્શન પરનો ખર્ચ 2018-23 દરમિયાન સતત વધ્યો હતો.

રાજ્ય સરકારે ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ કરેલી તેની જાહેરાતોમાં પેન્શનની ચૂકવણીઓ 2022-23 માટે મહેસૂલી આવકના 11.03 ટકા થવાનું અનુમાન (માર્ચ 2022) કર્યું હતું. જો કે, વર્ષ દરમિયાન તે 11.25 ટકા જેટલી નજીવા પ્રમાણમાં ઉંચી રહી હતી. મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે પેન્શનની ચૂકવણીઓ 2022-23 દરમિયાન મહેસૂલી ખર્ચના 12.50 ટકા જેટલી થતી હતી.

આવશ્યક ખર્ચ

સ્થાનિક સંસ્થાઓને વૈધાનિક તબદીલીના આવશ્યક ખર્ચના ઘટકે 2018-19થી 2021-22ના સમયગાળા દરમિયાન સતત વધારો દર્શાવ્યો હતો. પાછલા વર્ષની તુલનાએ 2022-23 દરમિયાન આવશ્યક ખર્ચ ₹ 1,666 કરોડ (5.61 ટકા) ઘટ્યો હતો. મહેસૂલી આવકની ટકાવારીની રીતે, 17.81 ટકાની પાછલા વર્ષની તુલનાએ 2022-23 દરમિયાન આવશ્યક ખર્ચ ઘટીને 14.06 ટકા થયો હતો. મહેસૂલી ખર્ચની ટકાવારીની રીતે, આવશ્યક ખર્ચ 18.52 ટકાની પાછલા વર્ષની તુલનાએ 2022-23 દરમિયાન ઘટીને 15.62 ટકા થયો હતો.

---

[6] ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ રાજકોષીય નીતિવિષયક વ્યૂહાત્મક નિવેદન મુજબ 2022-23 (માર્ચ 2022) માટે રાજ્યમાં 5.04 લાખ પેન્શનરો હતાં. આ ગુજરાત સરકાર અને સહાયિત સંસ્થાઓના પેન્શનરો છે અને તેમાં સામાજીક સુરક્ષા પેન્શનરો સામેલ નથી.

2.4.2.3 રાષ્ટ્રીય પેન્શન યોજના હેઠળ પૂર્ણ ન થયેલી જવાબદારીઓ

રાજ્ય સરકારે 01 એપ્રિલ 2005ની અસરથી 'નિર્ધારિત અંશદાયી પેન્શન યોજના' (રાષ્ટ્રીય પેન્શન યોજના) દાખલ કરી હતી. યોજનાની માર્ગદર્શિકા મુજબ, કર્મચારી દર મહિને તેના મૂળ પગાર અને મોંઘવારી ભથ્થાના 10 ટકા ફાળો આપે છે જેમાં રાજ્ય સરકાર દ્વારા મેળ ખાતી રકમ જમા કરવામાં આવે છે અને પૂરેપૂરી રકમ નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને (NSDL)/ટ્રસ્ટી બેંક મારફત નિયુક્ત ભંડોળ સંચાલકને તબદીલ કરવામાં આવે છે. આ યોજનામાં 1 નવેમ્બર 2022ની અસરથી રાજ્ય સરકાર ધ્વારા સુધારો કરવામાં આવ્યો હતો. જેમાં કર્મચારીને 10, 12 કે 14 ટકાના ફાળાનો વિકલ્પ આપવામાં આવ્યો હતો અને કર્મચારી ધ્વારા નક્કી કરેલા વિકલ્પની સામે રાજ્ય સરકારે મેળ ખાતો 10, 12 કે 14 ટકાનો ફાળો આપવાનું નક્કી કર્યું હતું. આમાં 01 માર્ચ 2024ની અસરથી ફરીથી સુધારો કરવામાં આવ્યો હતો. જેમાં કર્મચારી ધ્વારા 10 ટકા ફાળો આપવામાં આવે છે અને રાજ્ય સરકાર 14 ટકા ફાળો આપે છે. રાજ્ય સરકારે યોજનાના ભંડોળના વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય પેન્શન યોજના ટ્રસ્ટ (NPS Trust) સાથે કરાર કર્યો હતો (જાન્યુઆરી 2009) અને યોજનાના અમલીકરણ માટે કેન્દ્રીય માળખુ અપનાવ્યું હતું (મે 2009).

કર્મચારીનો ફાળો અને રાજ્યનો હિસ્સો જાહેર હિસાબમાં[7] જમા કરવામાં આવે છે અને ત્યારબાદ નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને તબદીલ કરવામાં આવે છે. વર્ષ 2022-23 દરમિયાન, રાજ્ય સરકારે કર્મચારીઓ પાસેથી રાષ્ટ્રીય પેન્શન યોજનાના ફાળા તરીકે ₹ 1,358.92 કરોડ એકઠા કર્યા હતાં અને ₹ 1,377.18 કરોડ યોજનામાં તેના ફાળા તરીકે જમા કર્યા હતાં. વધુમાં, ₹ 2,785.11 કરોડના (અગાઉના વર્ષની ₹ 49.01 કરોડની સિલક સહિત) એકઠા કરેલા ભંડોળની સામે રાજ્ય સરકારે ₹ 2,754.39 કરોડ નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને તબદીલ કર્યા હતાં, અને ₹ 30.72 કરોડની સિલક બાકી રહી હતી. ₹ 27.56 કરોડની સિલક એપ્રિલ અને જુન 2023માં નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને તબદીલ કરવામાં આવી હતી. ₹ 3.16 કરોડની રકમ સમાધાન હેઠળ હતી. 2022-23 દરમિયાન, સરકારે ભંડોળની મોડી/વિલંબિત તબદીલી માટે ભંડોળ સંચાલકને ₹ 71.81 લાખ વ્યાજની ચૂકવણી પણ કરી હતી.

[7] મુખ્ય સદર 8342-117 (અન્ય થાપણો-સરકારી કર્મચારીઓ માટે વ્યાખ્યાયિત અંશદાયી પેન્શન યોજના)

2.4.2.4 સહાયકી પરનો ખર્ચ

2018-23ના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સહાયકીઓની વિગતો **કોઠા 2.23**માં આપી છે.

કોઠો 2.23: સહાયકીઓના ખર્ચનું વલણ

(₹ કરોડમાં)

પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
સહાયકી	17,269	18,420	22,141	22,335	25,749
કુલ મહેસૂલી આવક	1,36,002	1,42,844	1,28,156	1,66,830	1,99,408
મહેસૂલી આવકની ટકાવારીની રીતે સહાયકી	*12.70*	*12.90*	*17.28*	*13.39*	*12.91*
કુલ મહેસૂલી ખર્ચ	1,32,790	1,40,899	1,50,704	1,60,421	1,79,543
મહેસૂલી ખર્ચની ટકાવારીની રીતે સહાયકી	*13.00*	*13.07*	*14.69*	*13.92*	*14.34*

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

સહાયકી પરનો મહેસૂલી ખર્ચ 2021-22માં ₹ 22,335 કરોડ હતો તે 15.29 ટકા વધીને 2022-23માં ₹ 25,749 કરોડ થયો હતો. ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ; ઉદ્યોગ અને ખાણ; કૃષિ; ખેડૂત કલ્યાણ અને સહકાર; સામાજીક ન્યાય અને અધિકારીતા; બંદરો અને વાહન વ્યવહાર; અને અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતો એ 2022-23 દરમિયાન સહાયકીના મુખ્ય લાભાર્થી વિભાગો હતાં.

ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગને 2022-23 દરમિયાન ₹ 12,104 કરોડની (સહાયકી ઉપરના કુલ ખર્ચના 47 ટકા) સહાયકી મળી હતી જે પૈકી, ₹ 7,865 કરોડનો મોટો ભાગ ઇંધણ કિમત અને વિદ્યુત ખરીદ સમાયોજન ખર્ચના (FPPPA) હિસાબે, ₹ 2,005 કરોડ GERCના કૃષિ ભાવદરમાં વળતર માટે અને ₹ 1,100 કરોડ ખેડૂતોને હોર્સ પાવર આધારિત ભાવદર માટે હતો.

ઉદ્યોગ અને ખાણ વિભાગમાં, 2022-23 દરમિયાન મળેલી ₹ 4,094 કરોડની (સહાયકી ઉપરના કુલ ખર્ચના 16 ટકા) કુલ સહાયકી પૈકી, ₹ 1,444 કરોડ વસ્ત્ર ઉદ્યોગના વિકાસ માટે અને ₹ 1,235 કરોડ ઉદ્યોગોને સહાય તરીકે આપવામાં આવ્યાં હતાં.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને સહાયકી તરીકે 2022-23માં મળેલા ₹ 2,345 કરોડ (સહાયકી ઉપરના કુલ ખર્ચના 9 ટકા) પૈકી, ₹ 1,612 કરોડ વ્યાજ અંગે આર્થિક સહાય તરીકે ખેડૂતોને આપવામાં આવ્યાં હતાં.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને પણ બિનકિફાયતી રૂટોના સંચાલન, વિદ્યાર્થી રાહત પાસ, વગેરેના વળતર પેટે 2022-23માં ₹ 1,671 કરોડની સહાયકી આપવામાં આવી હતી.

2.4.2.5 રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય

રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને પગાર અને ભથ્થા, અન્ય પરચુરણ ખર્ચને પહોંચી વળવા અને મૂડીગત અસ્કયામતો ઉભી કરવા માટે સહાયક અનુદાન દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. 2018-23 દરમિયાન સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને આપવામાં આવેલી નાણાકીય સહાયની વિગતો **કોઠા 2.24**માં આપવામાં આવી છે.

કોઠો 2.24: સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ, બિન-સરકારી સંસ્થાઓ અને અન્યોને નાણાકીય સહાયનું વલણ

(₹ કરોડમાં)

સંસ્થાઓને નાણાકીય સહાય	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
પંચાયતી રાજની સંસ્થાઓ	19,645	22,034	24,323	24,388	33,655
શહેરી સ્થાનિક સંસ્થાઓ	8,747	9,345	8,719	11,652	14,640
જાહેર ક્ષેત્રના ઉપક્રમો	79	84	95	119	189
સ્વાયત્ત સંસ્થાઓ	6,388	6,259	6,211	6,532	4,477
બિન-સરકારી સંગઠનો	1,096	1,197	1,597	2,352	1,515
અન્ય	23,656	25,343	23,692	24,765	26,277
કુલ	**59,611**	**64,262**	**64,637**	**69,808**	**80,753**
પગાર માટે સહાયક અનુદાન	11,821	12,235	13,151	14,482	17,917
મૂડીગત અસ્કયામતો ઉભી કરવા માટે સહાયક અનુદાન	2,205	2,707	1,208	2,078	9,400
બિન-પગાર માટે સહાયક અનુદાન	45,585	49,320	50,278	53,248	53,436
અન્ય પ્રકારે આપેલું સહાયક અનુદાન	0	0	0	*	*
મહેસૂલી ખર્ચ	**1,32,790**	**1,40,899**	**1,50,704**	**1,60,421**	**1,79,543**
મહેસૂલી ખર્ચની ટકાવારીની રીતે સહાય	44.89	45.61	42.89	43.52	44.98

સોતઃ સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

•રાજ્ય સરકાર તરફથી માહિતીની રાહ જોવાઈ રહી છે.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સતત વધીને 2018-19માં ₹ 59,611 કરોડ હતી તે 2022-23માં ₹ 80,753 કરોડ થઇ હતી.

રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી 2022-23માં આગળ પંચાયતી રાજ સંસ્થાઓ અને શહેરી સ્થાનિક સંસ્થાઓને આપવા માટે અનુક્રમે ₹ 3,627 કરોડ અને ₹ 351 કરોડની રકમ નાણાપંચના અનુદાનના રૂપમાં મળી હતી. રાજ્ય સરકારે પંચાયતી રાજ સંસ્થાઓને ₹ 3,626.73 કરોડ અને શહેરી સ્થાનિક સંસ્થાઓને ₹ 376.71 કરોડ છુટા કર્યા હતાં. ઉપરાંત, પંચાયતી રાજ સંસ્થાઓને ₹ 3,440.36 કરોડ અને શહેરી સ્થાનિક સંસ્થાઓને ₹ 1,263.03 કરોડ અન્ય કેન્દ્રીય સહાયના રૂપે પણ મળ્યા હતાં. વધુમાં, 2022-23 દરમિયાન રાજ્ય સરકારે રાજ્ય ખર્ચ ભંડોળમાંથી સહાયક અનુદાન રૂપે પંચાયતી રાજ સંસ્થાઓને ₹ 26,587.28 કરોડ અને શહેરી સ્થાનિક સંસ્થાઓને ₹ 13,000.47 કરોડની નાણાકીય સહાય પૂરી પાડી હતી.

પગાર અને બિન-પગાર હેતુ માટે આપવામાં આવેલી નાણાકીય સહાય પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સતત વધતી રહી હતી. વધુમાં, 2022-23 દરમિયાન સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને કુલ નાણાકીય સહાયની બાબતમાં, પગાર, મૂડીગત અસ્કયામતો ઉભી કરવી અને બિન-પગાર હેતુ માટેની નાણાકીય સહાયનો હિસ્સો અનુક્રમે 22.19 ટકા, 11.64 ટકા અને 66.17 ટકા હતો,

2022-23 દરમિયાન, મુખ્ય નાણાકીય સહાય મેળવનાર આ હતાં:

- ગ્રામ પંચાયતને પ્રાથમિક પંચાયતના શિક્ષકોને વયનિવૃત્તિ અને નિવૃત્તિ ભથ્થા માટે (₹ 6,401.86 કરોડ)
- શૈક્ષણિક સુવિધાઓ માટે જોગવાઇ – પંચાયત સમિતિઓને નિભાવ અનુદાન (₹ 3,769.35 કરોડ)
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાઓને સહાયક અનુદાન (₹ 3,168.79 કરોડ)
- વિકાસકીય કામ માટે મહાનગરપાલિકાને પ્રોત્સાહન અનુદાન (₹ 2,572.65 કરોડ)
- પંચાયત સમિતિઓને ઉચ્ચ માધ્યમિક શાળાઓ માટે અનુદાન (₹ 1,488.79 કરોડ)
- યુનિવર્સીટીઓને વધારાના વિદ્યાર્થીઓ માટે શિક્ષણની સુવિધાઓ માટે (₹ 1,305.38 કરોડ)
- ગ્રામ પંચાયતોને પંચાયતના પ્રાથમિક શિક્ષકોને ગ્રેચ્યુઇટી (₹ 1,274.00 કરોડ)
- 15માં કેન્દ્રીય નાણા પંચની ભલામણ મુજબ પંચાયતી રાજની સંસ્થાઓને સુદ્રઢ કરવા માટે કેન્દ્રીય સહાયની ચૂકવણી (બંધનકર્તા અનુદાન) (₹ 1,268.73 કરોડ)
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નગરપાલિકાઓને સહાયક અનુદાન (₹ 1,225.81 કરોડ)
- 15માં કેન્દ્રીય નાણા પંચની ભલામણ મુજબ પંચાયતી રાજની સંસ્થાઓને સુદ્રઢ કરવા માટે જિલ્લા પરિષદોને કેન્દ્રીય સહાયની ચૂકવણી (બંધનકર્તા અનુદાન) (₹ 1,092.78 કરોડ)

વધુમાં, છેલ્લા પાંચ વર્ષો (2018-23) દરમિયાન 'અન્ય' વર્ગ હેઠળ અનુદાન મેળવનાર સંસ્થાઓને રાજ્ય સરકાર તરફથી નોંધપાત્ર નાણાકીય સહાય (લગભગ 36 ટકા) મળી હતી. આમ છતાં, અનુદાન મેળવનાર સંસ્થાઓ દ્વારા ઉભી કરવામાં આવેલી અસ્કયામતોની વિગતોની, અનુદાન છુટ્ટુ કરનાર રાજ્ય સરકારના સંબંધિત વિભાગ પાસે ગેરહાજરીમાં, સામૂહિક રીતે આની 'અન્ય' વર્ગમાં

નોંધ કરવી એ ચિંતાનો વિષય છે, કારણ કે તે આવા વ્યવહારોને અસ્પષ્ટ બનાવે છે. આ સંદર્ભમાં, ઑડિટના અવલોકનો **ફકરા 4.4.1માં (પ્રકરણ IV)** જોઇ લેવા વિનંતી.

2.4.3 મૂડી ખર્ચ

જમીન, મકાન, મશીનરી, સાધનસામગ્રી જેવી અસ્કયામતો સંપાદિત કરવા માટે તેમજ શેરમાં કરેલા રોકાણ પર ખર્ચેલા નાણા એ મૂડી ખર્ચ છે. એકંદર મૂડી ખર્ચ, પાછલા વર્ષ કરતા તેની વૃધ્ધિ અને છેલ્લા પાંચ વર્ષો (2018-23) દરમિયાન રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની સામે તેની ટકાવારી **કોઠા 2.25માં** દર્શાવ્યા છે.

કોઠો 2.25: 2018-23 દરમિયાન મૂડી ખર્ચનું વલણ

	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
કુલ ખર્ચ (₹ કરોડમાં)	1,62,583	1,67,861	1,78,718	1,89,677	2,16,508
મૂડી ખર્ચ (₹ કરોડમાં)	**28,062**	**25,650**	**26,781**	**28,185**	**35,499**
પાછલા વર્ષની તુલનાએ મૂડી ખર્ચમાં વૃધ્ધિ (ટકા)	6.65	(-)8.60	4.41	5.24	25.95
મૂડી ખર્ચ/કુલ ખર્ચ (ટકા)	17.26	15.28	14.99	14.86	16.40
મૂડી ખર્ચ/રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદન (ટકા)	1.88	1.59	1.64	1.44	1.57

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

મૂડી ખર્ચ 2018-19માં ₹ 28,062 કરોડ હતો તે વધીને 2022-23માં ₹ 35,499 કરોડ થયો હતો. ₹ 35,499 કરોડના કરવામાં આવેલા કુલ મૂડી ખર્ચ પૈકી ₹ 5,982 કરોડનો (16.85 ટકા) ખર્ચ સિંચાઇ યોજનાઓ (મોટી, મધ્યમ અને લઘુ) પર ત્યારબાદ ₹ 5,969 કરોડ (16.81 ટકા) માર્ગ અને મકાન પર; ₹ 5,555 કરોડ (15.65 ટકા) પાણી પુરવઠો અને સ્વચ્છતા પર; ₹ 3,266 કરોડ (9.20 ટકા) શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ તથા ₹ 3,147 કરોડ (8.87 ટકા) ઊર્જા યોજનાઓ પર કરવામાં આવ્યો હતો.

પાછલા વર્ષની તુલનાએ 2022-23 દરમિયાન મૂડી ખર્ચમાં ₹ 7,314 કરોડ જેટલો વધારો મુખ્યત્વે શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ પર ₹ 2,660 કરોડ; પેટ્રોકેમીકલ ઉદ્યોગ પર ₹ 2,100 કરોડ જેટલો; પાણી પુરવઠો અને સ્વચ્છતા પર ₹ 988 કરોડ જેટલો; તબીબી અને જાહેર આરોગ્ય પર ₹ 742 કરોડ જેટલો; મધ્યમ સિંચાઇ પર ₹ 700 કરોડ જેટલો; અને માર્ગો અને પુલો પર ₹ 640 કરોડ જેટલો મૂડી ખર્ચ થવાથી થયો હતો, જે પ્રવાસન પર ₹ 685 કરોડ; અને મોટી સિંચાઇ પર ₹ 441 કરોડના મૂડી ખર્ચમાં ઘટાડા દ્વારા થોડો સરભર થયો હતો.

ખરેખર મૂડી ખર્ચ 2022-23 દરમિયાન મૂડી ખર્ચ માટેની અંદાજપત્રીય ફાળવણીના 99 ટકા હતો. સમાપન બેઠક દરમિયાન સચિવ (આર્થિક બાબતો) એ જણાવ્યું હતું કે (ફેબ્રુઆરી 2024) સરકારે 2022-23માં મૂડી ખર્ચ વધારવા પ્રયત્નો કર્યા હતાં. 2018-23 દરમિયાન અંદાજપત્રીય ફાળવણીની સામે ખરેખર મૂડી ખર્ચનું વલણ **આલેખ 2.11**માં આપ્યું છે.

આલેખ 2.11: 2018-23 દરમિયાન અંદાજપત્રીય ફાળવણીની સામે મૂડી ખર્ચનું વલણ

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને 2022-23 માટેનું ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન સંખ્યા-1.

2.4.3.1 મૂડી ખર્ચમાં મુખ્ય ફેરફારો

કોઠો 2.26, 2021-22 અને 2022-23 દરમિયાન રાજ્યના મૂડી ખર્ચની બાબતમાં જુદા જુદા હિસાબી સદરો હેઠળના નોંધપાત્ર ફેરફારોના મુખ્ય અંશો રજૂ કરે છે.

કોઠો 2.26: 2021-22ની સરખામણીએ 2022-23 દરમિયાન મૂડી ખર્ચ

(₹ કરોડમાં)

હિસાબના મુખ્ય સદરો	2021-22	2022-23	ફેરફાર	ફેરફાર (ટકાવારી)
4202- શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ પર મૂડી જોગવાઇ	606.33	3,266.33	2,660.00	438.70
4856- પેટ્રોકેમીકલ ઉદ્યોગ પર મૂડી જોગવાઇ	0.00	2,100.00	2,100.00	NA
4215- પાણી પુરવઠો અને સ્વચ્છતા પર મૂડી જોગવાઇ	4,567.11	5,555.38	988.27	21.64
4210- તબીબી અને જાહેર આરોગ્ય પર મૂડી જોગવાઇ	1,137.40	1,879.78	742.38	65.27
4701- મધ્યમ સિંચાઇ પર મૂડી જોગવાઇ	1,480.15	2,180.17	700.02	47.29
5054- માર્ગ અને પુલો પર મૂડી જોગવાઇ	5,328.50	5,968.71	640.21	12.01
4702- લઘુ સિંચાઇ પર મૂડી જોગવાઇ	1,489.22	1,896.19	406.97	27.33
5051- બંદરો અને દીવાદાંડીઓ પર મૂડી જોગવાઇ	34.40	279.84	245.44	713.49
4216- આવાસન પર મૂડી જોગવાઇ	701.39	897.80	196.41	28.00
4055- પોલીસ પર મૂડી જોગવાઇ	345.39	528.02	182.63	52.88
4250- અન્ય સામાજીક સેવાઓ પર મૂડી જોગવાઇ	228.39	397.20	168.81	73.91

હિસાબના મુખ્ય સદરો	2021-22	2022-23	ફેરફાર	ફેરફાર (ટકાવારી)
4711- પૂર નિયંત્રણ યોજનાઓ પર મૂડી જોગવાઇ	86.20	246.88	160.68	186.40
4801- ઊર્જા યોજનાઓ પર મૂડી જોગવાઇ	3,391.76	3,146.72	(-)245.04	(-)7.22
4211- પરિવાર કલ્યાણ પર મૂડી જોગવાઇ	298.17	42.05	(-)256.12	(-)85.90
5055- માર્ગ પરિવહન પર મૂડી જોગવાઈ	413.37	109.76	(-)303.61	(-)73.45
4700- મોટી સિંચાઇ પર મૂડી જોગવાઇ	2,346.71	1,905.30	(-)441.41	(-)18.81
5452- પ્રવાસન પર મૂડી જોગવાઇ	1,519.21	834.48	(-)684.73	(-)45.07

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

2.4.3.2 મૂડી ખર્ચની ગુણવત્તા

જો રાજ્ય સરકાર નુકશાન કરતી સરકારી કંપનીઓ જેના ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયું હોય તેમાં મૂડીરોકાણ કરવાનું ચાલુ રાખે તો મૂડીરોકાણ પર વળતર મેળવવાની તકો નહીવત થઇ જાય છે. એજ રીતે, નુકશાન કરતા નિગમો અને અન્ય સંસ્થાઓ જેવી કે ખાંડ મિલો, નાણાકીય નિગમો, વગેરેને આપવામાં આવેલી લોન માંડી વાળવાની અનિવાર્યતા અનુભવે દેખાડી છે. આવી નાણાકીય કામગીરીમાં પારદર્શિતા જાળવવા માટે જરૂરી પગલા લેવાની આવશ્યકતા છે.

આ અનુભાગ ચાલુ વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણ અને અન્ય મૂડી ખર્ચનું વિશ્લેષણ રજૂ કરે છે.

કંપનીઓ, નિગમો અને અન્ય સંસ્થાઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણની ગુણવત્તા

રાજ્ય સરકારના વાર્ષિક નાણાકીય હિસાબોનું પત્રક નં. 19, વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામીણ બેંકો, જોઇન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણની વિગતો આપે છે. 31 માર્ચ 2023ની સ્થિતિએ રાજ્ય સરકારે આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં ₹ 1,25,088 કરોડનું રોકાણ કર્યું હતું **(કોઠો 2.27)**.

કોઠો 2.27: મૂડી રોકાણ પર વળતરનું વલણ

(₹ કરોડમાં)

મૂડીરોકાણ/ વળતરની વિગતો	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
વૈધાનિક નિગમો	3,488	3,752	4,221	4,638	4,751
ગ્રામીણ બેંકો	14	14	14	14	14
સરકારી કંપનીઓ	88,865	95,702	1,02,832	1,11,360	1,19,850
નગરપાલીકાઓ, પોર્ટ ટ્રસ્ટ	00	00	00	00	00
સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓ	404	418	418	420	420
અન્ય જોઇન્ટ સ્ટોક કંપનીઓ અને ભાગીદારીઓ	33	33	33	53	53
વર્ષના અંતે મૂડીરોકાણો	**92,804**	**99,919**	**1,07,518**	**1,16,485**	**1,25,088**
મેળવેલું વળતર/ ડિવિડન્ડ (₹ કરોડમાં)	120.03	88.99	131.04	134.25	97.43
મૂડીરોકાણ પર વળતર (ટકા)	0.13	0.09	0.12	0.12	0.08
સરકારના ઋણ પર વ્યાજનો સરેરાશ દર[8] (ટકા)	7.44	7.47	7.29	7.12	6.77
સરકારના ઋણ પર વ્યાજનો સરેરાશ દર અને વળતરના દર વચ્ચેનો તફાવત (ટકા)	7.31	7.38	7.17	7.00	6.69
સરકારના ઋણનો ખર્ચ અને મૂડીરોકાણ પર વળતર વચ્ચેનો તફાવત[9]	6,784	7,374	7,709	8,154	8,368

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

કોઠો 2.27 દર્શાવે છે કે રાજ્ય સરકારના મૂડીરોકાણમાં 2018-23 દરમિયાન ₹ 32,284 કરોડ જેટલો વધારો થયો હતો. 2022-23 દરમિયાન, રાજ્ય સરકારે અગાઉના વર્ષની તુલનાએ ₹ 8,603 કરોડનું વધારાનુ મૂડીરોકાણ કર્યું હતું જેમાં ₹ 8,490 કરોડનું સરકારી કંપનીઓમાં અને ₹ 113 કરોડનું વૈધાનિક નિગમોમાં કરેલુ રોકાણ સામેલ હતું. 2022-23 દરમિયાન સરકારી કંપનીઓમાં કરવામાં આવેલા ₹ 8,490 કરોડના રોકાણ પૈકી, ₹ 3,459 કરોડનું (41 ટકા) રોકાણ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડમાં, ₹ 2,000 કરોડનું (24 ટકા) ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ લિમિટેડમાં અને ₹ 1,827 કરોડનું (22 ટકા) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડમાં કરવામાં આવ્યું હતું.

[8] સરકારના ઋણ પર વ્યાજનો સરેરાશ દર = {વ્યાજની ચૂકવણી /[(પાછલા વર્ષની કુલ બાકી જવાબદારીઓની રકમ + ચાલુ વર્ષની કુલ બાકી જવાબદારીઓ)/2]} * 100

[9] સરકારના ઋણનો ખર્ચ અને રોકાણ પરના વળતરનો તફાવત = (વર્ષના અંતે રોકાણ * સરકારના ઋણ પરના વ્યાજનો દર અને વળતરના દરનો તફાવત)

કોઠો 2.27 એ પણ દર્શાવે છે કે આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણ પર 2022-23 દરમિયાન સરેરાશ વળતર[10] 0.08 ટકા હતું જ્યારે એ જ સમયગાળામાં સરકારે તેણે લીધેલા ઋણ પર સરેરાશ 6.77 ટકા વ્યાજ ચૂકવ્યું હતું.

નુકશાન કરતી કંપનીઓમાં વર્ષ દરમિયાન કરવામાં આવેલું મૂડીરોકાણ **કોઠા 2.28**માં આપવામાં આવ્યું છે

કોઠો 2.28: નુકશાન કરતી કંપનીઓમાં કરવામાં આવેલુ મૂડીરોકાણ

(₹ કરોડમાં)

ક્રમાંક	કંપની/ નિગમ	વર્ષ દરમિયાન નુકશાન#	વર્ષ સુધીનું સંચિત નુકશાન#	વર્ષ 2022-23 દરમિયાન કરવામાં આવેલુ મૂડીરોકાણ*	31 માર્ચ 2023ના રોજ સંચિત મૂડીરોકાણ*
1.	સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNNL)	1,156.86 (2021-22)	7,898.28 (2021-22)	1,827.49	69,675.88
2.	જી.એસ.પી.સી. એલએનજી લિમિટેડ	214.92 (2022-23)	599.23 (2022-23)	100.00	537.50

સોત: # રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા આપવામાં આવેલી માહિતી.
*વર્ષ 2022-23 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબોમાંથી માહિતી

2022-23 દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલું ₹ 8,603.60 કરોડનું વધારાનું મૂડીરોકાણ કુલ મૂડી ખર્ચના (₹ 35,498.82 કરોડ) 24.24 ટકા થતું હતું. ₹ 8,603.60 કરોડના આ વધારાના મૂડીરોકાણમાં ₹ 1,827.49 કરોડનું મૂડીરોકાણ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, જે 2015-16થી ખોટ કરતુ હતું તેમાં અને ₹ 100 કરોડનું જી.એસ.પી.સી. એલએનજી લિમિટેડમાં, જે 2018-19થી ખોટ કરતું આવ્યું છે તેમાં હતું. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનું એકત્રિત નુકશાન 2021-22ના અંતે ₹ 7,898.28 કરોડ હતું અને જી.એસ.પી.સી. એલએનજી લિમિટેડનું 2022-23ના અંતે એકત્રિત નુકશાન ₹ 599.23 કરોડ હતું.

નુકશાન કરતી કંપનીઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણ પર અને કંપનીઓ જેમાં તેમના એકત્રિત નુકશાનના પરિણામે ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયું હોઈ તેમાંથી વળતરની શક્યતા નહીંવત છે.

કંપનીઓના હિસાબો સાથે સરકારના મૂડીરોકાણોનું મેળવણું

રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના (SPSUs) હિસાબો મુજબ શેરમૂડી અને બાકી લોનની બાબતના આંકડાઓનો ગુજરાત સરકારના નાણાકીય હિસાબોમાં દેખાતા અનુરૂપ આંકડાઓ સાથે મેળ થવો

[10] તે વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામીણ બેંકો, જોઇન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણ પર મેળવેલું ડિવિડન્ડ છે.

જોઇએ. જો આંકડાઓ મેળ ખાતા ન હોય, તો તેવા કિસ્સામાં રાજ્યના સંબંધિત જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને નાણા વિભાગે તફાવતોનું મેળવણું કરવું જોઇએ. આ સંદર્ભે 31 માર્ચ 2023ના રોજની સ્થિતિ **કોઠા 2.29**માં આપી છે.

કોઠો 2.29: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના હિસાબો સામે નાણાકીય હિસાબો મુજબ 31 માર્ચ 2023ના રોજ શેરમૂડી અને બાકી લોન

(₹ કરોડમાં)

આની બાબતમાં બાકી	SPSUsની સંખ્યા	નાણાકીય હિસાબો મુજબ રકમ	SPSUsના રેકર્ડ મુજબ રકમ	તફાવતો
શેરમૂડી	49	1,15,239.31	1,13,174.45	2,064.86
લોન	27[11]	7,856.64[12]	8,998.94	1,142.30

સોતઃ વર્ષ 2022-23 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી નવીનતમ માહિતી/ હિસાબોના આધારે સંકલિત માહિતી.

પરિશિષ્ટ – 2.2માંની વિગતો મુજબ શેરમૂડી રોકાણમાં ₹ 2,064.86 કરોડનો[13] તફાવત હતો. તફાવતનું કારણ જાણવા માટે સમયબધ્ધ રીતે મેળવણું હાથ ધરવું જોઇએ.

ચૂકવેલી અને વસૂલ કરેલી લોન અને પેશગીઓનું પ્રમાણ

સહકારી સોસાયટીઓ, નિગમો અને કંપનીઓમાં મૂડીરોકાણ ઉપરાંત, રાજ્ય સરકારે આ સંસ્થાઓ/ સંગઠનો પૈકી ઘણાને લોન અને પેશગીઓ પણ પૂરી પાડી છે.

કોઠો 2.30, 31 માર્ચ 2023ના રોજ બાકી લોન અને પેશગીઓની સાથે સાથે 2018-19થી 2022-23ના પાંચ વર્ષના સમયગાળા માટે મેળવેલ વ્યાજની સામે કરેલા વ્યાજની ચૂકવણીના વલણ રજૂ કરે છે.

[11] આ માત્ર રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા જણાવેલી લોનની રકમમાં તફાવતો રજૂ કરે છે.

[12] નાણાકીય હિસાબોમાં રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો મુજબ લોનની માહિતી ઉપલબ્ધ નથી. આમ, દર્શાવેલી આ રકમ નાણાકીય હિસાબોમાં દર્શાવ્યા મુજબની એકત્રિત રકમ છે.

[13] રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો મુજબ લોનની બાકી રકમની વિગતો નાણાકીય હિસાબોમાં ઉપલબ્ધ નથી આથી તે પરિશિષ્ટ – 2.2માં દર્શાવાઈ નથી.

કોઠો 2.30: 2018-23 દરમિયાન ચૂકવેલી અને વસૂલ કરેલી લોનનું પ્રમાણ

(₹ કરોડમાં)

લોન/વ્યાજની આવક/ઋણના ખર્ચનું પ્રમાણ	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
ખૂલતી સિલક	7,923	9,503	10,485	12,235*	13,151
વર્ષ દરમિયાન આપેલી પેશગીની રકમ	1,731	1,312	1,233	1,071	1,466
વર્ષ દરમિયાન વસૂલ કરેલી રકમ	151	330	155	155	254
બંધ સિલક	9,503	10,485	11,563	13,151	14,363
લોન જેના માટે શરતો નક્કી કરવામાં આવી નથી	1,296	905	632	446	674
વર્ષ દરમિયાન ચોખ્ખો ઉમેરો	1,580	982	1,078	916	1,212
આપેલી લોન પર વ્યાજની આવક	74	62	63	77	45
બાકી લોન અને પેશગીઓની ટકાવારી રૂપે વ્યાજની આવક	0.85	0.62	0.57	0.61	0.33
વ્યાજની ચૂકવણી	20,183	22,449	24,203	25,188	25,354
સરકારના બાકી ઋણ પર ચૂકવેલા વ્યાજનો સરેરાશ દર (ટકા)	7.44	7.47	7.29	7.12	6.77
ચૂકવેલા વ્યાજનો દર અને મળેલા વ્યાજના દર વચ્ચેનો તફાવત (ટકા)	6.59	6.85	6.72	6.51	6.44

સોતઃ સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

*પ્રોજેક્ટમાં સુધારાના કારણે ખૂલતી સિલક પાછલા વર્ષની બંધ સિલકથી જુદી પડે છે.

કોઠો દર્શાવે છે કે કુલ બાકી લોન અને પેશગીઓ 2021-22માં ₹ 12,235 કરોડ હતી તે વધીને 2022-23માં ₹ 13,151 કરોડ થઇ હતી. વર્ષ દરમિયાન આપવામાં આવેલી કુલ લોન અને પેશગીઓ (₹ 1,466 કરોડ), પૈકી ₹ 1,139 કરોડ સામાજીક સેવાઓ માટે, ₹ 272 કરોડ આર્થિક સેવાઓ માટે આપવામાં આવી હતી અને ₹ 55 કરોડ સરકારી કર્મચારીઓ માટે અને પરચુરણ હેતુઓ માટે આપવામાં આવી હતી. સામાજીક સેવાઓ માટે આપવામાં આવેલી લોનના મોટા ભાગનો ઉપયોગ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત જાતિ અને લઘુમતિઓના કલ્યાણ (₹ 783 કરોડ) અને શહેરી વિકાસ (₹ 350 કરોડ) માટે કરવામાં આવ્યો હતો. આર્થિક સેવાઓ માટે આપવામા આવેલી લોનનો મોટો ભાગ ઉર્જા ક્ષેત્ર (₹ 220 કરોડ) અને પરિવહન ક્ષેત્રના (₹ 52 કરોડ) ફાળે ગયો હતો.

લોન અને પેશગીઓની વસૂલાત 2022-23માં ₹ 254 કરોડ થઇ હતી. જો કે, વર્ષ દરમિયાન આપવામાં આવેલી લોન અને પેશગીઓ પરના વ્યાજની આવક ₹ 32 કરોડ જેટલી ઘટી હતી.

ઉપરાંત, વર્ષ દરમિયાન આપવામાં આવેલી કુલ લોન (₹ 1,466 કરોડ) પૈકી, ₹ 674 કરોડની રકમની લોન વહીવટી વિભાગો અથવા નાણા વિભાગ દ્વારા લોનની પરત ચૂકવણીની શરતો અને ચૂકવવાપાત્ર વ્યાજનો દર નક્કી કર્યા વિના આપવામાં આવી હતી.

ઑડિટે અવલોકન કર્યું હતુ કે નબળી નાણાકીય સ્થિતિના કારણે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ વર્ષોથી વસૂલ કરેલો યાત્રી વેરો સરકારી ખાતામાં જમા કરી શકે એમ ન હતું અને તેના કર્મચારીઓને સાતમા પગાર પંચની પાછલી બાકી પણ ચૂકવી શકે એમ ન હતું. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા યાત્રી વેરાનો ઉપયોગ તેના ખર્ચાને પહોંચી વળવા માટે કરવામાં આવતો હતો. વહીવટી વિભાગે (બંદરો અને પરિવહન) નાણા વિભાગની મંજૂરીથી બાકી યાત્રી વેરાને (વર્ષ 2022-23 માટે) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને આપવામાં આવેલી લોન (₹ 50.98 કરોડ) તરીકે ગણ્યું હતું. જો કે, સંબંધિત મંજૂરીના હુકમોમાં પરત ચૂકવણીનું સમયપત્રક અને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ચૂકવવાપાત્ર વ્યાજ દર નિયત કરવામાં આવ્યા ન હતાં. 31 માર્ચ 2023ની સ્થિતિએ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ પાસે લોનની ₹ 3,856 કરોડની બાકી સિલક હતી, જેમાં 2018-23 દરમિયાન આપવામાં આવેલ ₹ 592.39 કરોડનો સમાવેશ થાય છે.

નિષ્ક્રિય લોન ખાતાઓ

નીચેના મુખ્ય સદરો હેઠળ, જુદી જુદી સંસ્થાઓ/ સત્તાધિકારીઓને અગાઉના વર્ષોમાં આપવામાં આવેલી ₹ 833.30 કરોડની રકમની લોનની બાકી સિલકો નિષ્ક્રિય રહી હતી જેમાં છેલ્લા 14 વર્ષો (2009-23) માટે ન તો મુદ્દલની પરતચૂકવણી કરવામાં આવી હતી કે ન કોઇ વ્યાજની ચૂકવણી કરવામાં આવી હતી.

કોઠો 2.31: નિષ્ક્રિય લોન ખાતાઓ

(₹ કરોડમાં)

મુખ્ય સદર		2009-23
6075	પરચૂરણ સામાન્ય સેવાઓ માટે લોન	11.51
6202	શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ માટે લોન	20.43
6215	પાણી પુરવઠો અને સ્વચ્છતા માટે લોન	323.73
6404	ડેરી વિકાસ માટે લોન	63.00
6702	લઘુ સિંચાઇ માટે લોન	25.79
6855	ખાતર ઉદ્યોગ માટે લોન	12.15
6859	દૂરસંચાર અને ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ માટે લોન	5.90
6860	ઉપભોક્તા ઉદ્યોગ માટે લોન	358.76
7052	વહાણ પરિવહન માટે લોન	9.41
7452	પ્રવાસન માટે લોન	2.62
કુલ બાકી સિલક		**833.30**

સોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

આ બાકી લોનની યોગ્ય સ્તરે સમીક્ષા કરવી જોઇએ અને જરૂરી સુધરાત્મક પગલાં લેવા જોઇએ.

અપૂર્ણ યોજનાઓમાં સ્થગિત થયેલી મૂડી

અપૂર્ણ યોજનાઓ/ કામોમાં સ્થગિત થયેલું ભંડોળ ખર્ચની ગુણવત્તા પર નકારાત્મક અસર કરે છે અને રાજ્યને ઇચ્છિત લાભોથી લાંબા સમયગાળા માટે વંચિત રાખે છે.

માર્ચ 2023ના અંતે, 213 મૂડી કામો કે જે દરેકનું મૂલ્ય ₹ 10 કરોડ અથવા વધુ હતું અને જેના કામની પૂર્ણતાની તારીખ 31 માર્ચ 2023 અથવા તે પહેલાની હતી અને જેના પર ₹ 12,244.40 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, તે અપૂર્ણ હતાં. અપૂર્ણ યોજનાઓની વર્ષ-વાર અને વિભાગ-વાર વિગતો અનુક્રમે **કોઠા 2.32** અને **કોઠા 2.33**માં આપી છે.

કોઠો 2.32: 31 માર્ચ 2023ના રોજ અપૂર્ણ યોજનાઓની વય-વાર રૂપરેખા

શરૂઆતનું વર્ષ	અપૂર્ણ યોજનાઓની સંખ્યા	અંદાજીત ખર્ચ	ખર્ચ (31 માર્ચ 2023ના રોજ)
	(સંખ્યા)	(₹ કરોડમાં)	
2013-14	4	1,358.19	1,475.66
2014-15	2	987.43	863.07
2015-16	1	10.11	7.80
2016-17	5	395.49	239.21
2017-18	20	1,318.77	1,089.18
2018-19	23	1,502.57	1,162.83
2019-20	43	5,171.62	4,248.84
2020-21	45	1,938.69	1,583.86
2021-22	60	2,470.66	1,456.96
2022-23	10	291.21	116.99
કુલ	**213**	**15,444.74**	**12,244.40**

કોઠો 2.33: 31 માર્ચ 2023ના રોજ અપૂર્ણ યોજનાઓની વિભાગ-વાર રૂપરેખા

વિભાગ	અપૂર્ણ યોજનાઓની સંખ્યા	અંદાજીત ખર્ચ	ખર્ચ
	(સંખ્યા)	(₹ કરોડમાં)	
માર્ગ અને મકાન	184	8,644.96	5,982.23
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર	29	6,799.78	6,262.17
કુલ	**213**	**15,444.74**	**12,244.40**

સોત: વર્ષ 2022-23 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબોનું પરિશિષ્ટ IX.

એવું જોઇ શકાય છે કે પ્રારંભિક અંદાજપત્રીય ખર્ચના સંદર્ભમાં, 31 માર્ચ 2023ના રોજ, માર્ગ અને મકાન વિભાગે 184 અપૂર્ણ યોજનાઓ પર 69.20 ટકા ખર્ચ કર્યો હતો, જ્યારે નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગે 29 અપૂર્ણ યોજનાઓ પર 92.09 ટકા વાપર્યા હતાં.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ; રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ; અને મહિલા અને બાળ વિકાસ વિભાગના યોજના અમલીકરણ એકમો (Project Implementation Units) દ્વારા હાથ ધરવામાં આવેલા મૂડી કામોનો ઉપરાનામાં સમાવેશ થયો નથી. આવી જ રીતે, ગૃહ વિભાગ માટે પોલીસ આવાસન નિગમ લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલા મૂડી કામોનો પણ ઉપરમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. એ જ રીતે, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગને લગતા સિંચાઇના કામો પૈકી કેટલાક સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવે છે.

2.4.3.3 જાહેર-ખાનગી ભાગીદારી યોજનાઓ (PPP) હેઠળ રાજ્યના સંસાધનોની ઉપલબ્ધતા

જાહેર-ખાનગી ભાગીદારી (PPP) એ સરકાર અથવા વૈધાનિક સંસ્થા અને ખાનગી ક્ષેત્રની સંસ્થા વચ્ચેની એક વ્યવસ્થા છે જેમાં માળખાકીય વિકાસ માટેની લોકોની વધતી માંગણીઓને પહોંચી વળવા માટે સાથે કામ કરવા માટે માળખુ પૂરું પાડી તેમને સક્ષમ બનાવે છે.

31 માર્ચ 2023ની સ્થિતિએ, માળખાકીય ક્ષેત્રમાં જાહેર ખાનગી ભાગીદારી યોજનાઓની સ્થિતિ **કોઠા 2.34**માં દર્શાવ્યા મુજબ હતી.

કોઠો 2.34: માળખાકીય ક્ષેત્રમાં જાહેર-ખાનગી ભાગીદારી યોજનાઓની સ્થિતિ

(₹ કરોડમાં)

ક્રમાંક	ક્ષેત્ર	પૂર્ણ થયેલ/કાર્યરત યોજનાઓ		અમલીકરણ હેઠળની યોજનાઓ		ભવિષ્ય માટે આયોજન	
		સંખ્યા	કુલ મૂડીરોકાણ	સંખ્યા	કરવામાં આવેલો ખર્ચ	સંખ્યા	અંદાજીત ખર્ચ
1.	બંદરો	52	47,524.30	12	20,917.95	-	-
2.	માર્ગો	8	4,362.86	3	881.94	-	-
3.	માર્ગ પરિવહન	12	944.48	7	591.66	5	59.00
4.	રેલવે	-	-	4	1,610.22	-	-
5.	શહેરી માળખુ	98	2,722.08	107	5,984.69	24	725.99
6.	પાણી	-	-	5	2,160.00	-	-
7.	શિક્ષણ	160	365.25	-	-	11	22.17
8.	આરોગ્ય	4	55.23	-	-	-	-
9.	આઇટી, આઈટીઇએસ અને બાયોટેક	1	6.42	1	89.55	-	-
10.	કૃષિ	1	24.66	-	-	-	-
11.	પ્રવાસન	15	NA	12	NA	23	NA
12.	સામાજીક	1	55.00	-	-	-	-
કુલ		**352**	**56,060.28**	**151**	**32,236.01**	**63**	**807.16**

સોત: ગુજરાત માળખાકીય વિકાસ બોર્ડ દ્વારા આપવામાં આવેલી માહિતી.

NA: ઉપલબ્ધ નથી.

કોઠો 2.34 દર્શાવે છે કે, 31 માર્ચ 2023ની સ્થિતિએ, ગુજરાતમાં માળખાકીય ક્ષેત્રમાં ₹ 89,103.45 કરોડના મૂલ્યની 566 જાહેર ખાનગી ભાગીદારી યોજનાઓ પૈકી, ₹ 56,060.28 કરોડના મૂલ્યની 352 યોજનાઓ માર્ચ 2023 સુધીમાં પૂર્ણ/ કાર્યરત થઇ ગઇ હતી. મુખ્ય રોકાણો બંદરોના ક્ષેત્રમાં હતાં જેમાં ₹ 47,524.30 કરોડના મૂલ્યની 52 યોજનાઓ પૂર્ણ થઇ

ગઇ હતી અને ₹ 20,917.95 કરોડના મૂલ્યની 12 યોજનાઓ અમલીકરણ હેઠળ હતી. શહેરી માળખા હેઠળ, ₹ 2,722.08 કરોડના મૂલ્યની 98 યોજનાઓ પૂર્ણ થઇ ગઇ હતી અને ₹ 5,984.69 કરોડના રોકાણવાળી 107 યોજનાઓ પ્રગતિમાં હતી. વધુમાં, શિક્ષણ ક્ષેત્ર હેઠળ, ₹ 365.25 કરોડના મૂલ્યની 160 યોજનાઓ પૂર્ણ થઇ ગઇ હતી.

2.4.4 ખર્ચની પ્રાથમિકતાઓ

રાજ્યમાં વધુ સારા સામાજીક અને ભૌતિક માળખાની ઉપલબ્ધતા સામાન્ય રીતે તેના ખર્ચની ગુણવત્તા પ્રતિબિંબિત કરે છે. રાજ્ય સરકાર માટે એ મહત્વનું છે કે, સામાજીક અને આર્થિક સેવાઓ પરનો ખર્ચ કે જે વિકાસકીય ખર્ચ છે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને ખર્ચને યોગ્ય રીતે તર્કસંગત બનાવવો. કરેલા ખર્ચની કાર્યક્ષમતા, વિકાસકીય ખર્ચની ફાળવણીમાં સુધારો કરવા દ્વારા તેમજ, મૂડી ખર્ચ અને કુલ ખર્ચના ગુણોત્તર અને શિક્ષણ અને આરોગ્ય પર કરવામાં આવેલા મહેસૂલી ખર્ચના પ્રમાણ દ્વારા પ્રતિબિંબિત થાય છે. કુલ ખર્ચની સામે આ ઘટકોનો ગુણોત્તર જેમ ઉંચો તેમ ખર્ચની ગુણવત્તા વધુ સારી ગણાય છે.

2018-19ને પાયાનું વર્ષ ગણીને, 2022-23 દરમિયાન વિકાસકીય ખર્ચ, સામાજીક અને આર્થિક ક્ષેત્રો પરનો ખર્ચ અને મૂડી ખર્ચની બાબતમાં રાજ્ય સરકારની રાજકોષીય પ્રાથમિકતાઓની ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો સાથે સરખામણી **કોઠા 2.35માં** આપી છે.

કોઠો 2.35: 2018-19 અને 2022-23માં રાજ્યની ખર્ચની પ્રાથમિકતા

રાજ્યની રાજકોષીય પ્રાથમિકતા	AE/ GSDP	SSE/ AE	ESE/ AE	DE/ AE	CE/ AE	Education/ AE	Health / AE
2018-19માં આની ટકાવારી							
ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો	16.38	36.60	30.65	67.25	14.04	14.76	5.07
ગુજરાત	10.90	38.08	31.87	69.95	17.26	15.03	6.14
2022-23માં આની ટકાવારી							
ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો	15.79	38.11	29.17	67.28	13.48	14.85	5.68
ગુજરાત	9.57	41.14	29.94	71.08	16.40	16.08	6.19

AE: એકંદર ખર્ચ (તે કુલ ખર્ચ છે); DE: વિકાસકીય ખર્ચ; SSE: સામાજીક ક્ષેત્રનો ખર્ચ; ESE: આર્થિક ક્ષેત્રનો ખર્ચ; CE: મૂડી ખર્ચ

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને આર્થિક સલાહકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી.

કોઠો 2.35 નીચેની બાબતો વ્યક્ત કરે છે:

- ગુજરાતની 2018-19માં 10.90 ટકા અને 2022-23માં 9.57 ટકાની રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની સામે કુલ ખર્ચની ટકાવારી, ઉત્તર પૂર્વ અને હિમાલયના રાજ્યો

સિવાયના રાજ્યો કરતાં નીચી હતી, જે રાજ્યના અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્રની અધિક ભાગીદારી દર્શાવે છે.

- વિકાસકીય ખર્ચમાં આર્થિક સેવાઓનો ખર્ચ અને સામાજીક સેવાઓનો ખર્ચ સામેલ હોય છે. ગુજરાતમાં કુલ ખર્ચની ટકાવારી રૂપે વિકાસકીય ખર્ચ ઉત્તર પૂર્વ અને હિમાલય સિવાયના રાજ્યો કરતાં, 2018-19 અને 2022-23 દરમિયાન બન્નેમાં, ઉંચો હતો.

- ગુજરાતમાં કુલ ખર્ચની ટકાવારીની રીતે સામાજીક સેવાઓ, આર્થિક સેવાઓ અને મૂડી ખર્ચ, શિક્ષણ અને આરોગ્ય પરનો ખર્ચ ઉત્તર પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં 2018-19 અને 2022-23 બન્ને દરમિયાન ઉંચો હતો.

2.4.5 હેતુ સદર મુજબ ખર્ચ

નાણાકીય હિસાબો માત્ર ગૌણ સદરના સ્તર સુધીના વ્યવહારો દર્શાવે છે. આથી, અંદાજપત્રીય ફાળવણીઓ અને હેતુ સદરના સ્તર સુધી કરવામાં આવેલા ખર્ચના પ્રમાણનું વિગતવાર ચિત્રણ **કોઠા 2.36**માં આપ્યું છે.

કોઠો 2.36: અંદાજપત્રીય અધિકૃતતા સામે હેતુ સદર મુજબ ખર્ચ

(₹ કરોડમાં)

સદર	અંદાજપત્ર	ખર્ચ	ઉપયોગની ટકાવારી
સહાયક અનુદાન	75,984.69	71,353.09	93.90
વ્યાજ	27,174.62	25,342.34	93.26
સહાયકી	27,108.95	25,749.08	94.98
પગાર	26,719.09	13,533.05	50.65
ઋણની પરતચૂકવણી	22,220.26	22,158.98	99.72
મોટા કામો	18,423.27	15,822.63	85.88
નિવૃત્તિ અંગેના ખર્ચા	15,044.51	14,164.44	94.15
મૂડી અસ્કયામતોના સર્જન માટે સ્થાનિક સંસ્થાઓને અનુદાન	11,522.47	9,400.13	81.58
અન્ય મૂડી ખર્ચ	11,391.11	11,349.59	99.64
મૂડીરોકાણ	8,995.78	7,891.16	87.72
અન્ય ખર્ચા	5,345.25	5,691.80	106.48
આંતર-હિસાબી તબદીલી	5,236.00	2,415.68	46.14
શિષ્યવૃત્તિ/સ્ટાઇપેન્ડ	3,830.83	3,176.20	82.91
ગૌણ કામો	3,072.13	2,983.06	97.10
કચેરી ખર્ચ	2,103.00	842.38	40.06
મશીનરી અને સાધનો	1,958.53	567.46	28.97
પુરવઠો અને માલસામાન	1,800.62	1,007.89	55.97

સદર	અંદાજપત્ર	ખર્ચ	ઉપયોગની ટકાવારી
લોન અને પેશગીઓ	1,524.69	1,466.85	96.21
અન્ય કરારગત સેવાઓ	1,088.92	1,102.79	101.27
વેતન	617.54	675.12	109.32
ઓવરટાઇમ ભથ્થા	536.40	594.07	110.75
પંચાયતોને ફાળો	456.82	931.67	203.95
રેશનનો ખર્ચ (આહાર ખર્ચ)	412.01	361.58	87.76
મોટર વાહનો	407.07	275.96	67.79
વ્યાવસાયિક સેવાઓ	277.63	242.18	87.23
જાહેરાતો અને પ્રચાર	215.72	283.63	131.48
ભાડા, દર અને કરવેરા	188.42	112.13	59.51
ઘરેલુ પ્રવાસ ખર્ચ	188.11	157.12	83.53
પેટ્રોલ, ઓઇલ અને ઉંજણ	147.29	182.01	123.57
તદર્થ નાણાકીય સહાય	42.89	42.77	99.72
વસ્ત્રો અને તંબુ	37.73	36.18	95.89
પ્રકાશન	36.27	11.50	31.71
શસ્ત્રો અને દારૂગોળો	25.45	12.61	49.55
અન્ય વહીવટી ખર્ચ	20.64	8.84	42.83
ગુપ્ત સેવાનો ખર્ચ	8.00	17.48	218.50
ઘસારો	3.10	3.10	100.00
પુરસ્કાર	2.57	0.94	36.58
વિદેશ પ્રવાસનો ખર્ચ	0.80	0.11	13.75
અન્ય	588.83	149.72	25.43
કુલ	**2,74,758.01**	**2,40,117.32**	**87.39**

સોતઃ મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી

એ જોઇ શકાય છે કે ₹ 2,74,758.01 કરોડની કુલ અંદાજપત્રીય ફાળવણીમાંથી, 2022-23 દરમિયાન જુદા જુદા હેતુ સદરો પરનો ખરેખર ખર્ચ ₹ 2,40,117.32 કરોડ (87.39 ટકા) થયો હતો. ઉપર જણાવેલા 39 હેતુ સદરો પૈકી, નવ સદરો હેઠળ અંદાજપત્રીય ફાળવણીના 100 ટકા અથવા અધિક ખર્ચ કરવામાં આવ્યો હતો. 17 હેતુ સદરો હેઠળ, કરવામાં આવેલો ખર્ચ અંદાજપત્રીય ફાળવણીના 70 ટકા અને 100 ટકા વચ્ચે હતો, જ્યારે બાકીના 13 હેતુ સદરોમાં કરવામાં આવેલો ખર્ચ અંદાજપત્રીય ફાળવણીના 70 ટકા કરતાં ઓછો હતો. ટોચના સાત હેતુ સદરોનો વૃક્ષરૂપી નકશો (ટ્રી-મેપ) **આલેખ 2.12**માં દર્શાવ્યો છે.

આલેખ 2.12: હેતુ-સદર વાર ખર્ચ

(₹ કરોડમાં)



સોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી.

2.5 આકસ્મિક નિધિ

આકસ્મિક નિધિ એક અગ્રદાયના રૂપમાં હોય છે જેની રચના કાયદા દ્વારા રાજ્યની વિધાનસભા દ્વારા કરવામાં આવે છે, અને અણધાર્યા ખર્ચને પહોંચી વળવા, રાજ્યની વિધાનસભા દ્વારા આવા ખર્ચને અધિકૃતી મળે ત્યાં સુધી પેશગીઓ આપી શકાય એ માટે રાજ્યપાલના હવાલે મુકવામાં આવે છે. નિધિની ભરપાઇ રાજ્યના સંચિત નિધિના સંબંધિત કાર્યલક્ષી મુખ્ય સદર ખાતે ઉધારીને કરવામાં આવે છે. ગુજરાત સરકારના આકસ્મિક નિધિમાં ₹ 200 કરોડનો કોષ છે. 2022-23 દરમિયાન ₹ 135.65 કરોડની રકમ આકસ્મિક નિધિમાંથી ઉપાડવામાં આવી હતી અને અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે ખર્ચવામાં આવી હતી. ₹ 115.39 કરોડની રકમ નાણાકીય વર્ષ પૂર્ણ થયા પહેલાં ભરપાઈ કરવામાં આવી હતી અને ₹ 20.26 કરોડની રકમ ભરપાઈ થયા વગરની રહી હતી.

2.6 જાહેર હિસાબ

કેટલાક વ્યવહારો જેમ કે નાની બચત, ભવિષ્ય નિધિ, અનામત ભંડોળ, થાપણો, ઉપલક, ભરણાં, વગેરેની બાબતમાં આવક અને ચૂકવણીઓ જે સંચિત નિધિનો ભાગ બનતા નથી તેને બંધારણની કલમ 266 (2) હેઠળ સ્થાપવામાં આવેલ જાહેર હિસાબમાં રાખવામાં આવે છે, અને રાજ્ય વિધાનસભા દ્વારા મતપાત્ર હોતા નથી. સરકાર આ બાબતમાં બેંકર તરીકેની ભૂમિકા ભજવે છે. વર્ષ દરમિયાન ચૂકવણીઓ બાદ રહેલી સિલક એ સરકાર પાસે જુદા જુદા હેતુઓ માટે ઉપયોગ માટે ઉપલબ્ધ ભંડોળ હોય છે.

2.6.1 જાહેર હિસાબમાં ચોખ્ખી સિલકો

માર્ચ 2023ના અંતે રાજ્યના જાહેર હિસાબમાં રહેલી ઘટક-વાર ચોખ્ખી સિલકો નીચે મુજબ હતી:

કોઠો 2.37: વર્ષની 31 માર્ચના રોજ જાહેર હિસાબમાં ઘટક-વાર ચોખ્ખી સિલકો

(₹ કરોડમાં)

ક્ષેત્ર	પેટા-ક્ષેત્ર	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
I. નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે	નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે	10,608.63	10,601.21	10,445.80	10,179.76	9,993.84
J. અનામત ભંડોળ	(a) વ્યાજ પાત્ર અનામત ભંડોળ	1,504.58	1,818.03	1,073.02	1,527.94	2,673.90
	(b) વ્યાજ વગરનું અનામત ભંડોળ	13,998.70	15,014.72	6,911.30	9,216.94	12,054.35
K. થાપણો અને પેશગીઓ	(a) વ્યાજ પાત્ર થાપણો	13,677.83	14,073.56	14,476.68	14,476.34	14,127.01
	(b) વ્યાજ વગરની થાપણો	18,454.00	20,525.16	22,478.03	22,415.43	23,177.28
	(c) પેશગીઓ	(-)0.73	(-)0.71	(-)0.70	(-)0.70	(-)0.70
L. ઉપલક અને પરચૂરણ	(a) ઉપલક	(-)516.66	(-)303.87	(-)321.72	(-)296.69	(-)295.85
	(b) અન્ય હિસાબો[14]	314.30	(-)1,561.23	(-)2,704.49	(-)267.37	(-)2,945.47
	(c) વિદેશી સરકારો સાથેના હિસાબો	(-)0.59	(-)0.59	(-)0.59	(-)0.59	(-)0.59
	(d) પરચૂરણ	0.00	0.00	0.00	0.00	0.00
M. ભરણાં	(a) મની ઓર્ડર અને અન્ય ભરણાં	637.47	738.56	868.58	963.11	977.53
	(b) આંતર-સરકારી સમાયોજન હિસાબ	(-)1.26	(-)1.64	(-)1.94	(-)1.99	(-)1.70
	કુલ	**58,676.27**	**60,903.20**	**53,223.97**	**58,212.18**	**59,759.60**

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

નોંધ: +ve જમા સિલક સૂચવે છે અને –ve ઉધાર સિલક સૂચવે છે.

રાજ્યના જાહેર હિસાબમાં ચોખ્ખી સિલકો 2018-19માં ₹ 58,676.27 કરોડ હતી તે વધીને 2022-23માં ₹ 59,759.60 કરોડ થઇ હતી. પાછલા વર્ષની તુલનામાં વર્ષ 2022-23 દરમિયાન જાહેર હિસાબમાં ચોખ્ખી સિલકો 2.66 ટકા જેટલી વધી હતી.

[14] L – ઉપલક અને પરચૂરણ હેઠળના અન્ય હિસાબોમાં, રોકડ સિલક રોકાણ ખાતું, કાયમી રોકડ અગ્રદાય અને વિભાગીય સિલકો સામેલ નથી.

2.6.2 અનામત ભંડોળો

અનામત ભંડોળોની રચના રાજ્ય સરકારના જાહેર હિસાબો હેઠળ ચોક્કસ અને વ્યાખ્યાયિત હેતુઓ માટે કરવામાં આવે છે. આ ભંડોળો, ફાળો અથવા રાજ્યના સંચિત નિધિમાંથી અનુદાનથી નિભાવવામાં આવે છે.

2022-23 દરમિયાન ચોક્કસ હેતુ માટે અંકિત કરેલા 18 અનામત ભંડોળો હતાં જે પૈકી, વ્યાજુકા પાંચ અનામત ભંડોળોમાં ₹ 2,673.90 કરોડની સિલક હતી અને વ્યાજ વગરના 13 ભંડોળોમાં ₹ 12,054.35 કરોડની સિલક હતી. 31 માર્ચ 2023ના રોજ આ ભડોળોમાં કુલ એકત્રિત સિલક ₹ 14,728.25 કરોડ હતી જે પૈકી, ₹ 10,379.35 કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું.

18 અનામત ભંડોળો પૈકી, ₹ 2.11 કરોડની સિલક ધરાવતા પાંચ અનામત ભંડોળો નિષ્ક્રિય હતાં, જેમાંથી ચાર અનામત ભંડોળ (₹ 2.10 કરોડ) 1999-2000થી નિષ્ક્રિય હતાં જ્યારે એક અનામત ભંડોળ (₹ 0.01 કરોડ) 2014-15થી નિષ્ક્રિય હતું.

2.6.2.1 સંચિત ડૂબત નિધિ

રાજ્ય સરકારે બાકી જવાબદારીઓની ઋણમુક્તિ માટે 2003-04માં સંચિત ડૂબત નિધિની રચના કરી હતી. આ ભંડોળના વહીવટ માટે જવાબદાર છે, તે ભારતીય રિઝર્વ બેંકે સંચિત ડૂબત નિધિનો વ્યાપ વધારી નાણાકીય વર્ષ 2007-08થી સરકારની જવાબદારીઓનો (આંતરિક ઋણ+જાહેર હિસાબની જવાબદારીઓ) સમાવેશ કરવા માટે માર્ગદર્શિકા જારી કરી હતી. વધુમાં, રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવેલી સંચિત ડૂબત નિધિ માટેની નવીનતમ માર્ગદર્શિકા (2017-18) મુજબ, વર્ષ 2018-19થી ભંડોળનો લઘુત્તમ કોષ રાજ્યની બાકી જવાબદારીઓના પાંચ ટકા હોવો જોઇએ અને ત્યારબાદ રોલીંગના આધારે (Rolling Basis) જાળવી રાખવો જોઈએ. રાજ્ય સરકારે બજાર લોનની પુનઃચૂકવણીમાં સરળતા માટે સંચિત ડૂબત નિધિની રચના કરીને અને આકસ્મિક ખર્ચની ભરપાઈમાં સરળતા માટે બાંયધરી વિમોચન ભંડોળની સ્થાપના કરીને સારા નાણાકીય સંચાલન માટે પહેલ કરી છે.

2022-23 દરમિયાન સંચિત ડૂબત નિધિમાં રાજ્ય સરકારે ₹ 2,757.04 કરોડ જેટલો ફાળો આપ્યો હતો. 2022-23 દરમિયાન સંચિત ડૂબત નિધિમાં ₹ 7,806.51 કરોડ જેટલો ઓછો[15] ફાળો હતો, કારણ કે ₹ 17,926.77 કરોડના લઘુત્તમ કોષની સામે ભંડોળમાં બંધ સિલક ₹ 10,120.26 કરોડ હતી. રાજ્ય સરકારે 2022-23 દરમિયાન ભંડોળમાં ₹ 757.04 કરોડનું ઉપાર્જિત વ્યાજ જમા કર્યું હતું.

31 માર્ચ 2023ની સ્થિતિએ, ₹ 10,120.26 કરોડના કુલ ભંડોળમાંથી ₹ 9,790.34 કરોડનું ભારતીય રિઝર્વ બેંકમાં રોકાણ કરવામાં આવ્યુ હતું.

---

[15] ₹ 7,806.51 કરોડ = ₹ 17,926.77 કરોડ (વર્ષ 2021-22 માટે ₹ 3,58,535.53 કરોડની રાજ્યની જવાબદારીઓના 5%) [-] ₹ 10,120.26 કરોડ સંચિત ડૂબત નિધિની બંધ સિલક. 2020-21માં મળેલા ₹ 9,222 કરોડ અને 2021-22માં મળેલા ₹ 13,040 કરોડના માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં લીધેલ એક પછી એક લોનને અહી જાહેર ઋણ ગણવામાં આવ્યુ નથી.

2.6.2.2 રાજ્ય આપદા જોખમના સંચાલન માટેનું ભંડોળ

13માં નાણા પંચની ભલામણો મુજબ, રાજ્ય સરકાર 2011-12થી રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળનું (SDRF) સંચાલન કરી રહી છે. તે એક વ્યાજવાળો અનામત ભંડોળ છે. ભારત સરકારની માર્ગદર્શિકાની (સપ્ટેમ્બર 2010) શરતો મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારોએ 75:25ના પ્રમાણમાં ભંડોળમાં ફાળો આપવાનો હતો. 15માં નાણા પંચે વર્ષ 2020-21 થી આગળ આપદા જોખમના વ્યવસ્થાપન માટે રાજ્યોને કરવામાં આવતી કેન્દ્રીય ફાળવણીનુ બે અલગ ભંડોળોમાં વિભાજન કરવાની ભલામણ કરી હતી. 75 ટકાની કેન્દ્રીય ફાળવણી પૈકી, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળનો (SDRF) હિસ્સો 80 ટકા રહેશે અને રાજ્ય આપદા શમન ભંડોળનો (SDMF) હિસ્સો 20 ટકા રહેશે. બન્ને ભંડોળો માટે અલગ ખાતાનું સંચાલન કરવાનું હતું.

રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ (SDRF)

01 એપ્રિલ 2022ની સ્થિતિએ, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ પાસે ₹ 381.95 કરોડની ખૂલતી સિલક હતી. 2022-23 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 982.99 કરોડ (₹ 556.00 કરોડ કેન્દ્રનો હિસ્સો અને ₹ 426.99 કરોડ રાજ્યનો હિસ્સો) ભંડોળમાં તબદીલ કર્યો હતો. ₹ 1,364.94 કરોડના કુલ ઉપલબ્ધ ભંડોળમાંથી, રાજ્ય સરકારે વર્ષ દરમિયાન ₹ 205.33 કરોડ કુદરતી આપદાઓ પર રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાંથી ખર્ચ્યા હતાં, અને માર્ચ 2023ના અંતે ભંડોળમાં ₹ 1,159.61 કરોડની સિલક રહી હતી. વધુમાં, રાજ્ય સરકારે કુદરતી આફતો માટે ₹ 32.24 કરોડનો ખર્ચ રાજ્યના અંદાજપત્રમાંથી પુરો પાડ્યો હતો. આમ, રાજ્ય સરકારે આના ઉપર વર્ષ દરમિયાન ₹ 237.57 કરોડનો ખર્ચ કર્યો હતો.

વર્ષ દરમિયાન રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાં આવક અને ખર્ચની વિગતો નીચે **આલેખ 2.13**માં આપી છે.

આલેખ 2.13: રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાં આવક અને ખર્ચની વિગતો



સ્રોત: વર્ષ 2022-23 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

મુખ્ય/ ગૌણ હિસાબી સદર-વાર રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાંથી કરવામાં આવેલા ખર્ચનું વિવરણ **પરિશિષ્ટ-2.3**માં કોઠાબદ્ધ કરવામાં આવ્યું છે.

રાજ્ય આપદા શમન ભંડોળ

રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ ઉપરાંત, રાજ્ય સરકાર રાજ્ય આપદા શમન ભંડોળનો પણ નિભાવ કરે છે. ભંડોળની રચના ફેબ્રુઆરી 2023માં કરવામાં આવી હતી. 2022-23 દરમિયાન, રાજ્ય સરકારે રાજ્ય આપદા શમન ભંડોળમાં ₹ 538.30 કરોડ (₹ 403.80 કરોડ કેન્દ્રના હિસ્સા રૂપે અને ₹ 134.50 કરોડ રાજ્યના હિસ્સા રૂપે) તબદીલ કર્યા હતાં.

ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ, આ બન્ને ભંડોળમાં રહેલી રકમોનું રોકાણ કરવાનું[16] હતું, જે કરવામાં આવ્યું ન હતું, આના ઉપર રાજ્ય સરકારને કોઈ વ્યાજની આવક થઇ ન હતી અને ભંડોળમાં કોઈ વ્યાજ જમા કરવામાં આવ્યું ન હતું.

2.6.2.3 રાજ્ય વળતર વનીકરણ ભંડોળ

ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી સૂચનાઓના અનુપાલનમાં રાજ્ય સરકારોએ વળતર વનીકરણ હાથ ધરવા માટે વપરાશકર્તા

[16] રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાં થયેલી અભિવૃદ્ધિનું રોકાણ ભારતીય રીઝર્વ બેંક મારફતે કેન્દ્ર સરકારની તારીખી જામીનગીરીઓમાં (Dated Securities); હરાજી થયેલા તિજોરી બિલ; અને અનુસૂચિત વાણિજ્યિક બેંકમાં વ્યાજુકી થાપણો અને પ્રમાણપત્રવાળી થાપણોમાં કરવાનું હતું.

એજન્સીઓ તરફથી મળેલી રકમો માટે રાજ્યના જાહેર હિસાબમાં વ્યાજ સહિતના વિભાગ હેઠળ રાજ્ય વળતર વનીકરણ ભંડોળની સ્થાપના કરવાની હોય છે.

2022-23 દરમિયાન, રાજ્ય સરકારને વપરાશકર્તા એજન્સીઓ તરફથી કોઇ રકમ મળી ન હતી (પાછલા વર્ષમાં શૂન્ય). રાષ્ટ્રીય વળતર વનીકરણ થાપણમાંથી પણ સરકારને કોઇ રકમ મળી ન હતી (પાછલા વર્ષમાં શૂન્ય). 31 માર્ચ 2023ના રોજ રાજ્ય વળતર વનીકરણ ભંડોળમાં કુલ સિલક ₹ 975.96 કરોડ હતી.

2.6.2.4 બાંયધરી વિમોચન ભંડોળ

બારમાં નાણા પંચે સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓમાંથી ઉભી થતી આકસ્મિક જવાબદારીઓને પહોંચી વળવા માટે બાંયધરી વિમોચન ભંડોળની રચના કરવાની ભલામણ કરી હતી. ગુજરાત સરકારે જુદી જુદી સંસ્થાઓ જેવી કે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો, રાજ્યની સહકારી સોસાયટીઓ, વગેરે દ્વારા લેવામાં આવેલી લોન પર તેના દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓ માટે બાંયધરી વિમોચન ભંડોળની રચના કરી છે. ભારતીય રિઝર્વ બેંક, જે ભંડોળનો વહીવટ કરે છે તેની માર્ગદર્શિકા મુજબ, ભંડોળનો કોષ બાકી બાંયધરીઓના પાંચ ટકાના ઇચ્છનીય સ્તર સુધી ક્રમશઃ વધારવાનો છે.

2022-23 દરમિયાન, ₹ 73.66 કરોડના લઘુત્તમ આવશ્યક કોષની[17] સામે ભંડોળમાં બંધ સિલક ₹ 849.05 કરોડ હતી. 2022-23 દરમિયાન ₹ 46.16 કરોડનું ઉપાર્જીત વ્યાજ ભંડોળમાં જમા કરવામાં આવ્યું હતું.

31 માર્ચ 2023ના રોજ, ₹ 849.05 કરોડના કુલ ભંડોળમાંથી, ₹ 585.36 કરોડનું ભારતીય રિઝર્વ બેંકમાં રોકાણ કરવામાં આવ્યું હતું.

2.6.3 થાપણો અને પેશગીઓ

2.6.3.1 કેન્દ્રીય માર્ગ અને માળખા ભંડોળ (Central Road and Infrastructure Fund) સંબંધિત વ્યવહારોનો હિસાબ

નિર્ધારિત માર્ગ યોજનાઓ પર ખર્ચ કરવા માટે ભારત સરકાર રાજ્ય સરકારોને કેન્દ્રીય માર્ગ અને માળખા ભંડોળ (CRIF) હેઠળ વાર્ષિક અનુદાન પૂરું પાડે છે. પ્રવર્તમાન હિસાબી પધ્ધતિ અનુસાર, અનુદાનને પહેલા મુખ્ય સદર "1601 સહાયક અનુદાન" હેઠળ મહેસૂલી આવક તરીકે નોંધવામાં આવે છે અને એટલી જ રકમ મહેસૂલી ખર્ચના મુખ્ય સદર "3054 માર્ગો અને પુલો" માં ઉધારીને જાહેર હિસાબ હેઠળના મુખ્ય સદર "8449-અન્ય થાપણો 103 કેન્દ્રીય માર્ગ ભંડોળમાંથી નાણાકીય સહાય" માં તબદીલ કરવામાં આવે છે. આ પ્રક્રિયા સુનિશ્ચિત કરે છે કે અનુદાનની આવક હિસાબમાં મહેસૂલી પુરાંત અધિક દર્શાવવામાં (અથવા મહેસૂલી ખાધ ઓછી દર્શાવવામાં) પરિણમતી નથી. નિર્ધારિત માર્ગ યોજનાનો ખર્ચ શરૂઆતમાં સંબંધિત મહેસૂલી અથવા મૂડી મુખ્ય સદરે (મુખ્ય

[17] ₹ 73.66 કરોડ – વર્ષ 2022-23ના અંતે બાકી બાંયધરીઓના (₹ 1473.11 કરોડ) 5 ટકા.

સદર 3054 અથવા 5054) નોંધવામાં આવેલા ખર્ચનું બાદમાં ભંડોળમાં (મુખ્ય સદર 8449-103) અનુરૂપ ઉધાર નોંધ કરીને મુખ્ય સદર 3054/5054 હેઠળ બાદ ઉધાર નોંધ દ્વારા ભંડોળની સિલકમાંથી સમાયોજન કરવામાં આવે છે.

2022-23 દરમિયાન, કેન્દ્રીય માર્ગ અને માળખા ભંડોળ હેઠળ ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ ₹ 249.12 કરોડના અનુદાનની નોંધ પ્રવર્તમાન હિસાબી પધ્ધતિને અનુસરીને રાજ્યના હિસાબમાં મુખ્ય સદર-1601 હેઠળ કરવામાં આવી હતી. વર્ષ દરમિયાન નિર્ધારિત માર્ગ કામો પર ₹ 249.12 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેથી 31 માર્ચ 2023ના રોજ થાપણ સદરે ₹ 27.25 કરોડની (2015-16ના ₹ 5.96 કરોડ અને 2019-20ના ₹ 21.29 કરોડ) સિલક રહી હતી.

2.6.3.2 લેબર સેસની શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં તબદીલી ન થવી

મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ અધિનિયમ, 1996ની કલમ 3 હેઠળ, બે ટકાથી વધુ નહીં એ દરે, પરંતુ કામે રાખનાર દ્વારા કરવામાં આવેલા બાંધકામના ખર્ચના એક ટકાથી ઓછા નહીં તે દરે, સરકાર વખતોવખત સત્તાવાર રાજપત્રમાં જાહેરનામા દ્વારા નિયત કરે તે દર લાગુ કરીને સેસ વસૂલ કરવામાં આવશે. મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ નિયમો, 1998ના નિયમ 5(3) મુજબ, આ રીતે એકત્રિત કરેલી સેસની રકમ મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં (બોર્ડ) તે વસૂલ કર્યાના 30 દિવસની અંદર તબદીલ કરવાની હોય છે.

ઑડિટે અવલોકન કર્યું હતુ કે, મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ અધિનિયમ, 1996ની શરતો મુજબ રાજ્ય સરકારે 2022-23 દરમિયાન ₹ 748.18 કરોડ જેટલી રકમનો સેસ વસૂલ કર્યો હતો પરંતુ માત્ર ₹ 205.57 કરોડ બોર્ડમાં તબદીલ કરવામાં આવ્યાં હતાં, અને ₹ 542.61 કરોડની સિલક 31 માર્ચ 2023 સુધી બોર્ડમાં તબદીલ કરવામાં આવી ન હતી.

એકઠી કરેલી અને બોર્ડમાં તબદીલ કરેલી એકત્રિત સિલકોની સમીક્ષામાં ધ્યાન પર આવ્યુ હતું કે, 2006-07થી 2022-23ના સમયગાળા દરમિયાન ₹ 4,787.60 કરોડની રકમ સેસ તરીકે એકત્રિત કરવામાં આવી હતી પરંતુ એ જ સમયગાળા દરમિયાન તબદીલ કરેલી રકમ ₹ 2,544.81 કરોડ હતી અને ₹ 2,242.79 કરોડની સિલક રહી હતી જે 31 માર્ચ 2023 સુધી તબદીલ કરવામાં આવી ન હતી.

2.6.3.3 દંડની વ્યક્તિગત લેજર ખાતામાં તબદીલી ન થવી

ગુજરાત સરકારે 01 જુલાઇ 2000ના ઠરાવથી નિયત કર્યું હતું કે મોટર વાહન અધિનિયમની કલમ 200(1) હેઠળ દંડ મારફત રાજ્યના શહેરી વિસ્તારમાંથી વર્ષ દરમિયાન થયેલી આવકની નિયત ટકાવારી અંદાજપત્રીય સદર એટલે કે ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિમાં (GSMSN) જમા કરવામાં આવશે. ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિ હેઠળ ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ ટ્રાફિક પ્રબંધનના હેતુઓ માટે કરવાનો હતો.

ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિની સરળ કામગીરી માટે, માર્ચ 2004ની અસરથી મહાનિયામક અને પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગરના (DG અને IGP) નામે એક વ્યક્તિગત લેજર ખાતુ (PLA) ખોલવામાં આવ્યું હતું. મહાનિયામક અને પોલીસ મહાનિરીક્ષકે જુદા જુદા અમલકર્તા સત્તાવાળાઓ તરફથી ટ્રાફિક વ્યવસ્થાપન માટે વિવિધ દરખાસ્તો એકઠી કરવાની હતી અને ટ્રાફિક વ્યવસ્થાપન સમિતિની મંજૂરી લીધા બાદ વ્યક્તિગત લેજર ખાતામાંથી ખર્ચ કરવાનો હતો. જૂલાઇ 2006માં, ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિના વધુ સારા વહીવટ માટે રાજ્ય સરકારે 100 ટકા દંડ વ્યક્તિગત લેજર ખાતામાં તબદીલ કરવાનું નક્કી કર્યું હતું.

કોઠા 2.38માં આપેલી વિગતો મુજબ, 2012-13થી 2022-23ના વર્ષો માટેની અંદાજપત્રીય અંદાજો અને વિનિયોગ હિસાબોની ચકાસણીમાં, જો કે, ખરેખર વસૂલ કરેલો ટ્રાફિકનો દંડ અને વ્યક્તિગત લેજર ખાતામાં તેની તબદીલીઓ વચ્ચે 18 ટકાનો ઘટાડો જોવામાં આવ્યો હતો.

કોઠો 2.38: ટ્રાફીકના દંડની વ્યક્તિગત લેજર ખાતામાં તબદીલીમાં ઘટ

વર્ષ	ટ્રાફીકના દંડની આવક (₹ કરોડમાં)		વ્યક્તિગત લેજર ખાતા માટે જોગવાઇ (₹ કરોડમાં)		
	અંદાજપત્રીય અંદાજો	ખરેખર વસૂલાત	અંદાજપત્રીય અંદાજો	ખરેખર તબદીલી	ખરેખર વસૂલાતની ટકાવારીની રીતે
1	2	3	4	5	6= (5÷3) × 100
2012-13	45.00	52.82	20.50	17.88	33.85
2013-14	62.22	48.40	20.00	20.00	41.32
2014-15	56.40	75.71	25.00	25.00	33.02
2015-16	72.95	73.20	35.00	35.00	47.81
2016-17	85.65	84.17	40.00	25.00	29.70
2017-18	77.35	63.06	35.00	48.57	77.02
2018-19	113.78	109.62	200.00	98.00	89.40
2019-20	75.60	173.33	63.06	260.00	150.00
2020-21	183.84	145.97	78.62	78.62	53.86
2021-22	211.42	138.15	173.32	173.32	125.46
2022-23	250.00	123.27	145.95	108.00	87.61
કુલ	**1,234.21**	**1,087.70**	**836.45**	**889.39**	**81.77**

સોત: સંબંધિત વર્ષોના અંદાજપત્રીય અંદાજો અને વિનિયોગ હિસાબો.

2.7 જાહેર જવાબદારીઓનું વ્યવસ્થાપન

જાહેર જવાબદારીઓનું વ્યવસ્થાપન એ આવશ્યક ભંડોળની રકમ ઉભી કરવા માટેની સરકારની જવાબદારીઓના વ્યવસ્થાપન માટેની વ્યુહરચનાની સ્થાપના અને અમલીકરણ, તેના જોખમો અને ખર્ચના હેતુઓ ફાંસલ કરવા અને અન્ય કોઇ પણ વાર્ષિક અંદાજપત્રીય જાહેરાતો દ્વારા નિયત

કરવામાં આવેલા કોઇ પણ અન્ય સ્વાયત્ત ઋણ વ્યવસ્થાપનના લક્ષ્યો પૂર્ણ કરવા માટેની પ્રક્રિયા છે.

વર્ષ 2018-19થી 2022-23 માટે રાજ્યની કુલ જવાબદારીઓ તેની રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે ટકાવારી સાથે **આલેખ 2.14**માં દર્શાવી છે.

આલેખ 2.14: બાકી જાહેર જવાબદારીનું વલણ

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

સોત (રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનના આંકડાઓ): ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળનું નિવેદન (2023-24નું અંદાજપત્રીય પ્રકાશન સંખ્યા 30)

ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણા પંચ, વગેરે દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ વિશેષ વ્યવસ્થા હેઠળના ઋણને રાજ્યના દેવા/ઋણ તરીકે ગણવામાં આવશે નહીં. તેથી 2020-21માં મળેલા ₹ 9,222 કરોડ અને 2021-22માં મળેલા ₹ 13,040 કરોડના માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં લીધેલ એક પછી એક લોનને રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે બાકી જાહેર જવાબદારીઓની ટકાવારી ની ગણતરી માટે ગણવામાં આવ્યુ નથી

* તફાવત મુખ્ય સદર 6003-105-કૃષિ અને ગ્રામ વિકાસની રાષ્ટ્રીય બેંક (NABARD) (નાણાકીય હિસાબોનું પત્રક 17) હેઠળ ₹ 4 કરોડના પ્રોફોર્મા સુધારાના કારણે હતો.

2.7.1 જવાબદારીની રૂપરેખા: ઘટકો

રાજ્ય સરકારની કુલ જવાબદારીઓમાં સામાન્ય રીતે રાજ્યનું આંતરિક ઋણ[18], કેન્દ્ર સરકાર તરફથી લોન અને પેશગીઓ, અને જાહેર હિસાબની જવાબદારીઓનો સમાવેશ થાય છે. છેલ્લા પાંચ વર્ષ (2018-23) દરમિયાન રાજ્યના ઘટક-વાર જવાબદારીઓના વલણો **કોઠા 2.39**માં રજૂ કર્યા છે.

[18] બજાર લોન, ભારતીય રિઝર્વ બેંક પાસેથી સાધનોપાય પેશગીઓ, રાષ્ટ્રીય નાની બચત ભંડોળને આપેલી વિશેષ જામીનગીરીઓ અને નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન, વગેરે.

કોઠો 2.39: 2018-23 દરમિયાન ઘટક-વાર જવાબદારીનું વલણ

(₹ કરોડમાં)

		2018-19	2019-20	2020-21	2021-22	2022-23
કુલ બાકી જવાબદારીઓ		**2,85,844**	**3,15,456**	**3,57,892[19]**	**3,80,798[19]**	**4,12,378**
જાહેર ઋણ	આંતરિક ઋણ	2,32,875	2,59,662	2,90,030	2,99,801[20]	3,25,273
	ભારત સરકાર તરફથી લોન	7,430	7,433	17,999	30,756	35,458
જાહેર હિસાબની જવાબદારીઓ		45,539	48,361	49,863	50,241	51,647
અંદાજપત્ર બહારનું ઋણ[21]		0	0	0	0	0
કુલ બાકી જવાબદારીઓની વૃધ્ધિનો દર (ટકાવારી)		11.50	10.36	13.45	6.40	8.29
રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદન		14,92,156	16,17,143	16,36,781	19,57,583	22,61,715
જવાબદારી/રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદન (ટકા)		19.16	19.51	21.30[22]	18.32[22]	17.25[22]
વ્યાજની ચૂકવણી		20,183	22,449	24,203	25,188	25,354
વ્યાજની ચૂકવણીનું ભારણ (IP/RR) (ટકાવારી)		14.84	15.72	18.89	15.10	12.71
કુલ આવક (જાહેર ઋણ + જાહેર હિસાબની જવાબદારીઓ)		1,02,963	1,02,300	1,23,325	1,08,894	1,17,751
કુલ પરતચૂકવણી (જાહેર ઋણ +જાહેર હિસાબની જવાબદારીઓ)		73,486	72,689	80,888	85,984	86,171
ઉપલબ્ધ ચોખ્ખુ ભંડોળ		**29,477**	**29,611**	**42,437**	**22,910**	**31,580**
પરતચૂકવણી/ આવક (ટકા)		**71.37**	**71.05**	**65.59**	**78.96**	**73.18**

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

19 આની સરખામણી ચાર્ટ 1.6માં દર્શાવેલી કુલ બાકી જવાબદારીઓ સાથે નહી થઇ શકે કારણ કે, અહી દર્શાવેલી રકમોમાં માલ અને સેવા કરના વળતરમાં ઘટાડાને હિસાબે પ્રાપ્ત થયેલી એક પછી એક લોનનો સમાવેશ થયો છે (₹ 9,222 કરોડ વર્ષ 2020-21 દરમિયાન અને ₹ 13,040 કરોડ 2021-22 દરમિયાન).

20 તફાવત મુખ્ય શદર 6003-105- કૃષિ અને ગ્રામ વિકાસ માટેની રાષ્ટ્રીય બેંક પાસેથી લોન હેઠળ ₹ 4 કરોડના પ્રોફેર્મા સુધારાના કારણે હતો (નાણાકીય હિસાબોનું પત્રક 17).

21 નાણા વિભાગે જણાવ્યુ હતું કે 2018-23 દરમિયાન અંદાજપત્ર બહાર કોઇ ઉછીની લીધેલી રકમ ન હતી.

22 ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણા પંચ, વગેરે દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ ખાસ વિન્ડો હેઠળના ઋણને રાજ્યના દેવા/ ઋણ તરીકે ગણવામાં આવશે નહી. તેથી 2020-21માં મળેલા ₹ 9,222 કરોડ અને 2021-22માં મળેલા ₹ 13,040 કરોડના માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં લીધેલ એક પછી એક લોનને રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદનની સામે બાકી જાહેર જવાબદારીઓની ટકાવારીની ગણતરી માટે ગણવામાં આવ્યુ નથી. 2022-23 દરમિયાન માલ અને સેવા કર વળતરમાં ઘટાડાના બદલામાં કોઈ એક પછી એક લોન લેવામાં આવી નથી.

કોઠો 2.39 દર્શાવે છે કે રાજ્ય સરકારની કુલ બાકી જવાબદારીઓ 2021-22માં ₹ 3,80,798 કરોડ હતી તે વધીને 2022-23માં ₹ 4,12,378 કરોડ થઇ હતી. 2022-23 દરમિયાન ₹ 31,580 કરોડનો ચોખ્ખો વધારો મુખ્યત્વે બજાર લોનમાં ₹ 28,300 કરોડ જેટલા ચોખ્ખા વધારાના કારણે થયો હતો. અધિક મુખ્ય સચિવ (નાણા વિભાગ) એ સમાપન બેઠકમાં જણાવ્યું (ફેબ્રુઆરી 2024) હતું કે, વિભાગ જાહેર જવાબદારીઓના વલણની તપાસ કરશે.

2022-23 દરમિયાન રાજ્ય સરકારની અસરકારક કુલ જવાબદારીઓ, જો કે, માલ અને સેવા કરના વળતરમાં ઘટાડાના કારણે 2020-21 અને 2021-22માં ભારત સરકાર તરફથી મળેલી અનુક્રમે ₹ 9,222 કરોડ અને ₹ 13,040 કરોડની એક પછી એક લોન બાદ કર્યા પછી ₹ 3,90,116 કરોડ હતી. રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદનની સામે જવાબદારીનો ગુણોત્તર પાંચ વર્ષના સમયગાળા દરમિયાન 17.25 ટકા અને 21.30 ટકા વચ્ચે રહ્યો હતો અને 2022-23માં 17.25 ટકા હતો.

માર્ચ 2022 અને માર્ચ 2023ના અંતે રાજ્ય સરકારની બાકી જવાબદારીઓ અથવા રાજકોષીય જવાબદારીઓનું ઘટક-વાર વિભાજન અનુક્રમે **આલેખ 2.15** અને **આલેખ 2.16**માં આપ્યું છે.



સોતઃ સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરના આલેખ દર્શાવે છે કે રાજ્ય સરકારનું આંતરિક ઋણ 2021-22 અને 2022-23 દરમિયાન રાજ્ય સરકારની કુલ બાકી જવાબદારીઓના 79 ટકા જેટલું હતું. આંતરિક ઋણ પ્રાથમિક રીતે રાજ્યના વિકાસ લોન જારી કરીને મેળવેલું બજારનું ઋણ છે.

નીચેનો **આલેખ 2.17**, 2018-23 દરમિયાન રાજ્ય સરકારના આંતરિક ઋણનું (આવક અને પરતચૂકવણીનું) વલણ દર્શાવે છે.

આલેખ 2.17: 2018-23 દરમિયાન લીધેલા આંતરિક ઋણની સામે પરત ચૂકવેલ

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

રાજકોષીય ખાધના ઘટકો અને તેને ભરપાઈ કરવાની રીત

2018-23 દરમિયાન રાજકોષીય ખાધની ભરપાઈ કરવાની રીત **કોઠા 2.40**માં દર્શાવાઈ છે, અને 2022-23 દરમિયાન રાજકોષીય ખાધને ભરપાઈ કરવાની રીત જળપ્રવાહ આલેખમાં (**આલેખ 2.18**) દર્શાવાઈ છે

કોઠો 2.40: રાજકોષીય ખાધના ઘટકો અને તેને ભરપાઈ કરવાની રીત

(₹ કરોડમાં)

વિગતો		2018-19	2019-20	2020-21	2021-22	2022-23
રાજકોષીય ખાધ (-)/ પુરાંત (+)		(-)26,365	(-)24,581	(-)40,438	(-)22,692	(-)16,846
રાજકોષીય ખાધ/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા)		(-)1.77	(-)1.52	(-)2.47	(-)1.16	(-)0.74
રાજકોષીય ખાધ/ પુરાંતના ઘટકો						
1	મહેસૂલી ખાધ (-) / પુરાંત (+)	3,212	1,945	(-)22,548	6,409	19,865
2	ચોખ્ખો મૂડી ખર્ચ	(-)27,997	(-)25,544	(-)16,813	(-)28,185	(-)35,499
3	ચોખ્ખી લોન અને પેશગીઓ	(-)1,580	(-)982	(-)1,077	(-)916	(-)1,212
રાજકોષીય ખાધને ભરપાઈ કરવાની રીત*						
1	બજારમાંથી ઉધાર	27,437	28,600	33,280	13,554	28,300
2	NSSFને જારી કરેલી વિશેષ જામીનગીરીઓ	(-)3,534	(-)3,629	(-)3,630	(-)3,629	(-)3,629
3	નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન	2,328	1,816	718	(-)150	801
4	ભારત સરકાર તરફથી લોન	1,483	3	10,566	12,757	4,702
5	નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે.	208	(-)7	(-)155	(-)266	(-)186
6	થાપણો અને પેશગીઓ	2,002	2,467	2,356	(-)63	413

	વિગતો	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
7	ઉપલક અને પરચૂરણ	(-)727	(-)1,663	(-)1,161	2,462	(-)2,677
8	ભરણાં	(-)332	100	130	94	15
9	અનામત ભંડોળ	571	1,329	(-)8,849	2,761	3,983
10	આકસ્મિક ભંડોળ	0	0	0	0	(-)20
કુલ		**29,436**	**29,016**	**33,255**	**27,520**	**31,702**
રોકડ સિલકમાં વધારો (-)/ ઘટાડો(+)		(-)3,071	(-)4,435	(+)7,183	(-)4,828	(-)14,856

•તમામ આંકડા વર્ષ દરમિયાન ચૂકવણીની જાવક બાદના છે.

નકારાત્મક (-) આંકડા દર્શાવે છે કે સંબંધિત ઘટક હેઠળ આવક કરતાં જાવક વધારે હતી.

સોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

આલેખ 2.18: જળ પ્રવાહ આલેખ દ્વારા રાજકોષીય ખાધ માટે ધિરાણની અભિવ્યક્તિ (₹ કરોડમાં)



સોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

વર્ષ દરમિયાન રાજકોષીય ખાધને ભરપાઈ કરવાની રીત (ચૂકવણી/ જાવક બાદની) **કોઠા 2.41**માં દર્શાવી છે.

કોઠો 2.41: 2022-23 દરમિયાન રાજકોષીય ખાધને ભરપાઈ કરતા ઘટકોની આવક અને ચૂકવણીઓ

(₹ કરોડમાં)

	વિગતો	આવક	ચૂકવણી	ચોખ્ખુ મૂલ્ય
1	બજારનું ઋણ	43,000	14,700	28,300
2	NSSFને આપેલી વિશેષ જામીનગીરીઓ	0	3,629	(-)3,629
3	નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન	3,462	2,661	801
4	ભારત સરકાર તરફથી લોન	5,870	1,168	4,702
5	નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે	1,855	2,041	(-)186
6	થાપણો અને પેશગીઓ	58,889	58,476	413
7	ઉપલક અને પરચૂરણ	35,406	38,083	(-)2,677
8	ભરણાં	21,659	21,644	15

	વિગતો	આવક	ચૂકવણી	ચોખ્ખુ મૂલ્ય
9	અનામત ભંડોળ	4,674	691	3,983
10	આકસ્મિક નિધિ	0	20	(-)20
11	**એકંદર ખાધ**	**1,74,815**	**1,43,113**	**31,702**
12	રોકડ સિલકમાં વધારો (-)/ઘટાડો(+)	11,27,823	11,42,679	(-)14,856
13	**એકંદર રાજકોષીય ખાધ**	**13,02,638**	**12,85,792**	**16,846**

સોત: 2022-23ના નાણાકીય હિસાબો.

2.7.2 ઋણની રૂપરેખા: પકવતા અને પરત ચૂકવણી

ઋણના પાકવાની અને પરત ચૂકવણીની રૂપરેખા ઋણની પરત ચૂકવણી અથવા ઋણને પાછા આપવા માટે સરકારના પક્ષે પ્રતિબધ્ધતા દર્શાવે છે.

જાહેર ઋણમાં આંતરિક ઋણ, અને ભારત સરકાર પાસેથી મળેલી લોન અને પેશગીઓનો સમાવેશ થાય છે. ₹ 3,25,273 કરોડનું આંતરિક ઋણ અને ₹ 35,458 કરોડના મૂલ્યની ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ સામેલ છે એવા ₹ 3,60,731 કરોડના બાકી જાહેર ઋણની વર્ષ 2022-23 માટેના નાણાકીય હિસાબોના પત્રક નં.17 મુજબની પક્વતાની રૂપરેખા **કોઠા 2.42**માં દર્શાવ્યા મુજબ છે.

કોઠો 2.42: જાહેર ઋણની પક્વતાની રૂપરેખા

(₹ કરોડમાં)

પક્વતાનું વર્ષ	પક્વતાની રૂપરેખા	રકમ			બાકી જાહેર ઋણની પક્વતાની રૂપરેખા (% માં)
		આંતરિક ઋણ	ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ	કુલ બાકી જાહેર ઋણ	
2023-24 સુધીમાં	0-1 વર્ષ	24,966.97	1,272.39	26,239.36	7.27
2024-25 અને 2025-26ની વચ્ચે	2-3 વર્ષ	60,036.51	1,667.83	61,704.34	17.11
2026-27 અને 2027-28ની વચ્ચે	4-5 વર્ષ	71,229.55	1,371.85	72,601.40	20.13
2028-29 અને 2029-30ની વચ્ચે	6-7 વર્ષ	79,962.46	1,598.15	81,560.61	22.61
2030-31 અને 2032-33ની વચ્ચે	8-10 વર્ષ	79,911.26	1,187.70	81,098.96	22.48
2033-34 થી આગળ	10 વર્ષ થી ઉપર	9,165.46	1,335.12	10,500.58	2.91
અન્ય[23]		0.95	27,025.03	27,025.98	7.49
કુલ		**3,25,273.16**	**35,458.07**	**3,60,731.23**	**100**

સોત: વર્ષ 2022-23 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

31 માર્ચ 2023ની સ્થિતિએ જાહેર ઋણના બાકી સ્ટોકની પક્વતાની રૂપરેખા દર્શાવે છે કે કુલ જાહેર ઋણના 90 ટકા (₹ 3,23,204.67 કરોડ) હવે પછીના દસ વર્ષોમાં પરત ચૂકવણીપાત્ર થશે.

[23] મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી પાસે ઉપલબ્ધ નથી.

આલેખ 2.19 જાહેર ઋણની પક્વતાની રૂપરેખા અને **આલેખ 2.20** આગામી વર્ષોમાં બજાર લોનની પરત ચૂકવણીનું સમયપત્રક દર્શાવે છે.

આલેખ 2.19: જાહેર ઋણની પક્વતાની રૂપરેખા

(₹ કરોડમાં)

સોત: વર્ષ 2022-23 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

આલેખ 2.20: બજારની લોનની પરત ચૂકવણીનું સમયપત્રક

સોત: નાણાકીય હિસાબો અને ગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી.

આલેખ 2.20 દર્શાવે છે કે ₹ 2,76,558 કરોડનું મુદ્દલ અને ₹ 1,15,938 કરોડનું વ્યાજ આવનારા 10 વર્ષોમાં પરત ચૂકવણીપાત્ર થશે.

2.8 ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ

2.8.1 ઋણનું ટકાઉપણું

ઋણ લેનાર, પ્રસ્તુત કિસ્સામાં રાજ્ય, વર્તમાનમાં અને ભવિષ્યમાં ઋણની પરત ચૂકવણી કરવાની સ્થિતિમાં હોય તો તેને ટકાઉ માનવામાં આવે છે. એ મુજબ ઋણના ટકાઉપણાના દર્શકો આવકના ચાલુ અને નિયમિત સોતોમાંથી સમયસર વ્યાજની ચૂકવણી અને ઋણની પરત ચૂકવણીની તેમની ક્ષમતાની તપાસ દ્વારા ઋણ લેનારની શાખ-પાત્રતા અને તરલતાની સ્થિતિની આકારણી કરે છે.

ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ રાજકોષીય અને ઋણના પરિમાણોના આધારેઃ ડોમર અભિગમ અને સંબંધિત રાજકોષીય જવાબદારીના લક્ષ્યાંકોને લગતા સૂક્ષ્મ-રાજકોષીય પરિમાણોના અનુપાલનથી કરવામાં આવ્યુ છે. વિશ્લેષણના પરિણામો નીચેના ફકરાઓમાં આપ્યા છે.

2.8.1.1 ઋણના ટકાઉપણાના દર્શકોના વલણો

2018-19થી 2022-23 શરૂ થતા પાંચ વર્ષના સમયગાળા માટે રાજ્યના ઋણનું ટકાઉપણુ **કોઠા 2.43માં** દર્શાવવામાં આવ્યું છે.

કોઠો 2.43: ઋણનું ટકાઉપણું: દર્શકો અને વલણો

(₹ કરોડમાં)

ઋણના ટકાઉપણાના દર્શકો	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
બાકી જાહેર ઋણ	2,40,305	2,67,094	3,08,029	3,30,557[24]	3,60,731
બાકી જાહેર ઋણની વૃધ્ધિનો દર (ટકા)	13.04	11.15	15.33	7.31	9.13
રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદન	14,92,156	16,17,143	16,36,781	19,57,583	22,61,715
રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની વૃધ્ધિનો દર (ટકા)	12.27	8.38	1.21	19.60	15.54
જાહેર ઋણ/ GSDP (ટકા)	16.10	16.52	18.26[25]	15.75[25]	14.97[25]
જાહેર ઋણની આવક	43,146	43,491	58,857	46,968	52,333
જાહેર ઋણની પરત ચૂકવણી	15,432	16,702	17,922	24,436	22,159
જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણી	18,215	20,338	22,073	23,189	23,505
જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણી સિવાય મહેસૂલી ખાધ (-)પુરાંત(+)	21,427	22,283	(-)475	29,598	43,370
બાકી જાહેર ઋણ પરનો સરેરાશ વ્યાજ દર[26] (ટકા)	8.04	8.02	7.68	7.26	6.80
મહેસૂલી આવકની સામે જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણીની ટકાવારી	13.39	14.24	17.22	13.90	11.79
જાહેર ઋણની આવકની સામે જાહેર ઋણની પરત ચૂકવણીની ટકાવારી	35.77	38.40	30.45	52.03	42.34
રાજ્ય પાસે ઉપલબ્ધ ચોખ્ખું જાહેર ઋણ[27] (₹ કરોડ)	9,499	6,451	18,862	(-)657	6,669
જાહેર ઋણની આવકની ટકાવારીની રીતે ઉપલબ્ધ જાહેર ઋણ (ટકા)	22.02	14.83	32.05	(-)1.40	12.74
પ્રાથમિક ખાધ (-)/	(-)6,182	(-)2,133	(-)16,235	(+)2,496	(+)8,508

[24] તફાવત મુખ્ય સદર 6003-105- કૃષિ અને ગ્રામ વિકાસ માટેની રાષ્ટ્રીય બેંક પાસેથી લોન હેઠળ ₹ 4 કરોડના પ્રોફોર્મા સુધારાના કારણે હતો (નાણાકીય હિસાબોનું પત્રક 17).

[25] ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણા પંચ, વગેરે દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ વિશિષ્ટ વ્યવસ્થા હેઠળના ઋણને રાજ્યના દેવા/ ઋણ તરીકે ગણવામાં આવશે નહીં. તેથી માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં 2020-21માં મળેલા ₹ 9,222 કરોડ અને 2021-22માં મળેલા ₹ 13,040 કરોડની એક પછી એક લોનને રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદનની સામે બાકી જાહેર ઋણની ટકાવારીની ગણતરી માટે ગણવામાં આવ્યુ નથી.

[26] {વ્યાજની ચૂકવણી/ [(પાછલા વર્ષના જાહેર ઋણની રકમ + ચાલુ વર્ષનું જાહેર ઋણ)/2]} × 100

[27] રાજ્ય સરકાર પાસે ઉપલબ્ધ ચોખ્ખા જાહેર ઋણની ગણતરી જાહેર ઋણની આવકની સામે જાહેર ઋણની પરતચૂકવણી અને જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણીના અધિક તરીકે કરવામાં આવે છે.

ઋણના ટકાઉપણાના દર્શકો	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
પ્રાથમિક પુરાંત (+)					
ઋણનું સ્થિરિકરણ (જથ્થાનો ફેલાવો @ + પ્રાથમિક ખાધ	3,983	(-) 1,171	(-) 35,568*	40,540*	38,090*

સોત: સંબંધિત વર્ષોના રાજય સરકારના નાણાકીય હિસાબો.

@ જથ્થાનો ફેલાવો = બાકી જાહેર ઋણ × (GSDPનો વૃધ્ધિ દર– બાકી જાહેર ઋણ પર એકંદર વ્યાજનો દર)

*વર્ષ 2020-21, 2021-22 અને 2022-23 માટે જથ્થાનો ફેલાવો નક્કી કરતી વખતે એક પછી એક લોનની રકમો અનુક્રમે ₹ 9,222 કરોડ, ₹ 22,262 કરોડ અને ₹ 22,262 કરોડની માલ અને સેવા કરના વળતરમાં ઘટાડાને કારણે મળેલી એક પછી એક લોનને જાહેર ઋણની ગણતરી માટે બાદ કરવામાં આવી છે.

2020-21 અને 2021-22 દરમિયાન એક પછી એક લોન તરીકે ભારત સરકાર તરફથી મળેલી અનુક્રમે ₹ 9,222 કરોડ અને ₹ 13,040 કરોડની રકમ બાદ કર્યા પછી 31 માર્ચ 2023ના રોજ અસરકારક બાકી જાહેર ઋણ ₹ 3,38,469 કરોડ રહેશે.

કોઠા 2.43માં જોઇ શકાય છે એ મુજબ, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે જાહેર ઋણનો ગુણોત્તર 2018-23 દરમિયાન 14.97 ટકાથી 18.26 ટકાની વચ્ચે હતો. આ સમયગાળા દરમિયાન, મહેસૂલી આવકની સામે વ્યાજની ચૂકવણી **(જાહેર ઋણ પર)** 11.79 ટકાથી 17.22 ટકાની વચ્ચે રહી હતી. પાછલા વર્ષની સરખામણીએ 2022-23માં, જાહેર ઋણની પરત ચૂકવણીની સામે જાહેર ઋણની આવકની ટકાવારી ઘટી હતી. વધુમાં, 2018-23 દરમિયાન, રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદનની 10.96 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે વૃધ્ધિ થઇ હતી જ્યારે બાકી જાહેર ઋણની વૃધ્ધિ 10.69 ટકાના ચક્રવૃધ્ધિ વિકાસ દરે થઇ હતી.

2.8.1.2 ડોમર મોડેલ

ઇ.ડી. ડોમર (ડોમર, 1994) દ્વારા અભ્યાસના આધારે ઋણના ટકાઉપણા પર એક વિશ્લેષણ હાથ ધરવામાં આવ્યુ હતું. ડોમર મોડેલ[28] જણાવે છે કે જાહેર દેવાદારીની સ્થિરતા સુનિશ્ચિત કરવા માટેનો જરૂરી આધાર એ છે કે સરકારની લોન માટેના વ્યાજના દર એકંદર ઘરેલુ ઉત્પાદનના વૃધ્ધિ દર કરતાં વધવા ન જોઇએ.

વ્યાજ દર, રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર અને પ્રાથમિક અંદાજપત્રીય સિલક પર આધાર રાખતા જાહેર ઋણની ગતિશિલતા નીચે મુજબ છે:

કોઠો 2.44: ડોમર મોડલના પરિમાણો

ડોમર ગાળો g-r (g = વાસ્તવિક આર્થિક વૃધ્ધિ દર; r = વાસ્તવિક વ્યાજ દર)	s<0 (પ્રાથમિક ખાધ)	s>0 (પ્રાથમિક પુરાંત)
g-r> 0 (મજબૂત આર્થિક વૃધ્ધિ)	રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે જાહેર	રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે જાહેર ઋણ શૂન્ય કરતાં

[28] ડોમર મોડલ ઋણના સ્ટોકના; પક્વતાની રૂપરેખા, બંધારણ, ખર્ચ અને જોખમના લક્ષણો ધ્યાનમાં લેતું નથી.

ડોમર ગાળો g-r (g = વાસ્તવિક આર્થિક વૃધ્ધિ દર; r = વાસ્તવિક વ્યાજ દર)	s<0 (પ્રાથમિક ખાધ)	s>0 (પ્રાથમિક પુરાંત)
	ઋણ શૂન્ય કરતાં ઉપરના સ્થિર સ્તરે એકરૂપ થવો જોઇએ.	નીચેના સ્થિર સ્તરે જાહેર બચત તરફ દોરી જાય એ રીતે એકરૂપ થવો જોઇએ.
g-r<0 (મંદ આર્થિક વૃધ્ધિ)	રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે જાહેર ઋણ સ્થિર સ્તરે એકરૂપ થયા વિના અનિશ્ચિતપણે વધવું જોઇએ.	અવ્યાખ્યાયિત સ્થિતિ.

ગુજરાતના કિસ્સામાં ઉપરોક્ત પરિમાણો લાગુ પાડવાના પરિણામો **કોઠા 2.45**માં દર્શાવ્યા છે:

કોઠો 2.45: ડોમર મોડલના આધારે ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ

(₹ કરોડમાં)

વર્ષ	વાસ્તવિક વૃધ્ધિ(g)	વાસ્તવિક વ્યાજ (r)	g-r (ડોમર ગાળો)	પ્રાથમિક ખાધ (-) / પુરાંત (+) (કરોડમાં)	નોંધ
2017-18	10.72	4.96	5.76	(-)2,412	g-r> 0 અને s<0 તરીકે, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે જાહેર ઋણ શૂન્ય કરતાં ઉપરના સ્થિર સ્તરે એકરૂપ થવુ જોઇએ.
2018-19	8.88	4.95	3.93	(-)6,182	
2019-20	6.95	3.79	3.16	(-)2,133	
2020-21	(-)1.35	1.40	(-)2.75	(-)16,235	g-r<0 અને s<0 તરીકે, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે જાહેર ઋણ સ્થિર સ્તરે એકરૂપ થયા વિના અનિશ્ચિતપણે વધવું જોઇએ.
2021-22[29]	10.76	2.16	8.60	2,496	g-r>0 અને s>0 તરીકે, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે જાહેર ઋણ શૂન્ય કરતાં નીચેના સ્થિર સ્તરે જાહેર બચત તરફ દોરી જાય એ રીતે એકરૂપ થવો જોઇએ.

નોંધ: રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદન માટે વાસ્તવિક વૃધ્ધિ દર અચલ ભાવોએ ગણવામાં આવ્યો છે.
વાસ્તવિક વ્યાજનો દર એ ફુગાવા માટે સમાયોજિત નામમાત્ર વ્યાજનો દર છે.

આ બાબતમાં શરૂઆતના ચાર વર્ષ એટલે કે 2017-18થી 2020-21માં, રાજ્યમાં પ્રાથમિક ખાધ હતી, જે બાદમાં વર્ષ 2021-22માં પ્રાથમિક પુરાંતમાં ફેરવાઇ ગઇ હતી. ડોમર ગાળો (g-r) 2017-18થી 2019-20 દરમિયાન ઋકારાત્મક રહ્યો હતો જે દર્શાવે છે કે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે જાહેર ઋણ શૂન્ય કરતાં ઉપરના સ્થિર સ્તરે એકરૂપ થશે. કોવીડ-

[29] વર્ષ 2022-23 માટે, સ્થિર કિમતોએ (વાસ્તવિક) રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદનના આંકડા રાજ્ય સરકાર પાસે ઉપલબ્ધ ન હતાં. આથી, વિશ્લેષણ વર્ષ 2021-22 સુધી મર્યાદિત રાખવામાં આવ્યુ હતું.

19ના દેશવ્યાપી રોગચાળાને કારણે આર્થિક મંદીથી 2020-21[30] દરમિયાન ડોમર ગાળો નકારાત્મક રહ્યો હતો. 2021-22 દરમિયાન ડોમર ગાળો હકારાત્મકમાં ફર્યો હતો જે દર્શાવે છે કે રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે જાહેર ઋણ શૂન્ય કરતાં નીચેના સ્થિર સ્તરે જાહેર બચત તરફ દોરી જાય એ રીતે એકરૂપ થશે.

2.8.2 ઉછીના લીધેલા ભંડોળનો ઉપયોગ

ઉછીના લીધેલા ભંડોળનો ઉપયોગ આદર્શ રીતે મૂડીના સર્જન માટે નાણા પુરા પાડવા અને વિકાસકીય પ્રવૃત્તિઓ માટે થવો જોઇએ. ઉછીના લીધેલા ભંડોળનો ચાલુ વપરાશ અને બાકી લોનના વ્યાજની પરત ચૂકવણી માટે ઉપયોગ ટકાઉ નથી.

કોઠો 2.46: ઉછીના લીધેલા ભંડોળનો ઉપયોગ

(₹ કરોડમાં)

ક્રમાંક	વર્ષ		2018-19	2019-20	2020-21	2021-22	2022-23
1.	કુલ ઉધારી (જાહેર ઋણની આવક)	1	43,146	43,491	58,857	46,968	52,333
2.	કુલ ઉધારી પર મુદ્દલની પરત ચૂકવણી	2	15,432	16,702	17,922	24,436	22,159
3.	ચોખ્ખો મૂડી ખર્ચ	3	27,997	25,544	16,813	28,185	35,499
4.	ચોખ્ખી લોન અને પેશગીઓ	4	1,580	982	1,078	916	1,212
5.	મહેસૂલી ખર્ચને પહોંચી વળવા માટે ઉપલબ્ધ કુલ ઉધારીનો ભાગ	5= 1-2-3-4	(-)1,863	263	23,044	(-)6,569	(-)6,537

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરનો કોઠો દર્શાવે છે કે મહેસૂલી ખાતામાં પુરાંતે 2018-19 દરમિયાન રાજ્ય સરકારને અધિક રાજકોષીય મોકળાશ પુરી પાડી હતી. 2019-20 દરમિયાન, રાજ્ય સરકાર પાસે ₹ 263 કરોડનું ઉધાર લીધેલું ભંડોળ અને ₹ 1,945 કરોડની મહેસૂલી ખાતામાં પુરાંત પણ હતી, જે સૂચવે છે કે તે ઉધાર લીધેલા ભંડોળનો ઉપયોગ કર્યા વિના મહેસૂલી ખાતાની પુરાંતમાંથી તેનો ચાલુ ખર્ચ પુરો પાડી શકે એમ હતું. આમ છતાં, 2020-21 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 22,548 કરોડની મહેસૂલી ખાધ નોંધાવી હતી જે ₹ 23,044 કરોડના ઉધાર લીધેલા ભંડોળમાંથી ભરપાઇ કરવામાં આવી હતી. ફરીથી, 2021-22 અને 2022-23માં રાજ્ય મહેસૂલી પુરાંતવાળું બની ગયું હતું, જેણે રાજ્ય સરકારને મૂડી ખર્ચ કરવા માટે અધિક રાજકોષીય મોકળાશ પૂરી પાડી હતી.

2.8.3 બાંયધરીઓની સ્થિતિ– આકસ્મિક જવાબદારીઓ

બાંયધરીઓ રાજ્ય સરકાર દ્વારા જેના માટે બાંયધરીઓ આપવામાં આવી હોય એવા ઉધાર લેનારા કસૂરદારોના કિસ્સાઓમાં રાજ્યના એકત્રિત નિધિ પર બોજારૂપ જવાબદારીઓ છે. નાણાકીય

[30] 2020-21 દેશવ્યાપી રોગચાળાની અસરવાળું વર્ષ હોવાને કારણે વિશ્લેષણ હાથ ધરવામાં આવ્યું નથી.

હિસાબોનું પત્રક નં. 20, રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓની વિગતો આપે છે. મહત્તમ રકમ જેના માટે રાજ્ય સરકાર દ્વારા બાંયધરીઓ આપવામાં આવી અને છેલ્લા પાંચ વર્ષ માટે બાકી બાંયધરીઓ **કોઠા 2.47**માં આપવામાં આવી છે.

કોઠો 2.47: ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓ

(₹ કરોડમાં)

બાંયધરીઓ	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 હેઠળ સરકારી બાંયધરીઓ પર ટોચ મર્યાદા	20,000	20,000	20,000	20,000	20,000
બાંયધરીની મહત્તમ રકમ	11,796	11,747	11,751	10,757	9,951
બાંયધરીઓની બાકી રકમ	4,699	4,462	3,656	3,089*	1,473
મહેસૂલી આવકની સામે બાકી બાંયધરીઓની રકમની ટકાવારી	3.46	3.12	2.85	1.85	0.74

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

*પાછલા વર્ષથી ફેરફાર પ્રોજેક્ટમાં સુધારાના કારણે છે.

ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 બાકી બાંયધરીઓને ₹ 20,000 કરોડની મર્યાદામાં બાંધી રાખવાનું નિયત કરે છે. 2022-23 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 1,616 કરોડની બાંયધરીઓ ખાલી કરી હતી. કુલ ₹ 1,473 કરોડની બાકી બાંયધરીઓ પૈકી 23 ટકા (₹ 345 કરોડ) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની બાબતમાં; 19 ટકા (₹ 273 કરોડ) વડોદરા મહાનગરપાલિકાની બાબતમાં; અને 15 ટકા (₹ 222 કરોડ) ગુજરાત પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા બોર્ડની બાબતમાં હતી. બાકી બાંયધરીઓ (₹ 1,473 કરોડ) રાજ્ય સરકારની કુલ મહેસૂલી આવકના (₹ 1,99,408 કરોડ) 0.74 ટકા થતી હતી. ₹ 1,473 કરોડની બાકી બાંયધરીઓ ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિયત કરવામાં આવેલી ₹ 20,000 કરોડની મર્યાદાની ઘણી અંદર હતી.

2022-23 દરમિયાન, ₹ 1.00 કરોડના અંદાજપત્રીય અંદાજોની સામે રાજ્ય સ્તરની સંસ્થાઓ પાસેથી ₹ 0.29 લાખ જેટલી બાંયધરી ફી રાજ્ય સરકારને મળી હતી. ઉપરાંત, 2022-23 દરમિયાન બાંયધરીઓ વટાવવાના હિસાબે રાજ્ય સરકાર દ્વારા કોઇ રકમ ચૂકવવામા આવી ન હતી.

2.8.4 રોકડ સિલકોનું વ્યવસ્થાપન

01 એપ્રિલ 2022 અને 31 માર્ચ 2023ની સ્થિતિએ ગુજરાત સરકાર પાસે ખૂલતી અને બંધ રોકડ સિલકોની વિગતો **આલેખ 2.21**માં દર્શાવી છે.

આલેખ 2.21: નાણાકીય વર્ષ 2022-23ની ખૂલતી અને બંધ રોકડ સિલકો

(₹ કરોડમાં)

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ભારતીય રિઝર્વ બેંક સાથેના કરાર મુજબ, રાજ્ય સરકારે બેંકમાં ₹ 2.80 કરોડની લઘુત્તમ દૈનિક રોકડ સિલક જાળવવાની હોય છે. કરારિત લઘુત્તમ કરતા જો સિલક કોઇ પણ દિવસે ઓછી થાય તો વખતોવખત સામાન્ય સાધનોપાય પેશગીઓ/વિશેષ સાધનોપાય પેશગીઓ/ઓવરડ્રાફ્ટ લઇને તે ઘટ પૂરી કરવામાં આવે છે. રાજ્ય સરકારને મળવાપાત્ર સામાન્ય સાધનોપાય પેશગીઓ માટેની મર્યાદા 2022-23 માટે ₹ 2,518.00 કરોડ જેટલી નિયત કરવામાં આવી હતી.

રાજ્ય સરકારે 2022-23 દરમિયાન ભારતીય રિઝર્વ બેંકમાં લઘુત્તમ દૈનિક રોકડ સિલક જાળવી હતી અને વર્ષ દરમિયાન કોઇ સાધનોપાય પેશગી/વિશેષ સાધનોપાય પેશગી/ઓવરડ્રાફ્ટ લીધા ન હતાં

2.8.4.1 રોકડ સિલકોનું રોકાણ

રોકડ સિલકો અને 2022-23 દરમિયાન રોકડ સિલકોમાંથી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા રોકાણની વિગતો **કોઠા 2.48**માં દર્શાવી છે.

કોઠો 2.48: રોકડ સિલકો અને રોકડ સિલકોનું રોકાણ

(₹ કરોડમાં)

રોકડ સિલકો અને રોકડ સિલકોનું રોકાણ	01-04-2022ના રોજ ખૂલતી સિલક	31-03-2023ના રોજ બંધ સિલક	વધારો (+)/ ઘટાડો (-)
(A) સામાન્ય રોકડ સિલક			
તિજોરીમાં રોકડ	0.00	0.00	0.00
ભારતીય રિઝર્વ બેંકમાં થાપણો	271.30	(-)271.89	(-) 543.19
માર્ગમાં થાપણો–સ્થાનિક	0.00	0.00	0.00
રોકડ સિલક રોકાણ ખાતામાં કરેલું રોકાણ (તિજોરી બિલો)	12,828.49	25,422.96	12,594.47
કુલ **(ક)**	**13,099.79**	**25,151.07**	**12,051.28**
(B) અન્ય રોકડ સિલકો અને રોકાણો			
વિભાગીય અધિકારીઓ એટલે કે જાહેર બાંધકામ, વન, જિલ્લા કલેક્ટરો વગેરે પાસે રોકડ	(-)0.37	0.83	1.20
આકસ્મિક ખર્ચ માટે વિભાગીય અધિકારીઓ પાસે કાયમી પેશગી	0.30	0.30	0.00
અંકિત કરેલા ભંડોળોમાં રોકાણ	7,576.49	10,379.69	2,803.20
કુલ **(ખ)**	**7,576.42**	**10,380.82**	**2,804.40**
કુલ રોકડ સિલકો **(ક) + (ખ)**	**20,676.21**	**35,531.89**	**14,855.68**
મેળવેલું વ્યાજ	611[31]	941[32]	330

સોત: વર્ષ 2022-23 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

રાજ્ય સરકારની ચાલુ વર્ષના અંતે ₹ 35,531.89 કરોડની રોકડ સિલકે પાછલા વર્ષની તુલનાએ ₹ 14,855.68 કરોડનો (71.85 ટકા) વધારો દર્શાવ્યો હતો. ₹ 35,531.89 કરોડની રોકડ સિલકમાંથી, ₹ 25,422.96 કરોડનું રોકાણ ભારત સરકારના ટ્રેઝરી બિલોમાં કરવામાં આવ્યું હતું, જેનું વર્ષ દરમિયાન ₹ 138.07 કરોડનું વ્યાજ મળ્યું હતું. વધુમાં, ₹ 10,379.69 કરોડનું રોકાણ અંકિત કરેલા ભંડોળોમાં કરવામાં આવ્યું હતું જેનું ₹ 803.20 કરોડનું વ્યાજ મળ્યુ હતું.

પાંચ વર્ષના સમયગાળા (2018-23) દરમિયાન રાજ્યના રોકડ સિલકના રોકાણો નીચે આપ્યા છે.

[31] ડૂબત ભંડોળ પર મળેલું વ્યાજ-રોકાણ ખાતું ₹ 443 કરોડ; બાંયધરી વિમોચન ભંડોળમાંથી મળેલુ વ્યાજ-રોકાણ ખાતું ₹ 37 કરોડ અને રોકડ સિલકોના (તિજોરી બિલો) રોકાણ પર મળેલુ વ્યાજ: ₹ 131 કરોડ.

[32] ડૂબત ભંડોળ પર મળેલું વ્યાજ-રોકાણ ખાતું ₹ 757 કરોડ; બાંયધરી વિમોચન ભંડોળમાંથી મળેલુ વ્યાજ-રોકાણ ખાતું ₹ 46 કરોડ અને રોકડ સિલકોના (તિજોરી બિલો) રોકાણ પર મળેલુ વ્યાજ: ₹ 138 કરોડ.

કોઠો 2.49: રોકડ સિલક રોકાણ હિસાબ (મુખ્ય સદર - 8673)

(₹ કરોડમાં)

વર્ષ	ખૂલતી સિલક	બંધ સિલક	વધારો(+)/ ઘટાડો(-)	મેળવેલું વ્યાજ
2018-19	5,198.09	6,895.90	1,697.81	234.24
2019-20	6,895.90	10,347.99	3,452.09	211.33
2020-21	10,347.99	10,472.20	124.21	96.86
2021-22	10,472.20	12,828.49	2,356.29	130.57
2022-23	12,828.49	25,422.96	12,594.47	138.07

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

2018-23 દરમિયાનના રાજ્ય સરકારના રોકડ સિલક રોકાણના વલણના વિશ્લેષણમાં જોવામાં આવ્યું હતું કે, 2022-23 દરમિયાન રોકાણમાં નોંધપાત્ર વધારો થયો હતો. ચાલુ વર્ષ દરમિયાન, રોકડ સિલક રોકાણ ખાતામાં રોકાણ (₹ 25,422.96 કરોડ) હતું, જે રાજ્યના વાર્ષિક અંદાજપત્રીય અંદાજોના (₹ 2,43,964.73 કરોડના) 10.42 ટકા રહ્યું હતું.

આલેખ 2.22, 2018-23ના સમયગાળા દરમિયાન સંબંધિત વર્ષના અંતે રોકડ સિલક રોકાણ ખાતામાં ઉપલબ્ધ સિલક અને રાજ્ય સરકાર દ્વારા બજારમાંથી લીધેલી લોનની સરખામણી રજૂ કરે છે.

આલેખ 2.22: બજારમાંથી લીધેલી લોન સામે રોકડ સિલક રોકાણ ખાતામાં રહેલુ મૂડીરોકાણ

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

આલેખ 2.22માં જોઈ શકાય છે એ મુજબ, 2022-23 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 43,000 કરોડ બજારમાંથી લીધા હતાં. બીજી બાજુએ, 31 માર્ચ 2023ના અંતે રોકડ સિલક રોકાણ ખાતામાં ₹ 25,423 કરોડની સિલક હતી. વધુમાં એવું જોવામાં આવ્યું હતું કે, 2022-23 દરમિયાન બાકી બજાર લોન ઉપર ₹ 19,708.69 કરોડનું વ્યાજ ચૂકવવામાં આવ્યું હતું, જ્યારે રોકડ સિલક રોકાણ ખાતાના રોકાણ પર ₹ 138.07 કરોડના વ્યાજની આવક થઇ હતી.

2.9 ઉપસંહાર

- 2022-23 દરમિયાન, મહેસૂલી આવક પાછલા વર્ષ કરતાં ₹ 32,578 કરોડ (19.53 ટકા) જેટલી વધી હતી. 2022-23 દરમિયાન મહેસૂલી આવકનો એક નોંધપાત્ર હિસ્સો (71.83 ટકા) રાજ્યના પોતાના સંસાધનોમાંથી આવ્યો હતો, જ્યારે કેન્દ્રીય કરની તબદીલીઓ અને સહાયક અનુદાન બન્નેનો સાથે ફાળો 28.17 ટકા હતો.
- 2022-23 દરમિયાન ખરેખર મૂડી ખર્ચ, 2022-23 દરમિયાનના અંદાજપત્રીય અંદાજોના (મૂડી ખર્ચ માટે) 99 ટકા હતો.
- રાજ્ય સરકારે 2018-19 અને 2022-23 દરમિયાન આરોગ્ય અને શિક્ષણને ઉંચી રાજકોષીય પ્રાથમિકતા આપી હતી, કારણ કે આ સદરો હેઠળ કુલ ખર્ચની સામે રાજ્યના ખર્ચનો ગુણોત્તર ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં ઉંચો હતો.
- રાજ્ય સરકાર મહેસૂલી ખર્ચની ટકાવારીની રીતે તેનો પ્રતિબધ્ધ ખર્ચ સતત ઘટાડી શકી હતી.

2.10 ભલામણો

- રાજ્ય સરકારે બંધારણમાં નિયત કરેલી સમય મર્યાદામાં રાજ્ય નાણા પંચની રચના કરવી જોઇએ. પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણો પર વિચારણા કરવી જોઇએ અને રાજ્ય સરકારે સ્વીકારેલી ભલામણોનો સમયબધ્ધ રીતે અમલ કરવો જોઇએ.
- રાજ્ય સરકારે વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, સહકારી બેંકો અને સોસાયટીઓ પાસેથી મૂડીરોકાણો પર મળતા અપૂરતા વળતર માટેના કારણોના આકારણી કરવી જોઇએ અને ઉપચારાત્મક પગલાં સૂચવવા જોઇએ.
- રાજ્ય સરકારે તમામ યોજનાઓ ઝડપથી પૂર્ણ કરવા માટે અસરકારક પગલા લેવા જોઇએ, કે જેથી, ઇચ્છિત લાભો લાભાર્થીઓ સુધી વધુ વિલંબ વિના પહોંચે.

પ્રકરણ III

અંદાજપત્રીય વ્યવસ્થાપન

પ્રકરણ III
અંદાજપત્રીય વ્યવસ્થાપન

3.1 અંદાજપત્રની પ્રક્રિયા

ભારતના બંધારણની કલમ 202ના અનુપાલનમાં, દરેક નાણાકીય વર્ષની બાબતમાં, રાજ્યના તે વર્ષ માટેની અંદાજીત આવક અને ખર્ચનું પત્રક, જે "વાર્ષિક નાણાકીય પત્રક (અંદાજપત્ર)" તરીકે ઓળખાય છે તે રાજ્ય વિધાનસભા સમક્ષ મુકવાનું હોય છે. ખર્ચના અંદાજો ખર્ચની 'બિન-મતપાત્ર' બાબતો અને 'મતપાત્ર' બાબતો[1] અલગથી દર્શાવે છે અને મહેસૂલ ખાતાના ખર્ચને અન્ય ખર્ચથી અલગ પાડે છે. રાજ્ય સરકાર દ્વારા કોઇ પણ ખર્ચ કરતાં પહેલાં વિધાનસભાની મંજૂરી આવશ્યક હોય છે.

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983 મુજબ, વિવિધ વિભાગો પાસેથી અંદાજો મેળવીને વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરવાની જવાબદારી નાણા વિભાગની છે. આવક અને ખર્ચના વિભાગીય અંદાજો વિભાગોના વડાની સલાહ મુજબ નિયંત્રણ અધિકારીઓ દ્વારા તૈયાર કરવામાં આવે છે અને નિયત તારીખ સુધીમાં નાણા વિભાગને મોકલવામાં આવે છે. નાણા વિભાગ અંદાજોનું એકત્રીકરણ કરે છે અને 'અનુદાનો માટે માંગણી' તરીકે ઓળખાતા વિગતવાર અંદાજો તૈયાર કરે છે. રાજ્યના અંદાજપત્રમાં **આલેખ – 3.1**માં દર્શાવેલા દસ્તાવેજો સામેલ હોય છે. અંદાજપત્રની શબ્દસૂચિ **પરિશિષ્ટ – 3.1**માં આપી છે.

આલેખ – 3.1: રાજ્યના અંદાજપત્રના દસ્તાવેજોની વિગતો

[1] **બિન-મતપાત્ર ખર્ચ:** ખર્ચના કેટલાક વર્ગો (દા.ત. બંધારણીય અધિકારીઓના પગાર, લોનની પરત ચૂકવણી વગેરે) રાજ્યના સંચિત નિધિ પર લગાવવાના હોય છે અને વિધાનસભા દ્વારા મતને પાત્ર નથી હોતા. **મતપાત્ર ખર્ચ:** અન્ય તમામ ખર્ચ વિધાનસભા દ્વારા મતને પાત્ર હોય છે.

વર્ષ 2022-23ના વિનિયોગ હિસાબો મુજબ, 2022-23 દરમિયાન રાજ્ય વિધાનસભા દ્વારા મંજૂર કરવામાં આવેલી કુલ રકમો (મૂળ અને પૂરક જોગવાઈઓ બન્ને), કરવામાં આવેલો ખર્ચ અને બચત નીચે **આલેખ 3.2**માં દર્શાવ્યા છે:

આલેખ – 3.2: 2022-23 માટેના ગુજરાતના અંદાજપત્ર અને ખર્ચનો સારાંશ

સ્રોત: 2022-23 ના વિનિયોગ હિસાબો.

195 અનુદાનો/ વિનિયોગોમાંથી 176માં થયેલી ₹ 34,705.17 કરોડની એકંદર બચતને 195 માંથી 05 અનુદાનો/વિનિયોગોમાં થયેલા ₹ 64.48 કરોડના વધારાને સરભર કરવાને પરિણામે વર્ષ 2022-23 દરમિયાન ₹ 34,640.69 કરોડની ચોખ્ખી બચત રહી હતી.

3.1.1 જેન્ડર અંદાજપત્ર

ટકાઉ વિકાસના ધ્યેયોની (SDGs) સંયુક્ત રાષ્ટ્રસંઘની કાર્યસૂચી 2030 એ ગરીબી હટાવવી, પૃથ્વીનું રક્ષણ કરવું અને તમામ લોકો શાંતિ અને સમૃધ્ધિ માણી શકે તેવાં કાર્ય કરવા માટેની વૈશ્વિક હાકલ છે. 17 SDGs માંથી, ધ્યેય 5નું લક્ષ્ય, સ્ત્રીઓ અને બાળકીઓ સામેના તમામ પ્રકારના ભેદભાવનો અંત લાવીને જાતીય સમાનતા હાંસલ કરવાનો અને તમામ સ્ત્રીઓનું સશક્તિકરણ કરવાનું છે. જાતીય સમાનતા એ માત્ર મૂળભૂત માનવ અધિકાર નથી, પણ ટકાઉ ભવિષ્ય માટે તે અતિ મહત્વની છે.

રાજ્ય સરકારે જાતીય સમાનતા સહિત 17 SDGsને આવરી લઇને "ગુજરાતનો ટકાઉ દૂરદર્શિતા દસ્તાવેજ 2030" પહેલેથી તૈયાર કરેલ છે. સ્ત્રીઓના સશક્તિકરણ અને જાતીય સમાનતાના ઇચ્છિત પરિણામ મેળવવા માટે, રાજ્ય સરકાર સ્ત્રીઓ અને બાળકીઓના વિકાસ માટે ઘણી યોજનાઓનો અમલ કરી રહી છે. નાણાકીય વર્ષ 2014-15થી, રાજ્ય સરકાર સ્ત્રી-લક્ષી નાણાકીય ફાળવણીઓનો સમાવેશ કરતું "જેન્ડર અંદાજપત્ર" પ્રકાશિત કરી રહી છે.

કોઠો 3.1 છેલ્લા પાંચ વર્ષ (2018-23) દરમિયાન જેન્ડર અંદાજપત્ર હેઠળ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી ફાળવણીઓની વિગતો દર્શાવે છે જ્યારે, **આલેખ 3.3** એ જ સમયગાળા દરમિયાન કુલ અંદાજપત્ર અને રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનની સામે જેન્ડર અંદાજપત્રની ટકાવારીની ઝલક આપે છે.

કોઠો 3.1: 2018-23 દરમિયાન જેન્ડર અંદાજપત્ર હેઠળ ફાળવણી

(₹ કરોડમાં)

	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
જેન્ડર અંદાજપત્ર	62,302.93	63,341.07	78,418.48	87,111.11	96,937.25
કુલ અંદાજપત્ર	2,00,575.97	2,14,271.22	2,28,776.39	2,39,389.22	2,74,758.01
રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદન	14,92,156	16,17,143	16,36,781	19,57,583	22,61,715

સોત: સંબંધિત વર્ષના વિનિયોગ હિસાબો

આલેખ – 3.3: કુલ અંદાજપત્ર અને રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે જેન્ડર અંદાજપત્ર



જોઇ શકાય છે એ મુજબ, જેન્ડર અંદાજપત્ર હેઠળની ફાળવણી 2018-19માં ₹ 62,302.93 કરોડ હતી તે વધીને 2022-23માં ₹ 96,937.25 કરોડ થઇ હતી. કુલ અંદાજપત્રની ટકાવારી રૂપે, જેન્ડર અંદાજપત્રનો હિસ્સો 2019-20માં 29.56 ટકા હતો તે વધીને 2021-22માં 36.39 ટકા થયો હતો, પરંતુ 2022-23માં ઘટીને 35.28 ટકા થયો હતો. તેનો રાજ્યના એકંદર ધરેલું ઉત્પાદનમાં હિસ્સો 2020-21માં 4.79 ટકા હતો તે ઘટીને 2022-23માં 4.29 ટકા થયો હતો.

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ (WCD) હેઠળનું જેન્ડર રિસોર્સ સેન્ટર, જેન્ડર અંદાજપત્રના દસ્તાવેજમાં જુદા જુદા વિભાગો દ્વારા અમલી યોજનાઓનુ સંકલન કરવા માટે જવાબદાર છે. જેન્ડર અંદાજપત્રના 2022-23ના દસ્તાવેજમાં યોજનાઓને ક અને ખ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે.

i. વર્ગ ક – 100 ટકા મહિલાલક્ષી યોજનાઓ
ii. વર્ગ ખ – જોગવાઈના 30-99 ટકા જેટલો મહિલાલક્ષી ઘટક ધરાવતી યોજનાઓ

જોગવાઈની સામે કરવામાં આવેલા ખર્ચની વિગતો ના તો મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલા અંદાજપત્રના દસ્તાવેજમાં ઉપલબ્ધ હતી કે ન તો કોઈ અલગ

પ્રકાશનમાં ઉપલબ્ધ હતી. જુદા જુદા વિભાગોના અંદાજપત્રીય અંદાજો સાથે જેન્ડર અંદાજપત્રમાં વિવિધ યોજનાઓના મેપીંગની વિગતો મહિલા અને બાળ વિકાસ વિભાગમાંથી મંગાવવામાં આવી હતી. જરૂરી માહિતી ઑડિટને પૂરી પાડવામાં આવી ન હતી, જેના અભાવે ખરેખર ખર્ચની ખાતરી કરી શકાઇ ન હતી.

જેન્ડર અંદાજપત્રમાં દર્શાવેલી પ્રત્યેક જોગવાઈની સામે કરવામાં આવેલા ખર્ચની દેખરેખ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગે પગલા લેવાની જરૂર છે.

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગમાં, ઑડિટે છેલ્લા ત્રણ વર્ષના (2020-23) જેન્ડર અંદાજપત્રમાં સમાવિષ્ટ વર્ગ ખ (30-99 ટકા જેટલો મહિલાલક્ષી ઘટક ધરાવતી યોજનાઓ) હેઠળની 100 યોજનાઓ પૈકી બેના અમલીકરણની નમૂના-ચકાસણી કરી હતી. વર્ગ ખ હેઠળની બે યોજનાઓમાં કરવામાં આવેલી અંદાજપત્રીય જોગવાઈઓ, કરવામાં આવેલો ખર્ચ અને આવરી લેવાયેલા લાભાર્થીઓની વિગતો **કોઠા 3.2**માં દર્શાવી છે.

કોઠો 3.2: 2020-23 દરમિયાન વર્ગ ખની બે યોજનાઓમાં અંદાજપત્રીય જોગવાઈ, કરવામાં આવેલો ખર્ચ અને આવરી લેવાયેલા લાભાર્થીઓ

(₹ કરોડમાં)

વર્ષ	અનુદાનની વિગત	ફાળવેલું કુલ અનુદાન (યોજના-વાર)	કરવામાં આવેલો ખરેખર ખર્ચ (યોજના-વાર)	આવરી લેવાયેલા કુલ લાભાર્થીઓની સંખ્યા
2020-21	દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (સામાન્ય/અનુસૂચિત જાતિ પેટા-યોજના/આદિવાસી વિસ્તાર પેટા-યોજના)	1.95	1.23	9,847
	દિવ્યાંગોને કૃત્રિમ સહાયકો અને ઉપકરણો (સામાન્ય/અનુસૂચિત જાતિ પેટા-યોજના/આદિવાસી વિસ્તાર પેટા-યોજના)	14.40	6.58	7,451
2021-22	દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (સામાન્ય/અનુસૂચિત જાતિ પેટા-યોજના/આદિવાસી વિસ્તાર પેટા-યોજના)	1.37	1.16	9,428
	દિવ્યાંગોને કૃત્રિમ સહાયકો અને ઉપકરણો (સામાન્ય/અનુસૂચિત જાતિ પેટા-યોજના/આદિવાસી વિસ્તાર પેટા-યોજના)	10.00	10.03	8,796
2022-23	દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (સામાન્ય/અનુસૂચિત જાતિ પેટા-યોજના/આદિવાસી વિસ્તાર પેટા-યોજના)	1.46	1.54	9,329
	દિવ્યાંગોને કૃત્રિમ સહાયકો અને ઉપકરણો (સામાન્ય/અનુસૂચિત જાતિ પેટા-યોજના/આદિવાસી વિસ્તાર પેટા-યોજના)	10.65	15.82	12,744

સ્રોત: સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી

ઉપરનો કોઠો આવરી લેવાયેલા કુલ લાભાર્થીઓની સંખ્યા દર્શાવે છે. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે વર્ગ ખ યોજના હેઠળ જેન્ડર પહોંચના પ્રમાણની આકારણી કરવા માટે આવરી લેવાયેલા લાભાર્થીઓની જેન્ડર મુજબ વિગતો પૂરી પાડી ન હતી.

3.1.2 નાણાકીય વર્ષ દરમિયાન કુલ જોગવાઈ, ખરેખર ફાળવણી અને બચતનો સારાંશ

2022-23 દરમિયાન કુલ અંદાજપત્રીય જોગવાઈ, ફાળવણી અને બચત/ અધિક તેના આગળ મતપાત્ર/ બિન-મતપાત્ર બાબતોમાં વિભાજન સાથેની સંક્ષિપ્ત સ્થિતિ નીચે દર્શાવી છે.

કોઠો 3.3: 2022-23 દરમિયાન અંદાજપત્રીય જોગવાઈ, ફાળવણીઓ અને બચત/ અધિક

(₹ કરોડમાં)

પ્રકાર	કુલ અંદાજપત્રીય જોગવાઈ		ફાળવણીઓ		બચત	
	મતપાત્ર	બિન-મતપાત્ર	મતપાત્ર	બિન-મતપાત્ર	મતપાત્ર	બિન-મતપાત્ર
મહેસૂલ	1,82,653.06	27,488.47	1,55,081.30	25,629.52	27,571.76	1,858.95
મૂડી	40,577.40	130.41	35,707.25	74.48	4,870.15	55.93
લોન અને પેશગીઓ	1,532.00	156.39	1,465.79	0.00	66.21	156.39
જાહેર ઋણ	0.00	22,220.28	0.00	22,158.98	0.00	61.30
કુલ	**2,24,762.46**	**49,995.55**	**1,92,254.34**	**47,862.98**	**32,508.12**	**2,132.57**

સ્રોત: 2022-23ના વિનિયોગ હિસાબો

3.1.3 બિન-મતપાત્ર અને મતપાત્ર ફાળવણીઓ

2022-23 દરમિયાન કુલ ફાળવણીઓનું બિન-મતપાત્ર અને મતપાત્ર બાબતોમાં વિભાજન અને છેલ્લા પાંચ વર્ષના (2018-23) વલણનું વિશ્લેષણ નીચે દર્શાવ્યુ છે.

કોઠો 3.4: 2018-23 દરમિયાન અંદાજપત્રીય ફાળવણીઓ અને બચત

(₹ કરોડમાં)

વર્ષ	ફાળવણીઓ		બચત			
	મતપાત્ર	બિન-મતપાત્ર	મતપાત્ર	ટકાવારી	બિન-મતપાત્ર	ટકાવારી
2018-19	1,44,463.86	36,015.81	19,732.04	13.66	364.25	1.01
2019-20	1,48,754.75	39,524.20	25,852.54	17.38	139.73	0.35
2020-21	1,57,721.70	42,494.12	28,275.04	17.93	285.53	0.67
2021-22	1,67,376.82	49,978.60	21,112.71	12.61	921.09	1.84
2022-23	1,92,254.34	47,862.98	32,508.12	16.91	2,132.57	4.46

સ્રોત: સંબંધિત વર્ષના વિનિયોગ હિસાબો

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, મતપાત્ર અને બિન-મતપાત્ર બન્ને બાબતો (2021-22ની સામે 2022-23 દરમિયાન બિન-મતપાત્ર ખર્ચ સિવાય) હેઠળ અંદાજપત્રીય ફાળવણીઓ

વધતી રહી છે. મતપાત્ર/ બિન-મતપાત્ર વિભાગ હેઠળ બચતોએ પાછલા વર્ષની તુલનાએ ચાલુ વર્ષ દરમિયાન વધવાનું વલણ દર્શાવ્યું છે.

વિભિન્ન અનુદાનો હેઠળ બચત/ અધિકનું વિગતવાર વિશ્લેષણ **ફકરા 3.3**માં સામેલ કરવામાં આવ્યુ છે.

3.1.4 અંદાજપત્રીય ચોકસાઈ (Marksmanship)

એકંદર અંદાજપત્રીય પરિણામ (Outturn (આઉટટર્ન))

એકંદર અંદાજપત્રીય **પરિણામ,** કેટલા પ્રમાણમાં એકંદર અંદાજપત્રીય ખર્ચનું પરિણામ/ ખરેખર ખર્ચ મૂળ મંજૂર થયેલી કરતા, મંજૂર થયેલી રકમ કરતાં ઓછી અને મંજૂર થયેલા કરતાં અધિક બન્ને રીતે, પ્રતિબિંબિત કરે છે.

કોઠો 3.5: 2022-23 દરમિયાન એકંદર અંદાજપત્રીય પરિણામ

(₹ કરોડમાં)

વર્ણન	મૂળ મંજૂર થયેલ અંદાજપત્ર	ખરેખર પરિણામ	ખરેખર અને અંદાજપત્રીય અંદાજો વચ્ચે તફાવત*
મહેસૂલ	1,83,887.85	1,80,710.82	(-)3,177.03
મૂડી	60,076.87	59,406.50	(-)670.37
કુલ	**2,43,964.72**	**2,40,117.32**	**(-)3,847.40**

* મૂળ જોગવાઈની સામે ખરેખરની અધિક (+) આંકડા તરીકે દર્શાવેલ છે અને મૂળ જોગવાઈની સામે ખરેખરની ઘટ (-) આંકડા તરીકે દર્શાવેલ છે.

મહેસૂલ વિભાગમાં, અંદાજપત્રીય અંદાજોની તુલનાએ પરિણામનું વિચલન (-) 1.73 ટકા હતું. આ 69 અનુદાનોમાં 0 અને ±25 ટકા, 17 અનુદાનોમાં ± 25 ટકાથી ± 50 ટકા વચ્ચે, 12 અનુદાનોમાં ± 50 ટકાથી ± 100 ટકાની વચ્ચે અને 03 અનુદાનોમાં 100 ટકા જેટલું અથવા 100 ટકાથી અધિક વિચલનના કારણે હતું.

મૂડી વિભાગમાં, અંદાજપત્રીય અંદાજોની તુલનાએ પરિણામનું વિચલન (-) 1.12 ટકા હતું. આ 19 અનુદાનોમાં 0 અને ±25 ટકા વચ્ચે, 10 અનુદાનોમાં ± 25 ટકાથી ± 50 ટકા વચ્ચે, 17 અનુદાનોમાં ± 50 ટકાથી ± 100 ટકા વચ્ચે અને 13 અનુદાનોમાં 100 ટકા જેટલું અથવા 100 ટકાથી અધિક વિચલનના કારણે હતું.

ખર્ચના ઘટકોનું પરિણામ

ખર્ચના ઘટકોનું **પરિણામ,** અમલીકરણ દરમિયાન મુખ્ય અંદાજપત્રીય વર્ગો વચ્ચે પુનઃફાળવણીએ ખર્ચના ઘટકોમાં તફાવતમાં કેટલા પ્રમાણમાં ફાળો આપ્યો તેનું આકલન કરે છે.

કોઠો 3.6: 2022-23 દરમિયાન ખર્ચના ઘટકોનું પરિણામ

(₹ કરોડમાં)

વર્ણન	મૂળ મંજૂર થયેલ અંદાજપત્રીય અંદાજો (BE)	સુધારેલ અંદાજો (RE)	ખરેખર પરિણામ	BE અને RE વચ્ચે તફાવત	ખરેખર અને RE* વચ્ચે તફાવત
(1)	(2)	(3)	(4)	(5)	(6)
મહેસૂલ	1,83,887.85	1,92,562.15	1,80,710.82	(-)8,674.30	(-)11,851.33
મૂડી	60,076.87	62,950.45	59,406.50	(-)2,873.58	(-)3,543.95
કુલ	**2,43,964.72**	**2,55,512.60**	**2,40,117.32**	**(-)11,547.88**	**(-)15,395.28**

* સુધારેલી જોગવાઈનો ખરેખર ઉપરનો વધારો (+) આંકડા તરીકે દર્શાવેલ છે અને મૂળ જોગવાઈ કરતાં ખરેખરની ઘટ (-) આંકડા તરીકે દર્શાવેલ છે

મહેસૂલ વિભાગમાં, સુધારેલા અંદાજોની તુલનાએ **પરિણામ**નું વિચલન (-) 6.15 ટકા હતું. આમ થવાનું કારણ 89 અનુદાનોમાં 0 અને ±25 ટકા વચ્ચે, 10 અનુદાનોમાં ± 25 ટકાથી ± 50 ટકા વચ્ચે અને 02 અનુદાનોમાં ± 50 ટકાથી ± 100 ટકા વચ્ચે, વિચલન હતું.

મૂડી વિભાગમાં, સુધારેલા અંદાજોની તુલનાએ **પરિણામ**નું વિચલન (-) 5.63 ટકા હતું. આમ થવાનું કારણ 33 અનુદાનોમાં 0 અને ±25 ટકા વચ્ચે, 08 અનુદાનોમાં ± 25 ટકાથી ± 50 ટકા વચ્ચે, 09 અનુદાનોમાં ± 50 ટકાથી ± 100 ટકા વચ્ચે અને 04 અનુદાનોમાં 100 ટકા જેટલું અથવા 100 ટકાથી અધિક વિચલન હતું. મૂડી વિભાગના 05 અનુદાનોની (અનુદાન સંખ્યા 24, 55, 58, 75 અને 99) બાબતમાં સુધારેલા અંદાજોના સ્તરે જો કે, કોઇ જોગવાઈ કરવામાં આવી ન હતી.

3.2 વિનિયોગ હિસાબો

વિનિયોગ હિસાબો ભારતના બંધારણની કલમ 204 અને 205 હેઠળ પસાર કરવામાં આવેલા વિનિયોગ અધિનિયમને સંલગ્ન અનુસૂચિઓમાં નિર્દિષ્ટ જુદા જુદા હેતુઓ માટેના મતપાત્ર અનુદાનો અને બિન-મતપાત્ર વિનિયોગોની રકમોની તુલનાએ નાણાકીય વર્ષ માટે સરકારના ખર્ચની વિગતો પુરી પાડે છે. વિનિયોગ હિસાબો એકંદર ધોરણે હોય છે. આ હિસાબો મૂળ અંદાજપત્રીય જોગવાઈ, પૂરક અનુદાનો, બચત , પરતસોંપણીઓ અને પુનર્વિનિયોગ પૃથક રૂપે દર્શાવે છે અને વિવિધ નિર્દિષ્ટ સેવાઓ પર વિનિયોગ અધિનિયમ દ્વારા અધિકૃત થયા હોય તેની સામે ખરેખર મૂડી અને મહેસૂલી ખર્ચ દર્શાવે છે. આ રીતે વિનિયોગ હિસાબો, ભંડોળનો ઉપયોગ, નાણાકીય વ્યવસ્થાપન, અને અંદાજપત્રીય જોગવાઈઓ પર દેખરેખમાં સુગમતા કરી આપે છે અને આથી, નાણાકીય હિસાબોના પૂરક બને છે.

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા વિનિયોગનું ઑડિટ એ સુનિશ્ચિત કરવા માંગે છે કે, જુદા જુદા અનુદાનોમાંથી ખરેખર કરવામાં આવેલો ખર્ચ વિનિયોગ અધિનિયમ હેઠળ આપવામાં આવેલી અધિકૃતતા મુજબ હતો અને બિન-મતપાત્ર ખર્ચ પણ તે અંગેની બંધારણની

જોગવાઈઓ મુજબ જ કરવામાં આવ્યો હતો. તે એ પણ સુનિશ્ચિત કરે છે કે આ રીતે કરવામાં આવેલો ખર્ચ કાયદો, સંબંધિત નિયમો, નિયમનો અને સૂચનાઓ સાથે સુસંગત હતો.

3.3 અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાની સંપૂર્ણતા

3.3.1 કાયદાકીય સત્તા વિના કરવામાં આવેલો ખર્ચ

બંધારણની કલમ 204ની જોગવાઈ અનુસાર પસાર કરવામાં આવેલા કાયદા હેઠળ કરવામાં આવેલા વિનિયોગ સિવાય રાજ્યની સંચિત નિધિમાંથી કોઇ પણ નાણા ઉપાડી શકાય નહીં. ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983 અનુસાર, અંદાજપત્રીય જોગવાઈ વિના અથવા પૂરક અનુદાન/વિનિયોગની અપેક્ષાએ અથવા પુનર્વિનિયોગ દ્વારા ભંડોળની જોગવાઈ કર્યા પહેલા કોઇ પણ સદર હેઠળ ખર્ચ કરી શકાય નહીં.

ઑડિટ ચકાસણીમાં બહાર આવ્યું હતું કે, બે કિસ્સામાં, 2022-23 દરમિયાન, અંદાજપત્રીય જોગવાઈઓ વિના, ₹ 20.97 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. 2022-23 દરમિયાન અદાજપત્રીય જોગવાઈ વિના ખર્ચ કરવામાં આવ્યો હતો એવા હિસાબી સદરોની વિગતો **કોઠા 3.7માં** આપેલી છે.

કોઠો 3.7: 2022-23 દરમિયાન અંદાજપત્રીય જોગવાઈ વિના કરેલા ખર્ચનો સારાંશ

(₹ કરોડમાં)

ક્રમાંક	અનુદાન સંખ્યા અને હિસાબી સદર જ્યાં અંદાજપત્રીય જોગવાઈ વિના ખર્ચ કરવામાં આવ્યો હતો		જોગવાઈ વિના ખર્ચ
1	96-2501-05-796-02	પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના-વોટરશેડ ઘટક (રાજ્યનો હિસ્સો 100%)	17.57
2	106-2235-02-103-62	બેટી બચાઓ, બેટી પઢાઓ	3.40
કુલ			**20.97**

સોતઃ 2022-23ના વિનિયોગ હિસાબો

3.3.2 બિનજરૂરી પૂરક જોગવાઈ

બંધારણની કલમ 205 મુજબ, વર્ષ માટે વિનિયોગ અધિનિયમ દ્વારા કરવામાં આવેલી જોગવાઈ કરતાં વધુ, પૂરક અથવા વધારાનું અનુદાન અથવા વિનિયોગ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન કરી શકાય છે પરંતુ ચાલુ નાણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ નહીં. જ્યારે આવો વધારાનો ખર્ચ અનિવાર્ય જણાય અને આ વધારાને પુનર્વિનિયોગ દ્વારા પહોંચી વળવા અનુદાનની અંદર બચત કરી શકવાની કોઈ શક્યતા ન હોય તો, સંબંધિત વિભાગના સચિવ નાણા વિભાગને પૂરક અથવા વધારાનું અનુદાન અથવા વિનિયોગ માટે દરખાસ્ત મોકલે છે.

2022-23 દરમિયાન, 11 અનુદાનો/ વિનિયોગોમાં એકંદરે ₹ 2,816.30 કરોડની પૂરક જોગવાઈઓ (દરેક કિસ્સામાં ₹ 10 કરોડ અથવા વધુ) કરવામાં આવી હતી, જે બિનજરૂરી પુરવાર થઇ હતી. **કોઠા 3.8**માં આપેલી વિગતો મુજબ આ 11 કિસ્સાઓમાં કરવામાં આવેલો ખર્ચ મૂળ જોગવાઈના સ્તર સુધી પણ પહોંચી શક્યો ન હતો.

કોઠો 3.8: બિનજરૂરી પુરવાર થયેલી પૂરક જોગવાઈ (દરેક કિસ્સામાં ₹ 10 કરોડ અથવા વધુ)

(₹ કરોડમાં)

ક્રમાંક	અનુદાનનો નંબર અને નામ	મૂળ જોગવાઈ	ખરેખર ખર્ચ	મૂળ જોગવાઈમાંથી બચત	બિનજરૂરી પૂરક જોગવાઈ
મહેસૂલ – મતપાત્ર					
1	**02 -** કૃષિ	2,968.69	2,560.14	408.55	776.21
2	**05 –** સહકાર	1,854.57	1,808.36	46.21	119.15
3	**06 –**મત્સ્યોદ્યોગ	399.94	360.52	39.42	83.82
4	**18 –** પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો	12,883.57	12,588.87	294.70	649.42
5	**79 -** કુદરતી આફતોના હિસાબે રાહત	2,599.97	1,760.13	839.84	241.85
6	**106 -** મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતો અન્ય ખર્ચ	3,807.62	3,662.16	145.46	676.99
મૂડી – મતપાત્ર					
7	**13 –** ઊર્જા યોજનાઓ	3,215.57	3,096.35	119.22	12.53
8	**46 -** ગૃહ વિભાગને લગતો અન્ય ખર્ચ	1,300.10	1,268.00	32.10	44.31
9	**49 -** ઉદ્યોગ	679.59	310.48	369.11	81.06
10	**70 -** સામૂહિક વિકાસ	71.10	66.14	4.96	74.91
11	**74 -** પરિવહન	493.76	124.44	369.32	56.05
	કુલ	**30,274.48**	**27,605.59**	**2,668.89**	**2,816.30**

સોતઃ 2022-23ના વિનિયોગ હિસાબો

3.3.3 ભંડોળોનો બિનજરૂરી પુનર્વિનિયોગ

પુનર્વિનિયોગ એ જેમાં બચતની ધારણા હોય તેવા વિનિયોગના એક એકમમાંથી તેના બીજા એકમમાં, જેમાં અધિક ભંડોળની જરૂર વર્તાતી હોય તેમાં ભંડોળની તબદીલી છે. 2022-23 દરમિયાન, ₹ 9,488.56 કરોડની રકમના 63 અનુદાનો હેઠળ પુનર્વિનિયોગના હુકમો જારી કરવામાં આવ્યાં હતાં. તમામ પુનર્વિનિયોગના હુકમો 31 માર્ચ 2023ના રોજ જારી કરવામાં આવ્યાં હતાં.

24 પેટા-સદરોમાં, મૂળ જોગવાઈઓમાં ₹ 430.85 કરોડની (દરેક કિસ્સામાં ₹ 10 લાખથી વધુ) બચત થઇ હતી. જો કે, આ 24 પેટા-સદરો હેઠળ ₹ 33.23 કરોડના પુનર્વિનિયોગ દ્વારા જોગવાઈમાં સુધારો બિનજરૂરી પુરવાર થયો હતો, કારણ કે **પરિશિષ્ટ – 3.2માં** આપેલી વિગતો મુજબ ખર્ચ મૂળ અંદાજપત્રીય જોગવાઈના સ્તરે પહોંચી શક્યો ન હતો. બીજી બાજુ, ચાર પેટા-સદરોમાં (**પરિશિષ્ટ 3.2ના** ક્રમાંક **25**થી **28**), મૂળ જોગવાઈ કરતાં ₹ 9.74 કરોડ અધિક ખર્ચ થયો હતો. આમ છતાં, આ ચાર પેટા-સદરોમાં પુનર્વિનિયોગ દ્વારા ₹ 12.60 કરોડનો જોગવાઈમાં ઘટાડો અયોગ્ય સાબિત થયો હતો.

આ કિસ્સાઓમાં પુનર્વિનિયોગનો આશરો લેવામાં આવ્યો તે, રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રીય ફાળવણી અને તેના ઉપયોગમાં, આયોજન અને દેખરેખની ઉણપ બતાવે છે.

3.3.4 વણવપરાયેલી જોગવાઈઓ અને પરતસોપણી કરેલા વિનિયોગો અને/અથવા મોટી બચતો/પરતસોંપણીઓ

3.3.4.1 અંદાજપત્રીય જોગવાઈઓના ઓછા ઉપયોગના કારણે નોંધપાત્ર બચતો

અંદાજ તૈયાર કરનાર તમામ અધિકારીઓએ ધારણા કરી શકાય એ તમામ માટે અંદાજપત્રમાં જોગવાઈ કરવા માટે પ્રયત્નો કરવા જોઈએ, અને જરૂરી હોય તેટલી જ જોગવાઈ કરવા માટે પ્રયત્ન કરવો જોઇએ. વહીવટી અને નાણા વિભાગોએ અંદાજો પર અંતિમ નજર કરતી વખતે આને વિચારણામાં લેવુ જોઇએ.

અવાસ્તવિક દરખાસ્તો પર આધારિત અદાજપત્રીય ફાળવણી, સંસાધનની ગતિશિલતાની સંભવિતતાને વધુ પડતી ખેંચવી, નબળી ખર્ચની દેખરેખની યંત્રણા, નબળી યોજના અમલીકરણની ક્ષમતાઓ/ નબળા આંતરિક નિયંત્રણો, નાણાકીય વર્ષના અંત ભાગમાં ભંડોળ છુટું કરવાને ઉત્તેજન આપે છે. કેટલાક સદરોમાં વધારે પડતી બચત પણ અન્ય વિભાગોને ભંડોળથી વંચિત રાખે છે, જેનો તેઓ ઉપયોગ કરી શક્યા હોત.

ગુજરાત સરકારના 27 વિભાગો દ્વારા સંચાલિત અનુદાનો માટે 108 માંગણીઓ હતી, જે 2022-23 દરમિયાન 195 અનુદાનો/ વિનિયોગોમાં[2] રૂપાંતરિત થઇ હતી.

પરતસોંપણી બાદની બચત

અનુદાનો અને વિનિયોગોના વિશ્લેષણમાં જોવામાં આવ્યુ હતું કે વર્ષ 2022-23 દરમિયાન 09 અનુદાનો હેઠળ 10 કિસ્સામાં, બચત (પરતસોંપણી બાદ) પ્રત્યેક કિસ્સામાં ₹ 100 કરોડ કરતાં અધિક હતી (**પરિશિષ્ટ – 3.3**).

સતત બચત

વધુમાં એવું જોવામાં આવ્યુ હતું કે 15 અનુદાનો હેઠળ 16 કિસ્સામાં, 2020-21થી 2022-23 દરમિયાન દરેક કિસ્સામાં ₹ 100 કરોડ કરતાં અધિકની સતત બચત થઇ હતી **(પરિશિષ્ટ – 3.4)**, વર્ષ 2022-23 દરમિયાન, આ 16 કિસ્સાઓમાં બચતો ₹ 23,731.36 કરોડ થઇ હતી. આર્થિક બાબતોના સચિવે સમાપન બેઠકમાં જણાવ્યું હતું કે (ફેબ્રુઆરી 2024), આ કિસ્સાઓની તપાસ કરવામાં આવશે અને આ અહેવાલમાં ઉજાગર કરવામાં આવેલા વિવિધ અંદાજપત્રીય મુદ્દાઓ ઉચિત અંદાજપત્ર તૈયાર કરવામાં મદદ કરશે.

અંદાજપત્રીય ફાળવણીના ઉપયોગની ટકાવારી

2022-23 દરમિયાન કુલ બચતની સાથે અંદાજપત્રીય ફાળવણીના ઉપયોગની ટકાવારીની રીતે જૂથબધ્ધ કરેલા અનુદાનો/ વિનિયોગોની વિગતો **આલેખ – 3.4માં** દર્શાવી છે.

[2] અનુદાન: મહેસૂલ મતપાત્ર અને મૂડી મતપાત્ર; વિનિયોગો: મહેસૂલ બિન-મતપાત્ર અને મૂડી બિન-મતપાત્ર.

આલેખ – 3.4: 2022-23 દરમિયાન કુલ બચતની સાથે અંદાજપત્રીય ફાળવણીના ઉપયોગની ટકાવારીની રીતે જૂથબધ્ધ કરેલા અનુદાનો/ વિનિયોગોની વિગતો

સોત: 2022-23ના વિનિયોગ હિસાબો.

જોઇ શકાય છે એ મુજબ, 2022-23 દરમિયાન 195 અનુદાનો/ વિનિયોગો પૈકી 176માં ₹ 34,705.17 કરોડની એકંદરે કુલ બચત થઇ હતી, જે પૈકી, 41 અનુદાનો/ વિનિયોગોએ ₹ 16,129.71 કરોડની અકંદર બચત સાથે અંદાજપત્રીય ફાળવણીના 50 ટકા કરતાં ઓછો ઉપયોગ દર્શાવ્યો હતો.

પરતસોંપણી ન કરેલી બચતો

આદર્શ રીતે જેની સમયસર પરતસોંપણી કરવી જોઇએ તે બચતને રાખી મુકવાથી કોઇ હેતુ સરતો નથી. આ કારણસર, જે વિનિયોગો વણવપરાયેલા રહેવાની શક્યતા હોય તેની વહેલામાં વહેલી તકે પરતસોંપણી માટે જાણ કરવી જોઇએ. જો આમ ન કરવામાં આવે તો, અન્ય ખર્ચ કરનાર વિભાગ ભંડોળથી વંચિત રહે છે જેનો તેઓ ઉપયોગ કરી શક્યા હોત, અને આ રીતે પૂરક અનુદાનની નિવાર્ય માંગણી પસંદ કરવામાં આવે છે. પરતસોંપણી સામાન્ય રીતે માર્ચ મહિનામાં કરવામાં આવે છે, અને કરવામાં આવેલા ખર્ચના આંકડાનો કાળજીપૂર્વકનો અભ્યાસ અને છેલ્લા મહિનાના ખર્ચની પ્રગતિ પર નજર રાખવાથી, તે નિયંત્રણ અધિકારીને મહદઅંશે છેવટની જરૂરિયાત નક્કી કરવા માટે સક્ષમ બનાવી શકે છે.

જ્યારે પરતસોંપણી માટેની આવશ્યકતા જાતે જ વર્તાય છે ત્યારે, નિયંત્રણ અધિકારીએ તેઓ પરતસોંપણી કરી શકે તે રકમોનો કાળજીપૂર્વક અંદાજ બાંધવો જોઇએ. અનુદાનની અંદર જ ખર્ચ રાખી શકાય એ માટે તેઓ શક્ય એટલી અધિક પરતસોંપણી કરે તે ધ્યેય હોવો જોઇએ.

એવું ધ્યાન પર આવ્યુ હતું કે, ₹ 528.99 કરોડની રકમના નવ અનુદાનો અને ચાર વિનિયોગો હેઠળની બચતોની પરતસોંપણી કરવામાં જ આવી ન હતી (**પરિશિષ્ટ – 3.5**).

3.3.5 અધિક ખર્ચ અને તેનું નિયમિતીકરણ

ભારતના બંધારણની કલમ 204 અનુસાર, રાજ્ય સંચિત નિધિમાંથી કોઇ નાણા ઉપાડી શકે નહીં સિવાય કે તેના માટે રાજ્ય વિધાનસભા દ્વારા કલમની જોગવાઈઓ અનુસાર પસાર કરવામાં આવેલા કાયદા દ્વારા વિનિયોગ કરવામાં આવ્યો હોય. વધુમાં, ભારતના બંધારણની કલમ 205 અનુસાર રાજ્ય સરકાર માટે રાજ્ય વિધાનસભા દ્વારા અનુદાન/ વિનિયોગ ઉપરનો વધારો નિયમિત કરવો ફરજિયાત છે. જો કે આ કલમ હેઠળ ખર્ચના નિયમિતીકરણ માટે કોઇ સમય મર્યાદા નિયત કરવામાં આવી નથી, છતાં અધિક ખર્ચનું નિયમિતીકરણ જાહેર હિસાબ સમિતિ દ્વારા વિનિયોગ હિસાબોની ચર્ચા પૂર્ણ થયા બાદ કરવામાં આવે છે.

3.3.5.1 વર્ષ 2022-23 દરમિયાન અધિક ખર્ચ

વર્ષ માટે જોગવાઇ કરતાં અધિક ખર્ચ માત્ર વિધાનસભાની મંજૂરીની જોગવાઈઓનું ઉલ્લંઘન નથી પરંતુ નબળું આયોજન પણ સૂચવે છે, જે આ હેતુ માટે કરવામાં આવેલા અંદાજપત્રની સાથે ખર્ચની પ્રગતિ પર નજર રાખીને નિવારી શકાઇ હોત.

2022-23 દરમિયાન, પાંચ અનુદાનો/ વિનિયોગોમાં ₹ 64.48 કરોડનો અધિક ખર્ચ થયો હતો જે રાજ્ય વિધાનસભા દ્વારા નિયમિત કરાવવો જરૂરી હતો (**કોઠો 3.9**).

કોઠો 3.9: 2022-23 દરમિયાન નિયમિત કરાવવો જરૂરી એવો જોગવાઈ કરતાં થયેલો અધિક ખર્ચ

(₹ કરોડમાં)

અનુદાન નં.	અનુદાનનું નામ	કુલ અનુદાન	ખરેખર ખર્ચ	અધિક ખર્ચ
મહેસૂલ મતપાત્ર				
73	પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગને લગતો અન્ય ખર્ચ	1,497.42	1,559.12	61.70
90	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતો અન્ય ખર્ચ.	376.18	376.45	0.27
મહેસૂલ બિન-મતપાત્ર				
18	પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો.	13.00	13.47	0.47
મૂડી મતપાત્ર				
68	નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગને લગતો અન્ય ખર્ચ	0.24	0.30	0.06
98	યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ	38.45	40.43	1.98
કુલ		**1,925.29**	**1,989.77**	**64.48**

સોત: 2022-23 ના વિનિયોગ હિસાબો

જોગવાઈ કરતાં અધિક ખર્ચ અંદાજપત્રીય અને નાણાકીય નિયંત્રણની પ્રણાલીને ખરાબ કરે છે અને જાહેર સંસાધનોના વ્યવસ્થાપનમાં નાણાકીય ગેરશિસ્તને પ્રોત્સાહન આપે છે.

3.3.5.2 કેટલાક અનુદાનોમાં સતત અધિક ખર્ચ

જાહેર હિસાબ સમિતિની અધિકના કિસ્સા ઓછામાં ઓછા કરવાની ભલામણો હોવા છતાં, એક અનુદાનમાં સતત અધિક ધ્યાન પર આવ્યું હતું. સતત અધિક ખર્ચ સૂચવે છે કે, વિભાગમાં અંદાજપત્રીય નિયંત્રણ બિન-અસરકારક હતું અને અંદાજપત્રીય અંદાજો વાસ્તવિક રીતે તૈયાર કરવામાં આવ્યાં ન હતાં. આવા વારંવાર અધિક ખર્ચ રાજ્ય વિધાનસભાની ઇચ્છાનું ઉલ્લંઘન છે. ખરેખર તો, વિધાનસભાની પૂર્વ અધિકૃતતા સિવાય એક રૂપિયો પણ ખર્ચી શકાય નહીં અને આથી, આ બાબતને ગંભીરતાથી લેવી જોઇએ. સતત થતો અધિક ખર્ચ અંદાજપત્ર તૈયાર કરતી વખતે અયોગ્ય અંદાજોના કારણે હોઇ શકે છે, જે દર્શાવે છે કે વિભાગનું અંદાજપત્રીય નિયંત્રણ બિન-અસરકારક છે અને અંદાજપત્રીય અંદાજો વાસ્તવિક રીતે તૈયાર કરવામાં આવતા નથી.

ઑડિટે અનુદાન નં. 73માં (મહેસૂલ મતપાત્ર) 2012-13થી સતત વધારો જોયો હતો. છેલ્લા પાંચ વર્ષ (2018-23) દરમિયાન અંદાજપત્ર તૈયાર કરતી વખતે કરેલ અયોગ્ય અંદાજોના કારણે થયેલા અધિકની વિગતો **કોઠા 3.10માં** આપેલી છે:

કોઠો 3.10: 2018-23 દરમિયાન સતત અધિક ખર્ચ

(₹ કરોડમાં)

ક્રમાંક	અનુદાન/વિનિયોગનું વર્ણન	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
1.	અનુદાન નં. 73 – પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગને લગતો અન્ય ખર્ચ (મહેસૂલ મતપાત્ર)					
	અનુદાન	703.07	790.19	856.17	882.17	1,497.42
	ખર્ચ	1,463.84	1,347.89	1,352.62	1,427.43	1,559.12
	અધિક	760.77	557.70	496.45	545.26	61.70

સોત: સંબંધિત વર્ષની વિનિયોગ હિસાબો

'પંચાયતના કર્મચારીઓને વયનિવૃત્તિ અને નિવૃત્તિ ભથ્થા' અને 'પંચાયતના કર્મચારીઓને કુટુંબ પેન્શન' પેટા-સદર હેઠળ અધિક જોવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારે નિવૃત્તિ લાભોનો ચોક્સાઇપૂર્વક અંદાજ કાઢવા માટે નિવૃત્તિ માટે બાકી પંચાયતના કર્મચારીઓનો પાકો ડેટાબેઝ નિભાવવો જોઇએ.

3.3.5.3 અગાઉના નાણાકીય વર્ષોના અધિક ખર્ચનું નિયમિતીકરણ

વધુ પડતા સમયગાળા માટે બિન-નિયમિત રહેતો અધિક ખર્ચ કારોબારી પર વિધાનસભાના નિયંત્રણને નબળુ પાડે છે. 2009-10થી 2011-12 અને 2014-15થી 2021-22ના સમયગાળા દરમિયાન કરવામાં આવેલો ₹ 11,938.06 કરોડનો અધિક ખર્ચ રાજ્ય વિધાનસભા દ્વારા નિયમિત કરવાનો હજી બાકી છે. અગાઉના નાણાકીય વર્ષોનો અધિક ખર્ચ જેનું નિયમિતીકરણ જરૂરી છે તેની વિગતો **પરિશિષ્ટ – 3.6માં** દર્શાવી છે.

અધિક ખર્ચના તમામ વર્તમાન કિસ્સાઓનું નિયમિતીકરણ કરાવી લેવું જરૂરી છે.

3.4 અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાઓની પારદર્શિતા

3.4.1 મૂડી ખર્ચનું મહેસૂલી ખર્ચ તરીકે ખોટું વર્ગીકરણ

સામાન્ય નાણાકીય નિયમો, 2017ના નિયમ 84માં જોગવાઈ છે કે કાયમી પ્રકારની મૂર્ત અસ્ક્યામતો (સંસ્થામાં ઉપયોગ માટે અને નહીં કે ધંધાના સામાન્ય વ્યવહારમાં વેચાણ અર્થે) પ્રાપ્ત કરવાના હેતુસર અથવા હયાત અસ્ક્યામતોની ઉપયોગિતા વધારવા માટે કરવામાં આવેલો નોંધપાત્ર ખર્ચ વ્યાપક રીતે મૂડી ખર્ચ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવશે. ત્યારબાદ જાળવણી, મરામત, નિભાવ અને ચાલુ ખર્ચ, જે અસ્ક્યામતોને ચાલુ સ્થિતિમાં જાળવવા માટે કરવામાં આવેલો ખર્ચ અને મહેકમ અને વહીવટી ખર્ચ સહિત સંસ્થાને ચલાવવા માટે કરવામાં આવતો રોજીંદો અન્ય ખર્ચ પણ મહેસૂલી ખર્ચ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. મૂડી અને મહેસૂલી ખર્ચ હિસાબમાં અલગ દર્શાવવામાં આવે છે.

ઉપરાંત, દર વર્ષે નાણા વિભાગ દ્વારા જારી કરવામાં આવતા અંદાજપત્રની તૈયારી અંગેના પરિપત્રો સ્પષ્ટપણે જણાવે છે કે હેતુ સદરો 5100-મોટર વાહનો, 5200-મશીનરી અને સાધનસામગ્રી, 5300-મોટા કામો અને 5500- લોન અને પેશગીઓ મૂડીગત અસ્ક્યામતો સંપાદિત કરવા માટે અને અન્ય મૂડીગત ખર્ચ માટે છે અને મૂડી મુખ્ય સદરો હેઠળ આવશ્યક જોગવાઈ કરવાની હોય છે.

2022-23 દરમિયાન અંદાજપત્રીય દસ્તાવેજો અને ખર્ચની નોંધોની ચકાસણીમાં એવું જોવામાં આવ્યું હતું કે ₹ 789.57 કરોડની મૂળ જોગવાઈ કરવામાં આવી હતી અને ₹ 335.17 કરોડનો ખર્ચ મૂડી મુખ્ય સદરોના બદલે મહેસૂલી મુખ્ય સદરો હેઠળના હેતુ સદરો 5100, 5200, 5300 અને 5500 હેઠળ કરવામાં આવ્યો હતો. આ ખોટા વર્ગીકરણે વર્ષ 2022-23 માટેના નાણાકીય હિસાબોના પત્રકો નં. 4, 5, 7, 15, 16 અને 18 ને અસર થઇ હતી, કારણ કે એટલા પ્રમાણમાં મૂડી ખર્ચ ઓછો દર્શાવાયો હતો અને મહેસૂલી ખર્ચ અધિક દર્શાવાયો હતો.

ગૃહ વિભાગ અને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે ઑડિટ અવલોકનનો સ્વીકાર કર્યો હતો (સપ્ટેમ્બર 2023) અને જણાવ્યુ હતું કે નાણાકીય વર્ષ 2023-24થી હેતુ સદર 5100 અને 5200 હેઠળ જોગવાઈઓ મહેસૂલી મુખ્ય સદરોના બદલે મૂડી મુખ્ય સદરો હેઠળ કરવામાં આવી છે.

3.5 અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાની અસરકારકતા

3.5.1 અંદાજપત્રના અનુમાનો અને ખરેખર વચ્ચેનો ગાળો

કર વહીવટીતંત્ર/અન્ય આવક અને જાહેર ખર્ચનું અસરકારક વ્યવસ્થાપન વિભિન્ન રાજકોષીય ચલાંકોની સિધ્ધિઓ માટેનું સંતુલન જાળવી રાખે છે. અવાસ્તવિક દરખાસ્તો, ખર્ચની દેખરેખની નબળી યંત્રણા, નબળી યોજનાઓના અમલીકરણની ક્ષમતાઓ અને નબળા આંતરિક નિયંત્રણો જુદી જુદી વિકાસકીય આવશ્યકતાઓમાં ઉપશ્રેષ્ઠ (sub-optimal) ફાળવણી તરફ દોરી જાય છે.

કેટલાક વિભાગોમાં વધુ પડતી બચત અન્ય વિભાગોને ભંડોળથી વંચિત રાખે છે જેનો તેઓ ઉપયોગ કરી શકયા હોત.

2022-23માં ખર્ચ માટેની કુલ જોગવાઈ ₹ 2,74,758.01 કરોડ હતી. વર્ષ દરમિયાન ખરેખર એકંદર ખર્ચ ₹ 2,40,117.32 કરોડ હતો. આ 2022-23માં ₹ 34,640.69 કરોડની બચતમાં પરિણમ્યું હતું, જે પૈકી, માત્ર ₹ 31,720.11 કરોડની પરતસોંપણી કરવામાં આવી હતી. તમામ પરતસોંપણીઓ 15 માર્ચ 2023ના રોજ કરવામાં આવી હતી. વિગતો **કોઠા 3.11**માં આપી છે.

કોઠો 3.11: અંદાજત્રીય જોગવાઈની સામે ખર્ચની સ્થિતિનો સારાંશ

(₹ કરોડમાં)

મતપાત્ર/ બિન-મતપાત્ર	ખર્ચનો પ્રકાર	અંદાજપત્ર (મૂળ) (O)	અંદાજપત્ર (પૂરક) (S)	કુલ અંદાજપત્ર (O+S)	ખરેખર ખર્ચ	ચોખ્ખી અધિક/ બચત (-)	અધિક/ બચત (%)
મતપાત્ર	મહેસૂલ	1,56,502.07	26,150.99	1,82,653.06	1,55,081.30	(-)27,571.76	(-)15.10
	મૂડી	36,492.21	4,085.19	40,577.40	35,707.25	(-)4,870.15	(-)12.00
	લોન અને પેશગીઓ	1,470.10	61.90	1,532.00	1,465.79	(-)66.21	(-)4.32
	કુલ	**1,94,464.38**	**30,298.08**	**2,24,762.46**	**1,92,254.34**	**(-)32,508.12**	**(-)14.46**
બિન-મતપાત્ર	*મહેસૂલ*	*27,385.78*	*102.69*	*27,488.47*	*25,629.52*	(-)1,858.95	(-)6.76
	મૂડી	*89.07*	*41.34*	*130.41*	*74.48*	(-)55.93	(-)42.89
	જાહેર ઋણ	*22,025.49*	*194.79*	*22,220.28*	*22,158.98*	(-)61.30	(-)0.28
	લોન અને પેશગીઓ	*00*	*156.39*	*156.39*	*00*	(-)156.39	(-)100.00
	કુલ	***49,500.34***	***495.21***	***49,995.55***	***47,862.98***	**(-)2,132.57**	**(-)4.27**
એકંદર કુલ		**2,43,964.72**	**30,793.29**	**2,74,758.01**	**2,40,117.32**	**(-)34,640.69**	**(-)12.61**

સોત: 2022-23ના વિનિયોગ હિસાબો.

કોઠો 3.12: 2018-23 દરમિયાન મૂળ અંદાજપત્ર, સુધારેલા અંદાજો અને ખરેખર ખર્ચ

(₹ કરોડમાં)

	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
મૂળ અંદાજપત્ર	1,83,666.38	2,04,815.00	2,17,287.24	2,27,028.79	2,43,964.72
પૂરક અંદાજપત્ર	16,909.59	9,456.22	11,489.15	12,360.43	30,793.29
કુલ અંદાજપત્ર (મૂળ+ પૂરક)	2,00,575.97	2,14,271.22	2,28,776.39	2,39,389.22	2,74,758.01
સુધારેલા અદાજો	1,89,440.27	1,95,992.71	2,05,026.26	2,20,747.57	2,55,512.60
ખરેખર ખર્ચ	1,80,479.68	1,88,278.95	2,00,215.82	2,17,355.42	2,40,117.32
ચોખ્ખી બચત/અધિક	(-) 20,096.29	(-) 25,992.27	(-) 28,560.57	(-) 22,033.80	(-) 34,640.69
મૂળ જોગવાઈની સામે પૂરક જોગવાઈની ટકાવારી	9.21	4.62	5.29	5.44	12.62
એકંદર જોગવાઈની સામે એકંદર બચત/અધિકની ટકાવારી	(-)10.02	(-) 12.13	(-) 12.48	(-) 9.20	(-) 12.61
કુલ અંદાજપત્ર - સુધારેલા અંદાજો	11,135.70	18,278.51	23,750.13	18,641.65	19,245.41
સુધારેલા અંદાજો - ખરેખર ખર્ચ	8,960.59	7,713.76	4,810.44	3,392.15	15,395.28
કુલ અંદાજપત્રના ટકાની રીતે (કુલ અંદાજપત્ર - સુધારેલા અંદાજો)	5.55	8.53	10.38	7.79	7.00
કુલ અંદાજપત્રના ટકાની રીતે (સુધારેલા અંદાજો – ખરેખર ખર્ચ)	4.47	3.60	2.10	1.42	5.60

સોત: સંબંધિત વર્ષોના વાર્ષિક નાણાકીય પત્રકો અને વિનિયોગ હિસાબો.

કોઠા 3.12માંથી જોઇ શકાય છે એ મુજબ, 2021-22 દરમિયાનના 9.20 ટકાની સરખામણીએ 2022-23 દરમિયાન 12.61 ટકાની એકંદર બચત થઇ હતી. વધુમાં, 2022-23 દરમિયાન ₹ 30,793.29 કરોડની પૂરક જોગવાઈ, મૂળ જોગવાઈની સામે 12.62 ટકા જેટલી હતી, જે પાછલા વર્ષમાં 5.44 ટકા હતી.

વિનિયોગ હિસાબોમાં વધઘટનો સારાંશ **આલેખ 3.5**માં દર્શાવ્યો છે.

આલેખ 3.5: અંદાજપત્રીય અંદાજો, સુધારેલા અંદાજો અને ખરેખર મૂલ્યો વલણ



ઉપરના આલેખમાંથી જોઇ શકાય છે કે વર્ષ 2018-19થી 2022-23 દરમિયાન, સુધારેલા અંદાજો રાજ્યના કુલ અંદાજપત્ર કરતાં હમેશાં નીચા રહ્યા હતાં. સુધારેલા અંદાજો અને કુલ અંદાજપત્ર વચ્ચેનો તફાવત વર્ષ 2020-21 જ્યારે તે 10.38 ટકા હતો તે સિવાય, 2018-23ના સમયગાળા દરમિયાન 10 ટકા કરતાં ઓછો હતો. ઉપરાંત, 2018-23 દરમિયાન ખરેખર ખર્ચ સુધારેલા અંદાજ કરતાં નીચો હતો.

3.5.2 અંદાજપત્રીય જોગવાઈઓમાંથી વિચલન માટે ખૂટતા/ અપૂર્ણ સ્પષ્ટીકરણો

મંજૂર થયેલા અંદાજપત્રની સામે ખર્ચ દર્શાવવા ઉપરાંત, વિનિયોગ હિસાબોમાં અંદાજપત્રીય જોગવાઈઓથી (મૂળ વત્તા પૂરક) નોંધપાત્ર ખર્ચના વિચલનના કિસ્સાઓમાં સંબંધિત વિભાગો દ્વારા આપવામાં આવેલા સ્પષ્ટીકરણો પણ સામેલ હોય છે. પેટા-સદરના સ્તરે (વિનિયોગનો એકમ) આવા વિચલનો માટે કેટલી હદની બહાર સંબંધિત વિભાગો દ્વારા સ્પષ્ટીકરણ જરૂરી છે તે રાજ્યની જાહેર હિસાબ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલું છે.

મહાલેખાકાર (હિસાબ અને હક) વિભાગના નિયંત્રણ અધિકારીઓને વિનિયોગ હિસાબોનો મુસદ્દો પૂરો પાડે છે અને મંજૂર થયેલી અંદાજપત્રીય ફાળવણીઓના સંદર્ભમાં જાહેર હિસાબ સમિતિ દ્વારા નિયત મર્યાદાઓ બહારના ખર્ચમાં વધઘટ માટેના કારણો/ સ્પષ્ટીકરણોની માંગ કરે છે. ઓક્ટોબર 1994માં જાહેર હિસાબ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલી મર્યાદાઓ **પરિશિષ્ટ 3.7માં** દર્શાવી છે.

195 અનુદાન/ વિનિયોગો પૈકી, 151 અનુદાનો/વિનિયોગોની બાબતમાં વિચલનના કારણો જરૂરી હતાં. 2022-23ના વિનિયોગ હિસાબોનુ ઑડિટ અને અંતર્ગત હિસાબી ડેટાના વિશ્લેષણમાં જોવામાં આવ્યું હતું કે, નિયંત્રણ અધિકારીઓ દ્વારા 151 અનુદાનો/ વિનિયોગો પૈકી 23 બાબતોમાં અંદાજપત્રીય ફાળવણીઓ સામે ખર્ચના વિચલનો માટે સ્પષ્ટીકરણો આપવામાં આવ્યાં ન હતાં. પેટા-સદરોના સ્તરે 1,024 પેટા-સદરોમાંથી 37માં સ્પષ્ટીકરણો રજૂ કરવામાં આવ્યાં ન હતાં.

પેટા-સદરોની કુલ સંખ્યા, વિચલનો માટે સ્પષ્ટીકરણ જરૂરી હોય એવા પેટા-સદરોની સંખ્યા અને જેમાં સ્પષ્ટીકરણો મળ્યા હતાં એવા પેટા-સદરોની સંખ્યા **આલેખ 3.6માં** દર્શાવી છે. આ બાબતમાં સંબંધિત વિગતો **પરિશિષ્ટ 3.8માં** દર્શાવી છે.

આલેખ 3.6: અંદાજપત્રીય જોગવાઈઓની સામે ખુલાસા વિનાના વિચલનોનો સારાંશ



સોત: 2022-23ના વિનિયોગ હિસાબો અને મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાતની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

અંદાજપત્રીય ફાળવણી અને તેના વપરાશ વચ્ચેની વધઘટ માટે સ્પષ્ટીકરણનો અભાવ સરકારના નાણાકીય ઉત્તરદાયિત્વની ખાતરી કરવાના ઉપાય તરીકે અંદાજપત્ર પર વિધાનસભાનું નિયંત્રણ અવરોધે છે.

3.5.3 અંદાજપત્રમાં મોટી નીતિવિષયક ઘોષણાઓ અને તેમના અમલીકરણ માટે ખરેખર ભંડોળની ઉપલબ્ધતાની સુનિશ્ચિતતા

રાજ્ય સરકાર દ્વારા જાહેર જનતા માટે ઘણી નીતિવિષયક પહેલો કરવામાં આવે છે. આ નીતિવિષયક પહેલોનું અમલીકરણ યોજનાની માર્ગદર્શિકા/ કાર્યપધ્ધતિની મંજૂરી બાદ, વહીવટી મંજૂરીની જરૂરીયાત, અંદાજપત્રીય ફાળવણી, વગેરે બાદ જ થઇ શકે છે.

વર્ષ 2022-23 માટેના નાણાકીય હિસાબોના પરિશિષ્ટ XI, ભાગ- II, વર્ષ દરમિયાન લેવામાં આવેલા મુખ્ય નીતિવિષયક નિર્ણયો અથવા અંદાજપત્રમાં પ્રસ્તાવિત નવીન યોજનાઓની વિગતો આપે છે. 2022-23 દરમિયાન, રાજ્ય સરકાર દ્વારા 29 યોજનાઓ/ મુખ્ય નીતિવિષયક નિર્ણયોની ઘોષણા કરવામાં આવી હતી જે પૈકી 24 યોજનાઓનો વર્ષ દરમિયાન અમલ કરવામાં આવ્યો હતો.

3.5.4 ખર્ચનો ધસારો

ગુજરાત અંદાજપત્રીય નિયમાવલી, 1983 અનુસાર, ખર્ચનો ધસારો, વિશેષ રૂપે નાણાકીય વર્ષના છેવટના મહિનાઓમાં, એ નાણાકીય ઔચિત્યનું ઉલ્લંઘન છે.

2022-23 દરમિયાન રાજ્યની તિજોરીમાં આવક અને ફાળવણીઓનો માસિક પ્રવાહ **આલેખ 3.7માં** દર્શાવ્યો છે.

આલેખ 3.7: 2022-23 દરમિયાન માસિક આવક અને ખર્ચ

(₹ કરોડમાં)

(ખર્ચના આંકડા વસૂલાત બાદના છે)

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાતની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

આલેખ 3.7માં જોઇ શકાય છે એ મુજબ, માર્ચમાં આવક અને ખર્ચનો પ્રવાહ નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન અન્ય મહિનાઓ કરતાં નોંધપાત્ર રીતે વધુ હતો.

મુખ્ય સદરો જેમાં કુલ ખર્ચના 50 ટકા કરતાં અધિક (દરેક કિસ્સામાં ₹ એક કરોડ કરતાં વધુ) ખર્ચ એકલા માર્ચ 2023માં કરવામાં આવ્યો હતો તેની વિગતો **કોઠા 3.13માં** આપી છે:

કોઠો 3.13: માર્ચ 2023માં ખર્ચનું પ્રમાણ

(₹ કરોડમાં)

મુખ્ય સદર	વર્ણન	1st ત્રિમાસિક	2nd ત્રિમાસિક	3rd ત્રિમાસિક	4th ત્રિમાસિક	ખરેખર ખર્ચ	માર્ચ માં ખર્ચ	કુલ ખર્ચની સામે માર્ચમાં ખર્ચ (%)
2048	ઋણના ઘટાડા અથવા નિવારણ માટે વિનિયોગ	0.00	0.00	0.00	2,000.00	2,000.00	2,000.00	100
2075	પરચૂરણ સામાન્ય સેવાઓ	2.23	16.70	13.60	67.74	100.27	66.98	66.80
2215	પાણી પુરવઠો અને સ્વચ્છતા	180.25	84.06	88.82	406.45	759.58	382.53	50.36
2425	સહકાર	26.80	617.99	60.45	1,165.51	1,870.75	1,089.38	58.23
2711	પૂર નિયંત્રણ અને ગટર વ્યવસ્થા	1.61	6.54	7.29	31.11	46.55	27.54	59.17
2875	અન્ય ઉદ્યોગો	0.00	0.00	9.38	11.20	20.58	11.20	54.43
3051	બંદરો અને દીવાદાંડી	0.00	9.00	17.26	49.60	75.86	49.60	65.39
4059	જાહેર બાંધકામ પર મૂડી જોગવાઇ	15.39	38.86	48.24	184.45	286.94	161.61	56.32

મુખ્ય સદર	વર્ણન	1st ત્રિમાસિક	2nd ત્રિમાસિક	3rd ત્રિમાસિક	4th ત્રિમાસિક	ખરેખર ખર્ચ	માર્ચ માં ખર્ચ	કુલ ખર્ચની સામે માર્ચમાં ખર્ચ (%)
4070	અન્ય વહીવટી સેવાઓ પર મૂડી જોગવાઈ	0.02	0.01	0.80	1.40	2.23	1.38	62.29
4202	શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ પર મૂડી જોગવાઈ	240.01	49.31	545.44	2,431.58	3,266.34	1,690.87	51.77
4403	પશુપાલન પર મૂડી જોગવાઈ	0.33	0.80	2.48	13.57	17.18	10.27	59.75
4408	અન્ન, સંગ્રહ અને વખાર પર મૂડી જોગવાઈ	0.00	0.00	3.90	6.70	10.60	5.82	54.87
4435	અન્ય કૃષિ કાર્યક્રમો પર મૂડી જોગવાઈ	0.00	0.00	0.00	9.94	9.94	9.94	100
4711	પૂર નિયંત્રણ યોજનાઓ પર મૂડી જોગવાઈ	5.75	15.39	15.67	210.08	246.89	185.24	75.03
4810	નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા પર મૂડી જોગવાઈ	50.25	50.00	50.50	358.50	509.25	358.50	70.40
4853	બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગ માટે મૂડી જોગવાઈ	0.00	0.00	0.0	5.05	5.05	5.05	100
5051	બંદરો અને દીવાદાંડી માટે મૂડી જોગવાઈ	16.74	34.47	17.46	211.18	279.85	182.03	65.05
6216	આવાસન માટે લોન	0.00	0.00	0.00	1.20	1.20	0.90	75.00
6235	સામાજીક સુરક્ષા અને કલ્યાણ માટે લોન	0.06	1.13	0.00	3.38	4.57	3.38	73.97
	કુલ	**16.80**	**35.60**	**17.46**	**215.76**	**9,513.63**	**6,242.22**	

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાતની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

આમ, નાણાકીય નિયમનોની ભાવનાથી વિપરીત, ખર્ચનો એક નોંધપાત્ર હિસ્સો રાજ્ય સરકાર દ્વારા નાણાકીય વર્ષના અંતે ખર્ચવામાં આવ્યો હતો, જે ખર્ચ પર અપૂરતું નિયંત્રણ અને નબળું અંદાજપત્રીય વ્યવસ્થાપન દર્શાવે છે.

વધુમાં, માર્ચ 2023માં 2,058 પેટા-સદરો હેઠળ કરવામાં આવેલા ₹ 44,484.20 કરોડના કુલ ખર્ચમાંથી, 179 પેટા-સદરો હેઠળ 100 ટકા ખર્ચ (₹ 5,735.39 કરોડ) માર્ચ 2023માં કરવામાં આવ્યો હતો. 41 પેટા-સદરો (179 પૈકી) જેમાં ₹ 10 કરોડ અથવા વધુનો ખર્ચ માર્ચ 2023માં કરવામાં આવ્યો હતો તેની વિગતો **પરિશિષ્ટ-3.9માં** દર્શાવી છે

ઉપરાંત, વિભાગ દ્વારા તેના હસ્તક મુકાયેલા અનુદાનની બાબતમાં કરવામાં આવેલા ખર્ચના કિસ્સામાં, એવું જોવામાં આવ્યું હતું કે, 108 અનુદાનો પૈકી 10માં, કુલ ખર્ચના 50 ટકા કરતાં અધિક ખર્ચ **કોઠા 3.14માં** દર્શાવ્યા પ્રમાણે માર્ચ 2023માં કરવામાં આવ્યો હતો.

કોઠો 3.14: માર્ચમાં 50 ટકા કરતાં અધિક ખર્ચ વાળા અનુદાનો (ઘટતી ટકાવારીના ક્રમમાં)

(₹ કરોડમાં)

ક્રમાંક	અનુદાન સંખ્યા અને તેનું વર્ણન	2022-23 દરમિયાન ફાળવણી	ખર્ચ				કુલ ખર્ચ	માર્ચમાં ખર્ચ	કુલ ખર્ચની ટકાવારી ની રીતે 4થા ત્રિમાસિક માં ખર્ચ	કુલ ખર્ચની ટકાવારી ની રીતે માર્ચ માં ખર્ચ
			1લા ત્રિમાસિક	2જા ત્રિમાસિક	3જા ત્રિમાસિક	4થા ત્રિમાસિક				
1	0007: કૃષિ અને સહકાર વિભાગને લગતો અન્ય ખર્ચ	19.78	0.00	0.00	0.10	18.78	18.88	18.78	99.47	99.47
2	0019: નાણા વિભાગને લગતો અન્ય ખર્ચ	15,739.39	19.26	21.02	13.83	2,024.19	2,078.30	2,015.81	97.40	96.99
3	0041: આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતો અન્ય ખર્ચ	3.02	0.00	0.22	0.09	2.47	2.78	2.47	88.85	88.85
4	0055: માહિતી અને પ્રસારણ વિભાગને લગતો અન્ય ખર્ચ	20.10	4.13	0.00	0.00	11.14	15.27	11.14	72.95	72.95
5	0028: વન અને પર્યાવરણ વિભાગને લગતો અન્ય ખર્ચ	0.31	0.00	0.00	0.08	0.16	0.24	0.16	66.67	66.67
6	0075: બંદરો અને પરિવહન વિભાગને લગતો અન્ય ખર્ચ	80.38	0.64	9.52	17.87	52.31	80.34	51.92	65.11	64.62
7	0005: સહકાર	2,030.46	21.54	607.22	46.25	1,143.29	1,818.30	1,071.17	62.88	58.91
8	0072: વળતર અને સોંપણી	136.86	10.61	6.26	12.59	38.96	68.42	38.87	56.94	56.81
9	0085: રહેણાંક મકાનો	488.52	14.03	46.71	68.43	195.20	324.37	178.40	60.18	55.00
10	0089: વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ	558.10	52.24	54.70	44.35	225.17	376.46	190.91	59.81	50.71

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ગુજરાતની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

3.5.4.1 માર્ચમાં 25 ટકા કરતાં અધિક ખર્ચ નોંધાવનાર વિભાગો

નવ વિભાગોમાં કુલ ખર્ચના 25 ટકા કરતાં અધિક ખર્ચ માર્ચ 2023માં કરવામાં આવ્યો હતો. આવા બે વિભાગોની વિગતો **આલેખ 3.8 અને 3.9માં** દર્શાવી છે. તમામ નવ વિભાગોની બાબતમાં માસ-વાર ખર્ચની વિગતો **પરિશિષ્ટ-3.10માં** દર્શાવી છે.

આલેખ 3.8: કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો માસ-વાર ખર્ચ

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને ફક) ગુજરાતની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

આલેખ 3.9: મહેસૂલ વિભાગનો માસ-વાર ખર્ચ

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને ફક) ગુજરાતની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

3.6 પસંદ કરેલા અનુદાનોની સમીક્ષા

ગુજરાત અંદાજપત્રીય નિયમાવલી, 1983ની જોગવાઈ મુજબ અનુદાનનો વહીવટ કરનાર સત્તાધિકારી તેના નિયંત્રણ હેઠળના ખર્ચની પ્રગતિ પર ધ્યાન રાખવા માટે અને તેને મંજૂર થયેલા અનુદાન અથવા વિનિયોગની હદમાં રાખવા માટે જવાબદાર છે. આ સત્તાધિકારીની ફરજો અને જવાબદારીઓમાં, સમયસર અને ચોકસાઇપૂર્વક અંદાજો તૈયાર કરવા અને એ પણ સુનિશ્ચિત કરવું કે તેને હસ્તક મૂકવામાં આવેલ અનુદાન જે હેતુ માટે આપવામાં આવ્યું હોય તેના માટે જ વપરાય અને થયેલી બચતની જો જરૂર ન હોય તો પરતસોંપણી કરવાનો સમાવેશ થાય છે.

સત્તાધિકારીઓ આ સૂચનાઓનું કેટલી હદે પાલન કરે છે તેની ખાતરી કરવાના દ્રષ્ટિકોણ સાથે, ઑડિટે ગૃહ વિભાગ હેઠળ અનુદાન નં. 42, 43, 44, 45 અને 46 તથા સામાજીક ન્યાય અને

અધિકારીતા વિભાગ હેઠળ અનુદાન નં. 91, 92, 94 અને 95નું સંચાલન કરતા વહીવટી વિભાગો/ નિયંત્રણ અધિકારીઓના 2020-21થી 2022-23ના ત્રણ વર્ષના સમયગાળા માટેના રેકર્ડની પ્રતિક ચકાસણી કરી હતી. ઑડિટ અવલોકનોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

3.6.1 અનુદાન નં. 42, 43, 44, 45, & 46 – ગૃહ વિભાગની સમીક્ષા

ગૃહ વિભાગને કાયદો અને વ્યવસ્થા જાળવવી અને આંતરિક સુરક્ષા, રાજ્યમાં ગુનાઓની તપાસ અને તેના પર કામ ચલાવવું વગેરે મુખ્ય જવાબદારીઓ સોંપવામાં આવેલી છે.

અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ એ ગૃહ વિભાગના વડા છે. તેમને 12 કચેરીઓના વડા[3] જે અનુદાન નિયંત્રણ અધિકારીઓ તરીકે પણ કાર્ય કરે છે તેમની સહાય મળે છે..

3.6.1.1 અંદાજપત્રીય જોગવાઈની સામે ખર્ચ

2020-23 દરમિયાન અનુદાન નં. 42, 43, 44, 45 અને 46 હેઠળ અંદાજપત્રીય ફાળવણી અને ખર્ચ નીચે **કોઠા 3.15માં** આપ્યા છે:

કોઠો 3.15: અનુદાન નં. 42, 43, 44, 45 અને 46 હેઠળ અંદાજપત્રીય ફાળવણી અને ખર્ચ

(₹ કરોડમાં)

વર્ષ	અંદાજપત્રીય જોગવાઈ			ખર્ચ	અધિક (+)/ બચત (-)	બચતની ટકાવારી (-)
	મૂળ	પૂરક	કુલ			
અનુદાન સંખ્યા 42						
મહેસૂલ મતપાત્ર						
2020-21	19.96	0	19.96	13.87	(-)6.09	30.51
2021-22	19.97	0	19.97	14.26	(-)5.71	28.59
2022-23	23.94	0	23.94	14.32	(-)9.62	40.18
અનુદાન સંખ્યા 43						
મહેસૂલ મતપાત્ર						
2020-21	5,833.40	0	5,833.40	5,079.84	(-)753.56	12.92
2021-22	6,023.07	0	6,023.07	5,144.68	(-)878.39	14.58
2022-23	6,106.27	0	6,106.27	5,893.64	(-)212.63	3.48
અનુદાન સંખ્યા 44						
મહેસૂલ મતપાત્ર						
2020-21	194.97	0	194.97	160.86	(-)34.11	17.49
2021-22	198.09	0	198.09	181.89	(-)16.20	8.18
2022-23	190.48	6.29	196.77	195.02	(-)1.75	0.89

[3] (1) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી; (2) નિયામક, ફોરેન્સિક વિજ્ઞાન; (3) નિયામક, લાંચ-રૂશ્વત વિરાધી બ્યુરો; (4) અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલના મહાનિરીક્ષક; (5) ગુજરાત તકેદારી આયોગ; (6) કમિશનર અને અધિક પોલીસ મહાનિર્દેશક, નાર્કોટીક્સ અને આબકારી; (7) કમાન્ડન્ટ જનરલ, હોમ ગાર્ડ; (8) નિયામક, નાગરિક સંરક્ષણ; (9) નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસન; (10) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ; (11) સંયુક્ત નિયામક, ગ્રામ રક્ષક દળ અને (12) વહિવટી સંચાલક, ગુજરાત રાજ્ય પોલીસ આવાસન નિગમ લિમિટેડ.

વર્ષ	અંદાજપત્રીય જોગવાઈ			ખર્ચ	અધિક (+)/ બચત (-)	બચતની ટકાવારી (-)
	મૂળ	પૂરક	કુલ			
અનુદાન સંખ્યા 45						
મહેસૂલ મતપાત્ર						
2020-21	19.75	0	19.75	18.79	(-)0.96	4.86
2021-22	23.09	0	23.09	17.93	(-)5.15	22.30
2022-23	21.80	0	21.80	18.23	(-)3.57	16.38
અનુદાન સંખ્યા 46						
મહેસૂલ મતપાત્ર						
2020-21	478.79	337.16	815.95	772.28	(-)43.67	5.35
2021-22	574.27	0	574.27	552.81	(-)21.46	3.74
2022-23	611.23	9.77	621.00	618.67	(-)2.33	0.38
મહેસૂલ બિન-મતપાત્ર						
2020-21	0.50	0	0.50	0.11	(-)0.39	78.00
2021-22	0.51	0	0.51	0.33	(-)0.18	35.29
2022-23	0.51	0.60	1.11	0.74	(-)0.37	33.33
મૂડી મતપાત્ર						
2020-21	832.09	0	832.09	517.00	(-)315.09	37.87
2021-22	951.66	0	951.66	804.21	(-)147.45	15.49
2022-23	1,300.10	44.31	1,344.41	1,268.00	(-)76.41	5.68

સ્રોત: સંબંધિત વર્ષના વિનિયોગ હિસાબો.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, 'મહેસૂલ મતપાત્ર' વિભાગ હેઠળ મોટી બચતો અનુદાન સંખ્યા 42 (28.59 ટકાથી 40.18 ટકા) અને અનુદાન નં. 43માં (3.48 ટકાથી 14.58 ટકા) હતી. અને 'મૂડી મતપાત્ર' વિભાગ હેઠળ મોટી બચતો અનુદાન નં. 46માં (5.68 ટકાથી 37.87 ટકા) હતી. આ ઉપલબ્ધ સંસાધનોના મહત્તમ ઉપયોગ માટે વાસ્તવિક આધારે અંદાજપત્ર તૈયાર કરવાની જરૂરિયાત દર્શાવે છે.

3.6.1.2 નિર્ભયા ભંડોળ યોજનાનો ઓછો ઉપયોગ

ભારત સરકારે એક સમર્પિત ભંડોળ એટલે કે નિર્ભયા ભંડોળની સ્થાપના કરી હતી જેનો ઉપયોગ મહિલાઓની સલામતી અને સુરક્ષા વધારવા માટે વિશેષ રૂપે રચાયેલ યોજનાઓ માટે કરવાનો હતો. તે ભારત સરકારના નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ દ્વારા સંચાલિત રદ્દ ન થાય એવો કોષ છે. ભારત સરકારનું મહિલા અને બાળ વિકાસ મંત્રાલય નિર્ભયા ભંડોળ હેઠળ દરખાસ્તો અને યોજનાઓનું મૂલ્યાંકન/ભલામણ કરવા માટેનું નોડલ મંત્રાલય છે.

રાજ્ય સરકારે નિર્ભયા ભંડોળ હેઠળ ભંડોળ મેળવવા માટે જાહેર ક્ષેત્રમાં મહિલાઓની સલામતીની બાબતોને સમાવતી દરખાસ્તો તૈયાર કરવાની હતી. ઑડિટે આ યોજના હેઠળ 'સલામત શહેર કાર્યક્રમ' અને 'મહિલાઓ અને બાળકો સામે થતા સાયબર ગુનાનું નિવારણ' ના અમલીકરણની તપાસ કરી હતી.

સલામત શહેર કાર્યક્રમ – અનુદાન સંખ્યા 46

સલામત શહેર કાર્યક્રમ સમગ્ર ભારતમાં અમદાવાદ સહિત આઠ[4] શહેરોમાં હાથ ધરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ આઠ શહેરોમાં મહિલાઓ અને બાળકોની સલામતી માટે ડ્રોનનો ઉપયોગ, ચહેરાની ઓળખ થાય એવા અથવા ગુનેગારો અને ગુનાહિત પ્રવૃત્તિની ભાળ મેળવવા અને પોલીસને સતર્ક કરવા માટે નંબર પ્લેટ વાંચવા માટેના સ્વચાલિત સીસીટીવી કેમેરા લગાવવા, સ્માર્ટ લાઇટીંગ પ્રણાલી, ગુના માટે જાણીતા સ્થાનો જાણવા જેવા તકનીકી-સક્ષમ માળખા તૈયાર કરવા અને મહિલાઓ માટે શૌચાલય જેવા ઘણા પરિમાણો ઉમેરે છે.

અમદાવાદ સલામત શહેર કાર્યક્રમ, મહિલા નાગરિકોની માંગણીઓને ધ્યાનમાં રાખીને હાલના માળખામાં રહેલી ઉણપો, જો કોઇ હોય તો, દૂર કરવા માટે પોલીસ અને અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા વિકસાવવામાં આવેલી સર્વગ્રાહી અને સંકલિત કાર્યક્રમ છે. તે 60:40 (કેન્દ્રઃરાજ્ય) ની ભંડોળની ભાત સાથેનો કેન્દ્ર પુરસ્કૃત કાર્યક્રમ છે. સલામત શહેર કાર્યક્રમ એ ચાલુ કાર્યક્રમ છે, જે હેઠળ, 100 શી (SHE) ટુકડી વાહનો, 40 અભયમ્ વાન, એક વન-સ્ટોપ કટોકટી કેન્દ્ર, બે મહિલા સાયબર એકમો, એક એકતા મેદાન, બે છવી દેખરેખ વાહનો તૈનાત કરવામાં આવ્યાં છે.

2018-19થી 2020-21 દરમિયાન, સંયુક્ત પોલીસ કમિશનર, અમદાવાદ શહેરને ભારત સરકાર અને રાજ્ય સરકાર તરફથી ₹ 220.11 કરોડનું અનુદાન મળ્યુ હતું. ભારત સરકારના ગૃહ મંત્રાલયમાં નિયામક, મહિલા સલામતી વિભાગને રજૂ કરેલા (જૂલાઇ 2023) વપરાશી પ્રમાણપત્ર મુજબ ₹ 76.36 કરોડની (34.69 ટકા) રકમ ખર્ચવામાં આવી હતી અને બાકીના ₹ 143.75 કરોડ પ્રતિબધ્ધ જવાબદારીઓ તરીકે દર્શાવવામાં આવ્યાં હતાં.

ઑડિટે, જો કે, અવલોકન કર્યું હતું કે ₹ 143.75 કરોડ (વપરાશી પ્રમાણપત્રમાં પ્રતિબધ્ધ જવાબદારીઓ તરીકે દર્શાવેલા) પૈકી, ₹ 25 કરોડ અમદાવાદ મહાનગર પાલિકા પાસે વણવપરાયેલા પડી રહ્યા હતાં અને બાકીના ₹ 118.75 કરોડનું ગુજરાત રાજ્ય પોલીસ આવાસન નિગમ લિમિટેડ મારફતે ગુજરાત રાજ્ય નાણાકીય સેવાઓ લિમિટેડમાં (GSFS) રોકાણ કરવામાં આવ્યું હતું (ઑગષ્ટ 2023).

મહિલાઓ અને બાળકો સામે સાયબર ગુનાઓનું નિવારણ- અનુદાન સંખ્યા 43

ગૃહ મંત્રાલય **મહિલાઓ અને બાળકો સામે સાયબર ગુનાઓનું નિવારણ** (CCPWC) નામની એક યોજના અમલ કરી રહ્યું છે જેમાં વિવિધ ઘટકો જેવા કે ઓનલાઇન સાયબર-ગુનાની જાણ કરવાના પોર્ટલની સ્થાપના કરવી, સાયબર ફોરેન્સીક-સહ-તાલીમ પ્રયોગશાળાઓની સ્થાપના કરવી, જુનિયર સાયબર સલાહકારોની ભરતી અને કાયદાના અમલીકરણની એજન્સીઓ, તપાસકર્તાઓ, ફરિયાદ માંડનાર અને ન્યાયિક અધિકારીઓને વ્યાવસાયિક તાલીમ આપવા દ્વારા તાલીમ/સશક્તિકરણ છે. આ 100 ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. પોલીસ અધીક્ષક, સાયબર ક્રાઇમ સેલ, સીઆઇડી ક્રાઇમ, ગુજરાત આ યોજના માટે અમલીકરણ એજન્સી હતાં.

[4] અમદાવાદ, બેંગાલુરૂ, ચેન્નઇ, દિલ્લી, હૈદરાબાદ, કોલકાતા, લખનવ અને મુંબઇ.

કોઠો 3.16: સહાયક અનુદાનની જોગવાઈ અને કરેલ ઉપયોગ

(₹ લાખમાં)

ક્રમાંક	આના માટે ભંડોળ મંજૂર કરવામાં આવ્યું	મળેલા અનુદાનો	31.03.2023 સુધી અનુદાનોનો થયેલો ઉપયોગ	વણવપરાયેલા રહેલા અનુદાનો
2017-18				
1	તાલીમ	29.90	29.41	0.49
2	સાયબર ફોરેન્સીક-સહ-તાલીમ પ્રયોગશાળાઓની સ્થાપના કરવી	230.00	229.32	0.68
3	જુનિયર સાયબર ફોરેન્સીક સલાહકારોની ભરતી કરવી	12.00	10.18	1.82
2019-20				
1	તાલીમ	24.85	2.16	22.69
2	સાયબર ફોરેન્સીક-સહ-તાલીમ પ્રયોગશાળાઓની સ્થાપના કરવી	48.50	16.52	31.98
	કુલ	**345.25**	**287.59**	**57.66**

સોત: ગૃહ વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, ત્રણથી પાંચ વર્ષો વિતી ગયા બાદ પણ 31 માર્ચ 2023ના રોજ ₹ 57.66 લાખ વણવપરાયેલા રહ્યા હતાં.

ગૃહ ખાતાએ યોજનાની પ્રગતિની આકારણી કરવી જોઇએ, અને જો ભંડોળની આવશ્યકતા ન હોય તો તેમણે અમલકર્તા એજન્સીને વણવપરાયેલી રકમની પરતસોંપણી કરવા માટે નિર્દેશ કરવો જોઇએ.

3.6.1.3 પોલીસ દળોનું આધુનિકીકરણ

રાજ્ય પોલીસ દળની સુધારણા માટે ભારત સરકાર દ્વારા પોલીસ દળના આધુનિકીકરણ (Modernisation of Police Force (MPF/એમ.પી.એફ.)) માટેની યોજનાનો અમલ 1969-70થી કરવામાં આવી રહ્યો છે. ભારત સરકારે પોલીસ દળોના આધુનિકીકરણની એકત્રિત યોજના એમ.પી.એફ.નો સમયગાળો 2025-26 સુધી લંબાવવાની મંજૂરી (ઑગષ્ટ 2022) આપી હતી. ભારત સરકારનું ગૃહ મંત્રાલય અને ગુજરાત સરકારનો ગૃહ વિભાગ અનુક્રમે કેન્દ્ર અને રાજ્ય સ્તરે યોજનાના અમલીકરણ માટે જવાબદાર છે. તે 60:40 (કેન્દ્ર:રાજ્ય) ની ભંડોળની ભાત સાથેની કેન્દ્ર પુરસ્કૃત યોજના છે.

ભારત સરકાર તરફથી મળેલા અનુદાનો અને વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવાની સ્થિતિની વર્ષ-વાર વિગતો નીચે દર્શાવી છે:

કોઠો 3.17: મળેલા અનુદાનો અને વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવાની સ્થિતિ

વર્ષ	રાજ્યની કાર્ય યોજના મુજબ કેન્દ્રીય હિસ્સો	ભારત સરકાર દ્વારા છુટી કરવામાં આવેલી રકમ	ભારત સરકારને વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવાની સ્થિતિ
	(₹ કરોડમાં)		
2018-19	44.21	44.21	₹ 44.21 કરોડનું વપરાશી પ્રમાણપત્ર ભારત સરકારને વિલંબથી જૂલાઇ 2021માં રજૂ કરવામાં આવ્યું.
2019-20	41.19	41.19	રાજ્ય સરકારે ₹ 25 કરોડનું વપરાશી પ્રમાણપત્ર ભારત સરકારને મે 2022માં રજૂ કર્યું હતું. ઑગષ્ટ 2023ની સ્થિતિએ ₹ 9.95 કરોડનું વપરાશી પ્રમાણપત્ર ભારત સરકારને રજૂ કરવાનું બાકી હતું. વર્ષ 2019-20 માટેના ₹ 6.24 કરોડની રકમના બાકી અનુદાનનો એપ્રિલ 2023 સુધી ઉપયોગ કરવામાં આવ્યો ન હતો.
2020-21	35.81	શૂન્ય	વર્ષ 2018-19 માટેનું વપરાશી પ્રમાણપત્ર રજૂ કરવામાં થયેલા વિલંબના (તે જૂલાઇ 2021માં રજૂ કરવામાં આવ્યુ હતું) કારણે 2020-21 દરમિયાન કોઇ અનુદાન છૂટું કરવામાં આવ્યુ ન હતું.
2021-22	35.81	શૂન્ય	વર્ષ 2019-20 માટેના વપરાશી પ્રમાણપત્ર (₹ 9.95 કરોડ) રજૂ ન કરવાના
2022-23	33.63	શૂન્ય	કારણે અને અનુદાનનો (₹ 6.24 કરોડ) ઉપયોગ ન થવાના કારણે 2021-22 અને 2022-23 દરમિયાન કોઇ અનુદાન છૂટું કરવામાં આવ્યું ન હતું.

સોત: ગૃહ વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી.

આમ, 2018-19થી 2019-20ના સમયગાળા માટેના વપરાશી પ્રમાણપત્રોની રજૂઆતમાં વિલંબ/ બિન-રજૂઆતના પરિણામે 2020-21થી 2022-23ના સમયગાળા માટે ₹ 105.25 કરોડ જેટલા કેન્દ્રીય અનુદાનો છૂટા થયા ન હતાં.

3.6.1.4 વ્યાજનું અયોગ્ય ભરણું

સામાન્ય નાણાકીય નિયમો, 2017ના નિયમ 230(8) અનુસાર, કોઇ પણ સંસ્થાને આપેલા સહાયક અનુદાન અથવા પેશગીઓની (ખર્ચની ભરપાઈ સિવાય) સામે તમામ વ્યાજ અથવા અન્ય કમાણી ભારતના સંચિત નિધિમાં ફરજીયાતપણે જમા કરાવવા જોઇએ.

ઑડિટના ધ્યાન પર આવ્યું હતું કે નિર્ભયા ભંડોળ યોજનાને લગતા સહાયક અનુદાનની રકમ (માર્ચ 2022ની સ્થિતિએ ₹ 150.02 કરોડ) ગુજરાત રાજ્ય પોલીસ આવાસન નિગમ લિમિટેડ મારફત ગુજરાત રાજ્ય નાણાકીય સેવાઓમાં મૂકવામાં આવી હતી. નિર્ભયા ભંડોળ યોજનાનો ખર્ચ ભારત સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે 60:40ના પ્રમાણમાં વહેંચવાનો હોવાથી, વ્યાજની આવક પણ નિર્ભયા ભંડોળ યોજનાની ભંડોળની ભાત મુજબ ભારતના સંચિત નિધિ અને રાજ્યના સંચિત નિધિમાં એ જ ગુણોત્તરમાં (60:40) જમા કરવો જરૂરી હતો.

ગુજરાત રાજ્ય પોલીસ આવાસન નિગમ લિમિટેડ દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી મુજબ, 2020-21 અને 2021-22 (30 જૂન સુધી) દરમિયાન ગુજરાત રાજ્ય પોલીસ આવાસન નિગમ

લિમિટેડ મારફત ગુજરાત રાજ્ય નાણાકીય સેવાઓમાં મુકેલા ભંડોળ પરના વ્યાજની અનુક્રમે ₹ 1.47 કરોડ અને ₹ 1.74 કરોડની આવક થઇ હતી. આમ હોવાથી, કુલ વ્યાજની આવકના (₹ 3.21 કરોડ) 60 ટકા જેટલી ₹ 1.92 કરોડની રકમ ભારતના સંચિત નિધિમાં જમા કરવી જરૂરી હતી. આમ છતાં, ગુજરાત રાજ્ય પોલીસ આવાસન નિગમ લિમિટેડે વ્યાજની ₹ 3.21 કરોડની પૂરેપૂરી રકમ અયોગ્ય રીતે સામાન્ય નાણાકીય નિયમોમાં રહેલી જોગવાઈઓના ઉલ્લંઘન રૂપે, રાજ્યના સંચિત નિધિમાં મુખ્ય સદર 0049 (વ્યાજની આવક) માં જમા કરી હતી.

ગુજરાત રાજ્ય પોલીસ આવાસન નિગમ લિમિટેડે ઑડિટ અવલોકનનો સ્વીકાર કર્યો હતો (ઑગષ્ટ 2023) અને જણાવ્યું હતું કે, 30 જૂન 2021 પછી, તે કેન્દ્ર અને રાજ્ય સરકારને લગતી વ્યાજની રકમો યોજનાની મંજૂર થયેલી ભંડોળની ભાત અનુસાર તેમના સંબંધિત સંચિત નિધિમાં જમા કરે છે.

3.6.1.5 અંદાજપત્રમાં સામેલ નવી બાબતોનું અમલીકરણ

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983નો ફકરો 78 જણાવે છે કે દરેક પ્રગતિશીલ વહીવટીતંત્રમાં, સરકારી પ્રવૃત્તિઓનું વિસ્તરણ કરવાનો અવકાશ હોય છે અને આથી દર વર્ષે સરકાર સ્થાયી ખર્ચ ઉપરાંત કરવાના નવા ખર્ચની દરખાસ્ત કરે છે, જે નવો ખર્ચ અથવા નવી સેવા માટેના નવા ખર્ચ તરીકે વર્ગીકૃત થાય છે. આમ, સેવાને નવી બાબત તરીકે જાહેર કરતા પહેલા, મુખ્ય માપદંડ ખર્ચની માત્રા અને મહત્વ રહેશે.

ઑડિટે અવલોકન કર્યું હતું કે **કોઠા 3.18**માં આપેલી વિગતો મુજબ વર્ષ 2020-21, 2021-22 અને 2022-23 માટેના અંદાજપત્રીય દસ્તાવેજમાં જાહેર કરેલી ગૃહ વિભાગને લગતી વિવિધ નવી બાબતોનો અમલ કરવામાં આવ્યો ન હતો અને અપૂર્ણ રહી હતી.

કોઠો 3.18: 2020-23 દરમિયાન નવી બાબતોનું બિન-અમલીકરણ

(₹ કરોડમાં)

ક્રમાંક	નવી પ્રસ્તાવિત બાબત	અંદાજપત્રીય જોગવાઈ	કરવામાં આવેલો ખરેખર ખર્ચ	દરેક નવી બાબતના અમલીકરણની અદ્યતન સ્થિતિ
2020-21				
1	સુરત શહેરમાં 4G LTE સંદેશા-વ્યવહાર પદ્ધતિ બનાવવી	30.00	0.00	ગૃહ મંત્રાલય સમગ્ર ભારતમાં એકરૂપતા લાવવા માટે એક જ 4G LTEની સ્થાપના કરવાનું આયોજન કરી રહ્યું છે આથી યોજનામાં વિલંબ થયો છે.
2	લાજપોર કેન્દ્રીય જેલમાં સીસીટીવી (CCTV) દેખરેખ પદ્ધતિ	6.00	0.00	ગૃહ વિભાગ દ્વારા કોઇ માહિતી આપવામાં આવી ન હતી.
3	અમદાવાદ મધ્યવર્તી જેલમાં જામર પ્રણાલીનું સ્તર ઉપર ઉઠાવવું.	9.03	0.00	ગૃહ વિભાગ દ્વારા કોઇ માહિતી આપવામાં આવી ન હતી.
4	ખલાલ ખાતે પોલીસ તાલીમ કેન્દ્રનું બાંધકામ	43.00	0.73	ટેન્ડર મંજૂરી હેઠળ હતું.

ક્રમાંક	નવી પ્રસ્તાવિત બાબત	અંદાજપત્રીય જોગવાઈ	કરવામાં આવેલો ખરેખર ખર્ચ	દરેક નવી બાબતના અમલીકરણની અદ્યતન સ્થિતિ
2021-22				
5	અમદાવાદ શહેર ખાતે નવી પોલીસ કમિશનર કચેરીનું બાંધકામ	8.68	0.00	ગૃહ વિભાગ દ્વારા કોઇ માહિતી આપવામાં આવી ન હતી
6	પોલીસ સ્ટેશનના સીસીટીવીનું સ્તર ઊંચું લાવવું	25.00	0.00	ગુજરાત ઇન્ફર્મેટીક્સ લિમિટેડને કામ સોપવામાં આવ્યું છે.
7	રાજ્યની જેલ માટે રહેણાંક અને જુદા જુદા પ્રકારના બાંધકામ.	22.00	0.00	ગૃહ વિભાગ દ્વારા કોઇ માહિતી આપવામાં આવી ન હતી
8	દેવભૂમિ દ્વારકા ખાતે જેલનું બાંધકામ	17.66	0.00	ગૃહ વિભાગ દ્વારા કોઇ માહિતી આપવામાં આવી ન હતી
2022-23				
9	ડ્રોન તાલીમ અને સંકલન માટેના કેન્દ્રની સ્થાપના	6.00	0.62	પુરવઠાકાર દ્વારા ડ્રોનનું UIN તબદીલ ન થવાના કારણે ડ્રોનની ખરીદી શક્ય ન થઇ હતી. ટેન્ડર ફરીથી મંગાવવામાં આવ્યું હતું અને ટેન્ડર મંજૂરી હેઠળ હતું.
10	BDDSના સંચાલન માટે સાધનસામગ્રીની ખરીદી	5.00	0.00	સરકારી ઇ-માર્કેટપ્લેસ (GeM) મારફત ટેન્ડરો મંગાવવામાં આવ્યાં હતાં; જો કે ઉંચી બોલીના કારણે તે રદ કરવામાં આવ્યાં હતાં.
11	ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) કચેરી માટે AFIS પ્રણાલીની ખરીદી	34.45	0.00	ગૃહ વિભાગ દ્વારા કોઇ માહિતી આપવામાં આવી ન હતી
12	ભારત નેટ યોજના હેઠળ આઉટપોસ્ટ/ ચોકીનું જોડાણ	13.55	0.00	ગૃહ વિભાગ દ્વારા કોઇ માહિતી આપવામાં આવી ન હતી
13	પોલીસ ખાતાની કચેરીઓ માટે નવા કમ્પ્યુટર/ પ્રિન્ટરની ખરીદ	27.35	2.59	2,475 કમ્પ્યુટરો ખરીદવા માટે ફરીથી ટેન્ડર મંગાવવાનું બાકી હતું. વધુમાં, ખરીદ સમિતિના સચિવો (આઇટી) દ્વારા મંજૂરી ન મળવાના કારણે 2,000 પ્રિન્ટરોની ખરીદી કરવામાં આવી ન હતી.
14	છોટા ઉદેપુર જિલ્લા જેલનું બાંધકામ	13.58	0.00	જમીન સંબંધિત મુદ્દાના કારણે કામ હાથ પર લેવામાં આવ્યું ન હતું.
15	રાજ્યની જેલો માટે રહેણાંક મકાનો અને અન્ય બાંધકામ	10.89	0.00	ગૃહ વિભાગ દ્વારા કોઇ માહિતી આપવામાં આવી ન હતી.
16	પાલનપુર જિલ્લા જેલનું બાંધકામ	22.66	0.00	છઠ્ઠી વાર ટેન્ડર મંગાવવામાં આવ્યાં હતાં.
17	ગીર-સોમનાથ જિલ્લા જેલનું બાંધકામ	22.66	0.00	ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થઇ છે અને જૂલાઇ 2023માં કાર્ય હુકમ જારી કરવામાં આવ્યો છે.

સોત: ગૃહ વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી.

ઉપરનો કોઠો દર્શાવે છે કે અંદાજપત્રીય જોગવાઈઓ હોવા છતાં, 2020-23માં નવી બાબતોનો અમલ કરવામાં આવ્યો ન હતો. વિભાગે અંદાજપત્રમાં પ્રસ્તાવિત તમામ નવી બાબતોનું અમલીકરણ સુનિશ્ચિત કરવાની જરૂર છે જેથી ઇચ્છિત લાભો મેળવી શકાય.

3.6.1.6 પરિણામલક્ષી અંદાજપત્રની સામે સિધ્ધિઓ

ગુજરાત સરકારે વર્ષ 2017-18માં પરિણામલક્ષી અંદાજપત્ર અપનાવ્યું હતું. પરિણામલક્ષી અંદાજપત્રનું ધ્યેય 'જોગવાઈઓ' ના બદલે માપી શકાય એવા 'પરિણામો' તરફ ધ્યાન આપીને પરિપ્રેક્ષ્યમાં ફેરફાર કરવાનુ છે અને તે સરકારની પ્રાથમિકતાઓ, કામગીરી, નિર્ણયો અને ઇરાદાની મૂર્ત અભિવ્યક્તિ તરીકે જોઇ શકાય છે. પરિણામલક્ષી અંદાજપત્ર સર્વ યોજનાઓ અને કાર્યક્રમોમાં અંદાજપત્રીય જોગવાઈ અને સામાજીક રીતે વ્યવહારૂ વિકાસકીય પરિણામ વચ્ચે જોડાણ સ્થાપિત કરે છે.

ગૃહ વિભાગના કિસ્સામાં, મૂડીગત અસ્કયામતોના સર્જન સંબંધિત તમામ મૂડી કામો ગુજરાત રાજ્ય પોલીસ આવાસન નિગમ લિમિટેડ દ્વારા કરવામાં આવે છે. વર્ષ 2020-21, 2021-22 અને 2022-23 માટેના પરિણામલક્ષી અંદાજપત્રમાં વિભાગ દ્વારા ઉભી કરવા ધારેલ મૂડીગત અસ્કયામતો અને તેની સામે ખરેખર સિધ્ધિઓની વિગતો **કોઠા 3.19**માં દર્શાવી છે.

કોઠો 3.19: પરિણામલક્ષી અંદાજપત્રમાં નિર્ધારિત ભૌતિક લક્ષ્યોની સિધ્ધિની સ્થિતિ

(₹ કરોડમાં)

યોજનાનું નામ	નાણાકીય જોગવાઈ	ભૌતિક લક્ષ્યાંકો		ખરેખર સિધ્ધિ (સંખ્યા)
		એકમ	સંખ્યા	
2020-21				
HSG-14 046:4055:00:211:03 બિન-રહેણાંક મકાનોનું બાંધકામ	141.62	બિન-રહેણાંક મકાનો	148	42 (28.38 ટકા)
	43.00	બિન-રહેણાંક મકાનો (નવા)	01	
HSG-17 046:4216:01:700:09 પોલીસ માટે નવા રહેણાંક મકાનોનું બાંધકામ (નવી બાબત)	287.65	રહેણાંક મકાનો	1,228	68 (5.54 ટકા)
HSG-20 096:4216:01:796:05 આદિજાતિ વિસ્તાર પેટા-યોજનાનું (TASP) બાંધકામ-ગૃહ વિભાગ	118.96	રહેણાંક અને બિન-રહેણાંક મકાનો	49	5 (માત્ર 10.20 ટકા)
2021-22				
046:4216:01:700:09 પોલીસ માટે નવા રહેણાંક મકાનોનું બાંધકામ	304.99	રહેણાંક મકાનો	4,368	907 (20.76 ટકા)
096:4216:01:796:05 આદિજાતિ વિસ્તાર પેટા-યોજનાનું (TASP) બાંધકામ-ગૃહ વિભાગ	164.50	રહેણાંક અને બિન-રહેણાંક મકાનો	1,380	283 (20.50 ટકા)
2022-23				
046.4055.00.207.01 પોલીસ ખાતા માટે કમ્પ્યુટર, પ્રિન્ટરોની ખરીદી	27.35	સાધનસામગ્રીની સંખ્યા	4,634	159 (3.43 ટકા)

યોજનાનું નામ	નાણાકીય જોગવાઈ	ભૌતિક લક્ષ્યાંકો		ખરેખર સિધ્ધિ (સંખ્યા)
		એકમ	સંખ્યા	
046:4055:00:211:03 બિન-રહેણાંક મકાનોનું બાંધકામ	120.00	બિન-રહેણાંક મકાનો	185	33 (17.84 ટકા)
046:4216:01:700:09 નવા રહેણાંક મકાનોનું બાંધકામ	515.45	રહેણાક મકાનો	6,925	2,461 (35.54 ટકા)
096:4216:01:796:05 આદિજાતિ વિસ્તાર પેટા-યોજનાનું (TASP) બાંધકામ-ગૃહ વિભાગ	65.15	રહેણાંક અને બિન-રહેણાંક મકાનો	1,158	245 (21.16 ટકા)

સોતઃ ગૃહ વિભાગ દ્વારા આપવામાં આવ્લી માહિતી

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે પરિણામલક્ષી અંદાજપત્રમાં નિયત કરેલા લક્ષ્યાંકોની સામે પરિણામ પર નોંધપાત્ર અસર થઇ હતી.

વિભાગે જણાવ્યું હતું કે (ઑગષ્ટ 2023) કોવિડ-19 મહામારીની સાથે સાથે માનવબળની અનુપલબ્ધતા અને બાંધકામના માલસામાનની કિમતોમાં ભાવવધારાના કારણે કામો પર અસર થઇ હતી.

3.6.1.7 આગ/ ઉચાપત/ ચોરી/ દુર્વિનિયોગ વગેરે દ્વારા થયેલા નુકસાનના કિસ્સાઓની જાણ ન કરવી

સામાન્ય નાણાકીય નિયમો, 2017ના નિયમ 33માં જોગવાઈ છે કે, કોઈ જાહેર નાણા, મહેસૂલ અથવા પ્રાપ્તિનું નુકસાન કે ઘટાડાની, સંબંધિત તાબાના અધિકારીએ પછીના ઉચ્ચ અધિકારીને તેમજ વૈધાનિક ઑડિટ અધિકારી અને સંબંધિત પ્રધાન હિસાબી અધિકારીને તુરંત જ જાણ કરવી જરૂરી છે, પછી ભલે ને તેના માટે જવાબદાર પક્ષ દ્વારા નુકસાનની ભરપાઇ કરવામાં આવી હોય.

ઑડિટે અવલોકન કર્યું હતું કે ઉચાપતના બે કિસ્સા જેમાં ₹ 0.21 કરોડ (માર્ચ 2023 સુધી) સંકળાયેલા હતાં તેની જાણ ઑડિટને કરવામાં આવી ન હતી. આ બે કિસ્સાની વિગતો નીચે **કોઠા 3.20**માં દર્શાવી છે:

કોઠો 3.20: ઑડિટને જાણ કરવામાં આવી ન હતી એવા ઉચાપતના કિસ્સાઓની વિગતો

(₹ લાખમાં)

ક્રમાંક.	કચેરીનું નામ	વર્ષ	સંડોવાયેલી રકમ	વસૂલાત, જો હોય તો
1	પોલીસ અધિક્ષકની કચેરી, કચ્છ પૂર્વ, ગાંધીધામ	2015-16	0.66	0.66
2	પોલીસ અધિક્ષકની કચેરી, પાટણ	2021-22	20.62	20.62
	કુલ		**21.28**	**21.28**

સોતઃ ગૃહ વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી.

બન્ને કિસ્સાઓમાં, જો કે સંબંધિત પક્ષકારો પાસેથી પહેલેથી વસૂલાત કરી લેવામાં આવી છે, આ બાબત ન્યાયાધિન હતી (સપ્ટેમ્બર 2023).

3.6.2 અનુદાન સંખ્યા 91, 92, 94 અને 95ની સમીક્ષા – સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ જુદા જુદા ક્ષેત્રો જેવા કે આરોગ્ય, શિક્ષણ, સામાજીક અને આર્થિક ઉત્થાન, આવાસન, વગેરેમાં કેન્દ્ર અને રાજ્યની વિવિધ યોજનાઓના અમલીકરણ દ્વારા વૃધ્ધ વ્યક્તિઓ, અનાથ બાળકો, શારીરિક અને માનસિક દિવ્યાંગ વ્યક્તિઓ વગેરે સહિત સમાજના પછાત/ વંચિત વર્ગો સાથે જોડાયેલા લોકોના કલ્યાણ કાજે કાર્ય કરે છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અનુસૂચિત જાતિ પેટા-યોજના, આરક્ષણ નીતિનું સંકલન વગેરેની દેખરેખ માટે પણ જવાબદાર છે, જેથી સામાજીક ન્યાય, આર્થિક કલ્યાણ અને સામાજીક સુરક્ષા દ્વારા તેમનું સશક્તિકરણ સુનિશ્ચિત કરી શકાય.

3.6.2.1 સંસ્થાકીય માળખું

અધિક મુખ્ય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વડા છે. તેમને ત્રણ વિભાગીય વડા એટલે કે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ; નિયામક, વિકસતી જાતિનું કલ્યાણ અને નિયામક, સામાજીક સુરક્ષા અને ચાર[5] કમિશનર કચેરીઓની સહાય મળે છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે બે વૈધાનિક નિગમો[6], આઠ જાહેર ક્ષેત્રના ઉપક્રમો[7] અને બે સોસાયટીઓની[8] સ્થાપના કરી છે.

દર વર્ષે, મંજૂર થયેલ અંદાજપત્રીય અંદાજો મુજબ નાણા વિભાગ દ્વારા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને અનુદાન છૂટું કરવામાં આવે છે. વળતાં, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઉપર જણાવેલા ત્રણ નિયામકો અને ચાર કમિશનર કચેરીઓને ભંડોળ છૂટું કરે છે. આ નિયામકો આગળ તેમની તાબાની જિલ્લા કચેરીઓ અને નિગમો/ જાહેર ક્ષેત્રના ઉપક્રમો/ સોસાયટીઓને તેમના અંદાજપત્રીય અંદાજો અનુસાર ભંડોળ છૂટું કરે છે.

3.6.2.2 અંદાજપત્રીય જોગવાઈની સામે ખર્ચ

અંદાજપત્રનું આયોજન શક્ય એટલા પ્રમાણમાં વાસ્તવિક બનાવવું જોઇએ, કે જેથી, નોંધપાત્ર અધિક અથવા બચત વિના તમામ જરૂરી હેતુઓ માટે ભંડોળની ફાળવણી કરી શકાય.

---

5 અન્ય પછાત વર્ગો માટેનું આયોગ; ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગો માટેનું આયોગ; અપંગતા કમિશનર અને ગુજરાત રાજ્ય બાળ હક્કોના રક્ષણ માટેનું આયોગ.

6 ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ અને ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ.

7 ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ; ગુજરાત લઘુમતી નાણાકીય અને વિકાસ નિગમ લિમિટેડ; ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડ; ગુજરાત વિચરતી અને વિમુક્ત આદિજાતિ વિકાસ નિગમ; ગુજરાત બિન-અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ; ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ; ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ અને ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાકીય અને વિકાસ નિગમ.

8 ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને ગુજરાત રાજ્ય બાળ સુરક્ષા સોસાયટી.

2020-23 દરમિયાન અનુદાન નં. 91, 92, 94 અને 95 હેઠળ અંદાજપત્રીય ફાળવણી અને ખર્ચ નીચે **કોઠા 3.21**માં આપ્યા છે:

કોઠો 3.21: અનુદાન નં. 91, 92, 94 અને 95 હેઠળ અંદાજપત્રીય જોગવાઈ અને ખર્ચ

(₹ કરોડમાં)

વર્ષ	અંદાજપત્રીય જોગવાઈ			ખર્ચ	અધિક(+)/ બચત(-)	બચતની ટકાવારી (-)
	મૂળ	પૂરક	કુલ			
અનુદાન સંખ્યા 91						
મહેસૂલ મતપાત્ર						
2020-21	7.96	0.00	7.96	5.02	(-)2.94	36.93
2021-22	9.36	0.00	9.36	5.74	(-)3.62	38.68
2022-23	7.82	0.00	7.82	6.89	(-)0.93	11.89
અનુદાન સંખ્યા 92						
મહેસૂલ મતપાત્ર						
2020-21	2,155.80	124.46	2,280.26	2,028.00	(-)252.26	11.06
2021-22	2,134.78	0	2,134.78	1,964.19	(-)170.59	7.99
2022-23	2,479.66	599.00	3,078.66	2,698.96	(-)379.70	12.33
મૂડી મતપાત્ર						
2020-21	618.56	0	618.56	524.21	(-)94.35	15.25
2021-22	602.46	0	602.46	551.28	(-)51.18	8.49
2022-23	627.06	29.92	656.98	656.79	(-)0.19	0.03
અનુદાન સંખ્યા 94						
મૂડી મતપાત્ર						
2020-21	0.16	0.00	0.16	0.10	(-)0.06	37.50
2021-22	0.25	0.00	0.25	0.00	(-)0.25	100
2022-23	0.25	0.00	0.25	0.00	(-)0.25	100
અનુદાન સંખ્યા 95						
મહેસૂલ મતપાત્ર						
2020-21	4,517.03	0.00	4,517.03	3,846.59	(-)670.44	14.84
2021-22	4,502.96	0.00	4,502.96	4,030.38	(-)472.58	10.49
2022-23	4,665.26	728.40	5,393.66	4,866.33	(-)527.33	9.78
મૂડી મતપાત્ર						
2020-21	876.09	0.00	876.09	663.01	(-)213.08	24.32
2021-22	793.34	66.55	859.89	801.15	(-)58.74	6.83
2022-23	849.59	489.21	1,338.80	1,302.35	(-)36.45	2.72

સોત: સંબંધિત વર્ષના વિનિયોગ હિસાબો

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે અનુદાન નં. 91માં 2020-23 દરમિયાન મહેસૂલ મતપાત્ર વિભાગ હેઠળ બચત 11.89 ટકા અને 38.68 ટકા વચ્ચે રહી હતી, જ્યારે એ જ સમયગાળા

દરમિયાન અનુદાન નં. 92માં તે 7.99 ટકા અને 12.33 ટકા વચ્ચે રહી હતી. અનુદાન નં. 95માં, મહેસૂલ મતપાત્ર અને મૂડી મતપાત્ર બન્ને વિભાગો હેઠળ 2020-23 દરમિયાન બચતમાં ઘટાડો થયો હતો.

3.6.2.3 વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ/ રજૂ ન કરવા

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના બે અનુદાનોની (ખાસ પ્લાન યોજના અને ડૉ. આંબેડકર ચેર યોજના) પ્રતિક ચકાસણીમાં ઑડિટે વપરાશી પ્રમાણપત્રો જમા ન કરાવવાની વિગત નોંધી હતી જે નીચે જણાવેલ છે:

- ખાસ પ્લાન યોજના અંતર્ગત 2020-23 દરમિયાન, 14[9] જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓને, નિયામક, વિકસતી જાતિનું કલ્યાણ, ગાંધીનગર તરફથી ₹ 8.21 કરોડનું અનુદાન મળ્યુ હતું. આ ભંડોળ 78 જિલ્લા વિકાસ અધિકારીઓને છૂટું કરવામાં આવ્યું હતું. આમ છતાં, જિલ્લા વિકાસ અધિકારીએ ₹ 8.21 કરોડના અનુદાન માટે ઑગષ્ટ 2023ની સ્થિતિએ, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીને વપરાશી પ્રમાણપત્રો રજૂ કર્યા ન હતાં.
- ડૉ. આંબેડકર ચેર યોજનામાં, 2016-23 દરમિયાન છૂટા કરાયેલા ₹ 7.41 કરોડના અનુદાન પૈકી, માત્ર ₹ 1.39 કરોડની રકમનો જ ઉપયોગ થયો હતો. નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણે વપરાશી પ્રમાણપત્રો મળ્યા વગર પણ દર વર્ષે અનુદાન છૂટું કરવાનું ચાલુ રાખ્યું હતું.

3.6.2.4 આગ/ ઉચાપત/ ચોરી/ દુર્વિનિયોગ વગેરે દ્વારા નુકશાનના કિસ્સાઓની જાણ ન કરવી

સામાન્ય નાણાકીય નિયમો, 2017ના નિયમ 33માં જોગવાઈ છે કે, કોઈ જાહેર નાણા, મહેસૂલ અથવા પ્રાપ્તિનું નુકસાન કે ઘટાડાની, સંબંધિત તાબાના અધિકારીએ પછીના ઉચ્ચ અધિકારીને તેમજ વૈધાનિક ઑડિટ અધિકારી અને સંબંધિત પ્રધાન હિસાબી અધિકારીને તુરંત જ જાણ કરવી જરૂરી છે, પછી ભલે ને તેના માટે જવાબદાર પક્ષ દ્વારા નુકસાનની ભરપાઇ કરવામાં આવી હોય.

ઑડિટે અવલોકન કર્યું હતું કે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિઓનું કલ્યાણ), મહેસાણા હેઠળના એક કિસ્સામાં ચોરીની બાબતની જાણ નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર અને ઑડિટ બન્નેને કરવામાં આવી ન હતી. નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, જુનાગઢ હેઠળના અન્ય કિસ્સામાં ઉચાપતની બાબત ઑડિટને જણાવવામાં આવી ન હતી. આ બે કિસ્સાઓની વિગતો **કોઠા 3.22**માં દર્શાવી છે.

[9] ગાંધીનગર, નડિયાદ, ગોધરા, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જુનાગઢ, મહેસાણા, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, કચ્છ, આણંદ, મહીસાગર અને અરવલ્લી.

કોઠો3.22: નિયામક, વિકસતી જાતિ કલ્યાણ/ ઑડિટને ન જણાવેલા ઉચાપત/ ચોરીના કિસ્સાઓની વિગતો

ક્રમાંક	કચેરીનું નામ	કિસ્સો	વર્ષ	સંકળાયેલી રકમ (₹ માં)	કિસ્સાની સ્થિતિ
1	જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિઓનું કલ્યાણ), મહેસાણા	ચોરી	2019	60,000	પોલીસમાં એફ.આઇ.આર. (FIR) દાખલ કરવામાં આવી છે.
2	નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, જુનાગઢ	ઉચાપત	2017	30,90,400	મામલો કોર્ટમાં પડતર છે.

સોત: સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી.

તાબાની કચેરીઓમાં આગ/ ઉચાપત/ ચોરી/ દુર્વિનિયોગ, વગેરેના કિસ્સાઓની જાણ સમયસર અનુવર્તી કાર્યવાહી માટે તમામ સંબંધિત સત્તાધિકારીઓને કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે નાણા વિભાગે સામાન્ય નાણાકીય નિયમોના નિયમ 33ના અનુસંધાનમાં તમામ વિભાગોને જરૂરી સૂચનાઓ જારી કરવી જોઇએ.

3.6.2.5 અંદાજપત્રમાં નવી બાબતોનું અમલીકરણ

ઑડિટે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે વર્ષ 2020-21થી 2022-23 માટેના અંદાજપત્રમાં રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી નવી બાબતો/પહેલોના અમલીકરણની સમીક્ષા કરી હતી. એવું જોવામાં આવ્યું હતું કે, અંદાજપત્રમાં જાહેર થયેલી વિવિધ બાબતો/ પહેલોનો અમલ કરવામાં આવ્યો ન હતો અને અપૂર્ણ રહી હતી. આની વિગતો **કોઠા 3.23માં** આપવામાં આવી છે.

કોઠો 3.23: 2020-23 દરમિયાન મંજૂર થયેલી પરંતુ અમલ ન થયેલી નવી બાબતો

(₹ લાખમાં)

બાબતનું વર્ણન	કુલ	હાલની સ્થિતિ
2020-21		
વિચરતી અને વિમુક્ત જનજાતિની કન્યાઓ માટેના સહાયક- અનુદાનિત છાત્રાલયમાં સીસીટીવી અને બાયોમેટ્રીક પ્રણાલી લગાવવી (92.2225.03.101.11) બિન-આવર્તક	1.20	આ કિસ્સાઓમાં વહીવટી મંજૂરી આપવામાં આવી ન હતી.
વિચરતી અને વિમુક્ત જનજાતિની કન્યાઓ માટેના સહાયક- અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળામાં સીસીટીવી અને બાયોમેટ્રીક પ્રણાલી લગાવવી (92.2225.03.101.11) બિન-આવર્તક	9.60	
વિચરતી અને વિમુક્ત જનજાતિના છોકરાઓ માટેના સહાયક- અનુદાનિત છાત્રાલયમાં સીસીટીવી અને બાયોમેટ્રીક પ્રણાલી લગાવવી (92.2225.03.101.11) બિન-આવર્તક	1.20	

બાબતનું વર્ણન	કુલ	હાલની સ્થિતિ
સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની 171 સહાયક અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ માટે સીસીટીવી પ્રણાલીઓની ખરીદી કરવી. (92.2225.03.277.11) બિન-આવર્તક	102.60	
અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોના સમરસ છાત્રાલયો માટે આઉટસોર્સીંગ દ્વારા વૉર્ડનની 63 જગ્યાઓ ઉભી કરવી (92.2225.03.277.15) આવર્તક	62.37	
સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની નિવાસી શાળાઓમાં ધોરણ 12 (નવો વર્ગ) શરૂ કરવો (92.2225.03.277.15) આવર્તક	598.97	
અગરીયા સમાજોની 5 નિવાસી શાળાઓમાં ધોરણ 12નો નવો વર્ગ શરૂ કરવો (92.2225.03.277.15) આવર્તક	106.96	
સહાયક અનુદાનિત વૃધ્ધાશ્રમો માટે જાળવણી અનુદાન ₹ 1500/-થી વધારીને ₹ 2160/- કરવું. (92.2235.02.200.01)-આવર્તક	158.00	
વરિષ્ઠ નાગરિકો માટે રાષ્ટ્રીય કાર્ય યોજનાની (National Action Plan) યોજનાનો અમલ કરવો (92.2235.02.200.05) આવર્તક	100.00	
2021-22		
દેખભાળ, રક્ષણ અને આશ્રયની જરૂરિયાત વાળા બાળકો માટે જૂવેનાઇલ જસ્ટીસ ફંડમાં ₹ 100.00 લાખની જોગવાઈ (92.2235.02.102.01)	100.00	કોવિડ-19 મહામારી અને જમીનને આખરી રૂપ ન અપાવાના કારણે આ કિસ્સાઓમાં કોઇ ખર્ચ કરવામાં આવ્યો ન હતો.
બોટાદ, બનાસકાંઠા અને વલસાડ ખાતે કન્યાઓ માટે સુરક્ષા-સહ-વિશેષ ગૃહની સરકારી જગ્યા ખોલવી (92.2235.02.102.03)	38.82	
બોટાદ, બનાસકાંઠા અને વલસાડ ખાતે કન્યાઓ માટે સુરક્ષા-સહ-વિશેષ ગૃહની સરકારી જગ્યા ખોલવી (92.2235.02.102.03)	27.85	
2022-23		
દિવ્યાંગો માટે રાજ્ય સ્તરે ચિન્હ ભાષાવાળી 24 x 7 હેલ્પ લાઈન શરુ કરવા માટે જોગવાઈ	25.00	અમલીકરણ થઇ રહ્યો છે, હાલ ટેન્ડરના સ્તરે છે.

સોતઃ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી

3.6.2.6 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો પાસે વિભિન્ન યોજનાઓના વણવપરાયેલા ભંડોળ

ગુજરાત નાણાકીય નિયમો, 1971ના નિયમ 153 અનુસાર, જ્યારે એક જ સંસ્થા અથવા સંગઠનને એક જ હેતુ માટે આવર્તક અનુદાનો મંજૂર કરવામાં આવે ત્યારે, આગળના અનુદાનની મંજૂરી વખતે પહેલાના અનુદાનની વણવપરાયેલી સિલક ધ્યાન પર લેવી જોઇએ.

ઑડિટના ધ્યાન પર આવ્યું હતું કે, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે વહીવટી અનુદાનો, યોજનાકીય અનુદાનો/ લોન, સહાયકીઓ, અનુદાનનો મેળ ખાતો હિસ્સો, વગેરેની તેના કાર્યક્ષેત્ર

હેઠળના રાજ્યના પાંચ જાહેર ક્ષેત્રના ઉપક્રમોને ચૂકવણી કરી હતી. જો કે, આ જાહેર ક્ષેત્રના ઉપક્રમો પાસે માર્ચ 2023ના રોજ રહેલા કુલ વણવપરાયેલા અનુદાનો, વર્ષ 2022-23 દરમિયાન તેમને આપેલા અનુદાનોથી અધિક હતાં. આ વિસંગતતા ગુજરાત નાણાકીય નિયમો, 1917માં દર્શાવેલ જોગવાઈઓના અનુપાલનમાં નિષ્ફળતા પર પ્રકાશ પાડે છે. આની વિગતો **કોઠા 3.24**માં આપી છે.

કોઠો 3.24: પાંચ જાહેર ક્ષેત્રના ઉપક્રમો પાસે વણવપરાયેલી સિલકો

(₹ કરોડમાં)

ક્રમાંક	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમનું નામ	હેતુ	મળેલુ અનુદાન			માર્ચ 2023ના અંતે સંચિત વણવપરાયેલી સિલક
			2020-21	2021-22	2022-23	
1	ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ	વહીવટી અનુદાન	1.50	1.50	1.50	1.69
		લોન	4.00	5.00	5.00	16.87
2	ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડ	મેળ ખાતો ફાળો	0.20	0.00	0.19	2.19
3	ગુજરાત લઘુમતી નાણાકીય અને વિકાસ નિગમ લિમિટેડ	વહીવટી અનુદાન	2.25	2.25	2.25	8.67
		મેળ ખાતો ફાળો	1.50	1.50	1.50	8.00
4	ગુજરાત વિચરતી અને વિમુક્ત જનજાતિ વિકાસ નિગમ	મેળ ખાતો ફાળો	0.50	0.40	0.50	1.85
5	ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ લિમિટેડ	લોન	23.60	22.72	25.00	38.15
કુલ						**77.42**

સોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી.

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે આગળના અનુદાનની ચૂકવણી પહેલાં, વિભિન્ન યોજનાઓના ખર્ચની સામયિક પ્રગતિ પર નજર રાખવા માટે દેખરેખ પદ્ધતિ અમલમાં લાવવી જોઇએ. વધુમાં, રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો પાસેની વણવપરાયેલી સિલકોની ગોઠવણ કરવી અતિ મહત્વની છે, જેથી આ ભંડોળનો ઉપયોગ રોકડની ખેંચ વાળા અન્ય વિભાગો અથવા સંસ્થાઓ મહત્વપૂર્ણ ઉદ્દેશો માટે કરી શકે.

વસૂલ કરેલી લોન સરકારના ખાતામાં જમા ન કરવી

જાહેર ક્ષેત્રના ઉપક્રમોને આપવામાં આવેલી લોનની શરતો મુજબ, વસૂલ કરેલી કોઇ પણ મુદ્દલ અને વ્યાજની રકમો સરકારના ખાતામાં જમા કરવી જરૂરી છે. ઑડિટના તારણ મુજબ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ સાથે સંલગ્ન છ જાહેર ક્ષેત્રના ઉપક્રમો વસૂલ કરેલા મુદ્દલ અને વ્યાજ સરકારના ખાતામાં જમા કરવામાં નિષ્ફળ ગયા હતાં. જેની વિગતો **કોઠા 3.25**માં આપી છે.

કોઠો 3.25: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા મુદ્દલ અને વ્યાજ સરકારના ખાતામાં જમા ન કરવા

(₹ કરોડમાં)

ક્રમાંક	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમનું નામ	વસૂલ કરેલી રકમ સરકારના ખાતામાં જમા કરવામાં ન આવી
1	ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાકીય અને વિકાસ નિગમ	0.11
2	ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ	0.82
3	ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડ	13.72
4	ગુજરાત લઘુમતી નાણાકીય અને વિકાસ નિગમ લિમિટેડ	0.17
5	ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ	3.85
6	ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ લિમિટેડ	1.93
કુલ		**20.60**

સોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી.

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને લોન ધારકો પાસેથી વસૂલ કરેલી રકમો સરકારના ખાતામાં સંબંધિત લોન સદર (મુદ્દલ) અને વ્યાજના સદરે જમા કરવા નિર્દેશ આપવો જોઇએ.

3.7 ઉપસંહાર

- 2022-23 દરમિયાન, ₹ 2,74,758.01 કરોડના કુલ અનુદાનો અને વિનિયોગોની સામે ₹ 2,40,117.32 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેના પરિણામે ₹ 34,640.69 કરોડની એકંદર બચત થઇ હતી. ₹ 34,640.69 કરોડની એકંદર બચત, ₹ 34,705.17 કરોડની બચત જે ₹ 64.48 કરોડની અધિકથી સરભર થવાના કારણે થઇ હતી. વધુમાં, અનુદાન નં. 73માં, વય નિવૃત્તિ અને નિવૃત્તિ લાભ અને પંચાયતના કર્મચારીઓના કુટુંબ પેન્શન પર 2012-13થી સતત અધિક હતો.
- 15 અનુદાનો હેઠળ 16 કિસ્સાઓમાં, અનુદાનની બાબતમાં મુખ્યત્વે નાણા વિભાગ; પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ; આદિજાતિ વિકાસ વિભાગ; નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ, વગેરેને લગતા અનુદાનોમાં છેલ્લા ત્રણ વર્ષ (2020-23) દરમિયાન પ્રત્યેક કિસ્સામાં ₹ 100 કરોડથી અધિકની સતત બચત થઇ હતી.

3.8 ભલામણો

- રાજ્ય સરકારે વિભાગોની જરૂરિયાતો અને ફાળવવામાં આવેલા ભંડોળોનો ઉપયોગ કરવાની ક્ષમતાના આધારે વાસ્તવિક અંદાજપત્ર ઘડવું જોઇએ.

- અંદાજપત્રના યોગ્ય અમલીકરણ અને દેખરેખ લાગુ કરવા માટે સરકાર દ્વારા એક યોગ્ય નિયંત્રણ પદ્ધતિ દાખલ કરવી જોઇએ કે જેથી અનુદાન/ વિનિયોગની અંદર મોટી બચત નિયંત્રણમાં રહે અને અપેક્ષિત બચત ધ્યાન પર આવે અને નિયત સમય મર્યાદાની અંદર પરત સોંપણી કરી શકાય.

પ્રકરણ IV

હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલની પદ્ધતિઓ

પ્રકરણ IV
હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલની પધ્ધતિઓ

નાણાકીય રજૂઆતની સુદ્રઢ વ્યવસ્થા અને નિયમો તથા કાર્યપધ્ધતિના અનુપાલનનું સુશાસનમાં મહત્વનું યોગદાન હોય છે. આ બાબત, સુસંગત, વિશ્વસનીય અને સમયસર નાણાકીય રજૂઆતને સુનિશ્ચિત કરે છે અને એ રીતે મૂળભૂત કારભારી જવાબદારીઓ, વ્યૂહાત્મક આયોજન અને યોગ્ય નિર્ણય લેવામાં રાજ્ય સરકારને સહાય કરે છે. આ પ્રકરણ વિવિધ નાણાકીય નિયમો, પધ્ધતિઓ અને નિર્દેશોના રાજ્ય સરકારના અનુપાલનની સ્થિતિ અને વિહંગાવલોકન પૂરું પાડે છે.

4.1 વ્યાજ સહિતની થાપણો પ્રત્યેની વ્યાજની જવાબદારી અદા ન કરવી

વ્યાજ સહિતની થાપણોની (મુખ્ય સદર 8336 અને 8342) રકમો પર વ્યાજની જોગવાઇ અને ચૂકવણી કરવાની રાજ્ય સરકારની જવાબદારી છે. આમ છતાં, **કોઠા 4.1**માં દર્શાવ્યા મુજબ, 01 એપ્રિલ 2022ના રોજ આ થાપણોમાં સિલકો હોવા છતાં, રાજ્ય સરકારે મુખ્ય સદર 2049 (મહેસૂલી ખર્ચ) હેઠળ વ્યાજની ચૂકવણી માટે અંદાજપત્રીય જોગવાઇ કરી ન હતી.

કોઠો 4.1: વ્યાજ સહિતની થાપણો પ્રત્યેની વ્યાજની જવાબદારી અદા ન કરવી

(₹ કરોડમાં)

ક્રમાંક	વ્યાજ સહિતની થાપણનું નામ	01 એપ્રિલ 2022ના રોજ સિલક	વ્યાજની ગણતરીનો આધાર	જોગવાઇ ન કરેલી વ્યાજની રકમ
1.	વ્યાજ સહિત થાપણ (અંશદાયી પેન્શન યોજના સિવાય)	17.50	વ્યાજની ગણતરી 5.49 ટકાના દરે (વર્ષ 2022-23 માટે સાધનોપાય પેશગી પર સરેરાશ વ્યાજનો દર 5.49 ટકા)	0.96
2.	રાજ્ય વળતર વનીકરણ થાપણ	1,145.96	3.35 ટકા (પર્યાવરણ, વન અને જળ-વાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા તારીખ 11.01.2022ના પરિપત્ર નં. 458/2019-NAPt.2 મુજબ)	38.39
3.	રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ	381.95	7.49 ટકા વ્યાજની ગણતરી, રાજ્ય આપદા ભંડોળની માર્ગદર્શિકા મુજબ રેપો દરની સરેરાશ + 2 ટકા મતલબ કે 7.49 ટકા.	28.61
		કુલ		**67.96**

સોત : વર્ષ 2022-23 માટેના નાણાકીય હિસાબો.

વ્યાજની જવાબદારી અદા ન કરવાની બાબત, વધુ પડતી મહેસૂલી પુરાંત અને સંબંધિત થાપણ હિસાબમાં ઓછી આખરની બાકીમાં પરિણમ્યું હતું.

4.2 રાજ્યની અમલકર્તા સંસ્થાઓને ભંડોળની સીધી તબદીલી

કેન્દ્ર સરકાર, સામાજીક અને આર્થિક ક્ષેત્રોમાં જુદી જુદી પરિયોજનાઓ/ કાર્યક્રમોના અમલીકરણ માટે રાજ્યની અમલકર્તા સંસ્થાઓને ભંડોળની બારોબાર તબદીલીઓ કરતી આવી છે. આ ભંડોળો રાજ્યના અંદાજપત્ર/ રાજ્યની તિજોરી વ્યવસ્થા મારફત મોકલવામાં ન આવતા હોવાથી, વાર્ષિક નાણાકીય હિસાબોમાં આવા ભંડોળોનો પ્રવાહ દર્શાવાતો નથી. આમ, એટલા પ્રમાણમાં, રાજ્યની આવક અને ખર્ચ અને તેમાંથી તારવેલા અન્ય રાજકોષીય ચલાંકો/ પરિમાણો પણ સંપૂર્ણ ચિત્ર રજૂ કરતા નથી.

01 એપ્રિલ 2014ની અસરથી, ભારત સરકારે કેન્દ્ર પ્રાયોજિત યોજનાઓ માટેની તમામ સહાય/ વધારાની કેન્દ્રીય સહાય રાજ્ય સરકારને છૂટી કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે, ગુજરાતમાં, કેન્દ્રીય ભંડોળોની રાજ્યની અમલકર્તા સંસ્થાઓને બારોબાર તબદીલીઓ કરવાનું 2022-23માં પણ ચાલુ રહ્યું હતું (**નાણાકીય હિસાબો, ભાગ-IIના પરિશિષ્ટ VIનો સંદર્ભ લેતા**). આવી તબદીલીઓની 2018-19થી 2022-23 માટેની વર્ષ-વાર વિગતો **કોઠા 4.2**માં દર્શાવી છે.

કોઠો 4.2: ભારત સરકાર દ્વારા રાજ્યની અમલકર્તા સંસ્થાઓને થયેલી ભંડોળની તબદીલી

(₹ કરોડમાં)

રાજ્યની અમલકર્તા સંસ્થાઓને સીધી તબદીલી	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
તબદીલ કરેલું ભંડોળ	10,026.44	11,659.35	14,210.99	20,496.91	26,806.33

સોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

2022-23 દરમિયાન, ભારત સરકારે ₹ 26,806.33 કરોડ અમલકર્તા સંસ્થાઓને બારોબાર તબદીલ કર્યા હતાં, જે પૈકી ₹ 20,975.08 કરોડ 'રાજ્ય સરકારની અમલકર્તા સંસ્થાઓ'ને અને ₹ 5,831.25 કરોડ 'રાજ્ય સરકારની ન હોય એવી અમલકર્તા સંસ્થાઓ'ને બારોબાર છૂટા કરવામાં આવ્યાં હતાં. આ તબદીલીઓ સંબંધિત પરિયોજનાઓની માર્ગદર્શિકાઓ અનુસાર કરવામાં આવી હતી.

કેન્દ્રીય ભંડોળોની રાજ્ય સરકારની અમલકર્તા સંસ્થાઓને બારોબાર મોટી તબદીલીઓ સંકળાયેલી હતી તે યોજનાઓ હતી: સ્વદેશી યુરીયા માટે ચૂકવણી (₹ 4,607.14 કરોડ), મેટ્રો યોજના (₹ 3,665.95 કરોડ), જળ જીવન મિશન/ રાષ્ટ્રીય ગ્રામ્ય પેય જળ મિશન (₹ 3,590.71 કરોડ), પ્રધાન મંત્રી કિસાન સમ્માન નિધિ (₹ 3,193.25 કરોડ) અને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ્ય રોજગાર બાંયધરી યોજના (₹ 1,023.84 કરોડ).

2022-23 દરમિયાન વિવિધ વિકાસકીય યોજનાઓના અમલીકરણ માટે ભારત સરકાર તરફથી ₹ 20,975.08 કરોડ બારોબાર મેળવનાર જુદી જુદી રાજ્યની અમલકર્તા સંસ્થાઓની વિગતો **આલેખ 4.1**માં દર્શાવી છે.

આલેખ 4.1: રાજ્યની અમલકર્તા સંસ્થાઓ જેને 2022-23 દરમિયાન ભારત સરકાર તરફથી બારોબાર ભંડોળ મળ્યું હતું



સોત: વર્ષ 2022-23 માટેની PFMS વિગતો.

4.3 સ્થાનિક સંસ્થાઓની થાપણો

પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળના 33 જિલ્લા વિકાસ અધિકારીઓ અને 249 તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા સંચાલિત 282 વ્યક્તિગત લેજર ખાતાઓ (PLA) હતાં. છેલ્લા પાંચ વર્ષ (2018-23) દરમિયાન જિલ્લા પરિષદ ભંડોળ અને પંચાયત સમિતિ ભંડોળ હેઠળના વ્યવહારો **કોઠા 4.3**માં દર્શાવ્યા છે.

કોઠો 4.3: સ્થાનિક ભંડોળોમાં થાપણો

(₹ કરોડમાં)

વર્ષ		2018-19	2019-20	2020-21	2021-22	2022-23
જિલ્લા પરિષદ ભંડોળ (મુખ્ય સદર 8448-109-11)	ખૂલતી સિલક	8,940.69	8,263.03	8,821.48	9,646.29	8,523.79
	આવક	24,485.22	23,210.91	24,110.28	23,921.08	26,112.92
	ખર્ચ	25,162.88	22,652.46	23,285.47	25,043.58	25,788.87
	બંધ સિલક	8,263.03	8,821.48	9,646.29	8,523.79	8,847.84
પંચાયત સમિતિ ભંડોળ (મુખ્ય સદર 8448-109-12)	ખૂલતી સિલક	3,845.12	4,138.24	4,209.52	4,153.86	5,205.75
	આવક	16,526.91	15,349.79	15,767.41	17,538.09	18,812.77
	ખર્ચ	16,233.79	15,278.51	15,823.07	16,486.20	18,950.68
	બંધ સિલક	4,138.24	4,209.52	4,153.86	5,205.75	5,067.84
વર્ષના અંતે બંધ સિલક		**12,401.27**	**13,031.00**	**13,800.15**	**13,729.54**	**13,915.68**

સોત: મહાલેખાકાર (હિસાબ અને હક)ની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી અને સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

કોઠા 4.3માં જોઇ શકાય છે કે, વ્યક્તિગત લેજર ખાતાઓમાં 01 એપ્રિલ 2022ના રોજ ₹ 13,729.54 કરોડની ખૂલતી સિલક હતી. વર્ષ દરમિયાન ₹ 44,925.69 કરોડની આવક થઇ હતી જ્યારે ₹ 44,739.55 કરોડની ચૂકવણીઓ થઇ હતી, જેથી માર્ચ 2023ના અંતે ₹ 13,915.68 કરોડની વણવપરાયેલી સિલક પડી રહી હતી.

4.4 વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ

ગુજરાત નાણાકીય નિયમો[1], 1971ની સાથે સામાન્ય નાણાકીય નિયમો[2], 2017 જોવામાં આવે તો, એવી જોગવાઇ છે કે નિર્દિષ્ટ ઉદ્દેશ માટે આપવામાં આવેલું સહાયક અનુદાન ગર્ભિત શરતોને અધિન હોય છે જેવી કે, (1) સહાયક અનુદાનનો નિર્ધારિત હેતુ માટે અને જો મંજૂર કરનાર અધિકારીએ સમય-મર્યાદા નક્કી ન કરી હોય તો વાજબી સમયની અંદર વપરાશ કરવાનો રહેશે અને (2) સહાયક અનુદાનનો કોઇ પણ હિસ્સો જે આખરે હેતુસર ખર્ચ કરવા માટે જરૂરી ન હોય તો, તેની સરકારને પરત સોંપણી કરવાની રહેશે.

ગુજરાત નાણાકીય નિયમો, 1971ના નિયમ 162માં જોગવાઇ છે કે, સક્ષમ અધિકારી દ્વારા તેની પોતાની નાણાકીય સત્તાની મર્યાદામાં જારી કરવામાં આવેલી તમામ નાણાકીય મંજૂરીઓ અને હુકમો એવી પદ્ધતિ જે સામાન્ય અથવા વિશેષ હુકમો દ્વારા નિયત કરવામાં આવેલી હોય તે અનુસાર ઑડિટ અધિકારીને જણાવવાની રહેશે. વધુમાં, ગુજરાત નાણાકીય નિયમો, 1971ના નિયમો 154 અને 155 નિયત કરે છે કે ચોક્કસ હેતુ માટે આપવામાં આવેલા અનુદાનના વપરાશી પ્રમાણપત્ર વિભાગીય અધિકારી દ્વારા અનુદાન મેળવનાર પાસેથી મેળવવા જોઇએ અને ચકાસણી બાદ અન્ય રીતે નિર્દિષ્ટ કરવામાં આવ્યું ન હોય તો જે નાણાકીય વર્ષમાં સહાયક અનુદાન છૂટું કરવામાં આવ્યું હોય તે પૂર્ણ થયાના 12 મહિનાની અંદર મહાલેખાકાર (હિસાબ અને હક) ને મોકલવાના રહેશે.

ઑડિટ ચકાસણીમાં જોવામાં આવ્યું હતું કે 2001-02થી 2021-22ના સમયગાળા દરમિયાન રાજ્ય સરકારના 19 વિભાગોને આપવામાં આવેલ એકંદર ₹ 10,407.98 કરોડના સહાયક અનુદાનની બાબતમાં 3,732 વપરાશી પ્રમાણપત્રો 31 માર્ચ 2023ની સ્થિતિએ રજૂ કરવામાં આવ્યાં ન હતાં. વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબની સ્થિતિ અને વય-વાર વિગતો અનુક્રમે **કોઠા 4.4** અને **4.5**માં આપી છે.

કોઠો 4.4: 31 માર્ચ 2023ના રોજ વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવાની સ્થિતિ

વર્ષ[3]	બાકી વપરાશી પ્રમાણપત્રોની સંખ્યા	રકમ (₹ કરોડમાં)
2020-21 સુધી	2335	2,926.84
2021-22	339	1,627.52
2022-23	1,058	5,853.62
કુલ	**3,732**	**10,407.98**

સોત: 2022-23ના નાણાકીય હિસાબો.

કોઠો 4.5: વય-વાર રજૂ કરવાના બાકી વપરાશી પ્રમાણપત્રો

ક્રમાંક	વિલંબનો સમયગાળો (વર્ષમાં)	બાકી વપરાશી પ્રમાણપત્રો	
		સંખ્યા	રકમ (₹ કરોડમાં)
1.	0-1 (2021-22)	1,058	5,853.62

1 નિયમ 154 અને 155.

2 નિયમ 238 (1).

3 ઉપર ઉલ્લેખ કરેલું વર્ષ "નિયત વર્ષ"ના એટલે કે ખરેખર ઉપાડના 12 મહિના બાદના સંબંધમાં છે.

ક્રમાંક	વિલંબનો સમયગાળો (વર્ષમાં)	બાકી વપરાશી પ્રમાણપત્રો	
		સંખ્યા	રકમ (₹ કરોડમાં)
2.	2-3 (2019-21)	752	2,751.20
3.	4-5 (2017-19)	290	1,135.21
4.	6-7 (2015-17)	64	477.78
5.	8-9 (2013-15)	48	55.25
6.	10 અને ઉપર (2001-13)	1,520	134.92
	કુલ	**3,732**	**10,407.98**

સોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

કોઠો 4.6: 31 માર્ચ 2023ના રોજ બાકી વપરાશી પ્રમાણપત્રોનું વર્ષ-વાર વિભાજન

(₹ કરોડમાં)

વર્ષ	બાકી વપરાશી પ્રમાણપત્રોની સંખ્યા	રકમ
2001-02	441	40.55
2002-03	692	35.27
2003-04	196	4.71
2004-05	66	3.40
2005-06	35	2.20
2006-07	13	3.08
2007-08	22	27.18
2008-09	7	1.24
2009-10	6	4.34
2010-11	34	12.35
2011-12	6	0.27
2012-13	2	0.32
2013-14	23	23.84
2014-15	25	31.41
2015-16	16	8.97
2016-17	48	468.81
2017-18	65	563.20
2018-19	225	572.00
2019-20	413	1123.68
2020-21	339	1627.52
2021-22	1058	5853.62
કુલ	**3,732**	**10,407.98**

સોત: મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા આપવામાં આવેલી માહિતી.

બાકી વપરાશી પ્રમાણપત્રોનું રકમ સાથે વર્ષ-વાર વિભાજન બાજુના **કોઠા 4.6**માં કોષ્ટકબધ્ધ કરેલું છે. કોઠામાં એવું જોવામાં આવે છે કે, ₹ 80.53 કરોડની રકમના બાકી વપરાશી પ્રમાણપત્રોના 35 ટકા 2001-02, 2002-03 અને 2003-04ને લગતા હતાં. ₹ 5,971.68 કરોડની રકમવાળા બાકી વપરાશી પ્રમાણપત્રોના સત્તાવન ટકા ત્રણ વિભાગો એટલે કે આરોગ્ય અને પરિવાર કલ્યાણ (₹ 3,054.59 કરોડ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર (₹ 1,676.60 કરોડ) અને શિક્ષણ વિભાગને (₹ 1,240.49 કરોડ) લગતા હતાં.

વપરાશી પ્રમાણપત્રોની ગેરહાજરીમાં એવી કોઈ પણ ખાતરી નથી કે જે ઉદ્દેશ્યો માટે આ ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું તે માટે તેનો ઉપયોગ થયો છે. બાકી વપરાશી પ્રમાણપત્રો માટે મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા નિયમિત ધોરણે નાણા વિભાગ સાથેની ત્રિમાસિક બેઠક દરમિયાન અનુવર્તી કાર્યવાહી કરવામાં આવતી હતી. વપરાશી પ્રમાણપત્રોની રજૂઆતમાં અયોગ્ય વિલંબ માટે રાજ્ય સરકારે જવાબદારી નક્કી કરવી જોઇએ.

અધિક મુખ્ય સચિવે (નાણા) સમાપન બેઠકમાં જણાવ્યું હતું કે (ફેબ્રુઆરી 2024), નિયત સમયમર્યાદામાં વપરાશી પ્રમાણપત્રો મળી રહે એ સુનિશ્ચિત કરવા માટે વિભાગ કાર્ય કરી રહ્યું છે.

2021-22 સુધીમાં ચૂકવાયેલા સહાયક અનુદાન માટે બાકી વપરાશી પ્રમાણપત્રોનું વિભાગ-વાર વિભાજન **પરિશિષ્ટ 4.1માં** દર્શાવ્યુ છે, જ્યારે 10 મુખ્ય વિભાગોના બાકી વપરાશી પ્રમાણપત્રોની સ્થિતિ **આલેખ 4.2માં** દર્શાવી છે.

આલેખ 4.2: 31 માર્ચ 2022 સુધીમાં ચૂકવેલા સહાયક અનુદાન માટે 10 મુખ્ય વિભાગોમાં બાકી વપરાશી પ્રમાણપત્રો

સોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી

4.4.1 અનુદાન મેળવનાર સંસ્થાઓની "અન્યો" તરીકે નોંધણી

જો સહાયક અનુદાન રાજ્યના કુલ ખર્ચનો મહત્વનો હિસ્સો બનતું હોય તો, એ જરૂરી છે કે હિસાબોની પારદર્શિતાના હિતમાં ભંડોળ જેને પૂરું પાડવામાં આવે છે તે અનુદાન મેળવનાર સંસ્થાની વિગતો અને પ્રકાર સરકારે પૂરા પાડવા જોઇએ.

ગુજરાતમાં, છેલ્લા પાંચ વર્ષ (2018-23) દરમિયાન સહાયક અનુદાન રાજ્યના કુલ ખર્ચના 37 ટકાની આસપાસ થતા હતાં. ઉપરાંત, જો કે રાજ્ય સરકારના છેલ્લા ત્રણ વર્ષના (2020-23) નાણાકીય હિસાબો[4] 'અન્યો' હેઠળ વર્ગીકૃત જુદી જુદી સંસ્થાઓને છૂટા કરવામાં આવેલા સહાયક અનુદાનનો સતત વધારો[5] દર્શાવતા હતાં, રાજ્ય સરકારે આવી સંસ્થાઓને કોઈ સંજ્ઞા (code) આપવાની પદ્ધતિ ઘડી ન હતી, જેનાથી બાકી વપરાશી પ્રમાણપત્રોની રજૂઆત પર દેખરેખ રાખી શકાય અને દરેક સંસ્થાઓ પાસેથી બાકી રકમની ચકાસણી થઇ શકે.

નીચેનો **કોઠો 4.7** છેલ્લા પાંચ વર્ષ (2018-23) દરમિયાન રાજ્ય સરકાર દ્વારા 'અન્યો' ને છૂટા કરવામાં આવેલા સહાયક અનુદાનની વિગતો દર્શાવે છે

[4] નાણાકીય હિસાબોના પત્રક નં. 10 અને પરિશિષ્ટ III.

[5] 2018-19માં ₹ 23,656.31 કરોડથી 2022-23માં ₹ 26,276.92 કરોડ.

કોઠો 4.7: 2018-23 દરમિયાન રાજ્ય સરકાર દ્વારા 'અન્યો' ને છૂટા કરવામાં આવેલા સહાયક અનુદાનની વિગતો

(₹ કરોડમાં)

ક્રમાંક	વર્ષ	કુલ ખર્ચ	છૂટું કરેલું કુલ અનુદાન	કુલ ખર્ચની ટકાવારી રૂપે સહાયક અનુદાન	"અન્યો" ને છૂટું કરેલું સહાયક અનુદાન	કુલ છૂટા કરેલા સહાયક અનુદાનની ટકાવારી રૂપે "અન્યો" ને છૂટું કરેલું સહાયક અનુદાન
1.	2018-19	1,62,582.94	59,610.69	36.66	23,656.31	39.68
2.	2019-20	1,67,861.24	64,262.01	38.28	25,343.20	39.44
3.	2020-21	1,78,717.47	64,637.35	36.17	23,691.95	36.65
4.	2021-22	1,89,677.35	69,807.79	36.80	24,764.54	35.48
5.	2022-23	2,16,507.90	80,753.10	37.30	26,276.92	32.54

સોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

કોઠા 4.7માં જોઇ શકાય છે કે, 2022-23માં છૂટા કરાયેલા ₹ 80,753.10 કરોડના કુલ સહાયક અનુદાન પૈકી, ₹ 26,276.92 કરોડ (32 ટકા) 'અન્યો' હેઠળ વર્ગીકૃત કરવામાં આવેલી વિવિધ સંસ્થાઓને છૂટા કરવામાં આવ્યાં હતાં. જેના માટે સહાયક અનુદાન છુટું કરવામાં આવેલું છે તે સંસ્થાઓની વિગતોની ગેરહાજરી, આવા ખાતાની પારદર્શિતાને અને સહાયક અનુદાનની છૂટી કરવામાં આવેલી રકમની સામેના વપરાશી પ્રમાણપત્રોની દેખરેખને વિપરીત અસર કરે છે.

4.5 ઉચ્ચક આકસ્મિક બિલ

રાજ્ય સરકાર દ્વારા જેના માટે છેવટનું વર્ગીકરણ અને સહાયક ભરતિયું ઉપાડ વખતે ઉપલબ્ધ ન હોય, તો ખર્ચની તેવી બાબતોમાં આકસ્મિક ખર્ચનો ઉપાડ, ઉચ્ચક આકસ્મિક બિલ (AC Bill) પર કરવામાં આવે છે. પ્રારંભમાં પેશગી તરીકે ઉપાડ કર્યા બાદ, તેનો ત્યારબાદનો મેળ ઉચ્ચક આકસ્મિક બિલથી ઉપાડની તારીખથી ત્રણ[6] મહિનાના નિયત સમયગાળાની અંદર મહાલેખાકારને (હિસાબ અને હક) વિગતવાર આકસ્મિક બિલની (DC Bill) રજૂઆત મારફત સુનિશ્ચિત કરવામાં આવે છે.

વર્ષો દરમિયાન, ભંડોળનો ઉચ્ચક આકસ્મિક બિલથી, તેના લાંબા સમય સુધી મેળ/ પતાવટ (વિગતવાર આકસ્મિક બિલોની રજૂઆત દ્વારા) કર્યા વિના મોટા પાયે કરવામાં આવતો ઉપાડ ચિંતાનો વિષય છે.

[6] ગુજરાત તિજોરી નિયમો, 2000ના નિયમ 211 મુજબ.

31 માર્ચ 2023ની સ્થિતિએ, ગુજરાત સરકારના 23 વિભાગોએ **કોઠા 4.8**માં આપેલી વિગતો પ્રમાણે 3,342 ઉચ્ચક આકસ્મિક બિલ જેની રકમ ₹ 444.48 કરોડ હતી તેના માટે વિગતવાર આકસ્મિક બિલો રજૂ કર્યા ન હતાં

કોઠો 4.8: 31 માર્ચ 2023ની સ્થિતિએ ઉચ્ચક આકસ્મિક બિલોની સામે બાકી વિગતવાર આકસ્મિક બિલોની સ્થિતિ

(₹ કરોડમાં)

વર્ષ	બાકી ઉચ્ચક આકસ્મિક બિલો	
	સંખ્યા	રકમ
2021-22 સુધી	1,823	74.26
2022-23	1,519	370.22
કુલ	**3,342**	**444.48**

સોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા સંકલિત માહિતી.

એવું જોવામાં આવ્યુ હતું કે 2022-23માં ₹ 669.18 કરોડ માટે 5,310 ઉચ્ચક આકસ્મિક બિલો રજૂ કરવામાં આવ્યાં હતાં, જેમાંથી ₹ 302.97 કરોડ (45.27 ટકા) માટેના 775 ઉચ્ચક આકસ્મિક બિલો (14.60 ટકા) માર્ચ 2023માં રજૂ કરવામાં આવ્યાં હતાં. વધુમાં, માર્ચ 2023માં રજૂ કરેલા 775 ઉચ્ચક આકસ્મિક બિલો પૈકી, ₹ 34.03 લાખ માટેના ચાર ઉચ્ચક આકસ્મિક બિલ નાણાકીય વર્ષના છેલ્લા દિવસે રજૂ કરવામાં આવ્યાં હતાં.

2022-23 સુધીના બાકી વિગતવાર આકસ્મિક બિલોની વિભાગ-વાર વિગતો અને વર્ષ-વાર વિગતો અનુક્રમે **પરિશિષ્ટ 4.2** અને **પરિશિષ્ટ 4.3**માં દર્શાવી છે. 10 મુખ્ય વિભાગોના બાકી વિગતવાર આકસ્મિક બિલોની સ્થિતિ **આલેખ 4.3**માં આપી છે.

આલેખ 4.3: 10 મુખ્ય વિભાગોમાં બાકી વિગતવાર આકસ્મિક બિલો

સોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

બાકી વિગતવાર આકસ્મિક બિલોના બોંતેર ટકા ત્રણ વિભાગો એટલે કે, શિક્ષણ (910 બિલો), પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ (763 બિલો) અને ગૃહ (719 બિલો) વિભાગને લગતા હતાં. પેશગીઓનું લાંબા સમય સુધી સમાયોજન ન થાય તો ગેરરીતિનું જોખમ રહે છે અને આથી, વિગતવાર આકસ્મિક બિલો રજૂ થાય તે સુનિશ્ચિત કરવા માટે સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીઓ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવે તે જરૂરી છે. ઉપરાંત, વિગતવાર આકસ્મિક બિલો ન મળ્યા હોય એટલે અંશે નાણાકીય હિસાબોમાં દર્શાવેલો ખર્ચ સાચો અથવા છેવટનો માની શકાય નહીં.

4.6 વ્યક્તિગત થાપણ ખાતા

એક વ્યક્તિગત થાપણ ખાતું તેના વહીવટકર્તાને ચોક્કસ હેતુ માટે વ્યક્તિગત થાપણ ખાતામાં આવક સીધેસીધી જમા કરવા અથવા ઉપાડ કરવાની સુગમતા માટેના ઉદ્દેશથી ઉભી કરેલી વ્યવસ્થા છે. સરકારના સંબંધિત વિભાગની આગોતરી મંજૂરીથી જ વ્યક્તિગત થાપણ ખાતું શરૂ કરવાની સત્તા આપી શકાય છે. વ્યક્તિગત થાપણ ખાતામાં ભંડોળોની તબદીલીની નોંધ રાજ્યના સંચિત નિધિમાંથી છેવટના ખર્ચ તરીકે સેવાના સંબંધિત મુખ્ય સદર હેઠળ કરવામાં આવે છે.

2018-23 દરમિયાન નાણાકીય વર્ષના છેલ્લા દિવસે વ્યક્તિગત થાપણ ખાતાઓમાં રહેલા ભંડોળોની સ્થિતિ **કોઠા 4.9માં** રજૂ કરવામાં આવી છે:

કોઠો 4.9: 2018-23 દરમિયાન વ્યક્તિગત થાપણ ખાતામાં રાખવામાં આવેલા ભંડોળો

(₹ કરોડમાં)

વર્ષ	વર્ષના અંતે વ્યક્તિગત થાપણ ખાતાઓની સંખ્યા	બંધ સિલક
2018-19	484	581.01
2019-20	465	795.41
2020-21	470	1,003.78
2021-22	471	989.57
2022-23	471	817.82

સોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

વ્યક્તિગત થાપણ ખાતાઓમાંની બંધ સિલકો સતત વધતી રહીને 2018-19માં ₹ 581.01 કરોડ હતી તે વધીને 2020-21માં ₹ 1,003.78 કરોડ થઇ હતી, પરંતુ 2021-22 અને 2022-23માં ઘટીને અનુક્રમે ₹ 989.57 કરોડ અને ₹ 817.82 કરોડ થઇ હતી. 31 માર્ચ 2023ના રોજ કોઇ નિષ્ક્રિય વ્યક્તિગત થાપણ ખાતાઓ ન હતાં. તમામ 471 વ્યક્તિગત થાપણ ખાતાઓ પૈકી 470ના વહીવટકર્તાઓએ તેમની સિલકોનું તિજોરીના આંકડા સાથે મેળવણું અને ચકાસણી કરી હતી. એક વ્યક્તિગત થાપણ ખાતાના વહીવટકર્તાએ સિલકોનું તિજોરીના આંકડા સાથે મેળવણું અને ચકાસણી કરી ન હતી.

4.7 ગૌણ સદર 800નો વિવેકહીન ઉપયોગ

અન્ય આવક/ અન્ય ખર્ચ સંબંધિત સર્વસંગ્રાહક ગૌણ સદર 800નો ઉપયોગ માત્ર એવા કિસ્સાઓમાં જ કરવો જોઇએ કે જેમાં હિસાબોમાં મુખ્ય સદર હેઠળ યોગ્ય ગૌણ સદરની જોગવાઇ કરવામાં

આવી ન હોય. ગૌણ સદર 800 હેઠળ આવક અને ખર્ચની આડેધડ નોંધણી વ્યવહારોની પારદર્શિતા અને પ્રકાર પર અસર કરે છે, અને હિસાબોને અસ્પષ્ટ બનાવે છે.

2022-23 દરમિયાન, રાજ્ય સરકારે 62 મહેસૂલ અને મૂડી મુખ્ય હિસાબી સદરો હેઠળના ગૌણ સદર 800 હેઠળ ₹ 5,881.32 કરોડના ખર્ચની નોંધ કરી હતી, જે ₹ 2,16,507.90 કરોડના કુલ ખર્ચના 2.72 ટકા જેટલી થાય છે. 2018-23 દરમિયાન કુલ ખર્ચની ટકાવારી તરીકે ગૌણ સદર 800–'અન્ય ખર્ચ'ના ઉપયોગનું પ્રમાણ **આલેખ 4.4**માં દર્શાવ્યા પ્રમાણે હતું.

આલેખ 4.4: 2018-23 દરમિયાન ગૌણ સદર 800 – 'અન્ય ખર્ચ' નો ઉપયોગ



સોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

આલેખ 4.4 દર્શાવે છે કે 2019-23 દરમિયાન કુલ ખર્ચની ટકાવારી રૂપે ગૌણ સદર 800 – 'અન્ય ખર્ચ'ના ઉપયોગનું પ્રમાણ સતત ઘટ્યું હતું.

2022-23 દરમિયાન ચોક્કસ મુખ્ય સદરની અંદર ગૌણ સદર 800 – 'અન્ય ખર્ચ' હેઠળ નોંધપાત્ર પ્રમાણમાં નોંધવામાં આવેલ ખર્ચના (50 ટકા અથવા અધિક) ઉદાહરણો **કોઠા 4.10**માં આપ્યા છે.

કોઠો: 4.10: 2022-23 દરમિયાન ગૌણ સદર 800 – 'અન્ય ખર્ચ' હેઠળ નોંધવામાં આવેલ નોંધપાત્ર ખર્ચ

(₹ કરોડમાં)

ક્રમાંક	મુખ્ય સદર	મુખ્ય સદર હેઠળ ખર્ચ	મુખ્ય સદર 800 હેઠળ નોંધેલો ખર્ચ	ટકાવારી
1	4236-પોષણ પર મૂડી જોગવાઇ	12.13	12.13	100.00
2	4075-પ્રકીર્ણ સામાન્ય સેવાઓ પર મૂડી જોગવાઇ	0.14	0.14	100.00
3	2075- પ્રકીર્ણ સામાન્ય સેવાઓ	100.27	99.82	99.55
4	4875-અન્ય ઉદ્યોગો પર મૂડી જોગવાઇ	309.01	302.00	97.73
5	2852-ઉદ્યોગ	2,638.58	2,397.10	90.85
6	4211-પરિવાર કલ્યાણ પર મૂડી જોગવાઇ	42.05	36.28	86.28

ક્રમાંક	મુખ્ય સદર	મુખ્ય સદર હેઠળ ખર્ચ	મુખ્ય સદર 800 હેઠળ નોંધેલો ખર્ચ	ટકાવારી
7	3452-પ્રવાસન	160.63	126.55	78.78
8	4408- અન્ન, સંગ્રહ અને વખાર પર મૂડી જોગવાઇ	10.60	8.10	76.42
9	2701-મધ્યમ સિંચાઇ	209.70	138.47	66.03
10	2853-બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગ	204.30	130.00	63.63
11	4701-મધ્યમ સિંચાઇ પર મૂડી જોગવાઇ	2,180.20	1,318.99	60.50

સોત: 2022-23ના નાણાકીય હિસાબો.

2018-23 દરમિયાન કુલ આવકની ટકાવારી રૂપે ગૌણ સદર 800 –'અન્ય આવક'ના ઉપયોગનું પ્રમાણ **આલેખ 4.5**માં દર્શાવ્યા મુજબ હતું.

આલેખ 4.5: 2018-23 દરમિયાન ગૌણ સદર 800 - 'અન્ય આવક'નો ઉપયોગ

સોત: 2022-23ના નાણાકીય હિસાબો.

આવકના કિસ્સામાં, ગૌણ સદર 800નો ઉપયોગ 2021-22માં કુલ આવકના 1.99 ટકાથી 2020-21 દરમિયાન કુલ આવકના 6.49 ટકાની વચ્ચે રહ્યો હતો. 2022-23 દરમિયાન, રાજ્ય સરકારે 62 મુખ્ય સદરોને લગતી ₹ 5,910.76 કરોડની આવકની નોંધ ગૌણ સદર 800 –'અન્ય આવક' હેઠળ વર્ગીકૃત કરી હતી જે ₹ 2,51,995.39 કરોડની કુલ આવકના 2.35 ટકા થતી હતી. 2022-23 દરમિયાન ચોક્કસ મુખ્ય સદર અંતર્ગત ગૌણ સદર 800 – 'અન્ય આવક' હેઠળ નોંધપાત્ર પ્રમાણમાં નોંધવામાં આવેલી આવકના (50 ટકા અથવા અધિક) ઉદાહરણો **કોઠા 4.11**માં આપ્યા છે.

કોઠો: 4.11: 2022-23 દરમિયાન ગૌણ સદર 800 – 'અન્ય આવક' હેઠળ નોંધપાત્ર પ્રમાણમાં નોંધવામાં આવેલી આવક

(₹ કરોડમાં)

ક્રમાંક	મુખ્ય સદર	મુખ્ય સદર હેઠળ આવક	ગૌણ સદર 800 હેઠળ નોંધેલી આવક	ટકાવારી
1	0575-અન્ય વિશેષ વિસ્તાર કાર્યક્રમો	9.09	12.12	133.29
2	0211-પરિવાર કલ્યાણ	102.37	102.37	100.00
3	0408-અન્ન સંગ્રહ અને વખાર	9.57	9.57	100.00
4	1425-અન્ય વૈજ્ઞાનિક સંશોધન	4.28	4.28	100.00
5	1452-પ્રવાસન	5.01	5.01	100.00
6	8336-સિવિલ થાપણો	3,262.69	3,262.69	100.00
7	0235-સામાજીક સુરક્ષા અને કલ્યાણ	12.25	12.19	99.51
8	0215-પણી પુરવઠો અને સ્વચ્છતા	306.77	305.01	99.43
9	6225-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓ માટે લોન	27.42	27.15	99.01
10	1054-માર્ગો અને પુલો	65.54	64.84	98.94
11	0515-અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો	288.65	285.34	98.85
12	0217-શહેરી વિકાસ	969.08	939.98	97.00
13	0049-વ્યાજની આવક	1,267.63	1,222.98	96.48
14	0702-લઘુ સિંચાઇ	10.37	9.69	93.50
15	0401-પાક ઉછેર	107.53	96.57	89.80
16	0070-અન્ય વહીવટી સેવાઓ	734.59	658.64	89.66
17	0216-આવાસન	203.60	167.68	82.36
18	0059-જાહેર બાંધકામ	97.55	78.82	80.79
19	0435-અન્ય કૃષિ કાર્યક્રમો	8.39	6.54	77.96
20	0035-ખેતીની જમીન સિવાયની સ્થાવર મિલકત પર કરવેરા	477.83	362.98	75.97
21	0406-વન સંવર્ધન અને વન્ય જીવન	30.88	22.17	71.78
22	0071-પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો અંગે ફાળો અને વસૂલાત	37.14	26.56	71.53
23	0405-મત્સ્યોદ્યોગ	19.22	13.23	68.84
24	1475-અન્ય સામાન્ય આર્થિક સેવાઓ	96.84	60.45	62.42
25	0056-જેલો	24.16	14.43	59.72
26	0210-તબીબી અને જાહેર આરોગ્ય	584.42	347.14	59.40
27	0250-અન્ય સામાજીક સેવાઓ	232.81	136.54	58.65

સોત: 2022-23 ના નાણાકીય હિસાબો

2022-23 દરમિયાન જ્યારે ઉચિત ગૌણ સદર ઉપલબ્ધ હોય ત્યારે ગૌણ સદર 800ના અયોગ્ય ઉપયોગના કેટલાક ઉદાહરણો **પરિશિષ્ટ 4.4**માં આપ્યા છે.

સર્વગ્રાહક ગૌણ સદર 800 હેઠળ મોટી રકમોનું વર્ગીકરણ નાણાકીય અહેવાલોમાં પારદર્શિતાને અસર કરે છે અને ફાળવણીની પ્રાથમિકતાઓના પૃથક્કરણ અને ખર્ચની ગુણવત્તાને બગાડી નાખે છે.

4.8 ઉપલક અને ઋણ, થાપણ અને ભરણાના મુખ્ય સદરો હેઠળ બાકી સિલકો

એક અથવા બીજા કારણસર હિસાબના નિર્ણાયક સદરમાં નોંધી શકાય એમ ન હોય એવા વ્યવહારો દર્શાવવા માટે સરકારના હિસાબોમાં ઉપલક સદર ખોલવામાં આવે છે. આવા હિસાબી સદરોમાં રહેલી રકમોને જ્યારે તેમના સંબંધિત નિર્ણાયક સદરે નોંધવામાં આવે ત્યારે, ઉપલક સદરોમાં બાદ ઉધાર અથવા બાદ જમા દ્વારા છેવટે તેને દૂર કરવામાં આવે છે. જો ઉપલક સદર હેઠળની રકમો પતાવટ થયા વગર રહે તો, આ સદરો હેઠળની સિલકો જમા થયા કરશે જે પરિણામે સરકારની આવક અને ચૂકવણીઓ ઓછી દર્શાવશે.

ભરણાં એ તમામ વ્યવહારોને આવરી લે છે જે હિસાબોના સમાયોજનના સદરો હોય છે અને આ સદરોમાં ઉધાર અથવા જમા નોંધો છેવટે એજ અથવા હિસાબીકરણના અન્ય વર્તુળની અંદર અનુરૂપ જમા અથવા ઉધાર દ્વારા દૂર કરવામાં આવે છે.

નાણાકીય હિસાબો ઉપલક અને ભરણાંના સદરો હેઠળની ચોખ્ખી સિલકો દર્શાવે છે. આ સદરો હેઠળની બાકી સિલકોની ગણતરી જુદા જુદા સદરો હેઠળની અલગ અલગ બાકી ઉધાર અને જમા સિલકોનું એકત્રિકરણ કરીને કરવામાં આવે છે. ઉપલક અને ભરણાંના સદરોની બાબતો દૂર કરવાનો આધાર રાજ્યની તિજોરીઓ/ બાંધકામ અને વન વિભાગો, વગેરે દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતો પર છે.

ઉપલક અને ભરણાંના મુખ્ય સદરો હેઠળની છેલ્લા ત્રણ વર્ષ માટેની ચોખ્ખી સિલકો **કોઠા 4.12**માં આપી છે.

કોઠો 4.12: ઉપલક અને ભરણાંના સદરો હેઠળની સિલકો

(₹ કરોડમાં)

ગૌણ સદર	2020-21		2021-22		2022-23	
	ઉધાર	જમા	ઉધાર	જમા	ઉધાર	જમા
મુખ્ય સદર 8658 – ઉપલક						
101 – પગાર અને હિસાબ કચેરી ઉપલક	210.39	2.59	140.81	1.06	139.37	(-)0.93
ચોખ્ખી	**ઉધાર 207.80**		**ઉધાર 139.75**		**ઉધાર 140.30**	
102–ઉપલક હિસાબ-મુલ્કી	9.94	61.97	(-)8.45	(-)12.41	(-)9.69	(-)29.42
ચોખ્ખી	**જમા 52.03**		**ઉધાર 3.96**		**ઉધાર 19.73**	
109 – રિઝર્વ બેંક ઉપલક—મુખ્ય કચેરી	1.15	0.01	0.32	(-)0.04	0.33	0.00

ગૌણ સદર	2020-21		2021-22		2022-23	
	ઉધાર	જમા	ઉધાર	જમા	ઉધાર	જમા
ચોખ્ખી	**ઉધાર 1.14**		**ઉધાર 0.36**		**ઉધાર 0.33**	
110 – રિઝર્વ બેંક ઉપલક – મુખ્ય હિસાબી કચેરી	202.73	0.01	201.32	(-)0.02	201.34	4.39
ચોખ્ખી	**ઉધાર 202.72**		**ઉધાર 201.34**		**ઉધાર 196.95**	
112 – મૂળ સ્થાને કર કપાત (TDS) ઉપલક	0.00	38.77	0.00	49.51	0.00	60.73
ચોખ્ખી	**જમા 38.77**		**જમા 49.51**		**જમા 60.73**	
123 – અખિલ ભારતીય સેવાના અધિકારીઓની જૂથ વિમા યોજના	0.46	0.37	0.27	0.28	0.24	0.15
ચોખ્ખી	ઉધાર **0.09**		**જમા 0.01**		ઉધાર **0.09**	
મુખ્ય સદર 8782- ભરણાં						
102-જાહેર બાંધકામના ભરણાં	18,555.38	19,441.43	19,677.19	20,581.17	20,163.07	21,106.67
ચોખ્ખી	જમા **886.05**		**જમા 903.98**		**જમા 943.60**	
103–વન વિભાગના ભરણાં	1,096.28	1,150.27	1,215.40	1,345.30	1,384.39	1491.49
ચોખ્ખી	જમા **53.99**		**જમા 129.90**		જમા **107.10**	
108 અન્ય ભરણાં	95.98	109.96	90.47	105.13	96.76	109.00
ચોખ્ખી	જમા **13.98**		જમા **14.66**		જમા **12.24**	

સોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

પગાર અને હિસાબ કચેરી ઉપલક

પગાર અને હિસાબ કચેરીઓ અને મહાલેખાકારના (હિસાબ અને હક) હિસાબ કિતાબમાંથી ઉભા થતા આંતર-વિભાગીય અને આંતર-સરકારી વ્યવહારોના મેળવણાં માટે આ ગૌણ સદરનો ઉપયોગ કરવામાં આવે છે. આ ગૌણ સદર હેઠળના વ્યવહારો એક હિસાબી અધિકારીએ અન્ય હિસાબી અધિકારી જેના સામે ગૌણ સદર 'પીએઓ ઉપલક'નો ઉપયોગ કરવામાં આવ્યો છે તેના વતી ક્યાં તો કરેલી વસૂલાત અથવા તો ચૂકવણીઓ રજૂ કરે છે. જે હિસાબી અધિકારીના હિસાબમાં પ્રારંભિક વસૂલાત હિસાબમાં નોંધવામાં આવી હોય તેના દ્વારા ચેક જારી કરવામાં આવે ત્યારે આ સદરની જમા નોંધનો 'બાદ જમા' દ્વારા નિકાલ કરવામાં આવે છે. 'પીએઓ ઉપલક' હેઠળની ઉધાર નોંધ હિસાબી અધિકારી, જેના વતી ચૂકવણી કરવામાં આવી હતી તેના તરફથી ચેક મળે અને વટાવાય ત્યારે 'બાદ ઉધાર' દ્વારા નિકાલ કરવામાં આવે છે.

આ ગૌણ સદર હેઠળ બાકી ઉધાર સિલકનો અર્થ એવો થાય કે રાજ્ય સરકારની તિજોરી દ્વારા રાજ્ય સરકાર સિવાયની એજન્સીઓ વતી ચૂકવણીઓ કરવામાં આવી છે જેની સંબંધિત એજન્સીઓ પાસેથી વસૂલાત કરવાની બાકી છે. એ જ રીતે, બાકી જમા સિલકનો અર્થ એ કે રાજ્ય સરકાર સિવાયની એજન્સી પાસેથી રાજ્યની તિજોરીમાં ચૂકવણીઓ પ્રાપ્ત થઇ છે, પરંતુ સમાયોજન બાકી છે.

આ સદર હેઠળ ચોખ્ખી ઉધાર સિલક 2021-22 માં ₹ 139.75 કરોડ હતી તે 2022-23માં વધીને ₹ 140.30 કરોડ થઇ હતી.

ઉપલક હિસાબો (મુલ્કી)

આ વચગાળાના ગૌણ સદરનો ઉપયોગ એવા વ્યવહારોના હિસાબીકરણ માટે કરવામાં આવે છે જે કેટલીક માહિતી/ દસ્તાવેજો એટલે કે ભરતીયાં, ચલણો, વગેરેના અભાવે ખર્ચ અથવા આવકના નિર્ણાયક સદરમાં નોંધી શકાયા નથી. આ ગૌણ સદરને આવકની નોંધ કરવા માટે જમા કરવામાં આવે છે અને કરવામાં આવેલા ખર્ચ માટે ઉધારવામાં આવે છે. જરૂરી માહિતી/ દસ્તાવેજો મળે ત્યારે હિસાબોના સંબંધિત મુખ્ય/ પેટા-મુખ્ય/ ગૌણ સદરોમાં ઉધાર અથવા જમા હવાલા દ્વારા બાદ ઉધાર અથવા બાદ જમા નોંધ દ્વારા આ ગૌણ સદર દૂર કરવામાં આવે છે.

આ સદર હેઠળની બાકી ઉધાર સિલકનો અર્થ એવો થાય કે ભરતીયાં જેવી વિગતોના અભાવે કરવામાં આવેલી ચૂકવણીઓ નિર્ણાયક ખર્ચના સદરે ઉધારી શકાઈ ન હતી. બાકી જમા સિલકનો મતલબ એ થાય કે જે રકમો પ્રાપ્ત થઇ હતી તેને માહિતીના અભાવે આવકના નિર્ણાયક સદરમાં જમા કરી શકાઇ ન હતી. ઉપલક સિલકો દૂર ન થાય તો સરકારના આવક અને ખર્ચ ઓછા દર્શાવાય છે જે રાજકોષીય સૂચકાંકોને અસર કરે છે.

31 માર્ચ 2023ના રોજ આ સદરમાં ચોખ્ખી ઉધાર સિલક ₹ 19.73 કરોડ હતી, જે દર્શાવે છે કે આવકના નિર્ણાયક સદરના વર્ગીકરણ માટે જરૂરી માહિતી ઉપલબ્ધ ન હતી.

રિઝર્વ બેંક ઉપલક– કેન્દ્રીય હિસાબ કચેરી

આ સદરનો ઉપયોગ આંતર-સરકારી વ્યવહારો જેમાં બે સરકારો વચ્ચેની રોકડ સિલકો વચ્ચેની નાણાકીય પતાવટ ભારતીય રિઝર્વ બેંકના કેન્દ્રીય હિસાબ વિભાગને સૂચના આપીને કરવામાં આવે છે.

ભારતીય રિઝર્વ બેંક દ્વારા કરાયેલા નાણાકીય સમાયોજનની જાણ થયા બાદ આવકના નિર્ણાયક હિસાબી સદરે રકમ તબદીલ કરીને આ સદર દૂર કરવામાં આવે છે. મુખ્ય વ્યવહારો જેની આ ઉપલક સદર હેઠળ પતાવટ કરવામાં આવે છે તે ભારત સરકાર તરફથી મળેલું અનુદાન/ લોન અને તેમની પરત-ચૂકવણીઓ, જામીનગીરીઓનું વિમોચન અને ભારતીય રિઝર્વ બેંકની જાહેર ઋણ કચેરી દ્વારા તેના પર ચૂકવવામાં આવેલું વ્યાજ, અને સરકારના વિભાગોને માલસામાનના પુરવઠા માટે મહાનિયામક પુરવઠા અને નિકાલ (ડિરેક્ટર જનરલ ઓફ સપ્લાઇઝ એન્ડ ડિસ્પોઝલ્સ) દ્વારા કરવામાં આવેલી ચૂકવણીઓ છે.

31 માર્ચ 2023ના રોજ, અ સદર હેઠળ ઉધાર સિલક ₹ 196.95 કરોડ હતી.

4.9 વિભાગીય આંકડાઓનું મેળવણું

ગુજરાત અંદાજપત્રીય નિયમાવલી, 1983નો ફકરો 101 નિયત કરે છે કે નિયંત્રણ અધિકારીઓના હિસાબકિતાબમાં નોંધવામાં આવેલા આવક અને ખર્ચનું વર્ષ દરમિયાન દર મહિને મહાલેખાકારના

(હિસાબ અને હકના) હિસાબકિતાબમાં તે નોધવામાં આવેલા હોય તેની સાથે મેળવણું કરવું જોઇએ. આ બાબત નિયંત્રણ અધિકારીઓને (ક) ખર્ચ પર અસરકારક નિયંત્રણ રાખવામાં (ખ) તેમની અંદાજપત્રીય ફાળવણીનો અસરકારક રીતે વહીવટ કરવામાં, અને (ગ) તેમના હિસાબોની ચોકસાઇ સુનિશ્ચિત કરવા માટે સક્ષમ કરે છે.

2021-22 દરમિયાન આવકના 95.57 ટકા અને ચૂકવણીઓના 94.62 ટકાનું મેળવણું કરવામાં આવ્યું હતું. 2022-23 દરમિયાન જ્યારે આવકના 96.59 ટકાનું મેળવણું કરવામાં આવ્યું હતું ત્યારે, ચૂકવણીનું 92.89 ટકા જેટલું મેળવણાનું પ્રમાણ હાંસલ કરવામાં આવ્યુ હતું.

4.10 રોકડ સિલકોનું મેળવણું

31 માર્ચ 2023ના રોજ મહાલેખાકારના (હિસાબ અને હક) હિસાબકિતાબ મુજબ રાજ્ય સરકારની રોકડ સિલક અને ભારતીય રિઝર્વ બેંક દ્વારા જણાવવામાં આવેલી રોકડ સિલક વચ્ચે ₹ 3.86 કરોડનો (જમા) તફાવત હતો. આ ₹ 3.86 કરોડનો તફાવત એજન્સી બેંકો, તિજોરીઓ, ભારતીય રિઝર્વ બેંકના મુંબઇ ખાતે ઇડીપી કેન્દ્ર દ્વારા ભૂલભરેલી રજૂઆતો અને અન્ય પરચૂરણ કારણોના લીધે ઊભો થયો હતો. રોકડ સિલકમાં વિસંગતતાની પતાવટ કરવાની જરૂર છે.

4.11 ભારત સરકારના હિસાબી ધોરણોનું અનુપાલન

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા 2002માં સ્થાપવામાં આવેલુ સરકારી હિસાબી ધોરણ સલાહકાર બોર્ડ (GASAB), ઉત્તરદાયિત્વ નક્કી કરવાની પધ્ધતિને વધુ સારી બનાવવા માટે સરકારી હિસાબો અને નાણાકીય અહેવાલો માટેના ધોરણો ઘડે છે. માર્ચ 2023ની સ્થિતિએ, ત્રણ ભારતીય સરકારી હિસાબી ધોરણો (IGAS) જાહેર કરવામાં આવ્યાં છે.

આ ધોરણોની વિગતો અને વર્ષ 2022-23 માટેના નાણાકીય પત્રકોમાં ગુજરાત સરકાર દ્વારા આના અનુપાલનનું પ્રમાણ કોઠા 4.13માં આપવામાં આવ્યું છે.

કોઠો 4.13: ભારતીય સરકારી હિસાબી ધોરણોનું અનુપાલન

હિસાબી ધોરણ	ભારત સરકારના હિસાબી ધોરણોનો સાર	રાજ્ય સરકાર દ્વારા અનુપાલન	ઉણપ
ભારત સરકારના હિસાબી ધોરણો 1 *સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓ—જાહેર કરવાની જરૂરિયાત*	આ ધોરણ સરકાર માટે તેના નાણાકીય હિસાબોમાં વર્ષ દરમિયાન આપવામાં આવેલી બાયંધરીઓની મહત્તમ રકમ સાથે ઉમેરા, કાઢી નાખેલી, અમલ કરેલી, મુક્ત કરેલી અને વર્ષના અંતે બાકી બાંયધરીની રકમો જાહેર કરવાનું જરૂરી બનાવે છે.	આંશિક અનુપાલન	રાજ્ય સરકારે વર્ષ દરમિયાન આપેલી બાંયધરીઓની અધિકતમ રકમ જાહેર કરી હતી પરંતુ વસૂલાતપાત્ર બાયંધરી ફીનું ક્ષેત્ર-વાર વિભાજન રાજ્ય સરકાર દ્વારા પૂરું પાડવામાં આવ્યું ન હતું. વિભાગો દ્વારા બાંયધરીઓનું મેળવણું કરવામાં આવ્યું ન હતું. .

ભારત સરકારના હિસાબી ધોરણો 2 *સહાયક અનદાનનું હિસાબીકરણ અને વર્ગીકરણ*	છેવટના ઉપયોગને ધ્યાને લીધા વિના સહાયક અનુદાનનું વર્ગીકરણ અનુદાન આપનારના હિસાબોમાં મહેસૂલી ખર્ચ તરીકે અને અનુદાન મેળવનારના હિસાબોમાં મહેસૂલી આવક તરીકે કરવાનું હોય છે.	આંશિક અનુપાલન	2022-23 દરમિયાન, ગુજરાત સરકારે મહેસૂલી વિભાગ હેઠળ સાચી રીતે સહાયક અનુદાનની અંદાજપત્રીય જોગવાઈ અને હિસાબી નોંધ કરેલ છે. વસ્તુ રૂપે આપવામાં આવેલા સહાયક અનુદાનની માહિતી સરકાર દ્વારા મહાલેખાકારને (હિસાબ અને હકને) આપવામાં આવી ન હતી.
ભારત સરકારના હિસાબી ધોરણો 3 *સરકાર દ્વારા આપવામાં આવેલી લોન અને પેશગીઓ*	આ ધોરણ સરકાર દ્વારા આપવામાં આવતી લોન અને પેશગીઓની નાણાકીય હિસાબોમાં માન્યતા, માપણી, મૂલ્યાંકન અને રજૂઆતને લગતું છે. જેથી પૂર્ણ, ચોક્કસ અને એકરૂપ હિસાબી પ્રણાલી સુનિશ્ચિત કરી શકાય.	આંશિક અનુપાલન	રાજ્ય સરકારે લોનની સિલકો અને બાકી વસૂલાતો અને કાયમી ધોરણે મંજૂર કરવામાં આવેલી લોનની પુષ્ટિ કરવાની હોય છે. જો કે, સરકારે 31 માર્ચ 2023ના રોજની લોન અને પેશગીઓની વસૂલાતને લગતી માહિતી પૂરી પાડી છે છતાં, મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા સતત અનુસરણ કરતાં રહેવા છતાં બાકી લોનની સિલકો અને કાયમી 'ધોરણે આપવામાં આવેલી લોન' સંબંધિત માહિતીની પુષ્ટિ કરી નથી.

4.12 સ્વાયત્ત સંસ્થાઓના હિસાબોની રજૂઆત

રાજ્ય સરકાર દ્વારા વિકાસ, આવાસન, વગેરે ક્ષેત્રોમાં ઘણી સ્વાયત્ત સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. આ સ્વાયત્ત સંસ્થાઓ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971ની કલમ 19(2), 19(3) અને 20(1) હેઠળ ઑડિટને પાત્ર છે. રાજ્યમાં આવી 70 સ્વાયત્ત સંસ્થાઓના હિસાબનું ઑડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કરવામાં આવે છે. 70 સ્વાયત્ત સંસ્થાઓ પૈકી પ્રત્યેકની બાબતમાં અલગ ઑડિટ અહેવાલો રાજ્ય સરકારને રજૂ કરવાના હોય છે, જ્યારે 70 સ્વાયત્ત સંસ્થાઓમાંથી 43ની બાબતમાં અલગ ઑડિટ અહેવાલો રાજ્ય વિધાનસભામાં મુકવાના હોય છે.

પરિશિષ્ટ 4.5માં આપેલી વિગતો મુજબ 70માંથી માત્ર ચાર સ્વાયત્ત સંસ્થાઓએ વર્ષ 2022-23 માટેના હિસાબો રજૂ[7] કર્યા હતાં જ્યારે 66 સ્વાયત્ત સંસ્થાઓની બાબતમાં 31 જૂલાઇ 2023ની સ્થિતિએ 225 હિસાબો બાકી હતાં.

66 સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા હિસાબોની રજૂઆતમાં વિલંબનું વિભાજન **કોઠા 4.14**માં દર્શાવ્યું છે.

[7] સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા નાણાકીય વર્ષ પૂર્ણ થયાના ત્રણ મહિનાની અંદર એટલે કે દર વર્ષે 30 જુન સુધીમાં હિસાબો રજૂ કરવાના હોય છે.

કોઠો 4.14: હિસાબોની રજૂઆતમાં વિલંબ

ઑડિટ માટે હિસાબોની રજૂઆતમાં વિલંબ	
વિલંબનો સમયગાળો (31 જૂલાઇ 2023 સુધી)	સ્વાયત્ત સંસ્થાઓની સંખ્યા
1 વર્ષ સુધી	16
2 વર્ષ	14
2 વર્ષથી અધિક	36
કુલ	**66**

સોત: પ્રધાન મહાલેખાકાર (ઑડિટ- I) અને મહાલેખાકાર (ઑડિટ- II) ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી.

હિસાબો રજૂ કરવામાં અને અલગ ઑડિટ અહેવાલો રાજ્ય વિધાનસભાના મેજ પર મુકવામાં અસાધારણ વિલંબના પરિણામે સરકારનું મૂડીરોકાણ કરવામાં આવેલું છે એવી આ સંસ્થાઓની કામગીરીની ચકાસણીમાં વિલંબ થયો હતો. ઉપરાંત, સરકાર દ્વારા લેવા જરૂરી ઉપચારાત્મક પગલા, જો જરૂરી હોય તો, તે લેવામાં પણ વિલંબ થયો હતો.

4.13 લોન અથવા અનુદાનથી નોધપાત્ર ધિરાણ મેળવનાર સંસ્થાઓ અને સત્તાધિકારીઓ દ્વારા હિસાબોની રજૂઆત

31 માર્ચ 2023ના રોજ, 264 સ્વાયત્ત સંસ્થાઓ હતી જેને રાજ્યના સંચિત નિધિમાંથી અનુદાન અને લોન દ્વારા નોંધપાત્ર ધિરાણ આપવામાં આવ્યું હતું. તમામ 264 સ્વાયત્ત સંસ્થાઓ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ 1971ની કલમ 14 મુજબ ઑડિટને પાત્ર છે.

2022-23 દરમિયાન 84 સ્વાયત્ત સંસ્થાઓના કુલ 150 હિસાબોનું (અગાઉના વર્ષોના હિસાબો સહિત) ઑડિટ કરવામાં આવ્યું હતું. પાંચ[8] સ્વાયત્ત સંસ્થાઓએ 2022-23 માટેના તેમના હિસાબો રજૂ કર્યા હતાં. જો કે, 259 સ્વાયત્ત સંસ્થાઓના 2022-23 સુધીના ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971ની કલમ 14 હેઠળ મળવાપાત્ર 772 વાર્ષિક હિસાબો 31 જૂલાઇ 2023ની સ્થિતિએ પ્રધાન મહાલેખાકાર (ઑડિટ I) અને મહાલેખાકાર (ઑડિટ II), ગુજરાતની કચેરીઓને મળ્યા ન હતાં.

259 સ્વાયત્ત સંસ્થાઓ જેમણે હિસાબો રજૂ કર્યા ન હતાં તેની વિગતો **પરિશિષ્ટ 4.6** અને તેમની વય-વાર બાકી હિસાબોની સ્થિતિ **કોઠા 4.15**માં દર્શાવી છે.

કોઠો 4.15: સરકારી સંસ્થાઓ તરફથી મળવાપાત્ર વાર્ષિક હિસાબોની વય-વાર બાકી

ક્રમાંક	બાકી (વર્ષની સંખ્યા)	સંસ્થાઓ/ સત્તાધિકારીઓની સંખ્યા
1.	એક વર્ષ કરતાં ઓછું	107
2.	2-3	93
3.	4-5	24

[8] ગાંધીનગર ખાતે વન વિકાસ એજન્સી: પાટણ ખાતે વન વિકાસ એજન્સી; સુરક્ષા સેતુ સોસાયટી, મહિસાગર; સુરક્ષા સેતુ સોસાયટી, દાહોદ અને ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર.

ક્રમાંક	બાકી (વર્ષની સંખ્યા)	સંસ્થાઓ/ સત્તાધિકારીઓની સંખ્યા
4.	6-10	28
5.	10થી ઉપર	7
કુલ		**259**

સોતઃ પ્રધાન મહાલેખાકાર (ઑડિટ- I) અને મહાલેખાકાર (ઑડિટ- II) દ્વારા સંકલિત માહિતી.

ઉપરનો **કોઠો 4.15** દર્શાવે છે કે, 35 સ્વાયત્ત સંસ્થાઓના હિસાબો પાંચ કરતા અધિક વર્ષોથી બાકી હતાં. વાર્ષિક હિસાબોના અભાવે, આ સંસ્થાઓ/ સત્તાધિકારીઓને ચૂકવવામાં આવેલા અનુદાનો અને લોનનું હિસાબીકરણ/ વપરાશની ઑડિટ દ્વારા ચકાસણી કરી શકાઇ ન હતી.

વિવિધ સંસ્થાઓને ચૂકવવામાં આવેલા અનુદાનો અને લોનની બાબતમાં માહિતી રજૂ ન કરવી અને તેમના દ્વારા હિસાબો રજૂ ન કરવા એ ભંડોળના દુરુપયોગનું જોખમ વધારે છે. નાણા વિભાગે આવી તબદીલીઓ પર નજર રાખવી જરૂરી છે.

4.14 હિસાબોની સમયસરતા અને ગુણવત્તા

તેંત્રીસ જિલ્લા તિજોરીઓ, 157 જાહેર બાંધકામ વિભાગો અને 73 વન વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રારંભિક હિસાબો અને ગાંધીનગર અને અમદાવાદ ખાતેની પગાર અને હિસાબ કચેરીઓ દ્વારા સંકલિત હિસાબો અને ભારતીય રિઝર્વ બેંકની સૂચનાઓ પરથી મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા રાજ્ય સરકારના હિસાબો સંકલિત કરવામાં આવે છે. ભરતીયાં, તિજોરીઓ તથા અન્ય હિસાબો રજૂ કરતા એકમો દ્વારા પ્રારંભિક અને આનુષંગીક હિસાબો પરથી આ હિસાબો સંકલિત કરવામાં આવે છે, અને કોઇ હિસાબો પ્રાપ્ત થવાના બાકી ન હતાં.

4.15 દુર્વિનિયોગ, નુકસાન અને ઉચાપત

સામાન્ય નાણાકીય નિયમો, 2017ના નિયમ 33ની જોગવાઇ અનુસાર જાહેર નાણા, મહેસૂલ અથવા આવકના કોઇ પણ નુકસાન અથવા ખોટની જાણ સંબંધિત તાબાના અધિકારી દ્વારા આગળના ઉચ્ચ અધિકારીને તેમજ વૈધાનિક ઑડિટ અધિકારી અને સંબંધિત પ્રધાન હિસાબી અધિકારીને તુરંત જ કરવાની હોય છે.

રાજ્ય સરકારે ₹ 27.65 કરોડની (માર્ચ 2023 સુધીમાં) સરકારની રકમ સંકળાયેલી હતી એવા દુર્વિનિયોગ, નુકસાન અને ઉચાપત વગેરેના 168 કિસ્સાઓ જેના પર અંતિમ પગલા લેવાના બાકી હતાં તેની જાણ કરી હતી. ચોરી, દુર્વિનિયોગ/ સરકારના માલસામાનનું નુકસાન અને આગ/અકસ્માતના કારણે માર્ચ 2023ના અંતે પડતર નુકસાનની વિભાગ-વાર/ વર્ગ-વાર વિગતો **પરિશિષ્ટ 4.7**માં આપી છે. આનો સારાંશ **કોઠા 4.16**માં આપ્યો છે.

કોઠો 4.16: ચોરી, દુર્વિનિયોગ અને આગના કિસ્સા

વર્ગ/ પ્રકાર	કિસ્સાઓની સંખ્યા	સંકળાયેલી રકમ (₹ કરોડમાં)
ચોરી	43	0.44
દુર્વિનિયોગ/ સરકારી માલસામાનનું નુકસાન	104	25.27

વર્ગ/ પ્રકાર	કિસ્સાઓની સંખ્યા	સંકળાયેલી રકમ (₹ કરોડમાં)
આગ/ અકસ્માતના કિસ્સા	21	1.94
કુલ	**168**	**27.65**

સોત: સંબંધિત વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી પરથી પ્રધાન મહાલેખાકાર (ઑડિટ- I) અને મહાલેખાકાર (ઑડિટ- II) ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી.

પડતર 168 કિસ્સાઓની વય-વાર રૂપરેખાનો સારાંશ **કોઠા 4.17**માં આપ્યો છે.

કોઠો 4.17: દુર્વિનિયોગ, નુકસાન અને ઉચાપતના કેસોની વય-વાર રૂપરેખા

વર્ષોનો ગાળો	કિસ્સાઓની સંખ્યો	રકમ (₹ કરોડમાં)
5 સુધી	26	10.50
5 – 10	35	8.11
10 – 15	14	1.43
15 – 20	16	6.60
20 – 25	9	0.12
25 અને ઉપર	68	0.89
કુલ	**168**	**27.65**

સોત: સંબંધિત વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી પરથી પ્રધાન મહાલેખાકાર (ઑડિટ- I) અને મહાલેખાકાર (ઑડિટ- II) ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી

168 પડતર કિસ્સાઓ પૈકી, 87 કિસ્સાઓ (52 ટકા) ત્રણ વિભાગને લગતા હતાં એટલે કે, 35 કિસ્સાઓ: વન અને પર્યાવરણ વિભાગ, 28 કિસ્સાઓ: નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ અને 24 કિસ્સાઓ: મહેસૂલ વિભાગને લગતા હતાં.

168 કિસ્સાઓમાંથી 120માં પ્રથમદર્શી માહિતી અહેવાલો (FIRs) નોંધાવવામાં આવ્યાં હતાં. બાકીના 48 કિસ્સાઓમાં[9] વિભાગીય કાર્યવાહી પ્રગતિમાં હતી (નવેમ્બર 2023).

વિલંબ/ બાકી પડતર કિસ્સાઓ માટેના કારણો (કિસ્સા મુજબ અને રકમ મુજબ) **કોઠા 4.18માં** આપ્યા છે.

કોઠો 4.18: દુર્વિનિયોગ, નુકસાન અને ઉચાપતની પડતર માટેના કારણો

ક્રમાંક	વિલંબ/ બાકી પડતર કિસ્સાઓ માટેના કારણો	કિસ્સાઓની સંખ્યા	રકમ (₹ કરોડમાં)
1.	વિભાગીય અને ફોજદારી તપાસ બાકી	20	10.78
2.	વિભાગીય પગલા શરૂ થયા પરંતુ આખરી નિર્ણય બાકી	26	1.89
3.	ફોજદારી પ્રક્રિયા પૂર્ણ થઇ પરંતુ રકમની વસૂલાત માટે પ્રમાણપત્રનો અમલ કરવાનો બાકી	5	0.66

[9] વન અને પર્યાવરણ– 21 કિસ્સાઓ; આરોગ્ય અને પરીવાર કલ્યાણ– 01 કિસ્સો; નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર– 18 કિસ્સાઓ; માર્ગ અને મકાન– 05 કિસ્સાઓ; શિક્ષણ – 01 કિસ્સો; પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ– 01 કિસ્સો; સામાન્ય વહીવટ વિભાગ-01 કિસ્સો.

ક્રમાંક	વિલંબ/ બાકી પડતર કિસ્સાઓ માટેના કારણો	કિસ્સાઓની સંખ્યા	રકમ (₹ કરોડમાં)
4.	વસૂલાત અથવા માંડવાળના હુકમો બાકી	55	3.94
5.	કાનૂની અદાલતોમાં પડતર	61	10.37
6.	અન્યો	1	0[10]
	કુલ	**168**	**27.65**

સોતઃ સંબંધિત વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી પરથી પ્રધાન મહાલેખાકાર (ઑડિટ- I) અને મહાલેખાકાર (ઑડિટ- II) ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી.

4.16 રાજ્યના નાણાકીય ઑડિટ અહેવાલ પર અનુવર્તી કાર્યવાહી

જો કે, ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલો વર્ષ 2008-09થી તૈયાર કરવામાં આવી રહ્યા છે અને રાજ્યની વિધાનસભામાં રજૂ કરવામાં આવી રહ્યા છે છતાં જાહેર હિસાબ સમિતિ દ્વારા તે ચર્ચા માટે હાથ પર લેવામાં આવ્યાં નથી.

4.17 ઉપસંહાર

- સર્વસંગ્રાહક ગૌણ સદર 800-અન્ય આવક/ અન્ય ખર્ચના વિવેકહિન ઉપયોગે નાણાકીય અહેવાલોમાં પારદર્શિતાને અસર કરી છે અને ફાળવણીની પ્રાથમિકતાઓના યોગ્ય પૃથક્કરણ અને ખર્ચની ગુણવત્તાને અસ્પષ્ટ બનાવ્યા છે.
- નિયત સમયમર્યાદાની અંદર ₹ 10,407.98 કરોડની રકમના 3,732 વપરાશી પ્રમાણપત્રો રજૂ ન કરવાની બાબતે નાણાકીય જવાબદારીની પધ્ધતિને નબળી બનાવી છે.
- ઉચ્ચક આકસ્મિક બિલોના લાંબા સમયગાળા માટે બિન-સમાધાનમાં ઉચાપતનું જોખમ રહેલું છે, અને આથી વિગતવાર આકસ્મિક બિલોની રજૂઆતની ખાતરી કરવા માટે સંબંધિત ઉપાડ અને ચૂકવણી અધિકારીઓ દ્વારા ચાંપતી દેખરેખની જરૂર છે.
- સ્વાયત્ત સંસ્થાઓ અને સત્તાધિકારીઓ દ્વારા હિસાબો રજૂ કરવામાં નોંધપાત્ર વિલંબ થયો હતો, જે સરકારના સ્તરે આંતરિક નિયંત્રણ અને દેખરેખની ખામીયુક્ત પ્રણાલી દર્શાવે છે.

4.18 ભલામણો

- વપરાશી પ્રમાણપત્રો અને વિગતવાર આકસ્મિક બિલ રજૂ કરવામાં વિભાગો નિયત નિયમો અને પ્રણાલીઓનું પાલન કરે તે નિશ્ચિત કરવા રાજ્ય સરકારે સખત નિયંત્રણ વ્યવસ્થાની સ્થાપના કરવી જોઇએ.

- રાજ્ય સરકારે સર્વસંગ્રાહક ગૌણ સદર 800 હેઠળ હાલમાં દર્શાવેલ તમામ બાબતોની સર્વગ્રાહી સમીક્ષા કરવી જોઇએ અને આવી તમામ આવક અને ખર્ચની નોંધ હિસાબોના યોગ્ય સદર હેઠળ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવુ જોઇએ.

[10] જિલ્લા આંકડાશાસ્ત્રીય કચેરી, ગાંધીનગરમાં આગના કારણે રેકર્ડ નાશ પામ્યો.

પ્રકરણ V

રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની નાણાકીય કામગીરી

પ્રકરણ V
રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની નાણાકીય કામગીરી

5.1 પ્રસ્તાવના

આ પ્રકરણ સરકારી કંપનીઓ, સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ અને ગુજરાત સરકારના વૈધાનિક નિગમોના નાણાકીય કામગીરીનો સારાંશ તેમના દ્વારા રજૂ કરવામાં આવેલા હિસાબો/ માહિતી અને ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની (CAG) દેખરેખની ભૂમિકામાંથી મળેલ પરિણામોના આધારે રજૂ કરે છે. તે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા હાથ ધરવામાં આવેલા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના (જાહેર ઉપક્રમોના) નાણાકીય પત્રકોના પૂરક ઑડિટના પરિણામો અને વૈધાનિક નિગમોની બાબતમાં ચાલુ વર્ષ દરમિયાન મળેલા નાણાકીય પત્રકો પર ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા જારી કરવામાં આવેલી ટિપ્પણીઓની અસરના મુખ્ય અંશો રજૂ કરે છે.

રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સ્થાપના રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વિકાસ અને તેની પ્રજાના કલ્યાણ માટે વાણિજ્યિક પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે કરવામાં આવે છે.

5.2 સરકારી કંપનીની વ્યાખ્યા

કંપની અધિનિયમ, 2013ની કલમ 2 (45)માં સરકારી કંપનીની વ્યાખ્યા પ્રમાણે, એવી કંપની જેમાં કેન્દ્ર સરકાર, અથવા કોઇ રાજ્ય સરકાર અથવા સરકારો, અથવા આંશિક રીતે કેન્દ્ર સરકાર અને એક અથવા વધુ રાજ્ય સરકારો પાસે 51 ટકા કરતાં ઓછી નહીં તેટલી ભરપાઈ થયેલી શેર મૂડી હોય તો તે સરકારી કંપની છે. અને તેમાં કંપની જે સરકારી કંપનીની પેટા-કંપની હોય તેનો સમાવેશ થાય છે.

વૈધાનિક નિગમોની સ્થાપના રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે અને તેમનું સંચાલન તેમના સંબંધિત કાયદા દ્વારા થાય છે.

ઉપરાંત, કેન્દ્ર સરકાર, અથવા કોઇ પણ એક અથવા વધુ રાજ્ય સરકારો, અથવા આંશિક રીતે કેન્દ્ર સરકાર અને એક અથવા વધુ રાજ્ય સરકારો પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે માલિકી ધરાવતી હોય અથવા તેમના દ્વારા નિયંત્રિત હોય એવી અન્ય કોઇ પણ કંપનીનો[1] આ અહેવાલમાં સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ અહેવાલમાં, રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં, સરકારી કંપનીઓ, સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ અને ગુજરાત સરકારના વૈધાનિક નિગમોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

[1] કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા કંપનીઓ (મુશ્કેલીઓ દૂર કરવી) સાતમો હુકમ, 2014 (04.09.2014).

5.3 આદેશ

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક સરકારી કંપનીઓ માટે વૈધાનિક ઑડિટરોની નિમણૂક કરે છે અને કંપની અધિનિયમ, 2013ની કલમો 139(5) અને (7) હેઠળ કેવી રીતે નાણાકીય હિસાબોનું ઑડિટ કરવાનું છે તે બાબતમાં સૂચનાઓ જારી કરે છે. સરકારી કંપનીઓ અને સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓનું ઑડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તા અને સેવાની શરતો) અધિનિયમ, 1971 અને તે અંતર્ગત ઘડવામાં આવેલા નિયમોની સાથે વાંચતા કંપની અધિનિયમ, 2013ની કલમ 143 હેઠળ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કરવાનું હોય છે. ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકને પૂરક ઑડિટ કરવાની અને કંપની અધિનિયમ, 2013ની કલમ 143 હેઠળ વૈધાનિક ઑડિટરના ઑડિટ અહેવાલ પર ટિપ્પણી કરવાનો અથવા પૂર્તિ કરવાનો અધિકાર છે.

વૈધાનિક નિગમોના નિયમનકારી કાયદાઓ મુજબ એ પણ જરૂરી છે કે તેમના નાણાકીય હિસાબોનું ઑડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કરવામાં આવે અને અહેવાલ રાજ્યની વિધાનસભામાં રજૂ કરવામાં આવે.

5.4 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સંખ્યા અને નાણાકીય પત્રકોની સ્થિતિ

વર્ષ 2022-23ની શરૂઆતમાં, ગુજરાતમાં ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઑડિટ અધિકારક્ષેત્ર હેઠળ રાજ્યના જાહેર ક્ષેત્રના 100 ઉપક્રમો હતાં. નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન, રાજ્યના જાહેર ક્ષેત્રના ત્રણ[2] ઉપક્રમો ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઑડિટ અધિકારક્ષેત્ર હેઠળ આવ્યાં હતાં અને રાજ્યના જાહેર ક્ષેત્રના એક[3] નિષ્ક્રિય ઉપક્રમનું વિસર્જન કરવામાં આવ્યું હતું જ્યારે રાજ્યના જાહેર ક્ષેત્રનું એક[4] ઉપક્રમ વર્ષ દરમિયાન કાઢી નાંખવામાં આવ્યુ હતું. પરિણામે, 31 માર્ચ 2023ના રોજ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના અધિકારક્ષેત્ર હેઠળના ગુજરાતમાં રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સંખ્યા 101 રહી હતી. આમાં રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના નીચે મુજબના પ્રકારોનો સમાવેશ થાય છે:

---

2 (i) શ્રી કે. કે. શાસ્ત્રી સરકારી કોલેજોનો સંઘ, (ii) તાપી રિવરફ્રન્ટ વિકાસ નિગમ લિમિટેડ (TRDCL) અને (iii) ગુજરાત ટાઉન પ્લાનીંગ કન્સલ્ટન્સી લિમિટેડ (GTPCL).

3 ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડ (GSCCL) 08.02.2023ના રોજ વિસર્જન.

4 જીએસપીસી ઓફશોર લિમિટેડ નું નામ રજિસ્ટર ઓફ કંપનીમાંથી કાઢી નાંખવામાં આવ્યું હતું.

કોઠો 5.1: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના પ્રકારોની વિગતો

વિગતો	સરકાર નિયંત્રિત કંપનીઓ	વૈધાનિક નિગમો	કુલ	સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ	એકંદર કુલ
1	2	3	4=2+3	5	6=4+5
સક્રિય	54	4[5]	58	28	86
નિષ્ક્રિય	11	-	11	4	15
કુલ	**65**	**4**	**69**	**32**	**101**

સોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો, પ્રધાન મહાલેખાકાર (ઓડિટ-I) અને પ્રધાન મહાલેખાકાર (ઓડિટ- II), ગુજરાતની કચેરીઓ તરફથી મળેલી માહિતી મુજબ સંકલિત ડેટા

સરકાર નિયંત્રિત 65 કંપનીઓ પૈકી, બે શેરબજારમાં નોંધાયેલી કંપનીઓ[6] છે. એ જ રીતે, વૈધાનિક નિગમોમાં એક નોધાયેલું નિગમ[7] અને સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓમાં બે નોંધાયેલી કંપનીઓ[8] સામેલ છે. રાજ્યના જાહેર ક્ષેત્રના આ 101 ઉપક્રમોને **પરિશિષ્ટ 5.1**માં સૂચિબધ્ધ કર્યા છે.

રાજ્યના જાહેર ક્ષેત્રના 15 નિષ્ક્રિય ઉપક્રમો પૈકી, પાંચ[9] ફડચામાં છે. વધુમાં, નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન રાજ્યનું જાહેર ક્ષેત્રનું એક[10] ઉપક્રમ ફડચામાં ગયુ હતું. આ રાજ્યના નિષ્ક્રિય જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં ₹ 498.57 કરોડનું મૂડીરોકાણ છે, જેમાં ₹ 180.83 કરોડની મૂડી[11] (રાજ્ય સરકાર ₹ 139.29 કરોડ અને અન્ય ₹ 41.54 કરોડ) અને ₹ 317.74 કરોડની લાંબી મુદતની લોન (રાજ્ય સરકાર ₹ 287.53 કરોડ અને અન્ય ₹ 30.21 કરોડ) સામેલ છે. આ નિર્ણાયક વિસ્તાર છે કારણ કે, રાજ્યના જાહેર ક્ષેત્રના નિષ્ક્રિય ઉપક્રમો રાજ્યની આર્થિક વૃધ્ધિમાં કોઇ યોગદાન આપી શકતા નથી.

રાજ્યના જાહેર ક્ષેત્રના 101 ઉપક્રમોની નાણાકીય કામગીરી, 30 સપ્ટેમ્બર 2023 સુધીમાં મળેલા છેલ્લા આખરીરૂપ આપવામાં આવેલા નાણાકીય પત્રકો અને રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી માહિતીના આધારે, આ અહેવાલમાં આવરી લેવામાં આવી છે. રાજ્યના જાહેર

---

5 (i) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ (GSFC), (ii) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC), (iii) ગુજરાત રાજ્ય વખાર નિગમ (GSWC) અને (iv) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC).

6 (i) ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ (GMDC) અને (ii) ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડ (GSIL એક નોન-બેંકીંગ ફાઇનાન્સ કંપની છે જેના ડિબેન્ચરો સ્ટોક એક્ષચેન્જ પર નોધાયેલા છે).

7 ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ.

8 (i) ગુજરાત ગેસ લિમિટેડ (GGL) અને (ii) ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડ (GSPL).

9 (i) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ (AAGL), (ii) ગુજરાત કોમ્યુનિકેશન એન્ડ ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ (GCEL), (iii) ગુજરાત ઇર્મોઉદ્યોગ લિમિટેડ (GLIL), (iv) ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડ (GSICL) અને (v) ગુજરાત રાજ્ય ટેક્સ્ટાઇલ નિગમ લિમિટેડ (GSTCL).

10 બિસાગ સેટેલાઇટ કોમ્યુનિકેશન.

11 ₹ 81.57 કરોડના શેરની અરજીના નાણા સહિત.

ક્ષેત્રના ઉપક્રમોનો પ્રકાર અને 30 સપ્ટેમ્બર 2023ના રોજ રાજ્યના આ જાહેર ક્ષેત્રના ઉપક્રમોના નાણાકીય પત્રકોની સ્થિતિનો સારાંશ **કોઠા 5.2**માં આપ્યો છે.

કોઠો 5.2: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોનો વ્યાપ અને પ્રકાર

ક્રમાંક	જાહેર ઉપક્રમોનો પ્રકાર	કુલ જાહેર ઉપક્રમો	જાહેર ઉપક્રમોની સંખ્યા જેના વર્તમાન અહેવાલના સમયગાળામાં[12] નાણાકીય પત્રકો મળ્યા				જાહેર ઉપક્રમોની સંખ્યા જેના નાણાકીય પત્રકો 30 સપ્ટેમ્બર 2023ના રોજ બાકી છે (કુલ બાકી નાણાકીય પત્રકો)
			2022-23	2021-22	2020-21 અને પહેલાંના	કુલ	
1.	સરકારી કંપનીઓ	54	13	21	8	42	40[13](76)
2.	નિષ્ક્રિય સરકારી કંપનીઓ	11	-	1	-	1	9[14](58)
3.	**કુલ સરકારી કંપનીઓ (1+2)**	**65**	**13**	**22**	**8**	**43**	**49(134)**
4.	વૈધાનિક નિગમો	4	1	1	1	3	3(12)
5.	**કુલ (3+4)**	**69**	**14**	**23**	**9**	**46**	**52(146)**
6.	સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ	28	14	1	-	15	14(15)
7.	સરકાર નિયંત્રિત અન્ય નિષ્ક્રિય કંપનીઓ	4	1	-	-	1	3(27)
8.	**કુલ સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ (6+7)**	**32**	**15**	**1**	-	**16**	**17(42)**
9.	**એકંદર કુલ (5+8)**	**101**	**29**	**24**	**9**	**62**	**69(188)**

સ્રોત: 30 સપ્ટેમ્બર 2023 સુધી રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય પત્રકો મુજબ સંકલિત માહિતી.

આ સંદર્ભે વિગતવાર પૃથક્કરણ આગળના ફકરા 5.15.2માં આપ્યું છે.

[12] 1 ઓક્ટોબર 2022થી 30 સપ્ટેમ્બર 2023.

[13] આમાં 'તાપી રિવરફ્રન્ટ વિકાસ નિગમ લિમિટેડ'ના નાણાકીય પત્રકનો સમાવેશ થતો નથી કારણ કે, કંપની અધિનયમ, 2013ની કલમ 96ની સાથે કલમ 2(41) વાંચતાં તે અનુસાર તેનો પ્રથમ નાણાકીય હિસાબ 31 ડિસેમ્બર 2023 સુધી રજૂ કરવાપાત્ર નથી.

[14] 11 નિષ્ક્રિય સરકારી કંપનીઓમાંથી, બે એટલે કે, (i) ગુજરાત રાજ્ય ટેક્સ્ટાઈલ નિગમ લિમિટેડ અને (ii) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ ફડચામાં છે અને આથી તેમના નાણાકીય પત્રકો રજૂ કરવા બંધાયેલા નથી. આથી, બાકીના રાજ્યના જાહેર ક્ષેત્રના 9 ઉપક્રમોમાં પાછલી બાકી છે.

5.5 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને તેમનો રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનમાં ફાળો

રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની સામે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના ટર્નઓવરનો ગુણોત્તર રાજ્યના અર્થતંત્રમાં રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોનો ફાળો દર્શાવે છે.

હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓના પ્રકારના આધારે, સક્રિય 54 સરકારી કંપનીઓ અને ચાર વૈધાનિક નિગમોને પાંચ ક્ષેત્રોમાં વર્ગીકૃત કરવામાં આવ્યાં છે. 31 માર્ચ 2023 અંતિત ત્રણ વર્ષના સમયગાળા માટે ક્ષેત્ર-વાર ટર્નઓવરની સામે ગુજરાત રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનમાં આ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના ટર્નઓવરનો હિસ્સો **કોઠા 5.3**માં આપ્યો છે:

કોઠો 5.3: ગુજરાત સરકારના રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનની સામે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના ટર્નઓવરની વિગતો

(₹ કરોડમાં)

ક્રમાંક	ક્ષેત્ર	જાહેર ઉપક્રમોની સંખ્યા	2020-21	રાજ્યના એકંદર ધરેલું ઉત્પાદનની સામે ટર્નઓવરની ક્ષેત્ર-વાર ટકાવારી	જાહેર ઉપક્રમોની સંખ્યા	2021-22	રાજ્યના એકંદર ધરેલું ઉત્પાદનની સામે ટર્નઓવરની ક્ષેત્ર-વાર ટકાવારી	જાહેર ઉપક્રમોની સંખ્યા	2022-23	રાજ્યના એકંદર ધરેલું ઉત્પાદનની સામે ટર્નઓવરની ક્ષેત્ર-વાર ટકાવારી
1	ઊર્જા	8	1,05,661.08	6.46	8	1,20,127.13	6.14	8	1,47,407.74	6.52
2	નાણા	13	3,214.02	0.20	13	2,894.52	0.15	13	3,585.76	0.16
3	સેવા	14	8,367.31	0.51	15	8,526.24	0.44	16	7,788.04	0.35
4	માળખું	13	2,461.97	0.15	13	2,571.21	0.13	14	3,009.77	0.13
5	અન્ય[15]	7	16,100.44	0.98	7	28,234.41	1.44	7	32,393.28	1.43
કુલ ટર્નઓવર			**1,35,804.82**			**1,62,353.51**			**1,94,184.59**	
ગુજરાતનું એકંદર ધરેલું ઉત્પાદન			**16,36,781.00**			**19,57,583.00**			**22,61,715.00**	
ગુજરાતના એકંદર ધરેલું ઉત્પાદનની સામે ટર્નઓવરની ટકાવારી				**8.30**			**8.29**			**8.59**

સોત: રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનના આંકડા સંબંધિત વર્ષોના ગુજરાત સરકારના નાણાકીય હિસાબો મુજબના છે અને ટર્નઓવરના આંકડા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય પત્રકો મુજબ છે.

[15] અન્યમાં ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ લિમિટેડ, જેણે ગેસના વેપાર વ્યવસાયમાંથી પાછલા ચાર નાણાકીય વર્ષો દરમિયાન મોટી આવક મેળવી છે (2022-23માં 96 ટકા) તે સામેલ છે. તેણે પેટ્રોલિયમ નિષ્કર્ષણ અને અન્વેષણનો તેનો મુખ્ય વ્યવસાય ચાલુ રાખ્યો ન હોવાથી તેને 'અન્ય' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે.

રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોનો ફાળો 2021-22માં 8.29 ટકા હતો તે વધીને 2022-23માં 8.59 ટકા થયો હતો, રાજ્યના આ જાહેર ક્ષેત્રના ઉપક્રમોનું ટર્નઓવર 2021-22ની તુલનાએ 2022-23માં 19.60 ટકા જેટલું વધ્યું હતું. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દર 17.55 ટકા હતો, જ્યારે ટર્નઓવરનો ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દર 19.58 ટકા હતો.

2022-23 દરમિયાન, ઊર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમોએ ટર્નઓવરમાં મહત્તમ ફાળો આપ્યો છે, જે કુલ ટર્નઓવરના 75.91 ટકા જેટલો હતો.

5.5.1 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની નાણાકીય કામગીરીનો સારાંશ

સરકારી કંપનીઓ, વૈધાનિક નિગમો અને સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓની નાણાકીય કામગીરીની વિગતો **પરિશિષ્ટ 5.2**માં આપી છે. રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની નાણાકીય કામગીરીનો સારાંશ **કોઠા 5.4**માં આપ્યો છે.

કોઠો 5.4: 30 સપ્ટેમ્બર 2023ના રોજ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની (SPSUs) નાણાકીય કામગીરીનો સારાંશ

વિગતો	જાહેર ઉપક્રમોની સંખ્યા	રકમ (₹ કરોડમાં)
સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમો		
રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સંખ્યા	69	-
ભરપાઈ થયેલી મૂડી (ફાળવણી બાકી હોય તેવા શેરની અરજીના નાણા સહિત)	68[16]	1,31,961.77
લાંબી મુદતની લોન	32	16,500.47
કરવેરા બાદનો ચોખ્ખો નફો	46	7,059.23
કરવેરા બાદની ચોખ્ખી ખોટ	15	2,010.06
શૂન્ય નફો/ખોટ	7[17]	0
ચૂકવેલું ડિવિડન્ડ	2	416.14[18]

[16] આમાં 'તાપી રિવરફ્રન્ટ વિકાસ નિગમ લિમિટેડ (TRDCL)'ના નાણાકીય પત્રકો સામેલ નથી, કારણ કે કંપની અધિનિયમ, 2013ની કલમ 96ની સાથે કલમ 2(41) વાંચતા તે અનુસાર તેનું પ્રથમ નાણાકીય પત્રક 31 ડિસેમ્બર 2023 સુધી રજૂ કરવાપાત્ર નથી.

[17] રાજ્યના જાહેર ક્ષેત્રના ત્રણ ઉપક્રમો એટલે કે (i) ગુજરાત રાજ્ય પોલીસ આવાસન નિગમ લિમિટેડ (ii) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ અને (iii) ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઇડ સાયન્સીઝ, જેઓ આવક અને ખર્ચનું પત્રક તૈયાર કરે છે અને અધિક/ ખાધ તેમની અનામતની સામે સરભર થાય છે તે સામેલ છે.

[18] ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ (₹ 364 કરોડ) અને ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડ (₹ 52.14 કરોડ). ₹ 416.14 કરોડ પૈકી, ₹ 321.48 કરોડની રકમ ગુજરાત સરકારને ચૂકવવામાં આવી હતી.

વિગતો	જાહેર ઉપક્રમોની સંખ્યા	રકમ (₹ કરોડમાં)
કુલ અસ્કયામતો	64[19]	3,97,824.40
ચોખ્ખું મૂલ્ય	68	1,57,070.71
સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ		
રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સંખ્યા	32	-
ભરપાઈ થયેલી મૂડી (ફાળવણી બાકી હોય તેવા શેરની અરજીના નાણા સહિત)	32	7,186.27
લાંબી મુદતની લોન	10	7,615.20
કરવેરા બાદનો ચોખ્ખો નફો	17	2,868.07
કરવેરા બાદની ચોખ્ખી ખોટ	15	446.91
શૂન્ય નફો/ખોટ	-	-
ચૂકવેલું ડિવિડન્ડ	4	943.16[20]
કુલ અસ્કયામતો	32	40,380.80
ચોખ્ખું મૂલ્ય	32	22,048.63

સોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય પત્રકો પરથી સંકલિત માહિતી.

5.6 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં મૂડીરોકાણ અને અંદાજપત્રીય સહાય

5.6.1 રાજ્યના સક્રિય જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં ધારણ કરેલી શેરમૂડી

31 માર્ચ 2023ના રોજ રાજ્યના 101 જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં ગુજરાત સરકાર દ્વારા ક્ષેત્ર-વાર કુલ શેરમૂડી ફાળો અને ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલી લોન સહિત લાંબી મુદતની લોન **કોઠા 5.5**માં આપી છે.

[19] ચાર કંપનીઓના કિસ્સામાં એટલે કે (i) ગુજરાત ચર્મોદ્યોગ લિમિટેડ, (ii) ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડ (iii) ગુજરાત કોમ્યુનિકેશન એન્ડ ઇલેક્ટ્રોનિક્સ નિગમ લિમિટેડ અને (iv) ગુજરાત મત્સ્યોદ્યોગ વિકાસ નિગમ લિમિટેડના કિસ્સામાં, છેલ્લા નાણાકીય પત્રકો ઉપલબ્ધ નથી. આથી, આ કંપનીઓની બાબતમાં કુલ અસ્કયામતોને અહીં ધ્યાને લેવામાં આવી નથી.

[20] (i) ગુજરાત ગેસ લિમિટેડ (GGL) (₹ 457.78 કરોડ), (ii) ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડ (GSPL) (₹ 282.11 કરોડ), (iii) સાબરમતી ગેસ લિમિટેડ (SGL) [₹ 200 કરોડ (₹ 120 કરોડનું વચગાળાનું ડિવિડન્ડ સામેલ છે)] અને (iv) ગુજરાત ઇન્ફો પેટ્રો લિમિટેડ (GIPL) (₹ 3.27 કરોડ). વધુમાં, ₹ 943.16 કરોડ પૈકી, ₹ 29.92 કરોડની રકમ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ગુજરાત સરકારને ચૂકવવામાં આવી હતી.

કોઠો 5.5: 31 માર્ચ 2023ના રોજ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં રાજ્ય સરકારનું ક્ષેત્ર-વાર મૂડીરોકાણ

(₹ કરોડમાં)

ક્ષેત્રનો પ્રકાર	મૂડીરોકાણ							
	કુલ શેરમૂડી	ગુજરાત સરકારની શેરમૂડી	કુલ લાંબી મુદતની લોન	ગુજરાત સરકારની લોન	ક્ષેત્ર-વાર કુલ મૂડીરોકાણ	ગુજરાત સરકારનું કુલ ક્ષેત્ર-વાર મૂડીરોકાણ	ગુજરાત સરકારના કુલ મૂડીરોકાણની ક્ષેત્ર-વાર ટકાવારી	ગુજરાત સરકારના મૂડીરોકાણ ની ક્ષેત્ર-વાર ટકાવારી
1	2	3	4	5	6=2+4	7=3+5	8=7/6*100	9
ઊર્જા	50,346.45	34,495.76	4,867.11	1,220.07	55,213.56	35,715.83	64.69	28.40
નાણા	1,638.55	1,559.07	4,575.75	1,474.43	6,214.30	3,033.50	48.81	2.41
સેવા	8,838.43	4,812.71	10,834.48	5,371.66	19,672.91	10,184.37	51.77	8.10
માળખાકીય	81,229.52	72,658.13	14,162.62	2,393.00	95,392.14	75,051.13	78.68	59.68
અન્ય	2,475.95	969.51	7,525.24	797.80	10,001.19	1,767.31	17.67	1.41
કુલ	**1,44,528.90**	**1,14,495.18**	**41,965.20**	**11,256.96**	**1,86,494.10**	**1,25,752.14**	**67.43**	**100**

સ્રોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી માહિતી મુજબ સંકલિત.

31 માર્ચ 2023ના રોજ, ₹ 1,25,752.14 કરોડના[21] રાજ્યના 101 જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં રાજ્ય સરકારના કુલ મૂડીરોકાણમાં શેરમૂડી ₹ 1,14,495.18 કરોડ (91.05 ટકા) અને લાંબી મુદતની લોન ₹ 11,256.96 કરોડનો (8.95 ટકા) સમાવેશ થાય છે. રાજ્ય સરકારના મૂડીરોકાણનો ભાર મુખ્યત્વે માળખાકીય ક્ષેત્ર (59.68 ટકા) અને ઉર્જા ક્ષેત્ર (28.40 ટકા) પર હતો.

માર્ચ 2023ના અંતે રાજ્ય સરકારનું નોંધપાત્ર મૂડીરોકાણ (₹ 1,000 કરોડથી વધુ) ધરાવતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની યાદી નીચે **કોઠા 5.6માં** આપી છે.

કોઠો 5.6: 31 માર્ચ 2023ના રોજ રાજ્ય સરકારનું નોંધપાત્ર મૂડીરોકાણ

ક્રમાંક	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમનું નામ	વિભાગનું નામ	રકમ (₹ કરોડમાં)
1	સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ	નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર	70,226.79
2	ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ	ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ	34,088.60
3	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ	બંદરો અને પરિવહન	8,194.78
4	ગુજરાત મેટ્રો રેલ નિગમ લિમિટેડ	શહેરી વિકાસ અને શહેરી આવાસન	4,415.98
5	ગુજરાત બિન-અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ	સામાજીક ન્યાય અને અધિકારિતા	1,761.79

[21] આ ફકરાના આંકડા આ અહેવાલના પ્રકરણ - IIમાં **ફકરા નં. 2.4.3.2માં** દર્શાવ્યા છે તેની સાથે મળતા નથી કારણ કે પ્રકરણ- IIમાં દર્શાવેલ આંકડાનો સોત નાણાકીય હિસાબો છે જ્યારે અહીં દર્શાવેલ છે તે સંબંધિત રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા આપવામાં આવેલી માહિતી પરથી લેવામાં આવ્યાં છે.

ક્રમાંક	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમનું નામ	વિભાગનું નામ	રકમ (₹ કરોડમાં)
6	ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડ	નાણા	1,402.77
7	ગુજરાત ઊર્જા પ્રવાહન નિગમ લિમિટેડ	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ	1,091.37
	કુલ		**1,21,182.08**

સ્રોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી માહિતી પરથી સંકલિત.

5.6.2 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને અંદાજપત્રીય સહાય

રાજ્ય સરકાર રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને વાર્ષિક અંદાજપત્ર દ્વારા વિવિધ સ્વરૂપમાં નાણાકીય સહાય પુરી પાડે છે. 31 માર્ચ 2023 અંતિત છેલ્લા ત્રણ વર્ષો માટે શેરમૂડી, લોન, અનુદાન/ સહાયકી, લોનની પરતચૂકવણી/ માંડવાળ અંગેની અંદાજપત્રીય જાવક અને સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોની બાકી બાંયધરીઓની વિગતોનો સારાંશ નીચે **કોઠા 5.7**માં આપ્યો છે.

કોઠો 5.7: સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોને અંદાજપત્રીય સહાય બાબતની વિગતો દર્શાવતું પત્રક

(₹ કરોડમાં)

ક્રમાંક	વિગતો	2020-21		2021-22		2022-23	
		જાહેર ઉપક્રમો ની સંખ્યા	રકમ	જાહેર ઉપક્રમો ની સંખ્યા	રકમ	જાહેર ઉપક્રમો ની સંખ્યા	રકમ
ઊર્જા ક્ષેત્રના રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો							
(i)	શેરમૂડીની જાવક	2	3,334.57	2	3,710.23	2	3,459.47
(ii)	આપવામાં આવેલું અનુદાન/ સહાયકી	2	40.00	8	1,552.89	7	10,854.27
(iii)	આપવામાં આવેલી લોન	-	-	-	-	1	300.19
(iv)	**કુલ જાવક (i+ii+iii)**		**3,374.57**		**5,263.12**		**14,613.93**
(v)	લોનની પરત ચૂકવણી/ માંડવાળ કરેલી લોન	-	-	-	-	4	144.70
(vi)	આપેલી બાંયધરીઓ	-	-	-	-	-	-
(vii)	પ્રતિબદ્ધ બાકી બાંયધરીઓ	-	-	-	-	-	-
ઉર્જા સિવાય							
(i)	શેરમૂડીની જાવક	6	1,009.46	9	3,221.81	9	1,951.76
(ii)	આપવામાં આવેલું અનુદાન/ સહાયકી	12	2,248.13	12	3,466.75	15	6,280.76
(iii)	આપવામાં આવેલી લોન	6	159.91	5	380.94	9	975.67
(iv)	**કુલ જાવક (i+ii+iii)**		**3,417.50**		**7,069.50**		**9,208.19**
(v)	લોનની પરત ચૂકવણી/ માંડવાળ કરેલી લોન	-	-	1	115.00	2	25.62
(vi)	આપેલી બાંયધરીઓ	-	-	2	55.32	1	14.97
(vii)	પ્રતિબદ્ધ બાકી બાંયધરીઓ	2	37.85	2	50.92	1	14.97

સ્રોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી માહિતી પરથી સંકલિત.

મુદ્દલ અને વ્યાજની પરતચૂકવણી માટે બાંયધરી આપીને રાજ્ય સરકાર, બેંકો અને નાણાકીય સંસસ્થાઓ પાસેથી લોન ઉભી કરવામાં રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને સહાય કરે છે. ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, ઊર્જા ક્ષેત્રના રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને શેરમૂડી અને અનુદાન/ સહાયકી અને લોન માટે રાજ્ય સરકારની અંદાજપત્રીય સહાય ₹ 5,263.12 કરોડ (2021-22) થી વધીને ₹ 14,613.93 કરોડ (2022-23) થઇ હતી. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ઊર્જા ક્ષેત્ર સિવાયના રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને શેરમૂડી, અનુદાન/ સહાયકી અને લોન માટે અંદાજપત્રીય સહાય ₹ 3,417.50 કરોડથી (2020-21) ₹ 9,208.19 કરોડ (2022-23) વચ્ચે રહી હતી.

ઉપરાંત, 2022-23 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 378.31 કરોડ (શેરમૂડી ₹ 158.75 કરોડ, અનુદાન/ સહાયકી ₹ 216.55 કરોડ અને લોનની ₹ 3.01 કરોડ) રકમની સરકાર નિયંત્રિત અન્ય પાંચ[22] કંપનીઓને નાણાકીય સહાય પુરી પાડી હતી.

ઊર્જા ક્ષેત્ર સિવાયના રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને આપવામાં આવેલી પ્રતિબદ્ધ બાંયધરી 2021-22માં ₹ 50.92 કરોડ હતી તે ઘટીને 2022-23માં ₹ 14.97 કરોડ થઇ હતી. બેંકો/ નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવવા માટે લોન લેનારના આધારે રાજ્ય સરકાર વાર્ષિક 0.25 ટકાથી એક ટકાના દરે બાંયધરી ફી વસૂલ કરે છે. રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી માહિતી પ્રમાણે, 2022-23 દરમિયાન રાજ્યના જાહેર ક્ષેત્રના ત્રણ[23] ઉપક્રમો દ્વારા રાજ્ય સરકાર ₹ 28.81 કરોડની બાંયધરી ફી ચુકવવામાં આવી હતી.

5.7 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં રોકેલી શેરમૂડીની બજારકિંમત (માર્કેટ કેપીટલાઇઝેશન)

માર્કેટ કેપીટાલાઇઝેશન નોંધાયેલી (લિસ્ટેડ) કંપનીઓના શેરની બજાર કિમત દર્શાવે છે. 31 માર્ચ 2023ના રોજ, માત્ર રાજ્યના જાહેર ક્ષેત્રના ચાર[24] ઉપક્રમોના શેર શેરબજારમાં નોંધાયેલા છે. 31 માર્ચ 2022ના રોજ ₹ 55,383.44 કરોડના શેરમૂડી રોકાણની કુલ બજાર કિમતની સામે 31 માર્ચ 2023ના રોજ તે ₹ 50,675.95 કરોડ રહી હતી જેમાં ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ (₹ 4,025.88 કરોડ), ગુજરાત ગેસ લિમિટેડ (₹ 31,645.00 કરોડ), ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડ (₹ 14,951.60 કરોડ) અને ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ (₹ 53.47 કરોડ) સામેલ છે. રાજ્યના જાહેર ક્ષેત્રના ત્રણ ઉપક્રમોમાં રાજ્ય સરકારનું શેરમૂડી રોકાણ ₹ 105.15 કરોડ (ગુજરાત ખનીજ વિકાસ નિગમ ₹ 47.06 કરોડ, ગુજરાત ગેસ લિમિટેડ ₹ 9.00 કરોડ, ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ ₹ 49.09 કરોડ) છે. ગુજરાત સરકારનું ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડમાં કોઈ શેરમૂડી રોકાણ નથી.

---

22 (i) જીએસપીએલ ઇન્ડિયા ગેસનેટ લિમિટેડ, (ii) દહેજ સેઝ લિમિટેડ, (iii) જીએસપીસી એલએનજી લિમિટેડ, (iv) બહુચરાજી રેલ નિગમ લિમિટેડ (v) નર્મદા ક્લીન ટેક (NCT).

23 સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (ii) ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ અને (iii) ગુજરાત ગેસ લિમિટેડ.

24 આનો **ફકરા 5.4** સાથે મેળ થશે નહીં કારણ કે ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડના માત્ર ડિબેન્ચર નોંધાયેલા છે.

5.8 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોનું પુનર્ગઠન, વિનિવેશ અને ખાનગીકરણ

વર્ષ 2022-23 દરમિયાન, રાજ્યના જાહેર ક્ષેત્રના કોઇ ઉપક્રમનું ન તો વિનિવેશ કરવામાં આવ્યું હતું કે ન કોઇ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમનું ખાનગીકરણ કરવામાં આવ્યું હતું.

5.9 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને આપવામાં આવેલી બાકી લોનનું પૃથક્કરણ

5.9.1 31 માર્ચ 2023ના રોજ બાકી લાંબી-મુદતની લોન

31 માર્ચ 2023ના રોજ, રાજ્યના જાહેર ક્ષેત્રના 100 ઉપક્રમો[25] પૈકી 42માં તમામ સ્રોતોમાંથી લેવામાં આવેલી લાંબી મુદતની કુલ બાકી લોન ₹ 24,115.67 કરોડ[26] હતી. રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની લાંબી મુદતની બાકી લોનમાં પાછલા વર્ષ 2021-22ની (₹ 27,364.99 કરોડ) તુલનાએ 2022-23 દરમિયાન ₹ 3,249.32 કરોડનો ચોખ્ખો ઘટાડો નોંધાયો હતો.

31 માર્ચ 2023ના રોજ કુલ લાંબી મુદતની બાકી લોન પૈકી, રાજ્ય સરકાર તરફથી લોન ₹ 6,755.89 કરોડ હતી, જેમાંથી નોંધપાત્ર રકમ (₹ 5,818.12 કરોડ) ચાર ઊર્જા ક્ષેત્ર સિવાયના રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો એટલે કે, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (₹ 3,423.15 કરોડ), ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ (₹ 661.68 કરોડ), ગુજરાત બિન-અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ (₹ 398.78 કરોડ), ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડ (₹ 360 કરોડ) અને એક ઊર્જા ક્ષેત્રનું રાજ્યનું જાહેર ક્ષેત્રનું ઉપક્રમ એટલે કે ગુજરાત ઊર્જા પ્રવાહન નિગમ લિમિટેડને (₹ 974.51 કરોડ) લગતી હતી.

રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની લાંબી મુદતની બાકી લોનની વર્ષ-વાર વિગતો **આલેખ 5.1**માં દર્શાવી છે.

---

[25] આમાં તાપી રિવરફ્રન્ટ વિકાસ નિગમ લિમિટેડના (TRDCL) નાણાકીય પત્રકોનો સમાવેશ થતો નથી કારણ કે, કંપની અધિનયમ, 2013ની કલમ 96ની સાથે કલમ 2(41) વાંચતાં તે અનુસાર તેનો પ્રથમ નાણાકીય હિસાબ 31 ડિસેમ્બર 2023 સુધી રજૂ કરવાપાત્ર નથી.

[26] આ રકમોનો **કોઠા 5.5ની** રકમો, જે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા આપવામાં આવેલી માહિતીને આધારે તૈયાર કરવામાં આવી છે તેની સાથે મેળ ખાશે નહીં. **કોઠા 5.5માં** આપેલી રકમોમાં જેના નાણાકીય પત્રકો પાછલા બાકી છે તેની પાછલા વર્ષની બાકી લોનની વિગતો સામેલ છે. જ્યારે આ ફકરામાં સામેલ લાંબી મુદતની લોન રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય પત્રકો પરથી લેવામાં આવી છે.

આલેખ 5.1 સંબંધિત વર્ષની 31 માર્ચના રોજ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની લાંબી મુદતની બાકી લોનની વિગતો



સ્રોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી સંકલિત માહિતી.

લાંબી મુદતની લોન ધરાવતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સંખ્યા 2021-22માં 46થી ઘટીને 2022-23માં 42 થઇ હતી. રાજ્યના જાહેર ક્ષેત્રના ચાર ઉપક્રમો એટલે કે, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ગુજરાત ગેસ લિમિટેડ, ગુજરાત રાજ્ય ઉર્જા ઉત્પાદન લિમિટેડ અને ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ લિમિટેડ પાસે 2022-23ના અંતે કોઇ લાંબી મુદતની બાકી લોન નથી. વધુમાં, રાજ્યના જાહેર ક્ષેત્રનું એક નવું ઉપક્રમ એટલે કે ગુજરાત ટાઉન પ્લાનીંગ કન્સલ્ટન્સી લિમિટેડ સામેલ થયું છે જ્યારે રાજ્યના જાહેર ક્ષેત્રનું એક ઉપક્રમ એટલે કે, ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનું 2022-23ની શરૂઆત પહેલાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

5.9.2 લોનની જવાબદારીઓ પરિપૂર્ણ કરવા માટે અસ્કયામતોની પર્યાપ્તતા

કંપની સધ્ધર રહી શકે એમ છે કે નહીં તે નક્કી કરવાની પધ્ધતિઓ પૈકીની એક લાંબી મુદતની લોનની સામે કુલ અસ્કયામતોનો ગુણોત્તર છે. સદ્ધર કંપની તરીકે ગણતરીમાં રહેવા માટે, કોઇ એકમની અસ્કયામતોનું મૂલ્ય તેની લાંબી મુદતની લોન કરતાં વધારે હોવું જોઇએ. રાજ્યના જાહેર ક્ષેત્રના 42 ઉપક્રમો[27] જેમની 31 માર્ચ 2023ના રોજ કુલ અસ્કયામતોનું મુલ્ય તેની લાંબી મુદતની લોન ભરવા પર્યાપ્ત હતું તેની વિગતો નીચે **કોઠા 5.8**માં આપી છે.

[27] લાંબી મુદતની બાકી લોન ધરાવતા રાજ્યના જાહેર ક્ષેત્રના 42 ઉપક્રમો પૈકી, રાજ્યના જાહેર ક્ષેત્રના ચાર નિષ્ક્રિય ઉપક્રમોની એટલે કે, ગુજરાત કોમ્યુનિકેશન્સ એન્ડ ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ (ફડચામાં), ગુજરાત મત્સ્યોદ્યોગ વિકાસ નિગમ લિમિટેડ, ગુજરાત ચર્મોદ્યોગ લિમિટેડ (ફડચામાં) અને ગુજરાત લઘુ ઉદ્યોગ લિમિટેડની (ફડચામાં) કુલ અસ્કયામતોની વિગતો ઉપલબ્ધ ન હતી અને આથી કોઠામાં ધ્યાને લેવામાં આવી નથી.

કોઠો 5.8: 31 માર્ચ 2023ના રોજ લાંબી મુદતની લોન સાથે કુલ અસ્કયામતોની પર્યાપ્તતા

રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમનો પ્રકાર	હકારાત્મક પર્યાપ્તતા				નકારાત્મક પર્યાપ્તતા			
	જાહેર ઉપક્રમો ની સંખ્યા	લાંબી મુદતની લોન	અસ્કયામતો	લોનની સામે અસ્કયામતોની ટકાવારી	જાહેર ઉપક્રમો ની સંખ્યા	લાંબી મુદતની લોન	અસ્કયામતો	લોનની સામે અસ્કયામતો ની ટકાવારી
		(₹ કરોડમાં)				(₹ કરોડમાં)		
નોંધાયેલ								
સરકારી કંપનીઓ	1	360.00	5,073.97	1,409.44	-	-	-	-
સરકાર નિયંત્રિત અન્ય કંપની	-	-	-	-	-	-	-	-
વૈધાનિક નિગમ	1	661.68	3,370.97	509.46	-	-	-	-
નહી નોંધાયેલ								
સરકારી કંપનીઓ	23	11,727.13	2,32,010.63	1,978.41	2	273.63	154.67	56.53
સરકાર નિયંત્રિત અન્ય કંપની	8	7,608.37	15,481.86	203.48	2	6.83	0.60	8.78
વૈધાનિક નિગમ	1	3,441.02	9,219.77	267.94	-	-	-	-
કુલ	**34**	**23,798.20**	**2,65,157.20**	**1,114.19**	**4**	**280.46**	**155.27**	**55.36**

સ્રોતઃ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા અખરીરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી સંકલિત માહિતી.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે રાજ્યના જાહેર ક્ષેત્રના નિષ્ક્રિય ચાર ઉપક્રમો એટલે કે ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડ, આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ, ગુજરાત રાજ્ય મશીન ટુલ્સ નિગમ લિમિટેડ અને ગુજરાત ટ્રાન્સ રિસિવર્સ લિમિટેડની; લાંબી મુદતની બાકી લોન તેની કુલ અસ્કયામતોથી અધિક હતી.

5.10 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી વળતર

વર્ષ 2022-23 દરમિયાન 64 સરકાર નિયંત્રિત કંપનીઓ[28] અને 4 વૈધાનિક નિગમો પૈકી, 46 એ નફો કર્યો હતો, 15 એ નુક્સાન કર્યું હતું અને સાતમાં[29] નહીં નફો/ નહીં નુકસાન હતું. વધુમાં, 32 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ પૈકી, વર્ષ 2022-23 દરમિયાન 17 એ નફો જ્યારે 15 એ નુકસાન નોંધાવ્યું હતું.

[28] આમાં તાપી રિવરફ્રન્ટ વિકાસ નિગમ લિમિટેડના (TRDCL) નાણાકીય પત્રકોનો સમાવેશ થતો નથી કારણ કે, કંપની અધિનયમ, 2013ની કલમ 96ની સાથે કલમ 2(41) વાંચતાં તે અનુસાર તેના પ્રથમ નાણાકીય પત્રકો 31 ડિસેમ્બર 2023 સુધી રજૂ કરવાપાત્ર ન હતાં.

[29] રાજ્યના જાહેર ક્ષેત્રના ત્રણ ઉપક્રમો એટલે કે (i) ગુજરાત રાજ્ય પોલીસ આવાસન નિગમ લિમિટેડ (ii) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ અને (iii) ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઇડ સાયન્સીસ જે આવક અને ખર્ચના પત્રકો તૈયાર કરે છે અને અધિક/ ખાધનું અનામતોની સામે સમાયોજન કરે છે તેનો સમાવેશ થયો છે.

5.10.1 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા કમાવવામાં આવેલો નફો

રાજ્યના જાહેર ક્ષેત્રના આ 63 ઉપક્રમોનો (46 સરકાર નિયંત્રિત કંપનીઓ અને 17 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ) એકંદર નફો તેમના છેલ્લા નાણાકીય પત્રકોમાં જણાવ્યા મુજબ ₹ 9,927.30 કરોડ હતો. આમાં રાજ્યના પાંચ[30] નિષ્ક્રિય જાહેર ક્ષેત્રના ઉપક્રમો જેમણે નાણાકીય વર્ષ 2014-15 પહેલાંના સમયગાળાને લગતો ₹ 12.07 કરોડનો નફો નોંધાવ્યો હતો તેનો સમાવેશ થાય છે. ક્ષેત્ર-વાર વિગતો **કોઠા 5.9**માં આપી છે.

કોઠો 5.9: નફો કરતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની (SPSU) ક્ષેત્ર-વાર માહિતી

(₹ કરોડમાં)

વર્ષ	ક્ષેત્રો	નફો કરતા જાહેર ઉપક્રમોની સંખ્યા	કરવેરા બાદનો નફો	સંચિત નુકસાન/ વધારો	ચોખ્ખું મૂલ્ય
2020-21	ઊર્જા	10	2,169.70	6,266.77	61,171.51
	નાણાકીય	11	547.81	2,484.09	5,446.39
	સેવા	21	2,540.09	11,249.01	14,473.85
	માળખાકીય	7	447.72	2,465.57	2,857.95
	અન્ય	9	808.17	(-)14,012.32	107.61
	કુલ	**58**	**6,513.49**	**8,453.12**	**84,057.31**
2021-22	ઊર્જા	10	1,828.69	7,951.27	65,084.36
	નાણાકીય	11	275.62	2,612.35	5,574.65
	સેવા	23	2,848.92	13,774.91	17,351.90
	માળખાકીય	7	462.19	2,659.91	8,989.16
	અન્ય	10	1,642.62	(-)11,023.10	5,587.90
	કુલ	**61**	**7,058.04**	**15,975.34**	**1,02,588.00**
2022-23	ઊર્જા	10	1,594.25	9,501.51	74,893.35
	નાણાકીય	11	605.43	2,992.31	5,954.61
	સેવા	24	2,945.50	16,103.35	17,740.64
	માળખાકીય	8	540.71	3,066.10	9,447.00
	અન્ય	10	4,241.41	(-)6,883.57	9,721.12
	કુલ	**63**	**9,927.30**	**24,779.70**	**1,17,756.72**

સોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા આખરીરૂપ આપવામાં આવેલા નાણાકીય પત્રકો મુજબ સંકલિત માહિતી..

ટોચના 10 નફો કરતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની યાદી **કોઠા 5.10**માં આપી છે.

[30] રાજ્યના જાહેર ક્ષેત્રના પાંચ ઉપક્રમો એટલે કે (i) નૈની કોલ કંપની લિમિટેડ (2011-12), (ii) ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફાઇનાન્સ કંપની ગુજરાત લિમિટેડ (2010-11), (iii) બિસાગ સેટેલાઇટ કોમ્યુનિકેશન (2014-15), (iv) ગુજરાત મત્સ્યોદ્યોગ વિકાસ નિગમ લિમિટેડ (1998-99) અને (v) ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડ (2006-07).

કોઠો 5.10: ટોચના 10 નફો કરતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની યાદી

(₹ કરોડમાં)

ક્રમાંક	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના નામ	કરવેરા બાદનો નફો	જાહેર ઉપક્રમોના કુલ નફાની સામે નફાની ટકાવારી
સરકાર નિયંત્રિત કંપનીઓ અને વૈધાનિક નિગમો			
1	ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ લિમિટેડ	2,987.01	30.09
2	ગુજરાત ઊર્જા પ્રવાહન નિગમ લિમિટેડ	1,256.73	12.66
3	ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ	1,212.48	12.21
4	ગુજરાત રાજ્ય નાણાકીય સેવા લિમિટેડ	483.45	4.87
5	ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ	465.01	4.68
6	ગુજરાત ઉર્જા નિગમ લિમિટેડ	91.24	0.92
7	ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડ	81.16	0.82
સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ			
8	ગુજરાત ગેસ લિમિટેડ	1,525.47	15.37
9	ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડ	944.95	9.52
10	સાબરમતી ગેસ લિમિટેડ	321.93	3.24
	કુલ	**9,369.43**	**94.38**

સોતઃ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા આખરીરૂપ આપવામાં આવેલા નાણાકીય પત્રકો પરથી સંકલિત માહિતી.

એવું જોઇ શકાય છે કે ઉપર જણાવેલા રાજ્યના જાહેર ક્ષેત્રના દસ ઉપક્રમોએ 2022-23 દરમિયાન રાજ્યના જાહેર ક્ષેત્રના 63 ઉપક્રમોએ કમાયેલા કુલ નફાના 94.38 ટકા કમાયો હતો. આ પૈકી, ગુજરાત રાજય પેટ્રોલિયમ નિગમ લિમિટેડ, રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો પૈકીનું મહત્વનું એક છે જે કુદરતી ગેસનો વેપાર કરે છે. ગુજરાત ઊર્જા પ્રવાહન નિગમ લિમિટેડ એકાધિકારવાદી પરિસ્થિતિઓમાં ઊર્જા ક્ષેત્ર હેઠળ કાર્યરત પ્રવાહન કંપની છે. ગુજરાત ખનીજ વિકાસ નિગમે લિગ્નાઇટના વેચાણમાંથી નોંધપાત્ર આવક મેળવી હતી. નોન-બેંકીંગ નાણાકીય કંપની તરીકે નોધાયેલી ગુજરાત રાજ્ય નાણાકીય સેવા લિમિટેડે સ્પર્ધાત્મક દરે ગુજરાત સરકારના એકમોને નાણાકીય સેવાઓ પુરી પાડીને નફો મેળવ્યો હતો. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ રાજ્યમાં જાહેર ક્ષેત્રનું મુખ્ય ઉપક્રમ છે તેને જમીનનો વિકાસ કરીને ઔદ્યોગિક/ સંસ્થાકીય હેતુઓ માટે પડતર કિમત વત્તા સામાન્ય વ્યવસ્થાના ખર્ચના આધારે ફાળવણી કરવાનો અધિકાર છે. ગુજરાત ઊર્જા નિગમ લિમિટેડ પ્રાથમિક રીતે પુનઃપ્રાપ્ય ઉર્જાના વ્યવસાયમાં રોકાયેલી છે. ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડ, જે ભારતીય રિઝર્વ બેંક પાસે મુખ્ય મૂડીરોકાણ કંપની તરીકે નોંધાયેલી છે અને તેના ડિબેન્ચરોનું લિસ્ટીંગ કરાવેલું છે. ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડ, ગુજરાત ગેસ લિમિટેડ અને સાબરમતી ગેસ લિમિટેડ કુદરતી ગેસના વેચાણમાંથી મુખ્ય આવક મેળવે છે.

ક્ષેત્ર-વાર નફાકારકતાની વિગતો **કોઠા 5.11માં** આપી છે.

કોઠો 5.11: ક્ષેત્ર-વાર નફાકારકતા

(₹ કરોડમાં)

ક્ષેત્ર	નફો કરતા જાહેર ઉપક્રમોની સંખ્યા	કમાયેલો નફો	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના કુલ નફાની સામે ક્ષેત્રના નફાની ટકાવારી
ઊર્જા	10	1,594.25	16.06
નાણા	11	605.43	6.10
સેવા	24	2,945.49	29.67
માળખુ	8	540.71	5.45
અન્ય	10	4,241.41	42.72
કુલ	**63**	**9,927.30**	**100.00**

સ્રોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા આખરીરૂપ આપવામાં આવેલા નાણાકીય પત્રકો પરથી સંકલિત માહિતી..

5.10.2 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા કરવામાં આવેલી ખોટ

વર્ષ 2022-23 દરમિયાન, રાજ્યના જાહેર ક્ષેત્રના 30 ઉપક્રમોએ[31] (13 સરકાર નિયંત્રિત કંપનીઓ, બે વૈધાનિક નિગમો અને 15 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ) તેમના છેલ્લા નાણાકીય પત્રકો મુજબ ખોટ નોંધાવી હતી. **કોઠા 5.12માં** આપેલી વિગત મુજબ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા કરવામાં આવેલી એકંદર ચોખ્ખી ખોટ 2021-22માં ₹ 1,985.23 કરોડ હતી તે વધીને 2022-23માં ₹ 2,456.98 કરોડ થઇ હતી.

કોઠો 5.12: ખોટ કરી હતી એવા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સંખ્યા

(₹ કરોડમાં)

વર્ષ	ક્ષેત્રો	ખોટ કરતા જાહેર ઉપક્રમોની સંખ્યા	કરવેરા બાદ ચોખ્ખી ખોટ	સંચિત ખોટ	ચોખ્ખું મૂલ્ય
2020-21	ઊર્જા	શૂન્ય	શૂન્ય	શૂન્ય	શૂન્ય
	નાણા	3	(-)123.20	(-)2,935.80	(-)2,801.79
	સેવા	10	(-)471.81	(-)4,156.01	276.66
	માળખાકીય	9	(-)851.30	(-)7,445.80	66,343.10
	અન્ય	9	(-)437.18	13.73	3,947.66
	કુલ	**31**	**(-)1,883.49**	**(-)14,523.88**	**67,765.63**
2021-22	ઊર્જા	શૂન્ય	શૂન્ય	શૂન્ય	શૂન્ય
	નાણા	3	(-)128.09	(-)3,063.61	(-)2,929.60
	સેવા	9	(-)389.26	(-)4,350.58	306.94
	માળખાકીય	10	(-)846.16	(-)7,661.05	61,751.74
	અન્ય	8	(-)621.72	(-)1,351.82	(-)198.33
	કુલ	**30**	**(-)1,985.23**	**(-)16,427.06**	**58,930.75**
2022-23	ઊર્જા	શૂન્ય	શૂન્ય	શૂન્ય	શૂન્ય
	નાણા	3	(-)127.37	(-)3,190.98	(-)3,055.97

[31] રાજ્યના જાહેર ક્ષેત્રના સાત નિષ્ક્રિય ઉપક્રમો સામેલ છે.

વર્ષ	ક્ષેત્રો	ખોટ કરતા જાહેર ઉપક્રમોની સંખ્યા	કરવેરા બાદ ચોખ્ખી ખોટ	સંચિત ખોટ	ચોખ્ખું મૂલ્ય
	સેવા	12	(-)264.26	(-)4,523.69	2,285.87
	માળખાકીય	8	(-)1,549.30	(-)9,155.15	62,418.80
	અન્ય	7	(-)516.05	(-)1,509.21	(-)255.77
	કુલ	**30**	**(-)2,456.98**	**(-)18,379.00**	**61,392.93**

સોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા આખરીરૂપ આપવામાં આવેલા નાણાકીય પત્રકો પરથી સંકલિત માહિતી.

કરવેરા બાદની (-) ₹ 2,456.98 કરોડ જેટલી રકમની ચોખ્ખી ખોટ, સરકાર નિયંત્રિત 13 કંપનીઓ (₹ 1,851.11 કરોડ), બે વૈધાનિક નિગમો (₹ 158.96 કરોડ) અને 15 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ (₹ 446.91 કરોડ) દ્વારા નોંધાવવામાં આવી હતી.

ટોચના ખોટ કરતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની યાદી **કોઠા 5.13માં** આપી છે:

કોઠો 5.13: ટોચના ખોટ કરતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો

(₹ કરોડમાં)

ક્રમાંક	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમનું નામ	કરવેરા બાદની ચોખ્ખી ખોટ	જાહેર ઉપક્રમો દ્વારા કરવામાં આવેલી ખોટની સામે કુલ ખોટની ટકાવારી
1	સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ	1,156.86	47.08
2	ગુજરાત મેટ્રો રેલ નિગમ લિમિટેડ	320.85	13.06
3	ગુજરાત રાજ્ય ટેક્સ્ટાઇલ નિગમ લિમિટેડ (નિષ્ક્રિય જાહેર ઉપક્રમ)	300.58	12.23
4	જીએસપીસી એલએનજી લિમિટેડ	214.92	8.75
5	જીએસપીએલ ઇન્ડિયા ગેસનેટ લિમિટેડ	158.36	6.45
6	ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ (નોંધાયેલું રાજ્યનું જાહેર ઉપક્રમ)	125.15	5.09
	કુલ	**2,276.72**	**92.66**

સોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા આખરીરૂપ આપવામાં આવેલા નાણાકીય પત્રકો પરથી સંકલિત માહિતી.

ઉપરના **કોઠા 5.13** માંથી જોઇ શકાય છે કે રાજ્યના જાહેર ક્ષેત્રના 30 ઉપક્રમોએ કરેલી કુલ ખોટનો 92.66 ટકા ફાળો આ રાજ્યના જાહેર ક્ષેત્રના છ ઉપક્રમોએ આપ્યો હતો.

રાજ્યના જાહેર ક્ષેત્રના 30 ઉપક્રમોએ ખોટ નોંધાવી હતી, જેમાં રાજ્યના જાહેર ક્ષેત્રના સાત નિષ્ક્રિય ઉપક્રમોનો[32] સમાવેશ થતો હતો. છેલ્લા પાંચ વર્ષોમાં એટલે કે, 2018-19થી 2022-23 દરમિયાન રાજ્ય સરકારે આ સાત નિષ્ક્રિય ઉપક્રમોમાંથી એકેયમાં શેરમૂડીનું રોકાણ કર્યું નથી. બાકીના રાજ્યના 23 જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી માહિતી પ્રમાણે, ગુજરાત સરકારે છેલ્લા પાંચ વર્ષોમાં એટલે કે, 2018-19થી 2022-23 દરમિયાન ₹ 15,660.37 કરોડનું રોકાણ

[32] રાજ્યના જાહેર ક્ષેત્રના સાત નિષ્ક્રિય ઉપક્રમો પૈકી, બે એટલે કે, (i) ગુજરાત રાજ્ય ટેક્સ્ટાઇલ નિગમ લિમિટેડ અને (ii) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ ફડચામાં છે.

કર્યું હતું. નોંધપાત્ર શેરમૂડીનું રોકાણ (₹ 15,621.75 કરોડ એટલે કે, 99.75 ટકા) ચાર જાહેર ઉપક્રમોમાં એટલે કે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (₹ 13,167.71 કરોડ), ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (₹ 1,466.54 કરોડ), ગુજરાત મેટ્રો રેલ નિગમ લિમિટેડ (₹ 572 કરોડ) અને જીએસપીસી એલએનજી લિમિટેડમાં (₹ 415.50 કરોડ) કરવામાં આવ્યું હતું.

એવું પણ જોવામાં આવ્યું હતું કે, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ 2015-16થી, ગુજરાત મેટ્રો રેલ નિગમ લિમિટેડ 2017-18થી, જીએસપીસી એલએનજી લિમિટેડ 2018-19થી, જીએસપીએલ ઇન્ડિયા ગેસનેટ લિમિટેડ 2022-23 દરમિયાન અને ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ 2000-01થી ખોટ કરતા આવ્યાં છે. સક્રિય જાહેર ઉપક્રમ એટલે કે, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ મુખ્યત્વે કામગીરીમાંથી આવકનો ઘટાડો અને ઘસારાના ખર્ચમાં વધારાને કારણે ખોટ કરી રહ્યું છે. ગુજરાત મેટ્રો રેલ નિગમ લિમિટેડે ખાસ કરીને 2022-23માં મુખ્યત્વે અસ્કયામતોના મૂડીકરણ અને ઘસારાને કારણે ખોટ નોંધાવી હતી. જીએસપીસી એલએનજી લિમિટેડે આવકમાં ઘટાડો, ઘસારો અને માંડવાળીને કારણે ₹ 281.08 કરોડની ખોટ નોંધાવી હતી. જીએસપીએલ ઇન્ડિયા ગેસનેટે 2021-22 દરમિયાન ₹ 73.36 કરોડનો નફો નોંધાવ્યો હતો, જો કે મુખ્યત્વે ઘસારાના ખર્ચ અને ઋણ પર વ્યાજના કારણે 2022-23 દરમિયાન ખોટ નોંધાવી હતી. ગુજરાત રાજ્ય નાણાકીય નિગમની સ્થાપના (01 મે 1960) રાજ્યમાં ઉદ્યોગોના વિકાસ અર્થે નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમોને ટર્મ લોન, ભાડા ખરીદ, પટ્ટે નાણા આપવા અને ઔદ્યોગિક એકમો, વગેરેના શેર, બોન્ડ અને ડિબેન્ચરની ખરીદી દ્વારા મદદ કરવા માટે થઇ હતી. નિગમે મુખ્યત્વે લોનધારકો પાસેથી વ્યાજની આવકમાં ઘટાડાને કારણે 2000-01થી ખોટ કરવાનું શરૂ કર્યું હતું જે 2022-23 સુધી ચાલુ છે. આજની તારીખે નિગમની મુખ્ય પ્રવૃત્તિ બાકી લેણાની વસૂલાત છે.

5.11 ચોખ્ખા નફા/ નુકસાનનો ગુણોત્તર

રાજ્યના જાહેર ક્ષેત્રના 100 ઉપક્રમોએ[33] કરેલો ક્ષેત્ર-વાર એકંદર નફાનો ગુણોત્તર નીચે **કોઠા 5.14**માં દર્શાવ્યો છે:

કોઠો 5.14: ક્ષેત્ર-વાર ચોખ્ખા નફા/ નુકસાનનો ગુણોત્તર

(₹ કરોડમાં)

ક્ષેત્ર	ક્ષેત્રનો ચોખ્ખો નફો/ નુકસાન	ટર્નઓવર	ચોખ્ખા નફા/ નુકસાનનો ગુણોત્તર (ટકામાં)
ઉર્જા	1,594.25	1,47,927.50	1.08
નાણા	478.06	3,585.76	13.33
સેવા	2,681.24	29,883.66	8.97
માળખાકીય	(-) 1,008.59	3,056.64	(-) 33.00
અન્ય	3,725.36	32,756.00	11.37

સોતઃ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા આખરીરૂપ આપવામાં આવેલા નાણાકીય પત્રકો પરથી સંકલિત માહિતી.

[33] આમાં તાપી રિવરફ્રન્ટ વિકાસ નિગમ લિમિટેડના (TRDCL) નાણાકીય પત્રકોનો સમાવેશ થતો નથી કારણ કે, કંપની અધિનયમ, 2013ની કલમ 96ની સાથે કલમ 2(41) વાંચતાં તે અનુસાર તેના પ્રથમ નાણાકીય પત્રકો 31 ડિસેમ્બર 2023 સુધી રજૂ કરવાપાત્ર ન હતાં.

5.12 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા ડિવિડન્ડની ચૂકવણી

ગજરાત સરકારના નાણા વિભાગે ઓક્ટોબર 1994માં સૂચના જારી કરી હતી જેણે રાજ્યના જાહેર ક્ષેત્રના તમામ ઉપક્રમો માટે સરકારને મહત્તમ ડિવિડન્ડ ચૂકવવાનું જરૂરી બનાવ્યુ હતું. આ સૂચનામાં, જો કે, રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા ચૂકવવાના ડિવિડન્ડનો લઘુતમ/ મહત્તમ દર નિયત કરવામાં આવ્યો ન હતો. નાણાકીય વર્ષ 2020-21 અને 2021-22 દરમિયાન ચૂકવેલા/ જાહેર કરેલા ડિવિડન્ડની વિગતો નીચે **કોઠા 5.15**માં આપી છે.

કોઠો 5.15: નાણાકીય વર્ષ 2020-21 અને 2021-22 માટે રાજ્યના જાહેર ક્ષેત્રના સક્રિય ઉપક્રમો દ્વારા ડિવિડન્ડની ચૂકવણી

(₹ કરોડમાં)

વર્ષ	જાહેર ઉપક્રમો જેમણે વર્ષ દરમિયાન નફો મેળવ્યો અને રાજ્ય સરકારની શેરમૂડી ધરાવતા હતા		જાહેર ઉપક્રમો જેમણે વર્ષ દરમિયાન ડિવિડન્ડ જાહેર કર્યું/ ચૂકવ્યું		ગુજરાત સરકારની શેરમૂડી	ડિવિડન્ડ ચૂકવણીનો ગુણોત્તર (%)
	SPSUs ની સંખ્યા	નફાની રકમ	SPSUs ની સંખ્યા	ગુજરાત સરકારને ચુકવેલી રકમ		
1	2	3	4	5	6	7=5/6*100
2020-21	32[34]	2,969.75	6[35]	82.66	27,656.24	0.30
2021-22	32[36]	3,547.06	4[37]	158.52	27,677.29	0.57

સોત: છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય પત્રકો અને રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી માહિતી પરથી સંકલિત માહિતી.

તાજેતરમાં, ગુજરાત સરકારના નાણા વિભાગે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા 31 માર્ચ 2023 અંતિત નાણાકીય વર્ષથી ડિવિડન્ડની વહેંચણી પર માર્ગદર્શિકા અંગે તારીખ 24 એપ્રિલ 2023નો સરકારી ઠરાવ જારી કરવામાં આવ્યો હતો. માર્ગદર્શિકામાં, અન્ય બાબતો સાથે, જણાવવામાં આવ્યું છે કે પ્રવર્તમાન કાયદાકીય જોગવાઇઓ હેઠળ પરવાનગી મુજબના મહત્તમ ડિવિડન્ડને આધિન કરવેરા બાદના નફાના 30 ટકા અથવા ચોખ્ખા મૂલ્યના પાંચ ટકા, બેમાંથી જે વધુ હોય એટલું ઓછામાં ઓછું વાર્ષિક ડિવિડન્ડ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો ચૂકવશે. માર્ગદર્શિકામાં વધુમાં જોગવાઇ છે કે નીચા અથવા શૂન્ય દરે ડિવિડન્ડ ચૂકવવાની દરખાસ્ત કરવામાં આવી હોય તો, તેને નાણા વિભાગની મંજૂરી સાથે વાજબી ઠેરવવી જરૂરી છે. માર્ગદર્શિકામાં નિયત કરવામાં આવ્યું છે કે આ સંદર્ભે માંગવામાં આવેલી મુક્તિ, જો કોઇ હોય તો, રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો

---

34 30 સપ્ટેમ્બર 2021 સુધી મળેલા છેલ્લા નાણાકીય પત્રકો મુજબ, 2020-21માં રાજ્યના જાહેર ક્ષેત્રના 81 સક્રિય ઉપક્રમો પૈકી, ગુજરાત સરકાર દ્વારા રોકાણ કરવામાં આવ્યુ હોય એવા રાજ્યના જાહેર ક્ષેત્રના 48 સક્રિય ઉપક્રમોમાંથી 32 ઉપક્રમોએ વર્ષ દરમિયાન નફો કર્યો હતો.

35 (i) ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ, (ii) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ, (iii) ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ, (iv) ગુજરાત ગેસ લિમિટેડ (v) ગુજરાત રાજ્ય નાણાકીય સેવા લિમિટેડ અને (vi) ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડ.

36 30 સપ્ટેમ્બર 2022 સુધી મળેલા છેલ્લા નાણાકીય પત્રકો મુજબ, 2021-22 માં રાજ્યના જાહેર ક્ષેત્રના 81 સક્રિય ઉપક્રમો પૈકી, ગુજરાત સરકાર દ્વારા રોકાણ કરવામાં આવ્યું હોય એવા રાજ્યના જાહેર ક્ષેત્રના 48 સક્રિય ઉપક્રમોમાંથી 32 ઉપક્રમોએ વર્ષ દરમિયાન નફો કર્યો હતો

37 (i) ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ, (ii) ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ, (iii) ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડ અને (iv) ગુજરાત ગેસ લિમિટેડ.

દ્વારા તેમના વહીવટી વિભાગ મારફત ગુજરાત સરકારના, નાણા વિભાગને સંબંધિત નાણાકીય વર્ષના દ્વિતિય ત્રિમાસિકના અંત પહેલાં રજૂ કરવાની રહેશે. જો કે, આ માર્ગદર્શિકા કલમ 8 કંપનીઓ અથવા કંપનીઓ જેમની એકત્રિત ખોટ હોય અથવા અન્યથા અન્ય કોઇ પણ કાયદાની પ્રવર્તમાન જોગવાઈ હેઠળ સંચાલિત હોય તેમને લાગુ પડશે નહીં.

ગુજરાતમાં રાજ્યના જાહેર ક્ષેત્રના 85 સક્રિય ઉપક્રમો પૈકી, રાજ્યના જાહેર ક્ષેત્રના 58 ઉપક્રમોએ નફો કર્યો હતો. આ નવી માર્ગદર્શિકા નાણાકીય વર્ષ 2022-23થી લાગુ પડે છે, જેમાં રાજ્યના જાહેર ક્ષેત્રના 17 ઉપક્રમોએ નફો કર્યો હતો અને આ સમયગાળા દરમિયાન એકત્રિત ખોટ ન હતી. રાજ્યના જાહેર ક્ષેત્રના આ 17 ઉપક્રમો પૈકી, માત્ર છ જાહેર ઉપક્રમો ગુજરાત સરકારને ડિવિડન્ડ ચૂકવવા માટે જવાબદાર છે કારણ કે રાજ્ય સરકાર તેમાં શેરમૂડી ધરાવે છે.

કોઠો 5.16 (a) રાજ્યના જાહેર ક્ષેત્રના સક્રિય ઉપક્રમો દ્વારા ડિવિડન્ડની ચૂકવણી (નવી માર્ગદર્શિકા મુજબ)

(₹ કરોડમાં)

વર્ષ	ગુજરાત સરકારનું શેરમૂડી રોકાણ ધરાવતા જાહેર ઉપક્રમો જેમણે વર્ષ દરમિયાન નફો કર્યો હતો અને કોઇ એકત્રિત ખોટ ન હતી		કુલ શેરમૂડી (બાકી ફાળવણી સિવાય)	ગુજરાત સરકારની શેરમૂડી	ચૂકવવા પાત્ર કુલ ડિવિડન્ડ	ગુજરાત સરકારને ચૂકવેલી રકમ	ડિવિડન્ડ ચૂકવણીનો ગુણોત્તર (%)
	SPSUs ની સંખ્યા	મળેલા નફાની રકમ					
2022-23	6	3,318.96	1,417.43	1,232.59	536.80	351.40	28.51

સ્રોત: છેલ્લા આખરી રૂપ અપાયેલા નાણાકીય પત્રકો અને રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી માહિતી પરથી સંકલિત માહિતી.

રાજ્યના જાહેર ક્ષેત્રના છ ઉપક્રમો પૈકી રાજ્યના જાહેર ક્ષેત્રના માત્ર ત્રણ ઉપક્રમોએ 2022-23 દરમિયાન ડિવિડન્ડની ચૂકવણી કરી હતી, જેની વિગતો નીચેના કોઠામાં આપી છે:

કોઠો 5.16 (ખ) નવી માર્ગદર્શિકા મુજબ ચૂકવેલ/ જાહેર કરેલ ડિવિડન્ડની વિગતો

(₹ કરોડમાં)

કંપનીનું નામ	કુલ ભરપાઇ થયેલી મૂડી	રાજ્ય સરકારની શેરમૂડી	ચોખ્ખો નફો	ચોખ્ખું મૂલ્ય	ચોખ્ખા નફાના 30 % અથવા ચોખ્ખા મૂલ્યના 5%	ગુજરાત સરકારને તેના શેરમૂડી રોકાણ મુજબ ચૂકવવાપાત્ર ડિવિડન્ડ	ગુજરાત સરકારને ચૂકવેલું અથવા જાહેર કરેલું ડિવિડન્ડ	નોંધ
I	II	III	IV	V	VI	VII=VI*III/II	VIII	IX
ગુજરાત ગેસ લિમિટેડ	137.68	9.00	1,525.47	6,241.40	457.64	29.92	29.92	ચૂકવણી કરી
ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ	63.60	47.06	1,212.48	5,411.75	363.74	269.14	269.34	ચૂકવણી કરી
ગુજરાત રાજ્ય નાણાકીય સેવા લિમિટેડ	138.00	106.28	483.45	4,035.44	201.77	155.39	શૂન્ય	રિઝર્વ બેંકની તારીખ 24 જૂન 2021ની માર્ગદર્શિકા મુજબ મુક્તિ. તારીખ 03 જૂન 2023નો મુક્તિનો પત્ર ગુજરાત સરકારના નાણા વિભાગને લખ્યો.
ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડ	1,042.77	1,042.77	81.16	1,559.09	77.95	77.95	52.14	મુક્તિનો તારીખ 29મી સપ્ટેમ્બર 2023નો પત્ર ગુજરાત સરકારના નાણા વિભાગને લખ્યો.
ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડ	5.00	5.00	6.21	42.85	2.14	2.14	શૂન્ય	-
ગાંધીનગર રેલવે અને શહેરી વિકાસ નિગમ લિમિટેડ	30.38	22.48	10.19	42.02	3.06	2.26	શૂન્ય	-
કુલ	**1,417.13**	**1,232.59**	**3,318.96**	**17,332.55**	**1,106.30**	**536.80**	**351.40**	

સ્રોત: છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય પત્રકો અને રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી માહિતી પરથી સંકલિત માહિતી.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, રાજ્યના બે જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ[38] ગુજરાત સરકારને તેની માર્ગદર્શિકા મુજબ ચૂકવવાપાત્ર ડિવિડન્ડની ચૂકવણી કરી નથી.

5.13 ઋણની ચૂકવણી

5.13.1 વ્યાજ વ્યાપ્તિનો ગુણોત્તર

વ્યાજ વ્યપ્તિના ગુણોત્તરનો (ICR) ઉપયોગ બાકી ઋણ પર વ્યાજની ચૂકવણી કરવાની કંપનીની ક્ષમતા નક્કી કરવા માટે કરવામાં આવે છે અને વ્યાજ અને કરવેરા પહેલાંની કંપનીની કમાણીની એ જ સમયગાળા માટે વ્યાજના ખર્ચની સાથે સરખામણી કરીને તેની ગણતરી કરવામાં આવે છે. નીચો ગુણોત્તર ઋણ પરના વ્યાજની ચૂકવણી કરવા માટેની કંપનીની ઓછી ક્ષમતા દર્શાવે છે.

[38] (i) ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડ અને (ii) ગાંધીનગર રેલવે અને શહેરી વિકાસ નિગમ લિમિટેડ.

એક થી નીચેનો વ્યાજ વ્યાપ્તિનો ગુણોત્તર દર્શાવે છે કે કંપનીએ વ્યાજના ખર્ચા પુરા કરવા માટે પૂરતી આવક ઉભી કરી નથી. રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો, જેમની 2020-21થી 2022-23ના સમયગાળા દરમિયાન લાંબી મુદતની લોન બાકી હતી તેના હકારાત્મક અને નકારાત્મક વ્યાજ વ્યાપ્તિના ગુણોત્તરની વિગતો નીચે **કોઠા 5.17**માં આપી છે.

કોઠો 5.17: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોનો વ્યાજ વ્યાપ્તિનો ગુણોત્તર

(₹ કરોડમાં)

વર્ષ	ક્ષેત્ર	વ્યાજ (₹ કરોડમાં)	વ્યાજ અને કર પહેલાંની કમાણી (EBIT) (₹ કરોડમાં)	લોન અને વ્યાજ બાકી હોય એવા જાહેર ઉપક્રમોની સંખ્યા	વ્યાજ વ્યાપ્તિનો ગુણોત્તર ધરાવતા જાહેર ઉપક્રમોની સંખ્યા	
					ICR>=1	ICR<1
નોંધાયેલી						
2020-21	ઊર્જા	-	-	-	-	-
	નાણા	131.89	64.22	2	1	1
	સેવા	207.68	3,149.67	2	2	-
	માળખાકીય	-	-	-	-	-
	અન્ય	-	-	-	-	-
	કુલ	**339.57**	**3,213.89**	**4**	**3**	**1**
2021-22	ઊર્જા	-	-	-	-	-
	નાણા	133.74	86.81	2	1	1
	સેવા	55.97	1,769.38	1	1	-
	માળખાકીય	-	-	-	-	-
	અન્ય	-	-	-	-	-
	કુલ	**189.71**	**1,856.19**	**3**	**2**	**1**
2022-23	ઊર્જા	-	-	-	-	-
	નાણા	135.62	101.54	2	1	1
	સેવા	-	-	-	-	-
	માળખાકીય	-	-	-	-	-
	અન્ય	-	-	-	-	-
	કુલ	**135.62**	**101.54**	**2**	**1**	**1**
બિન-નોંધાયેલી						
2020-21	ઊર્જા	1,134.60	4,346.84	9	9	-
	નાણા	11.78	40.01	10	7	3
	સેવા	263.74	(-)125.88	10	7	3
	માળખાકીય	214.49	(-)554.29	4	1	3
	અન્ય	739.73	1,394.59	10	4	6
	કુલ	**2,364.34**	**5,101.27**	**43**	**28**	**15**
2021-22	ઊર્જા	698.11	3,857.68	9	9	-
	નાણા	11.58	39.55	10	7	3
	સેવા	218.80	6.33	10	7	3
	માળખાકીય	220.68	(-)563.07	4	1	3
	અન્ય	471.61	1,337.99	10	5	5

વર્ષ	ક્ષેત્ર	વ્યાજ (₹ કરોડમાં)	વ્યાજ અને કર પહેલાંની કમાણી (EBIT) (₹ કરોડમાં)	લોન અને વ્યાજ બાકી હોય એવા જાહેર ઉપક્રમોની સંખ્યા	વ્યાજ વ્યાપ્તિનો ગુણોત્તર ધરાવતા જાહેર ઉપક્રમોની સંખ્યા	
					ICR>=1	ICR<1
2022-23	**કુલ**	**1,620.78**	**4,678.48**	**43**	**29**	**14**
	ઊર્જા	568.67	3,268.18	7	7	-
	નાણા	12.12	38.47	10	7	3
	સેવા	371.43	138.68	11	6	5
	માળખાકીય	298.95	(-)1,170.35	3	1	2
	અન્ય	225.53	(-)5.98	9	3	6
	કુલ	**1,476.70**	**2,269.00**	**40**	**24**	**16**

સ્રોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય પત્રકો પરથી સંકલિત માહિતી.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે લાંબા મુદતનું ઋણ ધરાવતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં વ્યાજ વ્યાપ્તિના ગુણોત્તરમાં નોંધપાત્ર ફેરફાર થયો નથી. એક જેટલો અથવા અધિક વ્યાજ વ્યાપ્તિનો ગુણોત્તર ધરાવતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સંખ્યા 2020-21માં 65.96 ટકા (47 માંથી 31) હતી તે ઘટીને 2022-23માં 59.52 ટકા (42 માંથી 25) થઇ હતી જ્યારે એક કરતાં ઓછો વ્યાજ વ્યાપ્તિનો ગુણોત્તર ધરાવતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સંખ્યા 2020-21માં 34.04 ટકા (47 માંથી 16) હતી તે વધીને 2022-23માં 40.48 ટકા (42 માંથી 17) થઇ હતી.

5.14 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની નાણાકીય કામગીરી

5.14.1 રોકેલી મૂડી પર વળતર

રોકેલી મૂડી પર વળતર (RoCE) એ કંપનીની લાંબી મુદતની નફાકારકતા માપવાની પદ્ધતિ છે જે કંપની દ્વારા કેટલી લાંબી મુદતની નફાકારકતા અને કાર્યક્ષમતા સાથે કુલ મૂડીનું રોકાણ કરવામાં આવ્યુ છે તેની ગણતરી કરે છે. મૂડીરોકાણ પર વળતરની ગણતરી વ્યાજ અને કરવેરા પહેલાની કમાણીને રોકવામાં આવેલી મૂડી[39] વડે વિભાજીત કરીને કરવામાં આવે છે.

2020-21થી 2022-23ના સમયગાળા દરમિયાન રાજ્યના જાહેર ક્ષેત્રના 85 સક્રિય ઉપક્રમોનું[40] રોકેલી મૂડી પરનું એકત્રિત વળતર નીચે **કોઠા 5.18**માં આપ્યું છે.

[39] રોકવામાં આવેલી મૂડી = ભરપાઇ થયેલી શેર મૂડી વત્તા મુક્ત અનામતો અને વધારો વત્તા લાંબી મુદતની લોન બાદ સંચિત ખોટ બાદ વિલંબિત મહેસૂલી ખર્ચ.

[40] આમાં તાપી રિવરફ્રન્ટવિકાસ નિગમ લિમિટેડના નાણાકીય પત્રકોનો સમાવેશ થતો નથી કારણ કે, કંપની અધિનયમ, 2013ની કલમ 96ની સાથે કલમ 2(41) વાંચતાં તે અનુસાર તેના પ્રથમ નાણાકીય પત્રકો 31 ડિસેમ્બર 2023 સુધી રજૂ કરવાપાત્ર નથી થતા.

કોઠો 5.18: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોનું રોકેલી મૂડી પર વળતર

(₹ કરોડમાં)

વર્ષ	ક્ષેત્ર	વ્યાજ અને કરવેરા પહેલાંની કમાણી (EBIT) (₹ કરોડમાં)	રોકેલી મૂડી (₹ કરોડમાં)	રોકેલી મૂડી પર વળતર (RoCE) (ટકાવારીમાં)
2020-21	ઊર્જા	4,404.56	67,550.28	6.52
	નાણા	3,230.13	4,173.95	77.39
	સેવા	3,379.79	24,122.38	14.01
	માળખાકીય	(-)167.25	74,723.55	(-)0.22
	અન્ય	1,133.83	11,076.73	10.24
	કુલ	**11,981.06**	**1,81,646.90**	**6.60**
2021-22	ઊર્જા	3,915.40	69,671.09	5.62
	નાણા	2,955.36	4,226.49	71.98
	સેવા	3,608.23	26,353.76	13.69
	માળખાકીય	(-)135.57	77,139.03	(-)0.18
	અન્ય	2,150.31	12,015.86	17.90
	કુલ	**12,493.73**	**1,89,406.23**	**6.60**
2022-23	ઊર્જા	3,588.64	78,942.99	4.55
	નાણા	3,648.36	4,492.54	81.21
	સેવા	3,955.94	29,161.42	13.57
	માળખાકીય	(-)685.65	78,816.43	(-)0.87
	અન્ય	4,937.20	12,389.03	39.85
	કુલ	**15,444.49**	**2,03,802.41**	**7.58**

સોતઃ રાજ્યના સક્રિય જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી પ્રાપ્ત છેલ્લા આખરીરૂપ આપવામાં આવેલા નાણાકીય પત્રકો પરથી સંકલિત માહિતી.

એવું ધ્યાન પર આવ્યુ હતું કે આ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોનું રોકેલી મૂડી પરનું વળતર 2020-21માં 6.60 ટકા હતું તે નજીવા વધારા સાથે 2022-23માં 7.58 ટકા થયું હતું. રાજ્યના જાહેર ક્ષેત્રના આ ઉપક્રમો પૈકી, 57 સરકાર નિયંત્રિત સક્રિય કંપનીઓની રોકવામાં આવેલી ₹ 1,74,138.37 કરોડની મૂડી સામે વ્યાજ અને કરવેરા પહેલાંની કમાણી ₹ 11,536.22 કરોડ હતી. અને આથી, 2022-23 દરમિયાન રોકેલી મૂડી પરનું વળતર 6.62 ટકા જેટલું હતું. સરકાર નિયંત્રિત અન્ય 28 સક્રિય કંપનીઓના કિસ્સામાં, વ્યાજ અને કરવેરા પહેલાંની કમાણી ₹ 3,908.27 કરોડ હતી જ્યારે રોકવામાં આવેલી મૂડી ₹ 29,664.03 કરોડ હતી અને આથી, રોકવામાં આવેલી મૂડી પરની કમાણી 2022-23 દરમિયાન 13.17 ટકા થઇ હતી. 31 માર્ચ 2023 અંતિત ત્રણ વર્ષ માટે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોનાં રોકેલી મૂડી પરના વળતરની વિગતો **પરિશિષ્ટ 5.3** માં આપી છે.

5.14.2 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની શેરમૂડી પરનું વળતર

શેરમૂડી પરનું વળતર એ, નાણાકીય કામગીરીનો માપદંડ છે, જેમાં નફો કરવા માટે વ્યવસ્થાપકો કંપનીની અસ્કયામતોનો કેટલી અસરકારક રીતે ઉપયોગ કરે છે તેનું આકલન કરવામાં આવે છે. અને તેની ગણતરી કરવેરા બાદના ચોખ્ખા નફાને શેરધારકોના ભંડોળથી વિભાજીત કરીને કરવામાં આવે છે. તેને ટકાની રીતે દર્શાવવામાં આવે છે અને ચોખ્ખી આવક અને શેરધારકોનું ભંડોળ બન્ને હકારાત્મક હોય તેવી કોઇ પણ કંપની માટે ગણી શકાય છે.

એક કંપનીના શેરધારકોના ભંડોળની ગણતરી ભરપાઇ થયેલી મૂડી અને એકત્રિત નુકસાન અને વિલંબિત મહેસૂલી ખર્ચ બાદની મુક્ત અનામતો ઉમેરીને કરવામાં આવે છે. અને તે દર્શાવે છે કે જો તમામ અસ્કયામતો વેચી નાંખવામાં આવે અને તમામ ઋણની ચૂકવણી કરવામાં આવે તો કંપનીના શેરધારકો માટે કેટલું બાકી રહેશે. શેરધારકોનું હકારાત્મક ભંડોળ દર્શાવે છે કે કંપની પાસે તેની જવાબદારીઓ પરિપૂર્ણ કરવા માટે પૂરતી અસ્કયામતો છે જ્યારે શેરધારકોનું નકારાત્મક ભંડોળ દર્શાવે છે કે અસ્કયામતો કરતાં જવાબદારીઓ વધારે છે.

શેરમૂડી પરના વળતરની ગણતરી રાજ્યના જાહેર ક્ષેત્રના 85 સક્રિય ઉપક્રમો માટે કરવામાં આવી છે. 2020 - 21થી 2022-23ના સમયગાળા દરમિયાન રાજ્યના આ જાહેર ક્ષેત્રના ઉપક્રમો સંબંધિત શેરધારકોનું ભંડોળ અને શેરમૂડી પરના વળતરની વિગતો નીચે **કોઠા 5.19માં** આપી છે.

કોઠો 5.19: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની શેરમૂડી પરનું વળતર

(₹ કરોડમાં)

વર્ષ	ક્ષેત્ર	જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સંખ્યા જેના માટે શેરમૂડી પરના વળતરની ગણતરી કરવામાં આવી	વર્ષ માટેની ચોખ્ખી આવક (₹ કરોડમાં)	શેરધારકોનું ભંડોળ (₹ કરોડમાં)	શેરમૂડી પરનું વળતર (ટકામાં)
2020-21	ઊર્જા	10	2,169.70	61,171.51	3.55
	નાણા	13	417.59	2,720.71	15.35
	સેવા	32	2,064.51	14,748.78	14.00
	માળખુ	15	(-)397.73	69,300.79	(-)0.57
	અન્ય	11	710.42	4,777.78	14.87
	કુલ	**81**	**4,964.49**	**1,52,719.57**	**3.25**
2021-22	ઊર્જા	10	1,828.69	65,084.36	2.81
	નાણા	13	140.51	2,721.16	5.16
	સેવા	33	2,455.89	17,657.10	13.91
	માળખુ	16	(-)378.12	70,840.64	(-)0.53
	અન્ય	11	1,360.19	6,112.19	22.25
	કુલ	**83**	**5,407.16**	**1,62,415.45**	**3.33**
2022-23	ઊર્જા	10	1,594.25	74,893.35	2.13
	નાણા	13	471.04	2,974.74	15.83
	સેવા	36	2,677.48	20,029.77	13.37

વર્ષ	ક્ષેત્ર	જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સંખ્યા જેના માટે શેરમૂડી પરના વળતરની ગણતરી કરવામાં આવી	વર્ષ માટેની ચોખ્ખી આવક (₹ કરોડમાં)	શેરધારકોનું ભંડોળ (₹ કરોડમાં)	શેરમૂડી પરનું વળતર (ટકામાં)
	માળખુ	16	(-)1,003.24	71,918.22	(-)1.39
	અન્ય	10	4,025.15	10,188.39	39.51
	કુલ	**85**	**7,764.68**	**1,80,004.47**	**4.31**

સોતઃ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા આખરીરૂપ આપવામાં આવેલા નાણાકીય પત્રકો મુજબ સંકલિત માહિતી..

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, રાજ્યના જાહેર ક્ષેત્રના 85 સક્રિય ઉપક્રમોનું[41] શેરમૂડી પરનું વળતર 2022-23માં 4.31 ટકા રહ્યું હતું. આમાં, 58 નફો કરતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને 23 ખોટ કરતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો સામેલ હતાં, જેમનું 2022-23 દરમિયાન શેરમૂડી પરનું વળતર અનુક્રમે 8.42 ટકા અને (-)3.46 ટકા રહ્યુ હતું. રાજ્યના જાહેર ક્ષેત્રના ચાર ઉપક્રમોએ[42] કોઈ નફો કે ખોટ દર્શાવ્યા ન હતાં. વધુમાં, ઉપરના કોઠામાંથી એ પણ જોઇ શકાય છે કે, રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની ચોખ્ખી આવક 2020-21માં ₹ 4,964.49 કરોડ હતી તે નોંધપાત્ર રીતે વધીને 2022-23માં ₹ 7,764.68 કરોડ થઇ હતી, જેના પરિણામે શેરમૂડી પરનું વળતર 2020-21માં 3.25 ટકાથી વધીને 2022-23માં 4.31 ટકા થયું હતું. ઉપરના રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો પૈકી, 57 સક્રિય સરકાર નિયંત્રિત કંપનીઓના કિસ્સામાં કરવેરા બાદનો ચોખ્ખો નફો ₹ 5,343.57 કરોડ હતો જ્યારે રાજ્યના જાહેર ક્ષેત્રના આ ઉપક્રમોમાં શેરધારકોનું ભંડોળ ₹ 1,57,948.81 કરોડ હતું. એ જ રીતે, 28 સક્રિય સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓના કિસ્સામાં, કરવેરા બાદનો ચોખ્ખો નફો ₹ 2,421.09 કરોડ હતો જ્યારે રાજ્યના જાહેર ક્ષેત્રના આ ઉપક્રમોમાં શેરધારકોનું ભંડોળ ₹ 22,055.66 કરોડ હતું. 31 માર્ચ 2023 અંતિત ત્રણ વર્ષ માટે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના શેરમૂડી પરના વળતરની વિગતો **પરિશિષ્ટ 5.4માં** આપી છે.

5.14.3 મૂડીરોકાણ પર વાસ્તવિક વળતરનો દર

રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો માં સરકાર દ્વારા નોંધપાત્ર મૂડીરોકાણને ધ્યાનમાં રાખીને, આવા મૂડીરોકાણ પર વાસ્તવિક વળતરનો દર અથવા RORR રાજ્ય સરકારના પરિપ્રેક્ષ્યમાં જરૂરી છે. મૂડીરોકાણ પર વળતરની પરંપરાગત ગણતરી મૂડીરોકાણની ઐતિહાસિક કિમત પર આધારિત છે, જે રોકાણ પર વળતરની પર્યાપ્તતાનો સાચો દર્શક ન હોય, કારણ કે, આવી ગણતરીઓ નાણાની વર્તમાન કિમતને અવગણે છે. આથી, મૂડીરોકાણ પર વળતર ઉપરાંત, ઐતિહાસિક

[41] આમાં તાપી રિવરફ્રન્ટ વિકાસ નિગમ લિમિટેડના (TRDCL) નાણાકીય પત્રકોનો સમાવેશ થતો નથી કારણ કે, કંપની અધિનયમ, 2013ની કલમ 96ની સાથે કલમ 2(41) વાંચતાં તે અનુસાર તેના પ્રથમ નાણાકીય પત્રકો 31 ડિસેમ્બર 2023 સુધી રજૂ કરવાપાત્ર નથી થતા.

[42] રાજ્યના જાહેર ક્ષેત્રના ચાર ઉપક્રમો એટલે કે, (i) ગુજરાત રાજ્ય પોલીસ આવાસન નિગમ લિમિટેડ (GSPHCL), (ii) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ (GWEDCL) (iii) ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઇડ સાયન્સીસ (GFMHAS) અને (iv) ગુજરાત રાજ્ય એવીએશિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (GUJSAIL).

ખર્ચની વર્તમાન કિમત ધ્યાને લઇને રોકાણ પર વાસ્તવિક વળતરની ગણતરી કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા શેરમૂડી, અનુદાન/ સહાયકી અને વ્યાજમુક્ત લોનના રૂપમાં જો કોઈ ભંડોળ ઉમેરવામાં આવ્યું હોય તો આવી કંપનીઓની સ્થાપનાથી 31 માર્ચ 2023 સુધી કરવામાં આવેલા રોકાણના વર્તમાન મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી.

રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં રાજ્ય સરકારના રોકાણ પર વાસ્તવિક વળતરની ગણતરી નીચેના અનુમાનોના આધારે કરવામાં આવી હતી:

- વ્યાજમુક્ત લોનને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલું મૂડીરોકાણ ગણવામાં આવ્યું છે. આમ છતાં, રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા લોનની પરતચૂકવણીના કિસ્સામાં, વર્તમાન કિમતની ગણતરી સમયગાળા દરમિયાન વ્યાજ મુક્ત લોનની ઘટતી સિલક પર કરવામાં આવી હતી.

- સંબંધિત નાણાકીય વર્ષ[43] માટે રાજ્ય સરકારના ઋણ પર વ્યાજનો સરેરાશ દર વર્તમાન કિમતની ગણતરી માટે ચક્રવૃધ્ધિ દર તરીકે અપનાવવામાં આવ્યો હતો કારણ કે તે વર્ષ દરમિયાન ભંડોળના રોકાણ તરીકે સરકાર દ્વારા કરવામાં આવેલો ખર્ચ રજૂ કરે છે.

રાજ્યના જાહેર ક્ષેત્રના 100 ઉપક્રમો[44] પૈકી, રાજ્ય સરકારે રાજ્યના જાહેર ક્ષેત્રના 72 ઉપક્રમોમાં શેરમૂડી, લાંબી મુદતની લોન, અનુદાન અને સહાયકીઓ રૂપે સીધુ રોકાણ કર્યું હતું. **કોઠો 5.20** 2017-18થી 2022-23 સુધીના રોકાણના ઐતિહાસિક ખર્ચની વર્તમાન કિમત ધ્યાને લઇને રાજ્યના જાહેર ક્ષેત્રના આ 72 ઉપક્રમોમાં રાજ્ય સરકારના રોકાણ પરના વાસ્તવિક વળતરના દરની ગણતરી દર્શાવે છે.

કોઠો 5.20: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણ અને 2022-23 સુધી તેમની વર્તમાન કિમતની વર્ષ-વાર વિગતો

(₹ કરોડમાં)

નાણાકીય વર્ષ	વર્ષની શરૂઆતમાં મૂડીરોકાણનું વર્તમાન મૂલ્ય	વર્ષ દરમિયાન ગુજરાત સરકાર દ્વારા કરેલું મૂડીરોકાણ	વર્ષના અંતે ગુજરાત સરકારનું મૂડીરોકાણ	સરકારના ઋણ પર વ્યાજનો સરેરાશ દર (ટકામાં)	વર્ષના અંતે કુલ મૂડીરોકાણનું વર્તમાન મૂલ્ય	વર્ષ માટે ભંડોળનો ખર્ચ વસૂલ કરવા માટે અપેક્ષિત લઘુતમ વળતર	વર્ષ માટે જાહેર ઉપક્રમની કરવેરા બાદની કુલ કમાણી	વાસ્તવિક વળતરનો દર ટકાવારીમાં
i	ii	iii	iv=ii+iii	v	vi=iv×(1+(v÷100))	vii=iv×(v÷100)	viii	ix=viii÷100/vi
2017-18	2,41,400.63*	17,337.05	2,58,737.68	7.59	2,78,375.88	19,638.19	(1,443.64)	(-)0.52
2018-19	2,78,375.88	18,366.67	2,96,742.55	7.44	3,18,820.20	22,077.65	(530.42)	(-)0.17
2019-20	3,18,820.20	13,285.65	3,32,105.85	7.47	3,56,914.15	24,808.31	(741.29)	(-)0.21
2020-21	3,56,914.15	6,822.88	3,63,737.03	7.19	3,89,889.71	26,152.69	2,117.19	0.54

[43] સરકારના ધિરાણ પર વ્યાજનો સરેરાશ દર **કોઠા 2.28**માં દર્શાવ્યા મુજબ છે.

[44] શ્રી કે. કે. શાસ્ત્રી સરકારી કોલેજોનો સંઘ સામેલ નથી કારણ કે માહિતી મળી નથી.

નાણાકીય વર્ષ	વર્ષની શરૂઆતમાં મૂડીરોકાણનું વર્તમાન મૂલ્ય	વર્ષ દરમિયાન ગુજરાત સરકાર દ્વારા કરેલું મૂડીરોકાણ	વર્ષના અંતે ગુજરાત સરકારનું મૂડીરોકાણ	સરકારના ઋણ પર વ્યાજનો સરેરાશ દર (ટકામાં)	વર્ષના અંતે કુલ મૂડીરોકાણનું વર્તમાન મૂલ્ય	વર્ષ માટે ભંડોળનો ખર્ચ વસૂલ કરવા માટે અપેક્ષિત લઘુતમ વળતર	વર્ષ માટે જાહેર ઉપક્રમની કરવેરા બાદની કુલ કમાણી	વાસ્તવિક વળતરનો દર ટકાવારીમાં
i	ii	iii	iv=ii+iii	v	vi=iv×(1+(v÷100))	vii=iv×(v÷100)	viii	ix=viii*100/vi
2021-22	3,89,889.71	12,731.23	4,02,620.94	7.12	4,31,287.56	28,666.61	5,304.96	1.23
2022-23	4,31,287.56	22,703.88	4,53,991.44	6.77	4,84,726.66	30,735.22	7,470.33	1.54

સોતઃ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા આપવામાં આવેલી માહિતી અને 30 સપ્ટેમ્બર 2023 સુધી મળેલા આખરીરૂપ આપવામાં આવેલા નાણાકીય પત્રકો.

નોંધ: *વર્ષના પ્રારંભે વર્તમાન કિમતે ખરેખર શેરમૂડી.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, 2017-18થી 2019-20 દરમિયાન વાસ્તવિક વળતરનો દર (-) 0.17 ટકા અને (-) 0.52 ટકાની વચ્ચે રહ્યો હતો. જો કે, ત્યારબાદ તે સતત વધ્યો હતો અને સુધરીને 2022-23માં 1.54 ટકા થયો હતો. 2004-05થી 2022-23ના સમયગાળા દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણ અને આવા મૂડીરોકાણની વર્તમાન કિમતની વર્ષ-વાર વિગતો **પરિશિષ્ટ 5.5**માં દર્શાવી છે. રાજ્ય સરકારના મૂડીરોકાણ (ઐતિહાસિક કિમતની સામે વર્તમાન કિમત) પર વળતરનો દર **કોઠા 5.21**માં દર્શાવ્યો છે.

કોઠો 5.21 રાજ્ય સરકારના મૂડીરોકાણ પર વળતરનો દર

નાણાકીય વર્ષ	કુલ આવક/ નુકસાન (-)	વર્ષના અંતે મૂડીરોકાણની ઐતિહાસિક કિમતે રાજ્ય સરકાર દ્વારા મૂડીરોકાણ	વળતરનો દર (%)	વર્ષના અંતે મૂડીરોકાણની વર્તમાન કિમતે રાજ્ય સરકાર દ્વારા મૂડીરોકાણ	વાસ્તવિક વળતરનો દર (%)
2022-23	7,470.33	2,36,525.50	3.16	4,84,726.66	1.54

સોતઃ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા આપવામાં આવેલી માહિતી અને 30 સપ્ટેમ્બર 2023 સુધી મળેલા છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય પત્રકો.

5.14.4 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં ચોખ્ખા મૂલ્યનું ધોવાણ

ચોખ્ખુ મૂલ્ય એટલે ભરપાઇ થયેલી મૂડી, મુક્ત અનામત અને પુરાંત બાદ એકત્રિત નુકસાન અને વિલંબિત મહેસૂલી ખર્ચ. તે મૂળભૂત રીતે માલિકો માટે એકમનું મૂલ્ય કેટલું છે તેનું માપ છે. નકારાત્મક ચોખ્ખુ મૂલ્ય સૂચવે છે કે માલિકોનું સંપૂર્ણ મૂડીરોકાણનો એકત્રિત નુકસાન અને વિલંબિત મહેસૂલી ખર્ચ દ્વારા સફાયો થઇ ગયો છે.

31 માર્ચ 2023ના રોજ, તેમના છેલ્લા નાણાકીય પત્રકો મુજબ રાજ્યના જાહેર ક્ષેત્રના 42 ઉપક્રમોનું એકત્રિત નુકસાન ₹ 29,379.28 કરોડ, રાજ્યના જાહેર ક્ષેત્રના 52 ઉપક્રમોમાં એકત્રિત નફો ₹ 35,668.58 કરોડ અને રાજ્યના જાહેર ક્ષેત્રના છ ઉપક્રમોનું એકત્રિત નુકસાન કે નફો ન હતાં.

રાજ્યના જાહેર ક્ષેત્રના 42 ઉપક્રમો જેનું એકત્રિત નુકસાન હતું તે પૈકી, રાજ્યના જાહેર ક્ષેત્રના છ નિષ્ક્રિય ઉપક્રમો સહિત રાજ્યના જાહેર ક્ષેત્રના 21 ઉપક્રમોના ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણપણે ધોવાણ

થઇ ગયું હતું. 31 માર્ચ 2023ની સ્થિતિએ રાજ્યના જાહેર ક્ષેત્રના આ 21 ઉપક્રમોની ₹ 4,158.88 કરોડની ભરપાઈ થયેલી મૂડીની સામે કુલ નકારાત્મક ચોખ્ખું મૂલ્ય ₹ 5,121.95 કરોડ હતું. ઉપરના રાજ્યના જાહેર ક્ષેત્રના 42 ઉપક્રમો બાબતની વિગતો **પરિશિષ્ટ 5.6માં** આપી છે.

ચોખ્ખા મૂલ્યનું સૌથી વધુ ધોવાણ ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ (₹ 3,072.60 કરોડ), આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ (₹ 610.26 કરોડ) અને ગુજરાત પાણી માળખાકીય લિમિટેડમાં (₹ 587.87 કરોડ) જોવા મળ્યુ હતું.

રાજ્યના જાહેર ક્ષેત્રના 21 ઉપક્રમો જેમના ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયું હતું તેમાં નીચે **કોઠા 5.22માં** દર્શાવ્યા પ્રમાણે 31 માર્ચ 2023ના રોજ રાજ્ય સરકારની શેરમૂડી અને બાકી લોન અનુક્રમે ₹ 3,946.37 કરોડ અને ₹ 4,434.21 કરોડ હતી.

કોઠો 5.22: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો જેમના છેલ્લા આખરી રૂપ આપવામાં આવેલા નાણાકીય પત્રકો મુજબ ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયું છે

(₹ કરોડમાં)

ક્રમાંક	જાહેર ઉપક્રમનું નામ	છેલ્લા નાણાકીય પત્રકોનું વર્ષ	GCC/ GCOC/ વૈધાનિક નિગમ (રાજ્ય)	કુલ ભરપાઇ થયેલી મૂડી	કરવેરા બાદનો ચોખ્ખો નફો	એકત્રિત ખોટ	ચોખ્ખુ મૂલ્ય	31 માર્ચ 2023ના રોજ રાજ્ય સરકારની શેરમૂડી	31 માર્ચ 2023ના રોજ રાજ્ય સરકારની લોન
1	ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ	2022-23	રાજ્ય	89.11	-125.15	-3,180.61	-3,072.61	49.09	661.68
2	આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ **(ફડચામાં)**	2021-22	સરકાર નિયંત્રિત કંપની	51.00	-0.36	-661.26	-610.26	14.50	198.31
3	ગુજરાત પાણી માળખાકીય લિમિટેડ	2021-22	સરકાર નિયંત્રિત કંપની	155.02	-64.68	-742.89	-587.87	155.02	-
4	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ	2019-20	રાજ્ય	3,684.15	-33.81	-3,864.53	-180.38	3,577.88	3,423.15
5	ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ	2021-22	સરકાર નિયંત્રિત કંપની	31.49	1.12	-179.34	-147.85	31.49	-
6	ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડ	2021-22	સરકાર નિયંત્રિત કંપની	10.46	-0.02	-124.26	-113.8	10.46	75.32
7	ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડ	2016-17	સરકાર નિયંત્રિત કંપની	5.88	0.06	-110.83	-104.95	5.88	63.86
8	ગુજરાત કોમ્યુનિકેશન્સ એન્ડ ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ **(ફડચામાં)**	2000-01	સરકાર નિયંત્રિત કંપની	12.45	-	-104.74	-92.29	12.45	0.9
9	ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડ **(ફડચામાં)**	2006-07	સરકાર નિયંત્રિત કંપની	4.00	6.93	-74.93	-70.93	3.79	8.65
10	ડાયમન્ડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઇલ સિટી લિમિટેડ	2021-22	સરકાર નિયંત્રિત કંપની	100.00	31.71	-169.05	-69.05	75.00	-

ક્રમાંક	જાહેર ઉપક્રમનું નામ	છેલ્લા નાણાકીય પત્રકોનું વર્ષ	GCC/ GCOC/ વૈધાનિક નિગમ (રાજ્ય)	ભરપાઇ થયેલી મૂડી	કરવેરા બાદનો ચોખ્ખો નફો	એકત્રિત ખોટ	ચોખ્ખુ મૂલ્ય	31 માર્ચ 2023ના રોજ રાજ્ય સરકારની શેરમૂડી	31 માર્ચ 2023ના રોજ રાજ્ય સરકારની લોન
11	ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ	2021-22	સરકાર નિયંત્રિત કંપની	12.06	4.68	-37.01	-24.95	10.23	0.28
12	ગિફ્ટ સેઝ (SEZ) લિમિટેડ	2021-22	સરકાર નિયંત્રિત અન્ય કંપની	0.10	2.2	-14.66	-14.56	0	-
13	ગિફ્ટ પાવર કંપની લિમિટેડ	2021-22	સરકાર નિયંત્રિત અન્ય કંપની	0.10	-3.51	-7.31	-7.21	0	-
14	ગુજરાત ટ્રાન્સ-રિસિવર્સ લિમિટેડ	2018-19	સરકાર નિયંત્રિત અન્ય કંપની	0.24	-0.001	-6.07	-5.83	0	-
15	ગુજરાત ચર્મોદ્યોગ લિમિટેડ **(ફડચામાં)**	2001-02	સરકાર નિયંત્રિત કંપની	1.50	-	-6.67	-5.17	0	2.06
16	ગિફ્ટ કલેક્ટીવ ઇન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ કંપની લિમિટેડ	2021-22	સરકાર નિયંત્રિત અન્ય કંપની	0.05	-0.01	-5.14	-5.09	0	-
17	ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડ	2016-17	સરકાર નિયંત્રિત કંપની	0.58	-5.35	-4.27	-3.69	0.58	-
18	ગુજરાત રાજ્ય મશીન ટુલ્સ નિગમ લિમિટેડ	2022-23	સરકાર નિયંત્રિત અન્ય કંપની	0.54	-0.10	-3.68	-3.14	0	-
19	સ્માર્ટ આઇસીટી સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ	2021-22	સરકાર નિયંત્રિત અન્ય કંપની	0.05	-0.31	-2.10	-2.05	0	-
20	ગુજરાત આઇએસપી સર્વિસીસ લિમિટેડ	2021-22	સરકાર નિયંત્રિત કંપની	0.10	-0.11	-0.34	-0.24	0	-
21	ગુજરાત ટાઉન પ્લાનીંગ કન્સલ્ટન્સી લિમિટેડ	2022-23	સરકાર નિયંત્રિત અન્ય કંપની	0.001	-0.04	-0.04	-0.04	0	0
	કુલ			**4,158.88**	**-186.75**	**-9,299.73**	**-5,121.95**	**3,946.37**	**4,434.21**

સોત: 30 સપ્ટેમ્બર 2023 સુધીમાં મળેલા છેલ્લા આખરીરૂપ આપવામાં આવેલા નાણાકીય પત્રકો મુજબ.

રાજ્યના જાહેર ક્ષેત્રના 21 ઉપક્રમો જેમના ચોખ્ખા મૂલ્યનું ધોવાણ થઇ ગયું હતું તે પૈકી, સાત જાહેર ઉપક્રમો નિષ્ક્રિય હતાં[45]. વધુમાં, ત્રણ જાહેર ઉપક્રમો એટલે કે, ગીફ્ટ સેઝ લિમિટેડ, ગીફ્ટ પાવર કંપની લિમિટેડ અને ગીફ્ટ કલેકટીવ ઇન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ કંપની લિમિટેડનું કોર્પોરેટ બાબતોના મંત્રાલયના 26.09.2023ના આદેશથી ગુજરાત ઇન્ટરનેશનલ નાણાકીય તકનીકી-સીટી

[45] રાજ્યના જાહેર ક્ષેત્રના સાત ઉપક્રમો પૈકી, ચાર ઉપક્રમો એટલે કે (i) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ, (ii) ગુજરાત કોમ્યુનીકેશન અને ઇલેક્ટ્રોનિકસ લિમિટેડ, (iii) ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડ અને (iv) ગુજરાત ચર્મોદ્યોગ લિમિટેડ ફડચાની પ્રક્રિયા હેઠળ છે. વધુમાં રાજ્યના જાહેર શેત્રના ત્રણ ઉપક્રમો એટલે કે, (i) ગુજરાત ટ્રાન્સ-રીસીવર્સ લિમિટેડ, (ii) ગુજરાત રાજ્ય મશીન ટુલ્સ નિગમ લિમિટેડ અને (iii) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડ નિષ્ક્રિય ઉપક્રમો છે, જેઓ અનુક્રમે વર્ષ 1998-99, 1997-98 અને 1999થી કાર્યરત નથી. આથી, રાજ્યના જાહેર ક્ષેત્રના આ સાત ઉપક્રમોના ચોખ્ખા મૂલ્યનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું નથી.

લિમિટેડમાં 01.04.2022ની અસરથી વિલીનીકરણ[46] કરવામાં આવ્યું છે. ગુજરાત ટાઉન પ્લાનીંગ કન્સલટન્સી લિમિટેડની સ્થાપના 22 ડિસેમ્બર 2022ના[47] રોજ કરવામાં આવી હતી. સ્માર્ટ આઈસીટી સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ 2020-21થી[48] ઑડિટના અધિકાર ક્ષેત્ર હેઠળ છે. **કોઠા 5.23માં** બતાવ્યા પ્રમાણે બાકીના રાજ્યના જાહેર ક્ષેત્રના 09 ઉપક્રમોમાં[49] ચોખ્ખા મૂલ્યનું સતત ધોવાણ થયું છે.

કોઠો 5.23: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો જેમના ચોખ્ખા મૂલ્યનું સતત ધોવાણ થયું છે તેની વિગતો

ક્રમાંક	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમનું નામ	છેલ્લા નાણાકીય પત્રકોનો સમયગાળો	નકારાત્મક ચોખ્ખું મૂલ્ય (છેલ્લા નાણાકીય પત્રકો મુજબ))	ક્યારથી નકારાત્મક ચોખ્ખું મૂલ્ય છે	નકારાત્મક ચોખ્ખા મૂલ્યનું વય-વાર પૃથક્કરણ (વર્ષોમાં)	છેલ્લા નાણાકીય પત્રકો મુજબ કમાણી/ આવક (₹ કરોડમાં)	છેલ્લા નાણાકીય પત્રકો મુજબ ખર્ચ (₹ કરોડમાં)
1	ગુજરાત આઈએસપી સર્વિસીસ લિમિટેડ	2021-22	(-)0.24	2018-19	3	0.75 લાખ	14.87 લાખ
2	ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ	2022-23	(-)3,072.61	2012-13 પૂર્વે	10 કરતા વધુ	14.36	139.51
3	ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડ	2016-17	(-)3.69	2014-15	2	0.56	5.91
4	ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ	2021-22	(-)147.85	2015-16	7	70.61	69.83
5	ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ	2021-22	(-)24.95	2012-13 પૂર્વે	10 કરતા વધુ	33.99	27.85
6	ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડ	2016-17	(-)104.95	2012-13 પૂર્વે	5 કરતા વધુ	522.68	527.51
7	ડાયમંડ રીસર્ચ અને મર્કન્ટાઈલ સીટી લિમિટેડ	2021-22	(-)69.05	2019-20	3	39.14	31.70
8	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ	2019-20	(-)180.38	2012-13 પૂર્વે	8 કરતા વધુ	3,526.72	3,563.60
9	ગુજરાત પાણી માળખાકીય લિમિટેડ	2021-22	(-)587.87	2015-16	7	890.13	977.33

સ્રોત: 30 સપ્ટેમ્બર 2023 સુધી પ્રાપ્ત થયેલા અંતિમરૂપ અપાયેલા નાણાકીય પત્રકો પરથી.

---

46 વર્ષ 2022-23ના નાણાકીય પત્રકો મુજબ ગુજરાત ઇન્ટરનેશનલ નાણાકીય તકનીકી-સીટી લિમિટેડનું ચોખ્ખું મુલ્ય હકારાત્મક હતું, આથી રાજ્યના જાહેર ક્ષેત્રના આ ત્રણ ઉપક્રમોના ચોખ્ખા મૂલ્યનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું નથી.

47 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમનું સ્થાપનાનું વર્ષ હોવાથી, તેના ચોખ્ખા મૂલ્યનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું નથી.

48 રાજ્યનું જાહેર ક્ષેત્રનું ઉપક્રમ વિકાસના તબક્કામાં છે, આથી તેના ચોખ્ખા મૂલ્યનું ઑડિટમાં વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું નથી.

49 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો કાં તો સરકારના અનુદાન/ સહાયકી થકી/ ગુજરાત સરકાર દ્વારા લોનનું શેરમૂડીમાં રૂપાંતર થકી ચાલે છે અથવા રાજ્યના જાહેર ક્ષેત્રના આ ઉપક્રમોના રોજીંદા વેપારમાંથી નજીવી આવક અથવા વ્યાજની આવક જ છે.

5.15 ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની દેખરેખની ભૂમિકા

5.15.1 ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના વૈધાનિક ઑડિટરોની નિમણુંક

કંપની અધિનિયમ, 2013ની કલમ 139(5)/(7) અનુસાર સરકારી કંપની અથવા સરકાર નિયંત્રિત અન્ય કંપનીના વૈધાનિક ઓડિટરની નિમણુંક ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કરવામાં આવે છે. આ કલમ નિયત કરે છે કે, નાણાકીય વર્ષની શરૂઆતથી 180 દિવસ અથવા પ્રથમ ઑડિટરના કિસ્સામાં નોંધણીના 60 દિવસની અંદર ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા વૈધાનિક ઓડિટરની નિમણુંક કરવાની હોય છે. ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકને પૂરક ઑડિટ હાથ ધરવાનો અને વૈધાનિક ઑડિટરના ઑડિટ અહેવાલ પર ટિપ્પણી કરવાનો અથવા તેની પૂર્તિ કરવાનો અધિકાર છે. કેટલાક નિગમોને નિયંત્રિત કરતા કાયદા મુજબ તેમના નાણાકીય પત્રકોનું ઑડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા હાથ ધરવાનું અને અહેવાલ રાજ્ય વિધાનસભામાં રજૂ કરવાનું જરૂરી છે.

5.15.2 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા નાણાકીય પત્રકોની રજૂઆત

5.15.2.1 સમયસર રજૂ કરવાની આવશ્યકતા

કંપની અધિનિયમ, 2013ની કલમ 394 અનુસાર, સરકારી કંપનીની વાર્ષિક સાધારણ સભાના ત્રણ મહિનાની અંદર તેની પ્રવૃત્તિઓ અને બાબતો પરનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવાનો હોય છે. આમ તૈયાર કર્યા બાદ વહેલામાં વહેલી તકે, વાર્ષિક અહેવાલ, ઑડિટ અહેવાલની નકલ અને તેના પર અથવા તેને પૂરક ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની ટીપ્પણી સાથે વિધાનસભા સમક્ષ રજૂ કરવાનો હોય છે. વૈધાનિક નિગમોને નિયંત્રિત કરતા સંબંધિત કાયદાઓમાં મહદ્અંશે સરખી જોગવાઇઓ અસ્તિત્વમાં છે. આ પદ્ધતિ કંપનીઓમાં રોકવામાં આવેલા જાહેર નાણાના ઉપયોગ પર વિધાનસભાનું જરૂરી નિયંત્રણ પુરૂ પાડે છે.

કંપની અધિનિયમ, 2013ની કલમ 96 અનુસાર, પ્રત્યેક કંપનીએ પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં શેરધારકોની એક વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવું જોઇએ. એવું પણ જણાવવામાં આવ્યું છે કે, એક વાર્ષિક સાધારણ સભાની તારીખ અને ત્યાર બાદની સભા વચ્ચે 15 મહિના કરતાં અધિક સમય પસાર થવો જોઇએ નહીં. વધુમાં, કંપની અધિનિયમ, 2013ની કલમ 129 નિયત કરે છે કે નાણાકીય વર્ષ માટેના ઑડિટ થયેલા નાણાકીય પત્રકો પ્રસ્તુત વાર્ષિક સાધારણ સભામાં તેમની વિચારણા માટે મુકવાના હોય છે. પરિણામે, નાણાકીય પત્રકો તૈયાર કરીને પછીના વર્ષની 30 સપ્ટેમ્બર સુધીમાં વાર્ષિક સાધારણ સભામાં મુકવાના હોય છે.

કંપની અધિનિયમ, 2013ની કલમ 129(7)માં, કંપની અધિનિયમ, 2013ની કલમ 129ની જોગવાઇઓના અનુપાલન નહી કરનાર કંપનીના ડિરેક્ટરો સહિત જવાબદાર વ્યક્તિઓ પાસેથી દંડ વસૂલ કરવાની અને કેદની પણ જોગવાઈ છે.

5.15.2.2 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા નાણાકીય પત્રકો તૈયાર કરવામાં સમયસરતા

31 માર્ચ 2023ના રોજ, ગુજરાતમાં ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઑડિટના ક્ષેત્રાધિકાર હેઠળ રાજ્યના જાહેર ક્ષેત્રના 101 ઉપક્રમો હતાં. રાજ્યના જાહેર ક્ષેત્રના આ 101 ઉપક્રમો પૈકી, 15 નિષ્ક્રિય છે જે ક્યાં તો ફડચામાં છે અથવા બંધ થયેલા છે. 30 સપ્ટેમ્બર 2023 સુધીમાં રાજ્યના જાહેર ક્ષેત્રના કુલ 29 ઉપક્રમોએ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા ઑડિટ માટે 2022-23 માટેના નાણાકીય પત્રકો રજૂ કર્યા છે. રાજ્યના જાહેર ક્ષેત્રના ત્રણ ઉપક્રમોના નાણાકીય પત્રકો રજૂ કરવાના થતા ન હતાં અને પાછલી બાકી ન હતી. બાકીના રાજ્યના જાહેર ક્ષેત્રના 69 ઉપક્રમોએ તેમના 188 વાર્ષિક નાણાકીય પત્રકો 30 સપ્ટેમ્બર 2023 સુધીમાં રજૂ કર્યા ન હતાં. 30 સપ્ટેમ્બર 2023ના રોજ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો પાસેથી મળેલા નાણાકીય પત્રકોની વિગતો નીચે **કોઠા 5.24**માં આપી છે.

કોઠો 5.24: 30 સપ્ટેમ્બર 2023 સુધીમાં રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલા 31 માર્ચ 2023 અંતિત વર્ષ માટેના નાણાકીય પત્રકોની સ્થિતિ

વિગતો		C&AGના ઑડિટ અધિકારક્ષેત્ર હેઠળના જાહેર ઉપક્રમો		
		GCC[50]	GCOC	કુલ
31 માર્ચ 2023ના રોજ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની કુલ સંખ્યા		**69**	**32**	**101**
જેમના તરફથી વર્ષ 2022-23 માટેના નાણાકીય પત્રકો મળ્યા હતાં એવા સક્રિય જાહેર ઉપક્રમો		14	14	28
રાજ્યના જાહેર ક્ષેત્રના નિષ્ક્રિય ઉપક્રમો જેમના તરફથી વર્ષ 2022-23 માટેના નાણાકીય પત્રકો મળ્યા હતાં		-	1	1
રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો જેમના તરફથી 2022-23 માટેના નાણાકીય પત્રકો મળવાપાત્ર ન હતાં અને કોઇ પાછલા બાકી નથી		3[51]	-	3
નાણાકીય પત્રકોની પાછલી બાકી હોય એવા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો		**52**	**17**	**69**
પાછલા બાકી નાણાકીય પત્રકોની સંખ્યા		**146**	**42**	**188**
પાછલી બાકીનું વિભાજન	ફડચામાં ગયેલા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો	12	0	12
	રાજ્યના જાહેર ક્ષેત્રના નિષ્ક્રિય ઉપક્રમો જે ફડચામાં નથી	46	27	73
	'અન્ય' (સક્રિય અને મળવાપાત્ર)	88	15	103
'અન્ય' વર્ગની સામે વય-વાર પાછલી બાકીનું વિશ્લેષણ	એક વર્ષ (2022-23)	26	13	39
	બે વર્ષ (2021-22 અને 2022-23)	2	2	4
	ત્રણ વર્ષ અને વધુ	60	0	60

સ્રોત: પ્રધાન મહાલેખાકાર (ઑડિટ-I), ગુજરાત અને મહાલેખાકાર (ઑડિટ-II), ગુજરાતની કચેરીઓ દ્વારા સંકલિત.

[50] સરકાર નિયંત્રિત કંપનીઓમાં ચાર વૈધાનિક નિગમો સામેલ છે.

[51] રાજ્યના જાહેર ક્ષેત્રના બે ઉપક્રમો (i) ગુજરાત રાજ્ય ટેક્સ્ટાઇલ નિગમ લિમિટેડ અને (ii) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સમાવેશ થાય છે જે નિષ્ક્રિય છે અને ફડચામાં છે અને તેમની કોઇ પાછલી બાકી નથી. જ્યારે રાજ્યના જાહેર ક્ષેત્રના એક ઉપક્રમના એટલે કે તાપી રિવરફ્રન્ટ વિકાસ નિગમ લિમિટેડના કિસ્સામાં કંપની અધિનિયમ, 2013ની કલમ 2(41)ને કલમ 96 સાથે વંચાણે લેતા તેના પ્રથમ નાણાકીય પત્રકો 31 ડિસેમ્બર 2023 સુધી મળવાપાત્ર થયા નથી.

રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને તેમની બાબતમાં પાછલા બાકી નાણાકીય પત્રકોની વિગતો **પરિશિષ્ટ 5.1**માં દર્શાવી છે.

ચાર[52] વૈધાનિક નિગમોનું ઑડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા સંબંધિત અધિનિયમની જોગવાઇ મુજબ કરવામાં આવે છે. ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ માટેના એક માત્ર ઑડિટર છે. ચાર વૈધાનિક નિગમો પૈકી માત્ર એક વૈધાનિક નિગમ એટલે કે ગુજરાત રાજ્ય નાણાકીય નિગમે 2022-23 માટેના નાણાકીય પત્રકો રજૂ કર્યા હતાં. બાકીના ત્રણ વૈધાનિક નિગમોના નાણાકીય પત્રકો (નાણાકીય વર્ષ 2022-23 સહિત) 30 સપ્ટેમ્બર 2023ના રોજ બાકી હતાં. પાછલી બાકીનું પ્રમાણ **પરિશિષ્ટ 5.1**માં ક્રમાંક 37, 55 અને 64 ખાતે દર્શાવવામાં આવ્યું છે.

હિસાબો રજૂ કરવામાં વિલંબ ઑડિટ અહેવાલો દ્વારા વખતોવખત રાજ્ય સરકારના ધ્યાન પર લાવવામાં આવે છે. વાર્ષિક નાણાકીય હિસાબો અને તેમના ઑડિટના અભાવે, રાજ્યના જાહેર ક્ષેત્રના તે ઉપક્રમોને ચૂકવવામાં આવેલા અનુદાન અને લોનનો યોગ્ય ઉપયોગ અને તેમના હિસાબની ખાતરી આપી શકાતી નથી. રાજ્ય સરકાર દ્વારા અપૂરતી દેખરેખ દર્શાવવા ઉપરાંત, નાણાકીય હિસાબોનો અભાવ ગુજરાત સરકાર દ્વારા છુટા કરવામાં આવેલા ભંડોળ પર રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી ઉત્તરદાયિત્વની ઉણપ દર્શાવે છે.

5.15.3 ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની દેખરેખ – વાર્ષિક નાણાકીય હિસાબોનું ઑડિટ અને પૂરક ઑડિટ

5.15.3.1 નાણાકીય અહેવાલનું માળખું

કંપની અધિનિયમ, 2013ની અનુસૂચિ IIIમાં નક્કી કરેલા પ્રારૂપમાં અને કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત ફરજીયાત હિસાબી ધોરણોના પાલનમાં કંપનીઓએ નાણાકીય હિસાબો તૈયાર કરવાના હોય છે. વૈધાનિક નિગમોએ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના પરામર્શમાં ઘડવામાં આવેલા તેમના સંબંધિત નિયમો હેઠળ નિર્ધારિત પ્રારૂપમાં અને આવા નિગમોને સંચાલિત કરતા કાયદામાં નાણાકીય હિસાબોને લગતા અન્ય કોઇ પણ નિશ્ચિત જોગવાઇ હેઠળ તેમના નાણાકીય હિસાબો તૈયાર કરવાના હોય છે.

5.15.3.2 વૈધાનિક ઑડિટરો દ્વારા સરકારી કંપનીઓના નાણાકીય પત્રકોનું ઑડિટ

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કંપની અધિનિયમ, 2013ની કલમ 139 હેઠળ નિમાયેલા વૈધાનિક ઑડિટરો સરકારી કંપનીઓના નાણાકીય પત્રકોનું ઑડિટ કરે છે અને તે પરના તેમના અહેવાલ કંપની અધિનિયમ, 2013ની કલમ 143 અનુસાર રજૂ કરે છે.

વૈધાનિક ઑડિટરો તેમને સોંપવામાં આવેલી કામગીરી યોગ્ય અને અસરકારક રીતે પુરી પાડે છે

[52] ગુજરાત રાજ્ય વખાર નિગમ, ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ.

કે કેમ એવા એકંદર ધ્યેય સાથે જાહેર ક્ષેત્રના ઉપક્રમોના ઑડિટમાં વૈધાનિક ઑડિટરની કામગીરી પર દેખરેખ રાખીને ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દેખરેખની ભૂમિકા ભજવે છે. નીચે મુજબ સત્તાનો ઉપયોગ કરીને આ કામગીરી પૂર્ણ કરવામાં આવે છેઃ

- કંપની અધિનિયમ, 2013ની કલમ 143(5) હેઠળ વૈધાનિક ઑડિટરોને નિર્દેશો જારી કરવા અને
- કંપની અધિનિયમ, 2013ની કલમ 143(6) હેઠળ વૈધાનિક ઑડિટરના અહેવાલની પૂર્તિ કરવી અથવા તેના પર ટિપ્પણી કરવી.

5.15.3.3 સરકારી કંપનીઓના વાર્ષિક નાણાકીય પત્રકોનું પૂરક ઑડિટ

કંપની અધિનિયમ, 2013 અથવા અન્ય સંબંધિત અધિનિયમ હેઠળ નિયત કરવામાં આવેલા નાણાકીય અહેવાલના માળખા અનુસાર નાણાકીય પત્રકો તૈયાર કરવાની પ્રાથમિક જવાબદારી એકમના વ્યવસ્થાપકોની છે.

કંપની અધિનિયમ, 2013ની કલમ 139 હેઠળ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા નિમવામાં આવેલા વૈધાનિક ઑડિટરો, ઇન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયાની (ICAI) માનક ઑડિટ પ્રથાઓ અને ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા આપવામાં આવેલા નિર્દેશો અનુસાર કરવામાં આવેલા સ્વતંત્ર ઑડિટના આધારે કંપની અધિનિયમ, 2013ની કલમ 143 હેઠળ નાણાકીય પત્રકો પર અભિપ્રાય રજૂ કરવા માટે જવાબદાર છે. વૈધાનિક ઑડિટરોએ ઑડિટ અહેવાલ કંપની અધિનિયમ, 2013ની કલમ 143 હેઠળ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકને રજૂ કરવાનો હોય છે.

પસંદ કરેલી સરકારી કંપનીઓના નાણાકીય પત્રકોની વૈધાનિક ઑડિટરના અહેવાલ સાથે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા પૂરક ઑડિટ હાથ ધરીને સમીક્ષા કરવામાં આવે છે. આવી સમીક્ષાના આધારે, કંપની અધિનિયમ, 2013ની કલમ 143 (6) હેઠળ જાણ કરવામાં આવેલા નોંધપાત્ર ઑડિટ અવલોકનો, જો હોય તો, સંબંધિત રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમની વાર્ષિક સાધારણ સભા સમક્ષ મુકવાના હોય છે.

5.16 ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની દેખરેખની ભૂમિકાના પરિણામો

5.16.1 કંપની અધિનિયમ, 2013ની કલમ 143 હેઠળ સરકારી કંપનીઓના નાણાકીય પત્રકોનું ઑડિટ

30 સપ્ટેમ્બર 2023ના રોજ, રાજ્યના જાહેર ક્ષેત્રના 29 ઉપક્રમોએ તેમના વર્ષ 2022-23 માટેના 29 નાણાકીય પત્રકો અને 2021-22 માટેના બે નાણાકીય પત્રકો રજૂ કર્યા હતાં. બાકીના જાહેર ક્ષેત્રના 69 ઉપક્રમોએ વિવિધ કારણોસર તેમના 188 વાર્ષિક નાણાકીય હિસાબો 30 સપ્ટેમ્બર 2023 સુધી રજૂ કર્યા ન હતાં. જો કે, રાજ્યના જાહેર ક્ષેત્રના 70 ઉપક્રમો[53] પૈકી 30 જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ 2018-19થી 2021-22 સુધી ફેલાયેલા અગાઉના વર્ષો માટેના 33 નાણાકીય પત્રકો રજૂ

[53] જાહેર ક્ષેત્રનું એક ઉપક્રમ એટલે કે આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ સહિત જેણે તેનો વર્ષ 2021-22 માટેનો છેલ્લો નાણાકીય હિસાબ રજૂ કર્યો હતો જે અહીં ધ્યાને લેવામાં આવ્યો છે.

કર્યા હતાં.

વર્ષ 2022-23 દરમિયાન મળેલા કુલ 64 નાણાકીય પત્રકો[54] પૈકી, 15 નાણાકીય હિસાબોની બાબતમાં બિન-સમીક્ષા પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યાં હતાં અને 30 સપ્ટેમ્બર 2023 સુધીમાં 37 નાણાકીય પત્રકોની સમીક્ષા કરવામાં આવી હતી. 30 સપ્ટેમ્બર 2023ના રોજ 12 નાણાકીય પત્રકોનું ઑડિટ ચાલુ હતું. સમીક્ષાના પરિણામોનો સારાંશ નીચે આપ્યો છે:

5.16.1.1 નાણાકીય પત્રકોમાં સુધારો

30 સપ્ટેમ્બર 2023 સુધી મળેલા નાણાકીય પત્રકોના ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા હાથ ધરવામાં આવેલા પૂરક ઑડિટના પરિણામે રાજ્યના જાહેર ક્ષેત્રના કોઇ પણ ઉપક્રમે તેના નાણાકીય હિસાબોમાં સુધારો કર્યો ન હતો.

5.16.1.2 ઑડિટરના અહેવાલનો સુધારો

30 સપ્ટેમ્બર 2023 સુધીમાં મળેલા નાણાકીય પત્રકોના ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કરવામાં આવેલા પૂરક ઑડિટના પરિણામે, રાજ્યના જાહેર ક્ષેત્રના ત્રણ[55] ઉપક્રમોના વૈધાનિક ઑડિટરોએ આ કંપનીઓના નાણાકીય પત્રકો તેમની વાર્ષિક સાધારણ સભામાં મુકતા પહેલાં તેમના અહેવાલો સુધાર્યા હતાં.

5.17 ઉપસંહાર

- 31 માર્ચ 2023ના રોજ, રાજ્યના જાહેર ક્ષેત્રના 101 ઉપક્રમો હતાં જેમાં 65 સરકારી કંપનીઓ (11 નિષ્ક્રિય કંપનીઓ સહિત), ચાર વૈધાનિક નિગમો અને 32 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ (ચાર નિષ્ક્રિય કંપનીઓ સહિત) સામેલ હતાં.
- રાજ્યના જાહેર ક્ષેત્રના 101 ઉપક્રમોમાં 31 માર્ચ 2023ના અંતે ₹ 1,86,494.10 કરોડના કુલ મૂડીરોકાણની સામે રાજ્ય સરકારનું શેરમૂડી અને લાંબી મુદતની લોનમાં રોકાણ ₹ 1,25,752.14 કરોડ હતું. 31 માર્ચ 2023ના રોજ રાજ્યના જાહેર ક્ષેત્રના 42 ઉપક્રમોની લાંબી મુદતની બાકી લોન ₹ 24,115.67 કરોડ હતી. આમાં પાછલા વર્ષના (2021-22) ₹ 27,364.99 કરોડમાં ઘટાડો થયો હતો.
- 2022-23 દરમિયાન, 58 સક્રિય સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોએ ₹ 1,94,184.59 કરોડનું વાર્ષિક ટર્નઓવર નોંધાવ્યું હતું, જે ગુજરાત રાજ્યના એકંદર ધરેલુ ઉત્પાદનના 8.59 ટકા બરાબર હતું.
- રાજ્યના જાહેર ક્ષેત્રના 68 ઉપક્રમો (64 સરકારી કંપનીઓ અને ચાર વૈધાનિક નિગમો) પૈકી, રાજ્યના જાહેર ક્ષેત્રના 46 ઉપક્રમોએ ₹ 7,059.23 કરોડનો કરવેરા બાદનો નફો મેળવ્યો હતો, જ્યારે રાજ્યના જાહેર ક્ષેત્રના 15 ઉપક્રમો ₹ 2,010.06 કરોડની ખોટ કરી હતી અને રાજ્યના જાહેર ક્ષેત્રના સાત ઉપક્રમોએ ના નફો ના નુકસાન નોંધાવ્યું હતું. 32 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ પૈકી, વર્ષ 2022-23 દરમિયાન રાજ્યના જાહેર ક્ષેત્રના 17

[54] તેમાં ત્રણ વૈધાનિક નિગમોના ત્રણ નાણાકીય હિસાબો સામેલ છે જે બાબતમાં અલગ ઑડિટ અહેવાલ જારી કરવામાં આવ્યા છે.

[55] નર્મદા ક્લીન ટેક (2021-22), ગુજરાત રાજ્ય ગ્રંથશાળા અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ (GSHHDCL) (2018-19), જીએસપીસી જેપીડીએ લિમિટેડ (2021-22 અને 2022-23).

ઉપક્રમોએ ₹ 2,868.07 કરોડનો નફો કર્યો હતો અને 15 ઉપક્રમોએ ₹ 446.91 કરોડની ખોટ જાહેર કરી હતી. 31 માર્ચ 2023ના રોજ રાજ્યના જાહેર ક્ષેત્રના 42 ઉપક્રમોનું ₹ 29,379.28 કરોડનું એકત્રિત નુકસાન હતું.

- વધુમાં, ત્રણ વૈધાનિક નિગમો સહિત રાજ્યના જાહેર ક્ષેત્રના 69 ઉપક્રમોના 188 નાણાકીય પત્રકો બાકી હતાં.

5.18 ભલામણો

- ગુજરાત સરકારે રાજ્યના તમામ ખોટ કરતા જાહેર ક્ષેત્રના ઉપક્રમોની કામગીરીની સમીક્ષા કરવી જોઇએ અને તેમની નાણાકીય કામગીરી સુધારવા માટે જરૂરી પગલા ભરવા જોઇએ.
- સરકારે વ્યક્તિગતરૂપે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો માટે નાણાકીય પત્રકો સમયસર રજૂ કરવા માટેનો લક્ષ્યાંક નક્કી કરવા અને પાછલી બાકીના નિકાલ પર ચુસ્તપણે દેખરેખ રાખવા માટે વહીવટી વિભાગોને જરૂરી સૂચનાઓ આપવી જોઇએ.
- સરકારે નિષ્ક્રિય સરકારી કંપનીઓની સમીક્ષા કરવી જોઇએ અને તેમના પુનરૂત્થાન/ સમેટી લેવા માટે યોગ્ય નિર્ણય લેવો જોઇએ.

(સૌરભ કુમાર જયપુરિયાર)
પ્રધાન મહાલેખાકાર (ઑડિટ-II), ગુજરાત

અમદાવાદ
તારીખ 10 JUN 2024

પ્રતિ સહી

(ગિરીશ ચંદ્ર મુર્મૂ)
ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક

નવી દિલ્લી
તારીખ 11 JUN 2024

પરિશિષ્ટો

પરિશિષ્ટ 1.1

રાજ્યની રૂપરેખા

(સંદર્ભ: ફકરો 1.1)

ક્રમાંક	વિગતો	એકમ	ભારત	ગુજરાત
1.	વિસ્તાર	ચો. કિમી.	32,87,469	1,96,244
2.	વસ્તી (2013)	કરોડમાં	124.29	6.23
	વસ્તીના અંદાજો (2023)	કરોડમાં	138.82	7.15
3.	વસ્તી ગીચતા (2023)	ચો. કિમી. દીઠ વ્યક્તિઓ	422	364
4.	કુલ વસ્તીની સામે શહેરી વસ્તી (2011)	ટકા	31.1	42.6
5.	લિંગ ગુણોત્તર (2011)	1000 પુરુષ દીઠ સ્ત્રીઓ	943	919
6.	ગરીબી રેખા નીચેની વસતી (2011-12)	ટકા	21.9	16.6
7.	સાક્ષરતા (2011)	ટકા	73.0	78.0
8.	બાળ મરણનો દર (2020)	દર 1000 દીઠ જીવિત જન્મ	28.0	23.0
9.	જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય (2016-20)	વર્ષ	70.0	70.5
10	વસ્તીની વૃધ્ધિ (2013 થી 2023)	ટકા	11.68	14.73
11	વર્તમાન ભાવોએ એકંદર ઘરેલુ ઉત્પાદન અને રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (2022-23) (2011-12 શ્રેણી)	(₹ કરોડમાં)	2,72,40,712	22,61,715

સ્રોત:

1. વન મોજણી અહેવાલ 2021; (ક્રમાંક 1)
2. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના વસ્તીનો રાષ્ટ્રીય આયોગના ભારત અને રાજ્યો માટે વસ્તીના અંદાજો પર તકનીકી જૂથનો અહેવાલ (2011-2036); (ક્રમાંક 2, 3 અને 10)
3. સામાજીક-આર્થિક સમીક્ષા, ગુજરાત સરકાર 2022-23 (ક્રમાંક 4 અને 5)
4. આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય; (ક્રમાંક 6)
5. આર્થિક મોજણી 2022-23 આંકડાશાસ્ત્રીય પરિશિષ્ટ, ભારતની વસ્તી ગણતરી 2011; (ક્રમાંક 7)
6. SRS બુલેટીન, મે 2022; (ક્રમાંક 8)
7. SRS આધારિત સંક્ષિપ્ત જીવન કોષ્ટકો 2016-20, નોંધણી સરનિરિક્ષક અને ભારતના વસ્તી ગણતરી કમીશનર; (ક્રમાંક 9)
8. રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર કચેરી, આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI); અને ગુજરાત રાજ્યનુ એકંદર ઘરેલુ ઉત્પાદન -ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 (2023-24) અંદાજપત્રીય પ્રકાશન સંખ્યા 30; (ક્રમાંક 11).

પરિશિષ્ટ – 2.1
રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ પર સમયશ્રેણી-વાર વિગતો
(સંદર્ભ: ફકરો 2.2)

(₹ કરોડમાં)

	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
ભાગ ક- આવક					
1. મહેસૂલી આવક	**1,36,002**	**1,42,844**	**1,28,156**	**1,66,830**	**1,99,408**
(ક) કર આવક	**1,03,592**	**99,240**	**90,485**	**1,28,784**	**1,57,843**
(i) પોતાની કર આવક	**80,103**	**79,008**	**70,266**	**97,678**	**1,24,809**
રાજ્ય માલ અને સેવા કર (SGST)	34,889	34,107	29,459	43,487	52,154
વેચાણ, વેપાર, વગેરે પર કર (મૂલ્યવર્ધિત વેરો/ વેચાણ વેરો)	22,414	21,072	18,800	29,044	36,984
રાજ્ય આબકારી	131	138	134	155	188
વાહનો પર કર	4,119	3,847	2,981	3,889	5,002
સ્ટેમ્પ અને નોંધણી ફી	7,781	7,701	7,390	10,433	14,207
જમીન મહેસૂલ	2,408	2,359	2,134	2,782	4,480
માલસામાન અને યાત્રીઓ પર વેરો	117	48	104	11	55
વીજળી વેરા પર કર	7,348	8,774	8,319	7,013	10,593
અન્ય કરવેરા	896	962	945	864	1,146
(ii) કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો	**23,489**	**20,232**	**20,219**	**31,106**	**33,034**
(ખ) બિન-કર આવક	**13,417**	**18,104**	**10,493**	**14,018**	**18,434**
(ગ) ભારત સરકાર તરફથી સહાયક અનુદાન	**18,993**	**25,500**	**27,178**	**24,028**	**23,131**
2. પરચૂરણ મૂડી આવક	**65**	**106**	**9,968**	**0**	**0**
3. લોન અને પેશગીઓની વસૂલાત	**151**	**330**	**155**	**155**	**254**
સામાન્ય સેવાઓ	-	-	-	-	-
સામાજીક સેવાઓ	12	16	17	37	28
આર્થિક સેવાઓ	89	271	83	148	173
સરકારી કર્મચારીઓને લોન અને પરચૂરણ લોન	50	43	56	(-) 30	53
4. કુલ આવક અને બિન-ઋણ મૂડી આવક (1+2+3)	**1,36,218**	**1,43,280**	**1,38,280**	**1,66,985**	**1,99,662**

	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
5. જાહેર ઋણની આવક	**43,146**	**43,491**	**58,857**	**46,969[1]**	**52,333**
આંતરિક ઋણ (સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ સિવાય)	40,950	42,694	47,508	33,293	46,463
સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ હેઠળ ચૌખ્ખા વ્યવહારો	-	-	-	-	-
ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ	2,196	797	11,349	13,676[1]	5,870
6. સંચિત નિધિમાં કુલ આવક (4+5)	**1,79,364**	**1,86,771**	**1,97,137**	**2,13,954**	**2,51,995**
7. આકસ્મિક નિધિમાં આવક	**0**	**0.25**	**0**	**0**	**0**
8. જાહેર હિસાબની આવક (એકંદર)	**1,05,720**	**1,04,862**	**1,00,214**	**1,18,597**	**1,22,483**
9. રાજ્યની કુલ આવક (6+7+8)	**2,85,084**	**2,91,633**	**2,97,351**	**3,32,551**	**3,74,478**
ભાગ ખ-ખર્ચ/ ચૂકવણી					
10. મહેસૂલી ખર્ચ	**1,32,790**	**1,40,899**	**1,50,704**	**1,60,421**	**1,79,543**
રાજ્ય ભંડોળનો ખર્ચ	1,17,424	1,21,874	1,30,334	1,42,028	1,65,455
કેન્દ્ર પુરસ્કૃત યોજના/ કેન્દ્રીય યોજના સહિત કેન્દ્રીય સહાય	15,366	19,025	20,370	18,393	14,088
સામાન્ય સેવાઓ (વ્યાજની ચૂકવણીઓ સહિત)	47,564	49,172	52,074	56,423	61,269
સામાજીક સેવાઓ	53,285	59,197	60,816	68,254	75,125
આર્થિક સેવાઓ	31,576	32,115	37,424	35,332	42,672
સહાયક અનુદાન અને ફાળો	365	415	390	412	477
11. મૂડી ખર્ચ	**28,062**	**25,650**	**26,781**	**28,185**	**35,499**
રાજ્યના ભંડોળનો ખર્ચ	23,087	20,539	22,322	22,391	33,970
કેન્દ્ર પુરસ્કૃત યોજના/કેન્દ્રીય યોજના સહિત કેન્દ્રીય સહાય	4,975	5,111	4,459	5,794	1,529
સામાન્ય સેવાઓ	875	691	485	550	820
સામાજીક સેવાઓ	7,696	6,175	7,040	8,373	12,804
આર્થિક સેવાઓ	19,491	18,784	19,256	19,262	21,875
12. લોન અને પેશગીઓનું વિતરણ	**1,731**	**1,312**	**1,233**	**1,071**	**1,466**
સામાન્ય સેવાઓ	-	-	-	-	-

[1] ₹ 1.00 કરોડનો તફાવત મીંડાવવાના કારણે અહીં 'જાહેર ઋણની આવક' નો આંકડો કોઠા 2.16 અને કોઠા 2.43 માંના આંકડા સાથે મળતો નથી.

	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
સામાજીક સેવાઓ	924	884	708	924	1,139
આર્થિક સેવાઓ	756	379	477	114	272
સરકારી કર્મચારીઓને લોન અને પરચૂરણ લોન	51	49	48	33	55
13. કુલ ખર્ચ (10+11+12)	**1,62,583**	**1,67,861**	**1,78,718**	**1,89,677**	**2,16,508**
14. જાહેર ઋણની પરતચૂકવણી	**15,432**	**16,702**	**17,922**	**24,436**	**22,159**
આંતરિક ઋણ (સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ સિવાય)	14,719	15,908	17,139	23,518	20,991
સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ હેઠળ ચૌખ્ખા વ્યવહારો	-	-	-	-	-
ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ	713	794	783	918	1,168
15. આકસ્મિક નિધિમાં વિનિયોગ	**-**	**-**	**-**	**-**	**-**
16. આકસ્મિક નિધિમાંથી કુલ ચૂકવણીઓ (13+14+15)	**1,78,015**	**1,84,563**	**1,96,640**	**2,14,113**	**2,38,667**
17. આકસ્મિક નિધિની ચૂકવણીઓ	**0.25**	**-**	**-**	**-**	**20**
18. જાહેર હિસાબની ચૂકવણીઓ	**1,03,998**	**1,02,635**	**1,07,893**	**1,13,609**	**1,20,935**
19.રાજ્ય દ્વારા કુલ ચૂકવણીઓ (16+17+18)	**2,82,013**	**2,87,198**	**3,04,533**	**3,27,722**	**3,59,622**
ભાગ ગ-ખાધ					
20. મહેસૂલી ખાધ (-) /મહેસૂલી પુરાંત (+) (1-10)	**(+)3,212**	**(+)1,945**	**(-)22,548**	**(+)6,409**	**(+)19,865**
21. રાજકોષીય ખાધ (-)/રાજકોષીય પુરાંત (+) (4-13)	**(-)26,365**	**(-)24,581**	**(-)40,438**	**(-)22,692**	**(-)16,846**
22. પ્રાથમિક ખાધ (-)/પ્રાથમિક પુરાંત (+) (21+23)	**(-)6,182**	**(-)2,133**	**(-)16,235**	**(+)2,496**	**(+)8,508**
ભાગ ઘ- અન્ય માહિતી					
23. વ્યાજની ચૂકવણીઓ (મહેસૂલી ખર્ચમાં સામેલ)	**20,183**	**22,449**	**24,203**	**25,188**	**25,354**
24. સ્થાનિક સંસ્થાઓ, વગેરેને નાણાકીય સહાય	**59,611**	**64,262**	**64,637**	**69,808**	**80,753**
25. લીધેલી સાધનોપાય પેશગીઓ/ ઓવરડ્રાફ્ટ (દિવસો)	-	-	-	-	-
લીધેલી સાધનોપાય પેશગીઓ (દિવસો)	-	-	-	-	-

	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
લીધેલો ઓવરડ્રાફ્ટ (દિવસો)	-	-	-	-	-
26. સાધનોપાય પેશગીઓ/ઓવરડ્રાફ્ટ પર વ્યાજ	-	-	-	-	-
27. રાજ્યનું એકંદર ધરેલુ ઉત્પાદન (GSDP)*	14,92,156	16,17,143	16,36,781 (P)	19,57,583 (Q)	22,61,715 (A)
28. બાકી રાજકોષીય જવાબદારીઓ (વર્ષના અંતે)	2,85,844	3,15,456	3,57,892	3,80,798[2]	4,12,378
29 બાકી બાંયધરીઓ (વર્ષના અંતે)	4,699	4,462	3,656	3,089[3]	1,473
30. બાંયધરીની મહત્તમ રકમ (વર્ષ દરમિયાન)	11,796	11,747	11,751	10,757	9,951
31. અપૂર્ણ યોજનાઓની સંખ્યા	118	123	158	176	213
32. અપૂર્ણ યોજનાઓમાં અવરોધાયેલી મૂડી	2,207	5,811	6,929	7,478	12,244
ભાગ ચ- રાજકોષીય સ્વાસ્થ્યના દર્શકો					
I. સંસાધનોને ગતિશીલ કરવા					
પોતાની કર આવક/GSDP (ટકા)	5.37	4.89	4.29	4.99	5.52
પોતાની બિન-કર આવક /GSDP (ટકા)	0.90	1.12	0.64	0.72	0.82
કેન્દ્રીય તબદીલીઓ/ GSDP (ટકા)	2.85	2.83	2.90	2.82	2.48
II. ખર્ચનું વ્યવસ્થાપન					
કુલ ખર્ચ/ GSDP (ટકા)	10.90	10.38	10.92	9.69	9.57
કુલ ખર્ચ/ મહેસૂલી આવક	1.20	1.18	1.39	1.14	1.09
મહેસૂલી ખર્ચ/ કુલ ખર્ચ	0.82	0.84	0.84	0.85	0.83
સામાન્ય સેવાઓ પર ખર્ચ/ કુલ ખર્ચ	0.38	0.39	0.38	0.40	0.41
આર્થિક સેવાઓ પર ખર્ચ/ કુલ ખર્ચ	0.31	0.30	0.32	0.29	0.30
મૂડી ખર્ચ/ કુલ ખર્ચ	0.17	0.15	0.15	0.15	0.16
સામાજીક અને આર્થિક સેવાઓ પર ખર્ચ/ કુલ ખર્ચ	0.17	0.15	0.15	0.15	0.16
III. રાજકોષીય અસંતુલનનું વ્યવસ્થાપન					
મહેસૂલી ખાધ અથવા પુરાંત/ GSDP (ટકા)	0.22	0.12	(-)1.38	0.33	0.88
રાજકોષીય ખાધ/ GSDP (ટકા)	(-)1.77	(-)1.52	(-)2.47	(-)1.16	(-)0.74

2 પ્રોફોર્મા સુધારાના કારણે પાછલા વર્ષના અહેવાલ કરતાં ₹ 4 કરોડ જેટલા ઘટ્યા છે.

3 પ્રોફોર્મા સુધારાના કારણે પાછલા વર્ષના અહેવાલ કરતાં ₹ 45 કરોડ જેટલા વધ્યા છે.

	2018-19	2019-20	2020-21	2021-22	2022-23
પ્રાથમિક ખાધ (-) અથવા પુરાંત (+) /GSDP (ટકા)	(-)0.41	(-)0.13	(-)0.99	0.13	0.38
મહેસૂલી ખાધ/ રાજકોષીય ખાધ	(-)0.12	(-)0.08	0.56	(-)0.28	(-)1.18
IV. *રાજકોષીય જવાબદારીઓનું વ્યવસ્થાપન*					
રાજકોષીય જવાબદારીઓ/ GSDP (ટકા)	19.16	19.51	21.30[4]	18.32[5]	17.25[5]
રાજકોષીય જવાબદારીઓ/ મહેસૂલી આવક (ટકા)	210.18	220.84	272.07[4]	214.91[5]	195.64[5]
પ્રાથમિક ખાધ સામે જથ્થાનો ફેલાવો (ટકા)	(-)49.99	(-)82.01	84.73	5.74	27.08
V. અન્ય રાજકોષીય સ્વાસ્થ્યના સૂચકો					
મૂડીરોકાણ પર વળતર (ટકા)	0.13	0.09	0.12	0.12	0.08
નાણાકીય અસ્કયામતો/ જવાબદારીઓ	0.96	0.99	0.92	0.94	1.00

સ્રોત: ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 (2023-24નું અંદાજપત્રીય પ્રકાશન સંખ્યા 30) હેઠળનું નિવેદન

Φ P= કામચલાઉ અંદાજો, Q= ત્વરિત અંદાજો, A= અગ્રિમ અંદાજો

4 ભારત સરકારના ખર્ચ વિભાગ પ્રમાણે, નાણા પંચ, વગેરે દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ રાજ્ય સરકાર દ્વારા વિશિષ્ટ વ્યવસ્થા અંતર્ગત લેવામાં આવેલ ધિરાણ રાજ્યનું ઋણ નહીં ગણવામાં આવે. આથી, માલ અને સેવા કરના વળતરમાં ઘટાડાને કારણે 2020-21માં મળેલ ₹ 9,222 કરોડની એક પછી એક લોનને જાહેર દેવા રૂપે અહીં ગણવામાં આવ્યું નથી.

5 ભારત સરકારના ખર્ચ વિભાગ પ્રમાણે, નાણા પંચ, વગેરે દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ રાજ્ય સરકાર દ્વારા વિશિષ્ટ વ્યવસ્થા અંતર્ગત લેવામાં આવેલ ધિરાણ રાજ્યનું ઋણ નહિ ગણવામાં આવે. આથી, માલ અને સેવા કરના નુકશાનીના વળતરમાં ઘટાડાને કારણે 2020-21માં મળેલ ₹ 9,222 કરોડ અને 2021-22માં મળેલ ₹ 13,040 કરોડની એક પછી એક લોનને જાહેર દેવા રૂપે અહીં ગણવામાં આવ્યું નથી.

પરિશિષ્ટ – 2.2

31 માર્ચ 2023 ના રોજ ગુજરાત સરકારના નાણાકીય હિસાબો અને રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના નાણાકીય પત્રકો વચ્ચે તફાવત દર્શાવતું પત્રક

(સંદર્ભ: ફકરો 2.4.3.2)

(સ્તંભ 3 થી 5 માં આંકડા ₹ કરોડમાં છે)

ક્રમાંક	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના નામ	ગુજરાત સરકારની ભરપાઇ થયેલી મૂડી		તફાવતો
		નાણાકીય હિસાબો મુજબ	જાહેર ઉપક્રમોના રેકર્ડ મુજબ	
1	2	3	4	5
1	ગુજરાત ઊર્જા પ્રવાહન નિગમ લિમિટેડ	50.00	0.00[૬]	50.00
2	ગાંધીનગર રેલવે અને શહેરી વિકાસ નિગમ લિમિટેડ	432.45	446.44	(13.99)
3	સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ	70,208.97	69,717.50	491.47
4	ધોલેરા ઔદ્યોગિક સીટી વિકાસ લિમિટેડ	2,898.50	0.00	2,898.50
5	ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ	20.95	3.75	17.20
6	ગુજરાત ગેસ લિમિટેડ	0.00	9.00	(9.00)
7	ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડ	263.74	5.00	258.74
8	ગુજરાત ગ્રામોદ્યોગ વેચાણ નિગમ લિમિટેડ	9.17	13.00	(3.83)
9	ગુજરાત મેટ્રો રેલ નિગમ લિમિટેડ	2,314.00	2,469.00	(155.00)
10	ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ	47.69	49.09	(1.40)
11	ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડ	7.74	10.46	(2.72)
12	ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ નિગમ લિમિટેડ	5,079.62	598.63	4,480.99
13	ગુજરાત મત્સ્યોદ્યોગ વિકાસ નિગમ લિમિટેડ	0.77	1.94	(1.17)
14	ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ	2.00	9.00	(7.00)
15	ગુજરાત વૉટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ	125.10	155.02	(29.92)
16	ગુજરાત બિન-અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ	20.01	15.01	5.00
17	ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ નિગમ એલએનજી લિમિટેડ	537.50	465.50	72.00
18	ગુજરાત રાજ્ય એવીએશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ	58.50	0.05	58.45
19	ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ	126.00	26.00	100.00
20	ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ	26,894.88	34,001.82	(7,106.94)
21	ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિમિટેડ	13.70	16.11	(2.41)
22	ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ લિમિટેડ	5.00	14.09	(9.09)
23	ગુજરાત ગોપાલક વિકાસ નિગમ	11.59	14.91	(3.32)
24	ગુજરાત ઇન્ફર્મેટીક્સ લિમિટેડ	6.00	17.06	(11.06)

[૬] ગુજરાત ઊર્જા પ્રવાહન નિગમમાં રાજ્ય સરકારે ₹ 50 કરોડનું રોકાણ કર્યું છે. 2005-06માં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનું (GUVNL) પુનર્ગઠન થયા બાદ, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ તેને GUVNLમાં રોકાણ તરીકે દર્શાવી રહ્યું છે, પરંતુ યોગ્ય સરકારી ઠરાવ હજુ સુધી પસાર કરવામાં આવ્યો નથી.

ક્રમાંક	રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના નામ	ગુજરાત સરકારની ભરપાઇ થયેલી મૂડી		તફાવતો
		નાણાકીય હિસાબો મુજબ	જાહેર ઉપક્રમોના રેકર્ડ મુજબ	
25	ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડ	35.28	15.00	20.28
26	ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ	4.72	5.32	(0.60)
27	ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ	1.22	70.00	(68.78)
28	ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ	2.43	10.23	(7.80)
29	ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમ લિમિટેડ	3.67	2.28	1.39
30	ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ	5.70	3.93	1.77
31	ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડ	218.99	256.98	(37.99)
32	ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ	1,219.32	20.00	1,199.32
33	ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ	25.95	31.49	(5.54)
34	ગુજરાત રાજ્ય ટેક્સ્ટાઇલ નિગમ લિમિટેડ **(ફડચામાં)**	18.37	46.47	(28.10)
35	ગુજરાત લઘુમતી નાણાકીય અને વિકાસ નિગમ લિમિટેડ	10.65	20.00	(9.35)
36	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ લિમિટેડ	4,545.52	4,570.00	(24.48)
37	ગુજરાત રાજ્ય વખાર નિગમ	1.56	2.00	(0.44)
38	ગુજરાત કૃષિ ઉદ્યોગ નિગમ લિમિટેડ	8.93	8.08	0.85
39	ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડ **(ફડચામાં)**	3.12	3.79	(0.67)
40	ગુજરાત શૈક્ષણિક પ્રૌદ્યોગિકી લિમિટેડ	-	0.01	(0.01)
41	ગુજરાત આજીવિકા પ્રોત્સાહન કંપની લિમિટેડ	-	0.05	(0.05)
42	તાપી રિવરફ્રન્ટ વિકાસ નિગમ	-	5.00	(5.00)
43	ગુજરાત ઔદ્યોગિક કોરીડોર નિગમ લિમિટેડ	-	10.00	(10.00)
44	ગુજરાત તબીબી સેવા નિગમ લિમિટેડ	-	2.50	(2.50)
45	ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન હબ	-	0.01	(0.01)
46	ગુજ-ટુર વિકાસ કંપની લિમિટેડ	-	18.40	(18.40)
47	ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ અલાઇડ સાયન્સીસ	-	0.02	(0.02)
48	કે.કે. શાસ્ત્રી કોલેજ સંઘ	-	0.01	(0.01)
49	આલ્કોક એશડાઉન લીમીટેડ **(ફડચામાં)**	-	14.50	(14.50)
કુલ		**1,15,239.31**	**1,13,174.45**	**2,064.86**

સોત: રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી મળેલી અદ્યતન માહિતી/ હિસાબો અને 2022-23 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો ના આધારે સંકલિત.

પરિશિષ્ટ – 2.3

રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળના બિન-મતપાત્ર ખર્ચની વિગતો

(સંદર્ભ: ફકરો 2.6.2.2)

(₹ કરોડમાં)

હિસાબનું મુખ્ય સદર	હિસાબનું ગૌણ સદર	2022-23 દરમિયાન ખર્ચ
2245- કુદરતી આફતો માટે રાહત 01- દુષ્કાળ	104- ઘાસચારાનો પુરવઠો	2.06
પેટા કુલ 01		**2.06**
2245- કુદરની આફતો માટે રાહત 02- પૂર, ચકવાત વગેરે	101- વિનામૂલ્યે સહાય	10.56
	105- પશુ સાર –સંભાળ	3.08
	111- શોક ગ્રસ્ત પરિવારોને અનુગ્રહની ચુકવણી	53.44
	112- લોકોનું સ્થળાંતર	13.88
	113- ઘરના મરામત/ નવીનીકરણ માટે રાહત	3.91
	196- જિલ્લા પરિષદ/ જિલ્લા સ્તરની પંચાયતને રાહત	119.93
	911- વધારાના ચૂકવણાની વસૂલાત	(-)1.26
પેટા કુલ 02		**203.54**
2245- કુદરની આફતો માટે રાહત 80- સામાન્ય	001-નિર્દેશ અને પ્રશાસન	1.96
	102- કુદરતી આફતોનું સંચાલન, આપત્તિ ગ્રસ્ત વિસ્તારમાં આકસ્મિક યોજનાઓ	6.80
	800-અન્ય ખર્ચ	23.21
પેટા કુલ 80		**31.97**
કુલ (મુખ્ય સદર 2245 હેતલનું પેટા-મુખ્ય સદર 01, 02 અને 80)		**237.57**
2245- કુદરની આફતો માટે રાહત 05-રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ	101- અનામત ભંડોળ/ થાપણ ખાતામાં તબદીલી – રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ	982.99
	901- રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાંથી પ્રાપ્ત રકમ – બાદ કરવી	(-)205.33
પેટા – કુલ 05		**777.66**
2245- કુદરની આફતો માટે રાહત 08-રાજ્ય આપત્તિ શમન ભંડોળ	797- અનામત ભંડોળ થાપણ ખાતામાં તબદીલી	538.30
પેટા કુલ 08		**538.30**
એકંદર કુલ– 2245		**1,553.53**
રાજ્ય કાર્યપાલક સમિતિ State Executive Committee-SEC દ્વારા મંજૂર કરાયેલ અને રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળના ધારાધોરણ અનુસાર કરવામાં આવેલ ખર્ચ (માત્ર 2245-01 અને 2245-02 અંતર્ગત કરવામાં આવેલ ખર્ચ જ રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ અંતર્ગત સ્વીકાર્ય છે)		**205.60**

સ્રોત: વર્ષ 2022-23ના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

પરિશિષ્ટ 3.1

અંદાજપત્ર સંબંધિત મહત્વના પદોની શબ્દસૂચિ

(સંદર્ભ: ફકરો 3.1)

1. ***વર્ષના 'હિસાબો' અથવા 'ખરેખર':***–1 એપ્રિલના રોજ શરૂ થતા અને પછીના 31 માર્ચના રોજ પુરા થતા નાણાકીય વર્ષ માટેની પ્રાપ્તિ અને ચૂકવણીઓની હિસાબી સત્તાધિકારીના ચોપડે (ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા ઑડિટ થયેલી) નોંધાયેલી રકમો છે. કામચલાઉ હિસાબો ઑડિટ ન થયા હોય એવા હિસાબોના સંદર્ભમાં છે.

2 ***યોજના, દરખાસ્ત અથવા કામની 'વહીવટી મંજૂરી'***- એ ખર્ચ કરવાના હેતુ માટે સક્ષમ સત્તાધિકારી દ્વારા તેની ઔપચારિક મંજૂરી છે. અંદાજપત્રમાંની ભંડોળની જોગવાઈઓ સાથે, જે વર્ષમાં વહીવટી મંજૂરી જારી કરવામાં આવી હોય તે ચોક્કસ વર્ષ દરમિયાન તે નાણાકીય મંજૂરી તરીકે કામ કરે છે.

3 ***'વાર્ષિક નાણાકીય પત્રક'***–અંદાજપત્ર તરીકે પણ ઓળખાય છે અને તેનો અર્થ દરેક નાણાકીય વર્ષ માટે, લોકસભા/ રાજ્ય વિધાનસભા સમક્ષ મૂકવામાં આવતું કેન્દ્ર/ રાજ્ય સરકારની અંદાજિત આવક અને ખર્ચનું પત્રક છે.

4 ***વિનિયોગ***–એટલે ચૂકવણી અધિકારીના હવાલે મૂકવામાં આવેલ વિનિયોગના જુદા જુદા પ્રાથમિક એકમો હેઠળ ખર્ચ માટે લોકસભા/ રાજ્ય વિધાનસભા દ્વારા અધિકૃત રકમ અથવા તેનો ભાગ.

5 ***'બિન-મતપાત્ર ખર્ચ'***–એટલે એવો ખર્ચ જે બંધારણની જોગવાઈઓ હેઠળ વિધાનસભાના મત માટે રજૂ કરવામાં આવતો નથી.

6 ***'ભારત/ રાજ્યની સંચિત નિધિ –*** કેન્દ્ર/ રાજ્ય સરકારની તમામ આવક, તેના દ્વારા લેવામાં આવેલી લોનો અને લોનની પરતચૂકવણીના મળેલા તમામ નાણાથી ભારત/ રાજ્યની સંચિત નિધિ બને છે. કાયદા અનુસારનો હોય અને બંધારણમાં આપેલા હેતુ અને પધ્ધતિ મુજબ કર્યો હોય એ સિવાય આ નિધિમાંથી કોઇ પણ નાણાનો આ વિનિયોગ કરી શકાય નહીં.

7 ***આકસ્મિક નિધિ'*** આકસ્મિક નિધિ એક અગ્રદાયના રૂપમાં હોય છે. જેનો હેતુ વર્ષ દરમિયાન અણધાર્યા ખર્ચને પહોંચી વળવા લોકસભા/ વિધાનસભા દ્વારા આવા ખર્ચને અધિકૃતિ મળે ત્યાં સુધી કાર્યપાલિકા/ સરકારને પેશગીઓ આપવાનો હોય છે. આકસ્મિક નિધિમાંથી કરવામાં આવેલી ઉપાડની રકમોની ભરપાઇ, લોકસભા/ વિધાનસભા તેને પૂરક માંગણી મારફત તેને મંજૂર કરે ત્યારબાદ કરવામાં આવે છે.

8 ***'નિયંત્રણ અધિકારી (અંદાજપત્ર)'***- એટલે કરવામાં આવતા ખર્ચ અને/ અથવા મહેસૂલની વસૂલાત પર નિયંત્રણની જવાબદારી વિભાગ દ્વારા સોંપવામાં આવી હોય એવો અધિકારી. આ પદમાં વિભાગના વડાઓ અને વહીવટદારોનો પણ સમાવેશ થાય છે.

9 ***'ઉપાડ અને ચૂકવણી અધિકારી' (DDO)*** – એટલે રાજ્ય સરકાર વતી ઉપાડ કરવા અને ચૂકવણીઓ કરવા માટે કચેરીના વડા અને રાજ્ય સરકારના નાણા વિભાગ દ્વારા આ માટે નિયુક્ત થયેલા અન્ય કોઇ પણ અધિકારી. આ પદમાં વિભાગના વડા જ્યાં તે પોતે આવી કામગીરી કરતા હોય તેનો પણ સમાવેશ થાય છે.

10 ***'અધિક અનુદાન'***–અધિક અનુદાન એટલે મૂળ/ પૂરક અનુદાન મારફત મંજૂર થયેલી જોગવાઈ ઉપરાંતની ખર્ચની રકમ, જેને બંધારણની કલમ 115/ 205 હેઠળ લોકસભા/ રાજ્ય વિધાનસભામાંથી અધિક અનુદાન મેળવીને નિયમિત કરવું જરૂરી હોય છે.

11 ***'નવી સેવા'*** –બંધારણની કલમ 115(1)(a)/205(1)(a)માં જોવામાં આવતી, નવી સેવા એટલે નવી પ્રવૃત્તિ અથવા નવી રીતે મૂડીરોકાણ સહિત અગાઉ લોકસભા/ રાજ્ય વિધાનસભાના ધ્યાન પર લાવવામાં આવ્યા ન હોય એવા નવા નીતિ વિષયક નિર્ણયમાંથી ઉભો થતો ખર્ચ.

12 ***સેવાનું નવું સાધન'***- એટલે કોઇ ચાલુ પ્રવૃત્તિના મહત્વના વિસ્તરણમાંથી ઉદ્ભવતો પ્રમાણમાં મોટો ખર્ચ.

13 ***'જાહેર હિસાબ'***- એટલે બંધારણની કલમ 266 (2)માં સંદર્ભિત જાહેર હિસાબ. થાપણો, અનામત ભંડોળ, ભરણાં, વગેરે જેવી આવક અને ચૂકવણીઓ જે સંચિત નિધિનો ભાગ નથી બનતા તેનો જાહેર હિસાબમાં સમાવેશ થાય છે. જાહેર હિસાબમાંથી થતી ચૂકવણીઓ લોકસભા/ રાજ્ય વિધાનસભા દ્વારા મતપાત્ર નથી કારણ કે તે ભારત/ રાજ્યના સંચિત નિધિમાંથી આપવામાં આવેલા નાણા નથી.

14 ***'પુનર્વિનિયોગ'*** –એટલે, સક્ષમ સત્તાધારી દ્વારા, વિનિયોગના એક એકમમાં થયેલી બચતની એ જ અનુદાન અથવા બિન-મતપાત્ર વિનિયોગની અંદર અન્ય એકમ હેઠળના અધિક ખર્ચને પહોંચી વળવા કરવામાં આવેલી તબદીલી છે.

15 ***સુધારેલા અંદાજ'*** –કોઇ નાણાકીય વર્ષ માટે સંભવિત આવક અથવા ખર્ચનો, પહેલાથી નોંધાયેલા વ્યવહારોના સંદર્ભમાં અને પહેલાથી જારી થયેલા હુકમોના સંદર્ભમાં વર્ષના બાકીના ભાગ માટેની અપેક્ષાએ તે વર્ષના સમયગાળામાં બંધાયેલો અંદાજ છે.

16 ***'અનુદાનો માટે પૂરક માંગણીઓ'***- એટલે વિધાનસભા સમક્ષ રજૂ કરવામાં આવતુ પૂરક માંગણીઓનું પત્રક, જે નાણાકીય વર્ષની બાબતમાં તે વર્ષના વાર્ષિક નાણાકીય નિવેદન/ પત્રકમાં અધિકૃત કરેલા ખર્ચ ઉપરાંત વધારાના જરૂરી ખર્ચની અંદાજીત રકમ દર્શાવે છે. પૂરક માટેની માંગણી ટોકન, તકનિકી અથવા નોંધપાત્ર/ રોકડ હોઇ શકે.

a) **રોકડ પૂરક** અંદાજપત્રની મૂળ જોગવાઈઓ ઉપરાંત હોય છે અને માંગણી/ અનુદાન માટેની ફાળવણીમાં વધારામાં પરિણમે છે. તે છેવટના ઉપાય તરીકે યોગ્ય જરૂરી ચકાસણી બાદ મેળવવી જોઇએ. હાલમાં, રાજ્ય દ્વારા આ પધ્ધતિ અપનાવવામાં આવે છે.

b) દરેક માંગણીમાં ચાર અનુભાગ હોય છે એટલે કે, મહેસૂલ મતપાત્ર, મહેસૂલ બિન-મતપાત્ર, મૂડી મતપાત્ર અને મૂડી બિન-મતપાત્ર. **તકનિકી પૂરક**, રાજ્ય વિધાનસભા દ્વારા મંજૂરી મળ્યા બાદ, કોઇ એક અનુભાગની બચતનો અન્ય કોઇ પણ અનુભાગ માટે ઉપયોગની છૂટ આપે છે.

c) **ટોકન પૂરક** બચત અનુદાનના સમાન અનુભાગની અંદર બચતના ઉપયોગની છૂટ આપે છે.

17 ***'મુખ્ય સદર'***–એટલે રાજ્યની આવક અને ચૂકવણીઓની નોંધ અને વર્ગીકરણના હેતુ માટેનું હિસાબી મુખ્ય સદર. કોઇ મુખ્ય સદર, વિશેષ રૂપે જે સંચિત નિધિની અંદર પડતુ હોય, તે સામાન્ય રીતે સરકારના 'કામ' જેવા કે કૃષિ, શિક્ષણ, આરોગ્ય, વગેરેને અનુરૂપ હોય છે.

18 ***'પેટા-મુખ્ય સદર'***–એટલે મુખ્ય સદર અને તેની નીચેના ગૌણ સદરો વચ્ચે દાખલ કરવામાં આવેલું વચગાળાનું હિસાબી સદર, જ્યારે ગૌણ સદરો અનેક હોય અને આવા તરતના સદર હેઠળ સરળતાથી એકજૂથ કરી શકાય.

19 ***'ગૌણ સદર'***–એટલે મુખ્ય સદર અથવા પેટા-મુખ્ય સદરના તાબાનું સદર. મુખ્ય સદરના તાબાનુ કોઇ ગૌણ સદર એ મુખ્ય સદર દ્વારા રજૂ થતા કાર્યના ઉદ્દેશ ફાંસલ કરવા માટે હાથ ધરવામાં આવતા "કાર્યક્રમ"ની ઓળખ છે.

20 ***'પેટા-સદર'***–એટલે ગૌણ સદરના પછીના તાબાનું હિસાબી એકમ જે સામાન્ય રીતે ગૌણ સદર અથવા કાર્યક્રમ હેઠળની પરિયોજના અથવા તંત્ર દર્શાવે છે.

21 ***'મુખ્ય કામ'*** –એટલે કોઇ મૂળ કામ, જેનો વિભાગીય ખર્ચ સિવાયનો અંદાજીત ખર્ચ વખતોવખત સરકાર દ્વારા સૂચિત રકમ કરતાં વધે છે.

22 ***'ગૌણ કામ'***–એટલે કોઇ મૂળ કામ, જેનો વિભાગીય ખર્ચ સિવાયનો અંદાજીત ખર્ચ વખતોવખત સરકાર દ્વારા સૂચિત રકમ કરતાં વધતો નથી.

23 ***સંશોધિત અનુદાન અથવા વિનિયોગ***–એટલે પુનર્વિનિયોગ અથવા સક્ષમ સત્તાધિકારી દ્વારા અધિક અથવા પૂરક અનુદાનની મંજૂરી બાદ રહેતી વિનિયોગના કોઇ પણ પેટા-સદરમાં ફાળવેલી રકમ.

24 ***'પૂરક અથવા વધારાનું અનુદાન અથવા વિનિયોગ'***–એટલે, નાણાકીય વર્ષના સમયગાળા દરમિયાન, વિનિયોગ અધિનિયમમાં તે વર્ષ માટે અગાઉ સામેલ કરેલી રકમ કરતાં અધિક ખર્ચને પહોંચી વળવા વિનિયોગ અધિનિયમમાં સમાવિષ્ટ જોગવાઈ.

25 ***'નવા ખર્ચની અનુસૂચિ'***–નો અર્થ આગામી વર્ષ માટે અંદાજપત્રમાં સમાવેશ માટે સૂચિત નવા ખર્ચની બાબતોની અનુસૂચિ એવો થાય છે.

26 ***'ટોકન માંગણી'***–એટલે નજીવી રકમ માટે વિધાનસભા પાસે માંગણી કરવામાં આવે છે, દાખલા તરીકે, જયારે મંજૂર થયેલા અંદાજપત્રીય અનુદાનમાંથી થયેલી બચતમાંથી નવી સેવા પરના પૂરેપૂરા ખર્ચને પહોંચી વળવાની દરખાસ્ત કરવામાં આવે છે.

પરિશિષ્ટ – 3.2

બિનજરૂરી પુનર્વિનિયોગો

(સંદર્ભ: ફકરો 3.3.3)

(₹ લાખમાં)

ક્રમાંક	અનુદાન નં..	નામાભિધાન અને વર્ગીકરણ	મૂળ જોગવાઈ	પુનર્વિનિયોગ	ખરેખર ખર્ચ	બચત(-) / અધિક (+)
1	2	3	4	5	6	7 (6-4)
1	0009	2204 00 102 03 EDN 72 નેશનલ કેડેટ કોર્પ્સ તાલીમ	3,362.51	(+)45.48	3,326.38	(-)36.13
2	0036	2011 02 103 01 વિધાનસભા સચિવાલય	1,860.85	(+)153.00	1,627.03	(-)233.82
3	0039	2210 02 101 01 HLT-20-આયુર્વેદ નિયામક	813.01	(+)53.70	527.53	(-)285.48
4	0039	2210 02 101 02 તબીબી રાહત- હોસ્પીટલો અને દવાખાના	2,454.70	(+)50.00	2,356.99	(-)97.71
5	0039	2210 06 003 01 જાહેર આરોગ્યમાં કર્મચારીઓની તાલીમ	83.87	(+)15.47	71.44	(-)12.43
6	0039	2210 06 003 02 ગ્રામીણ આરોગ્ય તાલીમ કેન્દ્રો	431.76	(+)37.12	410.02	(-)21.74
7	0039	2210 80 004 01 HLT-39 મહત્વપૂર્ણ આંકડાશાસ્ત્રીય સંસ્થા	437.30	(+)20.75	425.63	(-)11.67
8	0039	4210 02 101 43 રોગનિદાન માળખુ – પેટા-કેન્દ્રો (નાણા પંચ)	6,749.00	(+)1.00	0	(-)6,749.00
9	0039	4210 02 101 44 મકાન વિનાના પેટા-કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો (નાણા પંચ)	117.00	(+)1.00	0	(-)117.00
10	0039	4210 02 101 45 ગ્રામ્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રોનું આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોમાં રૂપાંતર (નાણા પંચ)	16,001.00	(+)1.00	0	(-)16,001.00
11	0039	4210 02 103 43 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે રોગનિદાન વિષયક માળખુ (નાણા પંચ)	7,188.00	(+)1.00	0	(-)7,188.00
12	0039	4210 02 103 44 બ્લોક સ્તરના જાહેર આરોગ્ય એકમોની સ્થાપના (નાણા પંચ)	5,031.00	(+)1.00	0	(-)5,031.00
13	0043	2055 00 115 11 ફોરેન્સીક વિજ્ઞાન પ્રયોગશાળાનું આધુનિકીકરણ (60-40 આંશિક કેન્દ્ર પુરસ્કૃત યોજના)	270.00	(+)134.57	0	(-)270.00

ક્રમાંક	અનુદાન નં..	નામાભિધાન અને વર્ગીકરણ	મૂળ જોગવાઈ	પુનર્વિનિયોગ	ખરેખર ખર્ચ	બચત(-) / અધિક (+)
1	2	3	4	5	6	7 (6-4)
14	0043	2055 00 116 01 MEP 10 ફોરેન્સીક વિજ્ઞાન પ્રયોગશાળા	9,040.18	(+)79.90	4,882.85	(-)4,157.33
15	0046	2062 00 104 02 ગુજરાત રાજ્ય માનવ અધિકાર પંચ	592.76	(+)8.98	490.84	(-)101.92
16	0046	4055 00 214 02 સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ (60-40 આંશિક કેન્દ્ર પુરસ્કૃત યોજના)	960.00	(+)947.75	0	(-)960.00
17	0084	2059 01 051 01 નાના મૂળ કામો	80.00	(+)5.00	55.20	(-)24.80
18	0087	4217 01 051 02 UDP 27 બિન-રહેણાંક મકાનો	3,513.00	(+)368.00	3,178.95	(-)334.05
19	0092	2225 80 101 04 DNT 1 પૂર્વ-મેટ્રિક શિક્ષણ માટે પ્રોત્સાહન (શિષ્યવૃત્તિ, ગણવેશ, સાઈકલ વગેરે)	8,350.25	(+)223.31	8,326.16	(-)24.09
20	0096	2210 04 796 01 HLT 22 ગ્રામ્ય વિસ્તારોમાં નવા આયુર્વેદિક દવાખાના ખોલવા	1,695.99	(+)72.39	1,683.76	(-)12.23
21	0096	4202 01 796 42 EDN 21 મકાન	1,891.05	(+)301.74	1,614.71	(-)276.34
22	0096	4216 01 796 04 બાંધકામ (આરોગ્ય)	368.90	(+)173.00	348.00	(-)20.90
23	0096	4406 01 796 06 FST-8 ગુજરાત સામૂહિક વનીકરણ યોજના	5100.00	(+)378.11	4,381.34	(-)718.66
24	0108	3435 03 102 02 CLC-2 જળ-વાયુ પરિવર્તનની અસરનો અભ્યાસ અને સંબંધિત યોજનાઓના ટ્રસ્ટનું ભંડોળ	1,325.00	(+)250.00	925.00	(-)400.00
25	0066	4702 00 800 02 ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ (GWRDC) ના ટ્યૂબ વેલો માટે દબાણયુક્ત સિંચાઇ નેટવર્ક પધ્ધતિનો ડ્રીપ ફાળો	1,100.00	(-)650.18	1,266.37	(+)166.37
26	0066	4701 83 800 80 અન્ય ખર્ચ	370.00	(-)7.87	456.97	(+)86.97
27	0096	4202 02 796 42 TED-24 મકાન	998.00	(-)223.74	1,342.66	(+)344.66
28	0096	4406 01 796 01 વન વ્યવસ્થાપન અને વિકાસ	10,711.64	(-)378.11	11,088.13	(+)376.49

સોત: 2022-23ના વિનિયોગ હિસાબો

પરિશિષ્ટ – 3.3

2022-23 દરમિયાન પરતસોંપણી બાદ મોટી બચતો (₹ 100 કરોડથી વધારે) દર્શાવતા અનુદાનો/ વિનિયોગોના પત્રકો

(સંદર્ભ: ફકરો 3.3.4.1)

(₹ કરોડમાં)

ક્રમાંક	અનુદાન નં.	અનુદાનનું નામ	વર્ગીકરણ	કુલ અંદાજપત્ર	ખરેખર ખર્ચ	બચત	પરતસોંપણી	પરતસોંપણી પછી બચત
1	09	શિક્ષણ	મહેસૂલ મતપાત્ર	41,031.21	39,426.69	1,604.52	1,330.41	274.11
2	20	નાણા વિભાગ લગતા ઋણની પરતચૂકવણી અને તેનું સર્વિસીંગ	મહેસૂલ બિન-મતપાત્ર	25,851.50	24,229.44	1,622.06	1,401.13	220.93
3	39	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ મતપાત્ર	7,457.00	7,188.69	268.31	15.78	252.53
4	39	તબીબી અને જાહેર આરોગ્ય	મૂડી મતપાત્ર	1,888.36	1,535.54	352.82	1.36	351.46
5	40	પરિવાર કલ્યાણ	મૂડી મતપાત્ર	325.87	42.05	283.82	0.00	283.82
6	43	પોલીસ	મહેસૂલ મતપાત્ર	6,106.27	5,893.64	212.63	23.52	189.11
7	65	નર્મદા વિકાસ યોજના	મૂડી મતપાત્ર	2,350.00	1,704.28	645.72	340.50	305.22
8	74	પરિવહન	મૂડી બિન-મતપાત્ર	156.39	0.00	156.39	0.00	156.39
9	86	માર્ગ અને મકાન	મહેસૂલ મતપાત્ર	3,751.76	3,540.72	211.04	17.27	193.77
10	93	અનુસૂચિત જનજાતિનું કલ્યાણ	મહેસૂલ મતપાત્ર	632.16	401.11	231.05	10.04	221.01
				89,550.52	**83,962.16**	**5,588.36**	**3,140.01**	**2,448.35**

સોતઃ 2022-23ના વિનિયોગ હિસાબો.

પરિશિષ્ટ – 3.4

2020-23 દરમિયાન સતત બચત દર્શાવનાર અનુદાનો/ વિનિયોગોનું પત્રક

(સંદર્ભ: ફકરો 3.3.4.1)

(₹ કરોડમાં)

ક્રમાંક	અનુદાનનું નામ અને નામાભિધાન	વર્ગીકરણ	2020-21	2021-22	2022-23
1	02-કૃષિ	મહેસૂલ-મતપાત્ર	580.13	1,313.78	1,184.76
2	06-મત્સ્યોદ્યોગ	મૂડી-મતપાત્ર	141.07	109.76	185.51
3	18-પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો	મહેસૂલ-મતપાત્ર	1,047.33	800.18	944.12
4	19-નાણા વિભાગને લગતો અન્ય ખર્ચ	મહેસૂલ-મતપાત્ર	9,517.56	8,509.32	13,661.08
5	20-નાણા વિભાગને લગતા ઋણની પરતચૂકવણી	મહેસૂલ બિન-મતપાત્ર	207.76	762.86	1,622.05
6	43-પોલીસ	મહેસૂલ-મતપાત્ર	753.56	878.39	212.63
7	65-નર્મદા વિકાસ યોજના	મૂડી-મતપાત્ર	2,349.07	662.48	645.72
8	66-સિંચાઇ અને જમીન સંરક્ષણ	મૂડી-મતપાત્ર	1,464.59	2,412.89	730.87
9	71-ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ	મહેસૂલ-મતપાત્ર	1,256.50	853.34	433.57
10	84-બિન-રહેણાંક મકાનો	મૂડી-મતપાત્ર	910.02	683.90	499.52
11	85-રહેણાંક મકાનો	મૂડી-મતપાત્ર	119.91	113.85	159.45
12	92-સામાજીક સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ-મતપાત્ર	252.26	170.59	379.71
13	95-અનુસૂચિત જાતિ પેટા-યોજના	મહેસૂલ-મતપાત્ર	670.45	472.58	527.33
14	96-આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	મહેસૂલ-મતપાત્ર	1,510	1,091.15	1,454.06
15	96-આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	મૂડી-મતપાત્ર	590.54	388.35	148.47
16	102-શહેરી વિકાસ	મહેસૂલ-મતપાત્ર	1,647.12	1,209.22	942.51
	કુલ		**23,017.87**	**20,432.64**	**23,731.36**

સ્રોત: 2020-23ના વિનિયોગ હિસાબો

પરિશિષ્ટ – 3.5

અનુદાનો/ વિનિયોગો જેમાં બચતની પરતસોંપણી કરવામાં આવી ન હતી તેનું પત્રક

(સંદર્ભ: ફકરો 3.3.4.1)

(₹ કરોડમાં)

ક્રમાંક	અનુદાન નં.	અનુદાનનું નામ	વર્ગીકરણ	કુલ અનુદાન	ખર્ચ	બચત
1	04	પશુપાલન	મહેસૂલ બિન-મતપાત્ર	17.26	14.28	2.98
2	10	શિક્ષણ વિભાગને લગતો અન્ય ખર્ચ	મહેસૂલ મતપાત્ર	4.70	4.52	0.18
3	14	ઊર્જા અને પેટ્રોકેમીકલ વિભાગને લગતો અન્ય ખર્ચ	મૂડી મતપાત્ર	2,100.02	2,100.00	0.02
4	22	નાગરિક પુરવઠા	મહેસૂલ મતપાત્ર	1,477.33	1,473.27	4.06
5	40	પરિવાર કલ્યાણ	મૂડી મતપાત્ર	325.87	42.05	283.82
6	41	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતો અન્ય ખર્ચ	મૂડી મતપાત્ર	0.45	0.20	0.25
7	44	જેલો	મહેસૂલ મતપાત્ર	196.77	195.03	1.74
8	46	ગૃહ વિભાગને લગતો અન્ય ખર્ચ	મહેસૂલ બિન-મતપાત્ર	1.11	0.74	0.37
9	46	ગૃહ વિભાગને લગતો અન્ય ખર્ચ	મહેસૂલ મતપાત્ર	621.01	618.68	2.33
10	46	ગૃહ વિભાગને લગતો અન્ય ખર્ચ	મૂડી મતપાત્ર	1,344.41	1,268.00	76.41
11	74	પરિવહન	મૂડી બિન-મતપાત્ર	156.39	0.00	156.39
12	75	બંદરો અને પરિવહન વિભાગને લગતો અન્ય ખર્ચ	મહેસૂલ મતપાત્ર	78.27	78.25	0.02
13	91	સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ	મહેસૂલ બિન-મતપાત્ર	0.42	0.00	0.42
કુલ				**6,324.01**	**5,795.02**	**528.99**

સ્રોત: 2022-23ના વિનિયોગ હિસાબો

પરિશિષ્ટ – 3.6
નિયમિત કરવો જરૂરી અગાઉના વર્ષોનો અધિક ખર્ચ
(સંદર્ભ: ફકરો 3.3.5.3)

(₹ કરોડમાં)

વર્ષ	અનુદાનો/ વિનિયોગોની સંખ્યા	અનુદાન નં./ વિનિયોગ નં.	અધિકની રકમ	જાહેર હિસાબ સમિતિ દ્વારા નિયમિતીકરણની સ્થિતિ
2009-10	38-અનુદાનો 07-વિનિયોગો	મહેસૂલ મતપાત્ર – 1, 3, 5, 9, 10, 12, 17, 18, 21, 23, 26, 32, 39, 41, 43, 45, 46, 48, 55, 57, 61, 62, 64, 66, 69, 73, 75, 80, 84, 86, 87, 88, 96, 97, 101, 102 મૂડી મતપાત્ર –65, 93 મહેસૂલ બિન- મતપાત્ર– 20, 32, 43, 68, 84 મૂડી બિન- મતપાત્ર – 81, 86	1,010.86	નિયમિત કરવાના બાકી
2010-11	13-અનુદાનો 02-વિનિયોગો	મહેસૂલ મતપાત્ર – 10, 41, 51, 62, 66, 72, 73, 82, 86, 87, 88, 105 મૂડી મતપાત્ર- 13 મહેસૂલ બિન-મતપાત્ર - 71 મૂડી બિન- મતપાત્ર- 81	120.25	નિયમિત કરવાના બાકી
2011-12	06-અનુદાનો 04-વિનિયોગો	મહેસૂલ મતપાત્ર- 10, 18, 51, 82, 86 મૂડી મતપાત્ર- 87 મહેસૂલ બિન- મતપાત્ર– 26, 96 મૂડી બિન- મતપાત્ર – 20, 81, 96	660.62	નિયમિત કરવાના બાકી
2014-15	04-અનુદાનો 03-વિનિયોગ	મહેસૂલ મતપાત્ર – 73, 85, 88 મૂડી મતપાત્ર – 26 મહેસૂલ બિન- મતપાત્ર–19, 43, 81	144.45	નિયમિત કરવાના બાકી
2015-16	01 અનુદાનો 03 વિનિયોગો	મહેસૂલ મતપાત્ર – 73 મહેસૂલ બિન- મતપાત્ર– 26, 39 મૂડી બિન- મતપાત્ર – 20	299.09	નિયમિત કરવાના બાકી
2016-17	06 અનુદાનો 04 વિનિયોગો	મહેસૂલ મતપાત્ર – 9, 67, 73, 83 મૂડી મતપાત્ર – 10, 41 મહેસૂલ બિન- મતપાત્ર– 74, 96, 106 મૂડી બિન- મતપાત્ર - 96	278.11	નિયમિત કરવાના બાકી
2017-18	02 અનુદાનો 01 વિનિયોગ	મહેસૂલ મતપાત્ર – 73 મૂડી મતપાત્ર – 3 મહેસૂલ બિન- મતપાત્ર- 18	333.99	નિયમિત કરવાના બાકી
2018-19	04 અનુદાનો 01 વિનિયોગ	મહેસૂલ મતપાત્ર – 9, 13, 73, 86 મહેસૂલ બિન- મતપાત્ર- 18	2,394.24	નિયમિત કરવાના બાકી
2019-20	03 અનુદાનો 01 વિનિયોગ	મહેસૂલ મતપાત્ર-9, 73, 86 મૂડી બિન- મતપાત્ર- 20	1,466.84	નિયમિત કરવાના બાકી
2020-21	03 અનુદાનો 03 વિનિયોગો	મહેસૂલ મતપાત્ર- 9, 73 મૂડી મતપાત્ર- 88 મૂડી બિન- મતપાત્ર- 20, 66, 96	1,718.52	નિયમિત કરવાના બાકી
2021-22	03 અનુદાનો 01 વિનિયોગ	મહેસૂલ મતપાત્ર-9, 73, 79 મહેસૂલ બિન- મતપાત્ર - 26	3,511.09	નિયમિત કરવાના બાકી
		કુલ	**11,938.06**	

સ્રોતઃ સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો

પરિશિષ્ટ – 3.7
જાહેર હિસાબ સમિતિ દ્વારા ઓક્ટોબર 1994માં નક્કી કરવામાં આવેલી મર્યાદાઓ
(સંદર્ભ: ફકરો 3.5.2)

બચત	1. જો કોઇ અનુદાન/વિનિયોગમાં તેમાં કરવામાં આવેલી કુલ જોગવાઈના 5 ટકાથી ઓછી એકંદર બચત થઇ હોય તો બચત/અધિક માટે કોઇ નોંધ અથવા ટિપ્પણી વ્યક્તિગત પેટા-સદર હેઠળ જરૂરી નથી. આ હેતુ માટે, મહેસૂલ (મતપાત્ર), મહેસૂલ (બિન-મતપાત્ર), મૂડી (મતપાત્ર) અને મૂડી (બિન-મતપાત્ર) ને અલગ અનુદાન/વિનિયોગ ગણવા જોઇએ. 2. એવો કેસ જેમાં અનુદાન/વિનિયોગ હેઠળ 5 ટકા અથવા અધિક બચત થઇ હોય તેમાં પણ ક.પેટા-સદરની બાબતમાં જ્યાં બચત/અધિક તે હેઠળ કરવામાં આવેલી જોગવાઇના 10 ટકા અથવા ઓછી હોય તેમાં કોઇ સ્પષ્ટીકરણ જરૂરી નથી; ખ. પેટા-સદર હેઠળ બચત/અધિક તે હેઠળ કરવામાં આવેલી કુલ જોગવાઈના 10 ટકા કરતાં અધિક હોય તો પણ કોઇ સ્પષ્ટીકરણ વિનિયોગ હિસાબોમાં આપવું જરૂરી નથી :- i. જો અનુદાનની નીચે 'મહેસૂલ મતપાત્ર' હેઠળ કુલ જોગવાઈ; 1. ₹ 30 કરોડ કરતાં અધિક હોય અને પેટા-સદર હેઠળ બચત/અધિક ₹ 30 લાખ કરતાં ઓછી હોય; 2. ₹ 10 કરોડ અને 30 કરોડની વચ્ચે હોય અને પેટા-સદર હેઠળ બચત/અધિક ₹ 20 લાખ કરતાં ઓછી હોય; 3.₹ 10 કરોડ કરતાં ઓછી હોય અને પેટા-સદર હેઠળ બચત/અધિક ₹ 10 લાખ કરતાં ઓછી હોય. ii. જો અનુદાનની નીચે 'મૂડી મતપાત્ર' હેકળ કુલ જોગવાઇ 1. ₹ 20 કરોડ કરતાં અધિક હોય અને પેટા-સદર હેઠળની બચત/અધિક ₹ 25 લાખ કરતાં ઓછી હોય; 2. ₹ 10 કરોડ અને ₹ 20 કરોડની વચ્ચે હોય અને પેટા-સદર હેઠળ બચત/અધિક ₹ 20 લાખ કરતાં ઓછી હોય; 3. ₹ 10 કરોડ કરતાં ઓછી હોય અને પેટા-સદર હેઠળ બચત/અધિક 10 લાખથી ઓછી હોય. iii. 'મહેસૂલ બિન-મતપાત્ર' અને 'મૂડી બિન-મતપાત્ર' ની બાબતમાં જો પેટા-સદર હેઠળ બચત/અધિક ₹ 5 લાખથી ઓછી હોય.
અધિક	જો કોઇ અનુદાન/વિનિયોગ હેઠળ કરવામાં આવેલો ખર્ચ તેની હેઠળ કરવામાં આવેલી જોગવાઈ કરતાં અધિક હોય, તો અધિકનુ નિયમિતીકરણ કરવુ જરૂરી છે. જો કે, વિનિયોગ હિસાબોમાં પેટા-સદરો હેઠળ અધિક/બચતો માટે સ્પષ્ટીકરણ માત્ર નીચે જણાવ્યા મુજબ આપવું જરૂરી હોય છે; 1. સ્પષ્ટીકરણ આપવુ જરૂરી છે જો પેટા-સદર હેઠળ અધિક તે હેઠળ કરવામાં આવેલી જોગવાઈના 10 ટકાથી વધુ હોય અને અધિક ₹ 5 લાખથી વધુ હોય. નીચેના કેસોમાં, જો અધિક જોગવાઈના 10 ટકા કરતાં ઓછું હોય તો પણ વિનિયોગ હિસાબોમાં સ્પષ્ટીકરણ આપવુ જાઇએ:- ક. કોઇ અનુદાનની નીચે મહેસૂલ મતપાત્ર હેકળ કુલ જોગવાઈ જો:- i. ₹ 30 કરોડથી અધિક હોય અને કોઇ પેટા-સદર હેઠળ અધિક ₹ 30 લાખ કરતાં વધુ હોય; ii. ₹ 10 કરોડ અને ₹ 30 કરોડની વચ્ચે હોય અને પેટા-સદર હેઠળ અધિક ₹ 20 લાખ કરતાં વધુ હોય iii. ₹ 10 કરોડ કરતાં ઓછી હોય અને પેટા-સદર હેઠળ અધિક ₹ 5 લાખ કરતાં વધુ હોય; ખ કોઇ અનુદાનની નીચે મૂડી મતપાત્ર હેકળ કુલ જોગવાઈ જો:- i. ₹ 20 કરોડથી અધિક હોય અને પેટા-સદર હેઠળ અધિક ₹ 25 લાખથી વધુ હોય ii.₹ 10 કરોડ અને ₹ 20 કરોડની વચ્ચે હોય અને પેટા-સદર હેઠળ અધિક ₹ 15 લાખથી વધુ હોય. iii. ₹ 10 કરોડથી ઓછી હોય અને પેટા-સદર હેઠળ અધિક ₹ 5 લાખથી વધુ હોય ગ. 'મહેસૂલ બિન-મતપાત્ર' અને 'મૂડી બિન-મતપાત્ર'ની બાબતમાં, જો પેટા-સદર હેઠળ અધિક ₹ 5 લાખથી વધુ હોય; 2. જ્યારે અનુદાન/વિનિયોગ હેઠળના પેટા-સદર હેઠળ એકંદર બચત થઇ હોય તો બચતો માટે સ્પષ્ટીકરણ આપવા માટેપૂર્વોક્ત જોગવાઈ મુજબ પેટા-સદર હેઠળની બચતો માટે સ્પષ્ટીકરણો આપી શકાય.

પરિશિષ્ટ – 3.8

જાહેર હિસાબ સમિતિએ નિયત કરેલી મર્યાદાની બહાર પેટા-સદરોમાં વધ-ઘટ અને સ્પષ્ટીકરણની સ્થિતિ

(સંદર્ભ: ફકરો 3.5.2)

અનુદાન	કુલ પેટા-સદરો	સ્પષ્ટીકરણ જરૂરી હોય એવા પેટા-સદરો	પેટા-સદરો જેમાં સ્પષ્ટીકરણો આપવામાં આવ્યાં હતાં
01 કૃષિ અને સહકાર વિભાગ	2	1	1
02 કૃષિ	96	51	51
03 લઘુ સિંચાઇ, જમીન સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	9	2	2
04 પશુપાલન	31	21	20
05 સહકાર	37	20	19
06 મત્સ્યોદ્યોગ	17	10	10
07 કૃષિ અને સહકાર વિભાગને લગતો અન્ય ખર્ચ	3	0	0
08 શિક્ષણ વિભાગ	2	1	1
09 શિક્ષણ	119	1	1
10 શિક્ષણ વિભાગને લગતો અન્ય ખર્ચ	8	0	0
11 ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	3	0	0
12 કર વસૂલાતનો ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમીકલ વિભાગ)	1	1	1
13 ઊર્જા યોજનાઓ	41	0	0
14 ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતો અન્ય ખર્ચ	5	0	0
15 નાણા વિભાગ	2	1	1
16 કર વસૂલાતનો ખર્ચ (નાણા વિભાગ)	6	5	5
17 તિજોરી અને હિસાબ વહીવટી તંત્ર	6	5	5
18 પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો	15	8	7
19 નાણા વિભાગને લગતો અન્ય ખર્ચ	16	6	5
20 નાણા વિભાગને લગતા ઋણની પરતચૂકવણી	43	19	16
21 અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકની બાબતોનો વિભાગ	4	2	2
22 નાગરિક પુરવઠો	25	0	0
23 અન્ન	11	4	4
24 અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકની બાબતોના વિભાગને લગતો અન્ય ખર્ચ	2	0	0
25 વન અને પર્યાવરણ વિભાગ	2	2	2
26 વન	44	20	20
27 પર્યાવરણ	5	0	0
28 વન અને પર્યાવરણ વિભાગને લગતો અન્ય ખર્ચ	2	0	0
29 રાજ્યપાલ	14	0	0
30 પ્રધાન મંડળ	1	1	1
31 ચૂંટણીઓ	10	0	0
32 જાહેર સેવા આયોગ	2	1	1
33 સામાન્ય વહીવટ વિભાગ	13	0	0
34 આર્થિક સલાહ અને આંકડાશાસ્ત્ર	5	2	2
35 સામાન્ય વહીવટ વિભાગને લગતો અન્ય ખર્ચ	19	3	3
36 રાજ્ય વિધાનસભા	4	2	2

અનુદાન	કુલ પેટા-સદરો	સ્પષ્ટીકરણ જરૂરી હોય એવા પેટા-સદરો	પેટા-સદરો જેમાં સ્પષ્ટીકરણો આપવામાં આવ્યાં હતાં
37 ગુજરાત વિધાનસભા સચિવાલયમાં સરકારી કર્મચારીઓને લોન અને પેશગીઓ	2	1	1
38 આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	3	1	1
39 તબીબી અને જાહેર આરોગ્ય	160	12	12
40 પરિવાર કલ્યાણ	31	3	0
41 આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતો અન્ય ખર્ચ	4	1	0
42 ગૃહ વિભાગ	5	3	3
43 પોલીસ	38	0	0
44 જેલ	7	0	0
45 રાજ્ય આબકારી	4	1	1
46 ગૃહ વિભાગને લગતો અન્ય ખર્ચ	42	7	4
47 ઉદ્યોગ અને ખાણ વિભાગ	2	1	1
48 સ્ટેશનરી અને છાપકામ	8	1	0
49 ઉદ્યોગ	61	31	31
50 ખાણ અને ખનીજ	6	4	3
51 પ્રવાસન	10	0	0
52 ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતો અન્ય ખર્ચ	15	0	0
53 માહિતી અને પ્રસારણ વિભાગ	2	0	0
54 માહિતી અને પ્રચાર	6	0	0
55 માહિતી અને પ્રસારણ વિભાગને લગતો અન્ય ખર્ચ	2	2	2
56 શ્રમ અને રોજગાર વિભાગ	1	1	1
57 શ્રમ અને રોજગાર	33	17	17
58 શ્રમ અને રોજગાર વિભાગને લગતો અન્ય ખર્ચ	2	0	0
59 કાયદા વિભાગ	2	0	0
60 ન્યાયતંત્ર	21	14	13
61 કાયદા વિભાગને લગતો અન્ય ખર્ચ	11	6	6
62 કાનૂની અને સંસદીય બાબતોનો વિભાગ	3	1	1
63 કાનૂની અને સંસદીય બાબતોના વિભાગને લગતો અન્ય ખર્ચ	2	0	0
64 નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ	1	0	0
65 નર્મદા વિકાસ યોજના	11	6	6
66 સિંચાઇ અને જમીન સંરક્ષણ	128	45	42
67 પાણી પુરવઠો	16	0	0
68 નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગને લગતો અન્ય ખર્ચ	3	1	1
69 પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ	3	2	2
70 સામૂહિક વિકાસ	37	1	1
71 ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ	42	23	23
72 વળતર અને સોંપણી	12	7	7
73 પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગને લગતો અન્ય ખર્ચ	14	4	4
74 પરિવહન	11	3	2

અનુદાન	કુલ પેટા-સદરો	સ્પષ્ટીકરણ જરૂરી હોય એવા પેટા-સદરો	પેટા-સદરો જેમાં સ્પષ્ટીકરણો આપવામાં આવ્યાં હતાં
75 બંદરો અને પરિવહન વિભાગને લગતો અન્ય ખર્ચ	6	0	0
76 મહેસૂલ વિભાગ	6	5	5
77 કર વસૂલાતનો ખર્ચ (મહેસૂલ વિભાગ)	39	17	17
78 જિલ્લા વહીવટીતંત્ર	9	5	5
79 કુદરતી આફતોના હિસાબે રાહત	95	29	29
80 ડાંગ જિલ્લો	36	0	0
81 વળતર અને સોંપણી	14	0	0
82 મહેસૂલ વિભાગને લગતો અન્ય ખર્ચ	5	2	2
83 માર્ગ અને મકાન વિભાગ	4	1	1
84 બિન-રહેણાંક મકાન	50	29	29
85 રહેણાંક મકાન	15	8	8
86 માર્ગો અને પુલો	37	12	11
87 ગુજરાત પાટનગર બાંધકામ યોજના	8	5	5
88 માર્ગ અને મકાન વિભાગને લગતો અન્ય ખર્ચ	8	2	2
89 વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ	8	4	3
90 વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતો અન્ય ખર્ચ	16	5	5
91 સામાજીક ન્યાય અને અધિકારીતા	3	3	2
92 સામાજીક સુરક્ષા અને કલ્યાણ	92	42	42
94 સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને લગતો અન્ય ખર્ચ	2	2	2
95 અનુસૂચિત જાતિ પેટા-યોજના	350	146	143
93 અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ	52	14	13
96 આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	506	203	195
97 રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	4	2	2
98 યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ	41	0	0
99 રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગને લગતો અન્ય ખર્ચ	4	0	0
100 શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગ	1	1	1
101 શહેરી આવાસન	31	8	8
102 શહેરી વિકાસ	83	42	42
103 વળતર સોંપણી અને કર વસૂલાતનો ખર્ચ	5	0	0
104 શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગને લગતો અન્ય ખર્ચ	1	1	1
105 મહિલા અને બાળ વિકાસ વિભાગ	2	1	1
106 મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતો અન્ય ખર્ચ	81	43	42
107 જળ-વાયુ પરિવર્તન વિભાગ	1	0	0
108 જળ-વાયુ પરિવર્તન વિભાગને લગતો અન્ય ખર્ચ	5	4	4
કુલ	**3,006**	**1,024**	**987**

સ્રોત: 2022-23ના વિનિયોગ હિસાબો

પરિશિષ્ટ– 3.9

પેટા-સદરો જેમાં માર્ચ 2023માં 100 ટકા ખર્ચ (₹ 10 કરોડ અને વધુ) કરવામાં આવ્યો હતો

(સંદર્ભ: ફકરો 3.5.4)

ક્રમાંક.	અનુદાન સંખ્યા	હિસાબી સદર (પેટા-સદર સુધી)	માર્ચ દરમિયાન કરવામાં આવેલો 100% ખર્ચ (₹ કરોડમાં)
1	0007	2049-60-101-01-કૃષિ યુનિવર્સીટીના મહેકમના ભવિષ્ય નિધિ પર વ્યાજ	18.78
2	0009	2049-60-101-01-બિન-સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારી-વર્ગ અને શિક્ષકોના ભવિષ્ય નિધિ પર વ્યાજ	167.72
3	0009	2049-60-101-02- બિન-સરકારી કોલેજોના કર્મચારી-વર્ગ અને શિક્ષકોના ભવિષ્ય નિધિ પર વ્યાજ	16.50
4	0009	2049-60-101-03- યુનિવર્સીટીઓના મહેકમના ભવિષ્ય નિધિ પર વ્યાજ	22.09
5	0013	4801-05-190-21 ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ અને લેસ્સર ફ્લોરીકન બર્ડના રક્ષણ સંબંધિત કામ હાથ ધરવા માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો શેર મૂડી ફાળો	50.08
6	0014	4856-00-190-04 મુંદ્રા ખાતે ટર્મિનલ માટે જીએસપીસી એલએનજી લિમિટેડને શેર મૂડી ફાળો	100.00
7	0019	2048-00-101-01 ગુજરાત રાજ્યનું ડૂબત ભંડોળ	2000.00
8	0020	2049-03-104-01-સામાન્ય ભવિષ્ય નિધિ પર વ્યાજ (વર્ગ 4 કર્મચારીઓ સિવાય)	493.42
9	0020	2049-03-104-02-વર્ગ 4 ના કર્મચારીઓના સામાન્ય ભવિષ્ય નિધિ પર વ્યાજ	32.27
10	0020	2049-03-104-07-રોજમદાર કર્મચારીઓના ભવિષ્ય નિધિ પર વ્યાજ	16.60
11	0020	2049-03-108-02-બચત ભંડોળ	137.04
12	0020	2049-03-108-03-વિમા ભંડોળની સિલક પર વ્યાજ	20.60
13	0022	3456-00-190-21 અન્ન સુરક્ષા (50 % રાજ્ય)	142.16
14	0022	3456-00-190-22 અન્ન સુરક્ષા (50% કેન્દ્ર) (50-50 આંશિક કેન્દ્ર પુરસ્કૃત યોજના)	142.16

ક્રમાંક.	અનુદાન સંખ્યા	હિસાબી સદર (પેટા-સદર સુધી)	માર્ચ દરમિયાન કરવામાં આવેલો 100% ખર્ચ (₹ કરોડમાં)
15	0039	2210-06-101-34 આયુષ્માન ભારત આરોગ્ય માળખુ મિશન યોજના (60% કેન્દ્ર પુરસ્કૃત યોજના)	20.90
16	0039	2210-06-101-35 આયુષ્માન ભારત આરોગ્ય માળખુ મિશન યોજના (60% રાજ્ય)	13.93
17	0039	4210-01-110-56 રાષ્ટ્રીય ધોરી માર્ગ પર સરકારી હોસ્પીટલોમાં ઇજા (ટ્રોમા) સંભાળ સુવિધા માટે ક્ષમતા નિર્માણ (60% કેન્દ્ર)	11.04
18	0049	4875-60-800-05- ગુજરાત સહિયારા ગંદા પાણીના પ્રક્રિયાના પ્લાન્ટ (CETP) માટે મૂડી સહાય, ઉંડા દરિયામાં પાઇપલાઇન અને આનુસંગિક માળખુ	30.00
19	0065	4700-33-190-02 IRG 1 સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના AIBP (ઝડપી સિંચાઇ લાભ કાર્યક્રમ) (60% કેન્દ્રીય) (60-40 આંશિક કેન્દ્રીય) ને શેર મૂડી ફાળો	61.15
20	0070	4515-00-102-01 CDP 1 માહિતી અને પ્રૌદ્યોગિકી	66.14
21	0071	2049-60-101-01-પંચાયતોની ભવિષ્ય નિધિ થાપણો પર વ્યાજ	500.00
22	0071	2215-02-105-02 સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના (60% કેન્દ્રીય) (60-40 આંશિક કેન્દ્ર પુરસ્કૃત યોજના)	33.02
23	0071	2215-02-105-03 સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના (40% રાજ્ય)	22.02
24	0071	0071-2501-05-101-04 પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના વૉટરશેડ ઘટક (રાજ્યનો હિસ્સો 100 %)	50.00
25	0071	2501-05-101-05 પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના વૉટરશેડ ઘટક (60% કેન્દ્રીય) (60-40 આંશિક કેન્દ્ર પુરસ્કૃત યોજના)	37.69
26	0071	2501-05-101-06 પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના વૉટરશેડ ઘટક (40 % રાજ્યનો હિસ્સો)	25.12
27	0072	3604-00-101-01 ગ્રામ પંચાયતોને સહાયક અનુદાન (ગુજરાત પચાયત અધિનિયમ, 1993 ની કલમ 219 હેઠળ)	11.47
28	0079	2245-08-797-01 રાજ્ય આપદા શમન ભંડોળમાં કેન્દ્ર સરકારનો ફાળો	403.80
29	0079	2245-08-797-02 રાજ્ય આપદા શમન ભંડોળમાં રાજ્ય સરકારનો ફાળો	134.50

ક્રમાંક.	અનુદાન સંખ્યા	હિસાબી સદર (પેટા-સદર સુધી)	માર્ચ દરમિયાન કરવામાં આવેલો 100% ખર્ચ (₹ કરોડમાં)
30	0085	2216-80-001-05 ખર્ચની પ્રમાણસર તબદીલી	52.37
31	0086	3054-80-001-05-મુખ્ય સદર 2059 માં પ્રમાણસર ખર્ચની તબદીલી	106.29
32	0086	3054-80-797-11-કેન્દ્રીય માર્ગ ભંડોળના થાપણ હિસાબોમાં તબદીલી	249.12
33	0086	5054-80-052-02 નવો પુરવઠો	10.62
34	0096	2225-02-796-07 સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના (60% કેન્દ્રીય) (60-40 આંશિક કેન્દ્ર પુરસ્કૃત યોજના)	16.67
35	0096	2215-02-796-08 સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના (40% રાજ્ય)	11.11
36	0096	2501-05-796-02 પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના વોટરશેડ યોજના ઘટક (રાજ્યનો હિસ્સો 100%)	17.57
37	0101	2049-60-101-01 મહાનગરપાલિકાઓની ભવિષ્ય નિધિ થાપણો પર વ્યાજ	97.49
38	0101	2049-60-101-02- નગરપાલીકાઓની ભવિષ્ય નિધિ થાપણો પર વ્યાજ	25.30
39	0101	2049-60-101-03-મ્યુનિસિપલ બોર્ડના કર્મચારીઓના ભવિષ્ય નિધિ પર વ્યાજ	54.25
40	0102	2217-03-191-66 શહેરી વિકાસ મિશન સ્માર્ટ શહેરો હેઠળ જંગલ ખીણ જૈવ વૈવિધ્ય પાર્કનું નિર્માણ (60-40 આંશિક કેન્દ્ર પુરસ્કૃત યોજના)	32.00
41	0103	2202-01-797-01-શિક્ષણ સેસ ભંડોળમાં તબદીલી	30.00

સ્રોતઃ 2022-23ના વિનિયોગ હિસાબો

પરિશિષ્ટ – 3.10

માર્ચ 2023માં 25 ટકા કરતાં વધારે ખર્ચ નોંધાવનાર વિભાગોની વિગતો દર્શાવતુ પત્રક

(સંદર્ભ: ફકરો 3.5.4.1)

(₹ કરોડમાં)

ક્રમાંક	વિભાગનું નામ	એપ્રિલ-22	મે-22	જૂન-22	જુલાઇ-22	ઓગષ્ટ-22	સપ્ટે-22	ઓક્ટો-22	નવે-22	ડિસે-22	જાન્યુ-23	ફેબ્રુ-23	માર્ચ-23	કુલ
1	કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ	207.61	108.01	267.67	520.80	156.35	1099.09	442.97	264.90	201.37	443.63	252.12	2012.55	5977.07
2	ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ	2.17	14.68	3129.94	1239.79	692.91	2100.29	60.62	3448.35	156.46	1724.59	690.61	4485.58	17745.99
3	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકની બાબતનો વિભાગ	6.85	8.60	51.20	65.19	37.63	90.14	334.22	244.78	162.03	109.68	77.67	487.97	1675.96
4	નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ	80.99	1727.81	881.18	303.31	393.30	1020.57	1090.85	671.12	314.30	1275.11	390.89	3354.68	11504.11
5	પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ	258.17	168.46	916.70	393.22	411.64	821.95	536.03	153.26	509.58	1249.55	292.15	2425.37	8136.08
6	મહેસૂલ વિભાગ	47.03	86.87	161.78	117.77	177.64	109.26	144.27	937.79	95.11	115.63	85.38	1111.30	3189.83
7	માર્ગ અને મકાન વિભાગ	297.04	793.43	1055.45	688.58	509.27	541.25	1768.94	634.53	604.81	798.46	884.53	2942.69	11518.98
8	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ	0.84	141.30	0.90	1.05	54.87	88.66	2.07	2.25	120.00	21.60	12.66	306.94	753.15
9	રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ	10.30	53.06	11.65	62.17	6.34	61.02	31.90	4.78	16.42	60.26	17.73	164.58	500.21

સોતઃ મહાલેખાકાર (હિસાબ અને હક) રાજકોટની કચેરી દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી

પરિશિષ્ટ – 4.1

2021-22 સુધી ચૂકવવામાં આવેલા સહાયક અનુદાન માટે બાકી વપરાશી પ્રમાણપત્રોનું વિભાગ-વાર વિભાજન

(સંદર્ભ: ફકરો 4.4)

(₹ કરોડમાં)

ક્રમાંક	વિભાગનું નામ	બાકી વપરાશી પ્રમાણપત્રોની સંખ્યા	રકમ
1.	કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર	174	1,676.60
2.	જળ-વાયુ પરિવર્તન	27	1,137.35
3.	મહિલા અને બાળ વિકાસ	214	107.91
